DEVRAJ DUA MEIN YAAD RAKHNA

આ છે સિઆચેન

વિશ્વના સૌથી વિષમ યુદ્ધક્ષેત્રની મુલાકાતનું સફરનામું





■ હર્ષલ પુષ્કર્ણા

VISIT…

LANZAROTE Caliente.COM

આ છે સિઆચેન

વિશ્વના સૌથી વિષમ યુદ્ધક્ષેત્રની મુલાકાતનું સફરનામું

લેખક :

હર્ષલ પુષ્કર્ણા

DEVRAJ DUA MEIN YAAD RAKHNA

પ્રકાશક :



યુરેનસ બુક્સ

૨૦૯, આનંદ મંગલ-૩,

ડોક્ટર્સ હાઉસની સામેની ગલીમાં,

પરિમલ ક્રોસિંગ પાસે,

એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

ફોન : ૦૭૯-૨૬૪૬૧૬૯૮

www.safari-india.com

આ છે સિઆચેન

વિશ્વના સૌથી વિષમ યુદ્ધક્ષેત્રની મુલાકાતનું સફરનામું

'Aa Chhe Siachen'
By Harshal Pushkarna

■

'આ છે સિઆચેન'

પ્રથમ આવૃત્તિ (જાન્યુઆરી, ૨૦૧૭)
બીજી આવૃત્તિ (સપ્ટેમ્બર, ૨૦૧૭)

■

લેખક :
હર્ષલ પુષ્કર્ણા

■

■

મુદ્રક અને પ્રકાશક :
યુરેનસ બુક્સ
૨૦૯, આનંદ મંગલ-૩,
ડોક્ટર્સ હાઉસની સામેની ગલીમાં, પરિમલ ક્રોસિંગ પાસે,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬
ફોન : ૨૬૪૬૧૬૯૮, ૪૦૦૨૦૧૯૪. www.safari-india.com

■

મુદ્રણસ્થાન :
જગદીશ ઓફસેટ
શાહીબાગ, અમદાવાદ.

■

ડિઝાઈન તથા લેઆઉટ્સ :
હર્ષલ પુષ્કર્ણા

■

મુખપૃષ્ઠ ઈલસ્ટ્રેશન :
એસ. એમ. ફરીદ

■

કિંમત :
₹450/-

અનુક્રમ

'આ છે સિઆચેન' : ભારતીય સેનાના શેરદિલોની શૌર્યગાથા-કમ-સંવેદનાકથા

આપણા જમ્મુ-કાશ્મીર રાજ્યના આશરે ૮૭,૦૦૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલા લદ્દાખ જિલ્લાના પાટનગર લેહની ઉત્તરે ખર્દુંગ લા નામનો લગભગ ૫,૬૦૦ મીટર ઊંચો પહાડી ઘાટ આવેલો છે, જે નુબ્રા કહેવાતા રમણીય ખીણપ્રદેશનું પ્રવેશદ્વાર છે. આ ઘાટના સર્પિલ રસ્તે હંકારીને વાયા ખર્દુંગ ગામ નુબ્રા ખીણમાં દાખલ થાવ ત્યારે એક જુદી જ દુનિયામાં આવી પહોંચ્યાનો અનુભવ થાય છે. ચારેય બાજુ નજર દોડાવો ત્યાં સુધી ગગનચુંબી પર્વતોનો અનંત પથારો, પર્વતોની વચ્ચે રચાયેલી લાંબી-પહોળી ખીણ અને ખીણમાં વહેતી નુબ્રા નદીના સામસામા કાંઠે દિસ્કિત, હુન્દર, સુમુર, ટિગર, પનામિક તથા વારશી જેવાં છૂટપૂટ ગામો પરિકથાનાં કાલ્પનિક દૃશ્યો જેવાં લાગે. નુબ્રા ખીણના દરેક ગામની માનવવસ્તી પાંખી છે અને બાહ્ય જગત સાથે એ પાંખી વસ્તીને પરબારો કશો સંપર્ક નથી. સંપર્કનો એકમાત્ર સેતુ ત્યારે સ્થપાય કે જ્યારે દેશ-વિદેશના પર્યટકો નુબ્રા ખીણની મુલાકાત લે અને કેટલાક દિવસ એ રમણીય પ્રદેશમાં વીતાવે. બાકી તો દુનિયાથી દૂર એવી પોતાની સ્વતંત્ર દુનિયામાં નુબ્રાવાસીઓ સાવ એકલવાયું જીવન વીતાવે છે.

આ ખીણપ્રદેશની મુલાકાત લેનારા મુઠ્ઠીભર પર્યટકો ભાગ્યે જ જાણતા હશે કે નુબ્રાવાસીઓની છોટી સી દુનિયા વારશી ગામે પૂરી થાય એ પછી કેટલાક કિલોમીટર ઉત્તરે વળી એક નવી દુનિયાનો આરંભ થાય છે, જેનું નામ છે સિઆચેન ! આ અજાણી દુનિયા ભારતના એ શેરદિલ સૈનિકોની છે જેઓ સરેરાશ ૬,૦૦૦ મીટર (૧૯,૭૦૦ ફીટ) ઊંચા હિમપહાડોમાં આવેલી લશ્કરી ચોકીઓમાં દિવસરાત ખડેપગે આપણી સરહદનું રખોપું કરે છે. બાહ્ય જગતથી એ કર્મયોગીઓ અલિપ્ત છે તેમ બાહ્ય જગત પણ તેમનાથી અગર તો તેમના કસોટીભર્યા કામકાજથી અજાણ છે.

આજથી લગભગ ત્રણ દાયકા પહેલાં હું પણ એ હિમપ્રહરીઓથી અજાણ હતો. સિઆચેન શબ્દ પહેલી વાર મારા જાણવામાં ત્યારે આવ્યો કે જ્યારે ૧૯૮૯માં 'સફારી' સાથે મારો પહેલવહેલો નાતો જોડાયો અને જ્ઞાન-વિજ્ઞાનના ચલતાફિરતા જ્ઞાનકોષ સમા તેના તંત્રી નગેન્દ્ર વિજયના હસ્તે લખાયેલો સિઆચેન અને ત્યાંના હિમપ્રહરીઓ વિશેનો માહિતીલેખ મારા વાંચવામાં આવ્યો. લેખનું વિચારબીજ આકસ્મિક, પણ એકદમ સુખદ ઘટનામાં રહેલું હતું. એક દિવસ 'સફારી'ના તંત્રીને તેમના વાચકનો આંતરદેશીય પત્ર મળ્યો, જેના પર CENSORED એવી મહોર લાગેલી હતી. ગુજરાતી વાચક ફૌજી હતા. અટક ઠકરાર હોવાનું અને ડ્યૂટી સિઆચેનમાં હોવાનું તેમણે પત્રમાં જણાવ્યું હતું. આ ગૌરવપ્રેરક પત્રના પગલે દુનિયાના સૌથી ઊંચા પહાડી મોરચાનું સિઆચેન 'સફારી' મેગેઝિનના સંપાદકીય ક્ષેત્રમાં આગવું સ્થાન પામ્યું એટલું જ નહિ, પણ ફૌજી જવાનોને 'સફારી' વિનામૂલ્યે મોકલવાનો ધારો ત્યાર પછી શરૂ કરવામાં આવ્યો.

વર્ષો પહેલાં ઠકરાર અટકવાળા ફૌજી વાચકે લખી મોકલેલો પત્ર સિઆચેનને પહેલી વાર 'સફારી' થકી ગુજરાતી વાચકોના ફોકસમાં લાવવા નિમિત્ત બન્યો, તો વર્ષો પછી આજે વાત આપના હાથમાં અત્યારે રહેલા 'આ છે સિઆચેન' પુસ્તક સુધી પહોંચી છે.

આ પુસ્તક જગતની સૌથી ઊંચી યુદ્ધભૂમિ સિઆચેનનું વ્યૂહાત્મક વિશ્લેષણ તો છે જ, પણ તદુપરાંત એક એવી પ્રવાસ-કમ-પ્રસંગકથા છે કે જેના હિરો ભારતીય ખુશ્કીદળના શેરદિલ

સીમાપ્રહરીઓ છે. સાહસ, શૌર્ય, વતનપરસ્તી, ફરજપાલન, નિષ્ઠા, દેશદાઝ વગેરે શબ્દોનાં તેઓ જીવંત ઉદાહરણો છે. ગીતાનું પેલું ગોલ્ડન સૂત્ર 'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन' તેમનો જીવનમંત્ર છે, જેને અમલમાં મૂકી રોજેરોજ તેઓ (હિમપહાડોમાં સરહદી ચોકીપહેરાનું અત્યંત કષ્ટદાયક તેમજ પડકારજનક) કર્મ કરે છે અને બદલામાં ફળની (નામની યા ખ્યાતિની) જરાસરખીયે અપેક્ષા રાખતા નથી.

સિઆચેનમાં શૂન્ય નીચે ૨૦થી ૫૫ અંશ સેલ્શિઅસની ગાત્રો શિથિલ કરી દેતી ઠંડી વચ્ચે આપણા સીમાપ્રહરીઓ શી કામગીરી બજાવે છે, કયા પ્રકારની તકલીફોનો રોજિંદો સામનો કરે છે, પરિવારથી સેંકડો યા હજારો કિલોમીટર છેટે સાવ એકલાઅટૂલા રહેવાનું તેમને કેટલું વસમું લાગે છે, શારીરિક ઉપરાંત માનસિક રીતે પણ તેમની કેટકેટલી કસોટીઓ લેવાય છે વગેરે બાબતોથી દેશની સરેરાશ પ્રજા વાકેફ નથી. ગુજરાતી વાચકોને એ તમામ બાબતોથી માહિતગાર કરવાના ઉમદા આશયથી મેં લદાખની કુલ પાંચ વખત રૂબરૂ મુલાકાત લીધી અને તેમના આધારે 'આ છે સિઆચેન' પુસ્તક લખ્યું છે.

પુસ્તક ત્રણ રીતે નોખું છે : (૧) સિઆચેનના ઇતિહાસથી માંડી તેનું લશ્કરી મહત્ત્વ સમજાવતું અને હિમપહાડોમાં તૈનાત આપણા પ્રહરીઓની વીરગાથાથી માંડીને વિષમ વાતાવરણમાં તેમણે સહેવી પડતી શારીરિક-માનસિક તકલીફોને વર્ણવતું આવું પુસ્તક હજી સુધી ગુજરાતી ભાષામાં લખાયું નથી. ખરું પૂછો તો ગુજરાતી ભાષામાં સિઆચેનના લશ્કરી ક્ષેત્ર વિશેનું 'આ છે સિઆચેન' પહેલવહેલું પુસ્તક છે.

(૨) આ પુસ્તક ટેબલ સ્ટોરી પ્રકારનું નથી. અર્થાત્ માત્રને માત્ર અખબારી રિપોર્ટ્સ, સામયિકો, ડિફેન્સનાં પુસ્તકો, વેબસાઇટ્સ વગેરેના આધારે લખાયું નથી. બલકે, તે ઉપરાંત સિઆચેન ક્ષેત્રની બબ્બે વાર મુલાકાત લઇ ત્યાંના જવાનો, અફસરો, તબીબો વગેરેના ઇન્ટરવ્યૂ કરીને જાણવા મળેલી ફર્સ્ટ-હેન્ડ માહિતી વડે તૈયાર થયું છે.

(૩) માહિતીની તેમજ પ્રસંગોની રજૂઆત પ્રવાસવર્ણનની ઢબે કરવામાં આવી છે, માટે રજૂઆત તેને કારણે જીવંત લાગે છે. વાંચનારને પોતે લદાખના તેમજ સિઆચેન યુદ્ધક્ષેત્રના જે તે સ્થળે રૂબરૂ ઉપસ્થિત હોવાનો અનુભવ થાય છે.

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ જાન્યુઆરી ૨૬, ૨૦૧૭ના રોજ પ્રગટ થઇ અને ફક્ત છ મહિનામાં તેની ૫,૦૦૦ નકલો ખપી ગઇ એ બદલ જ્ઞાનપિપાસુ ગુજરાતી વાચકોનો આભાર માનવો રહ્યો. આ બીજી આવૃત્તિ સંવર્ધિત છે. અગાઉ ચૂકી જવાયેલી કેટલીક માહિતીનો તેમાં ઉમેરો કરવામાં આવ્યો છે, માટે પુસ્તક હજી વધારે સમૃદ્ધ બન્યું છે.

છેલ્લે એક જરૂરી નોંધ : સિઆચેન ક્ષેત્રનું વ્યૂહાત્મક મહત્ત્વ જોતાં ત્યાંનાં કેટલાંક લશ્કરી મથકોની તસવીરો, લશ્કરી અફસરો/જવાનોની બટાલિઅનના નંબર, પહાડી ચોકીઓનાં નામો વગેરેનો ઉલ્લેખ પુસ્તકમાં કર્યો નથી. આવો ઉલ્લેખ હું નહિ જ કરું તે બાબતે મારામાં ઊંડો વિશ્વાસ મૂકનાર તમામ લશ્કરી અધિકારીઓનો આભાર માનું છું. ●

--હર્ષલ પુષ્કર્ણા
સપ્ટેમ્બર, ૨૦૧૭
harshalpushkarna@gmail.com
www.facebook.com/harshal.pushkarna

સરસ્વતીપુત્રોને વંદન !

રાષ્ટ્રવાદી અભિગમના સંસ્કારો જેમના તરફથી મને વારસામાં મળ્યા
અને જેમની રાષ્ટ્રસમર્પિત કલમે મને આ પુસ્તક લખવાની પ્રેરણા આપી તે
ગુજરાતી પત્રકારત્વના બે દિગ્ગજ કલમયોગીઓ
વિજયગુપ્ત મૌર્યને (દાદા) તથા નગેન્દ્ર વિજયને (પિતા) અંતઃકરણથી નમન !



(સદ્ગત) વિજયગુપ્ત મૌર્ય



નગેન્દ્ર વિજય





સિઆચેન હિમનદી તેમજ તેની આસપાસનો પ્રદેશ બાજુના પાને મોટા સ્વરૂપે બતાવ્યો છે

પાકિસ્તાને ચીનના હવાલે કરી દીધેલો પ્રદેશ

સિઆચેન હિમનદી તેમજ તેની આસપાસનો પ્રદેશ બાજુના પાને મોટા સ્વરૂપે બતાવ્યો છે





ઓગસ્
પોતાનું લશ્ક
લાંબી ચાલી.
આગળ વધ
પામ્યા. પાકિ
જેટલી ભૂમિ
અફસોસ કે
દીધો. ભારત
હતા, પણ તે
વચ્ચે એ વ
બાજીને ભાર
૭૪,૧૧૪
પાકિસ્ત
એ તેના ક
ઓળખાવ્યો.
પોણો લાખ
એ નુકસાન
બદલે સરક
સ્વીકારી લી
આ ગ
યુદ્ધવિરામ
મેળવવા ભા



સિઆચેન : વિવાદનું મૂળ

ઓગસ્ટ, ૧૯૪૭માં આપણને આઝાદી મળી તેના થોડા જ મહિનામાં પાકિસ્તાને કાશ્મીરમાં પોતાનું લશ્કર મોકલી ત્યાંનો ૭૪,૧૧૪ ચોરસ કિલોમીટર જેટલો પ્રદેશ તફડાવી લીધો. લડાઇ લાંબી ચાલી. વિમાનો દ્વારા રાતોરાત કાશ્મીર પહોંચેલું આપણું સૈન્ય બહાદુરીપૂર્વક લડ્યું. હુમલાને આગળ વધતો રોકી દેવામાં આવ્યો, પરંતુ એમ કરવા જતાં અનેક ભારતીય જવાનો વીરગતિ પામ્યા. પાકિસ્તાનના હુમલાખોર સૈનિકો આપણા જમ્મુ-કાશ્મીરની ૭૪,૧૧૪ ચોરસ કિલોમીટર જેટલી ભૂમિ પર ફરી વળ્યા પછી તેમને ખદેડી મૂકવાનો સરસ મોકો ભારત પાસે હતો. પરંતુ અફસોસ કે એ તક તત્કાલીન ભારત સરકારે જતી કરી દીધી. અધવચ્ચે જ યુદ્ધવિરામ જાહેર કરી દીધો. ભારતીય જવાનો ત્યારે જવાબી કાર્યવાહીમાં પાક આક્રમકોને પીછેહઠ કરાવવા લાગ્યા હતા, પણ તેમને ફાયરિંગ બંધ કરવાનું ફરમાવવામાં આવ્યું. ભૌગોલિક રીતે સામસામાં લશ્કરો વચ્ચે એ વખતે ભેદરેખા આંકતી લીટી યુદ્ધવિરામ રેખા/ Ceasefire Line બની. જીતાઇ રહેલી બાજીને ભારતે 'શાંતિપ્રિય' દેશ તરીકે પડતી મૂકી, એટલે પાકિસ્તાને તફડાવેલો જમ્મુ-કાશ્મીરનો ૭૪,૧૧૪ ચોરસ કિલોમીટરનો પ્રદેશ અંતે તેના કબજામાં જ રહ્યો.

પાકિસ્તાન આખું કાશ્મીર હડપ કરી શક્યું નહિ, છતાં બીજી તરફ જે પ્રદેશ તેણે તફડાવેલો એ તેના કબજામાં જ રહ્યો. આમાંના કેટલાક પ્રદેશને પાકિસ્તાને 'આઝાદ કાશ્મીર' તરીકે ઓળખાવ્યો. (બાકીનું કાશ્મીર જાણે ભારતનું રાજ્ય નહિ, પણ ગુલામ પ્રદેશ હોય એ રીતે !) પોણો લાખ ચોરસ કિલોમીટર કરતાં પણ વધુ મોટો એવો રમણીય પ્રદેશ દુશ્મનના હાથમાં જાય એ નુકસાન જેવું તેવું ન હતું. કાશ્મીરનો એટલો ભાગ પાછો મળે ત્યાં સુધી લડવાનું ચાલુ રાખવાને બદલે સરકારે સફેદ વાવટા ફરકાવ્યા અને લોહી રેડાતું બંધ થાય એટલા ખાતર યુદ્ધવિરામ સ્વીકારી લીધો. દુશ્મનના કબજા હેઠળનો પ્રદેશ પાછો મળવાનો એ પછી સવાલ ન રહ્યો.

આ ગફલત પછી ભારત સરકારે બીજી ગંભીર ભૂલ પણ કરી નાખી, જે અક્ષમ્ય હતી. યુદ્ધવિરામ રેખા/ Ceasefire Line તત્પુરતી જ હોય, કારણ કે ગુમાવેલો પ્રદેશ શસ્ત્રબળે પરત મેળવવા ભારતને ગમે ત્યારે યુદ્ધનું પગલું ભરવાનો અધિકાર હોવો જોઇએ. આથી તે રેખા અંગે

દુશ્મન જોડે સત્તાવાર રીતે સમજૂતી પર આવવાનો સવાલ ન હતો. આમ છતાં એ બિનજરૂરી પગલું ભરવામાં આવ્યું. સમજૂતી પર સહીસિક્કા કરનાર ત્રણ પક્ષો હતા. નવાઈ એ કે ભારત સરકારનો તેમાં સમાવેશ થતો ન હતો. (માની ન શકાય તેવી વાત છે, પણ હકીકતે એમ જ બન્યું હતું). એક પ્રતિનિધિ તો જાણે પાકિસ્તાનની કેબિનેટના પ્રધાન મુશ્તાક અહમદ ગુરમાની હતા. બીજા મહાનુભાવ પાકિસ્તાને તફડાવેલા આપણા કાશ્મીરી પ્રદેશના એટલે કે પાક શબ્દકોષ મુજબ 'આઝાદ કાશ્મીર'ના પ્રમુખ મોહમદ ઈબ્રાહિમ ખાન હતા. ત્રીજા વળી જમ્મુ-કાશ્મીર મુસ્લિમ કોન્ફરન્સના નેતા ચૌધરી ગુલામ અબ્બાસ હતા. ત્રિપૂટી માટે એમ કહેવું પડે કે તે વિચિત્ર મજાક હતી. પાકિસ્તાન ભારતભૂમિ પર લાઈનદોરી આંકે, પાકિસ્તાને આંચકેલા ભારતીય માલિકીના પ્રાદેશિક વિસ્તારનું પ્રતિનિધિત્વ વળી પાકિસ્તાને નીમેલા કથિત પ્રમુખ કરે અને ત્રીજા પક્ષકાર તરીકે ભારત સરકારના વિદેશમંત્રીને કે સંરક્ષણમંત્રીને બદલે જમ્મુ-કાશ્મીર મુસ્લિમ કોન્ફરન્સ જેવા સ્થાનિક પક્ષનો નેતા હોય એ દેશ માટે કેટલી શરમજનક બાબત હતી ! મામલો ભારતની અખંડિતતાનો, છતાં એ ચિત્રમાં ભારત સરકાર ક્યાંય નહિ.

યુદ્ધવિરામ રેખા અંકાઈ, પણ અધૂરી !

નકશા પર Ceasefire Line આંકવાનો સીધો અર્થ એ થાય કે એકેય દેશના લશ્કરે તે લિમિટ પાર કરીને આગળ વધવાનું નહિ, ભવિષ્યમાં લડવાનું નહિ--અને માટે ભારતે જે પ્રદેશ ગુમાવ્યો હોય એ પણ હંમેશ માટે તેણે ભૂલી જવાનો ! યુદ્ધવિરામ રેખા આંકવાના કાર્ય માટે સરકાર ત્રાહિત લેખાય, માટે પેલી ત્રિપૂટીએ તે કાર્ય હાથમાં લીધું. જમ્મુ-કાશ્મીરમાં તેણે પશ્ચિમે છામ્બ પાસેથી શરૂ કરીને પૂર્વમાં શ્યોક નદીને (ખીણને) વટાવતી ૭૯૦ કિલોમીટર લાંબી યુદ્ધવિરામ રેખા આંકી, જે NJ 9842 કહેવાતા સીમાચિહ્ન પાસે અટકી જતી હતી. (જુઓ, ૮મે તથા ૯મે પાને નકશો). આ સીમાચિહ્ન પછી રેખા કયા માર્ગે આગળ વધે તેના દિશાનિર્દેશ માટે 'Thence north to the glaciers' યાને કે 'ત્યાર બાદ ઉત્તરે હિમનદીઓ તરફ' એમ ત્રિપક્ષી સમજૂતીના દસ્તાવેજમાં લખી દેવામાં આવ્યું. આ પાંચ અષ્ટંપષ્ટં શબ્દો વખત જતાં મુશ્કેલી ખડી કરવાના હતા.

ઉત્તર દિશા તરફ સાલ્ટોરો રેન્જ કહેવાતી ઉત્તુંગ પર્વતમાળા શરૂ થતી હતી. પાકિસ્તાનનાં અને ભારતનાં લશ્કરો ત્યાં ૧૯૪૭ના યુદ્ધ વખતે લડ્યાં ન હતાં એટલું જ નહિ, પરંતુ એકેય દેશનો સૈનિક કદી એ પહાડી મોરચે ગયો પણ ન હતો. આ પ્રદેશ એટલો ગગનચૂંબી હતો કે માણસના વસવાટ માટે તદ્દન નકામો હતો. બધે જ હિમ, એટલે હરિયાળીનું તો નામોનિશાન પણ નહિ. ઊંચેથી ક્યારેક પસાર થતા ચીની કુલંગ જેવાં ઋતુપ્રવાસી પંખીડાંને બાદ કરો તો સાલ્ટોરો પર્વતમાળામાં ચકલું સુધ્ધાં ફરકતું ન હતું. પર્વતમાળાની સહેજ પૂર્વે આવેલી સિઆચેન હિમનદી પણ હંમેશાં ભેંકાર રહેતી હતી. પાણીની નદી સામાન્ય રીતે પર્વતો વચ્ચે ખીણમાં વહે, જ્યારે અહીં તો પહાડી ભૂપૃષ્ઠ પોતે એટલું બધું ઊંચું કે સિઆચેન હિમનદીનું મૂળ સાડા છ હજાર મીટરના લેવલે હતું--અને તેનો પ્રવાસ જ્યાં પૂરો થાય એ મુખ પણ ૫,૫૦૦ મીટર ઊંચે ! લંબાઈમાં હિમનદી ૭૬.૪ કિલોમીટરની અને પહોળાઈ મહત્તમ ૧૦ કિલોમીટર, એટલે બન્ને ધ્રુવપ્રદેશો સિવાયના જગતમાં સૌથી મોટો હિમપ્રદેશ કશે હોય તો તે સિઆચેનનો ! ભૂગોળશાસ્ત્રીઓ સિઆચેનને પૃથ્વીના 'ત્રીજા ધ્રુવ' તરીકે ઓળખાવતા હોય એમાં પણ શું આશ્ચર્ય ?

આ દુર્ગમ પ્રદેશમાં યુદ્ધવિરામ રેખા આંકવાનું બેય દેશોએ માંડી વાળ્યું. સમજૂતીના દસ્તાવેજ

પર માત્ર એટલ
હિમનદી તરફ
રાખી એ તેની
શું ગુમાવવાનું
પર દાવો કરી
રેખા ઉત્તરે સિ
જતી રેખા દોરી
મતે લીટી દોર
જવાનું, ઈન્દિરા

સમય વીત્
કરતો ન હતો.
જીતવું હતું. આ
મળી જવાનો હ
એમ ધારી પાકિ
લીધેલા કાશ્મીર
પારકી માલમત્તા
૨, ૧૯૬૩ના
આક્રમણ કરી
પાછું યુદ્ધ ફાટી



પર માત્ર એટલું લખ્યું કે NJ 9842 સુધીનું માર્કિંગ થયા પછી બાકીની રેખા ઉત્તરે સિઆચેન હિમનદી તરફ આગળ જાય છે એવું સમજી લેવામાં આવે છે. આ વાત ભારત સરકારે માન્ય રાખી એ તેની ત્રીજી ભૂલ હતી. નકશાના આટલા ભાગ પર લીટી ન દોરાય તેમાં પાકિસ્તાને તો શું ગુમાવવાનું હતું ? મુદલે કશું નહિ. ઊલટું, ભવિષ્યમાં પાછી દાનત બગડે ત્યારે એ સિઆચેન પર દાવો કરી શકે કે આખો પ્રદેશ પાકિસ્તાનની માલિકીનો છે. બહાનું કદાચ એવું કાઢે કે બાકીની રેખા ઉત્તરે સિઆચેન હિમનદી તરફ જાય છે એમ નક્કી થયેલું, માટે હવે તે નદીના મુખ તરફ જતી રેખા દોરીને સિઆચેનનો પ્રદેશ કયા દેશના ફાળે જાય છે તે જુઓ ! ટૂંકમાં, પાકિસ્તાનના મતે લીટી દોરવા ઉત્તરે સિઆચેનની દિશામાં આગળ જવાનું એટલે હિમનદીના મુખ તરફ જવાનું, ઇન્દિરા કોલ તરીકે ઓળખાતા તેના મૂળ તરફ નહિ.

■

સમય વીત્યો અને વર્ષો પસાર થયાં. ભારત તથા પાકિસ્તાન પૈકી કોઈ દેશ સિઆચેનને યાદ કરતો ન હતો. પાકિસ્તાનને સૌ પ્રથમ શ્રીનગર અને જમ્મુ શહેરો સહિતનું બાકી રહેલું કાશ્મીર જીતવું હતું. આમાં લેહ સહિતનું લદ્દાખ પણ એ જીતે, એટલે સિઆચેનનો પ્રદેશ તો આપોઆપ મળી જવાનો હતો. શક્તિશાળી ચીન પણ જો મદદ કરે તો ભારતને પાઠ ભણાવવાનું સહેલું થાય એમ ધારી પાકિસ્તાને આપણા દુશ્મન એવા ચીન સાથે દોસ્તી બાંધી. ૧૯૪૭ના યુદ્ધ વખતે કબજે લીધેલા કાશ્મીરનો ૫,૧૮૦ ચોરસ કિલોમીટર જેટલો પ્રદેશ તેણે ચીનને સપ્રેમ ભેટ આપ્યો. પારકી માલમત્તા દાનમાં આપવા જેવું કામ તેણે કર્યું, કારણ કે પ્રદેશ મૂળ તો ભારતનો હતો. માર્ચ ૨, ૧૯૬૩ના રોજ ચીને તે પ્રદેશનો કબજો સંભાળી લીધો. પાકિસ્તાનને ત્યાર પછી ભારત પર આક્રમણ કરી બાકીનું કાશ્મીર જીતી લેવા પાનો ચડાવ્યો. પરિણામે ૧૯૬૫માં બન્ને દેશો વચ્ચે પાછું યુદ્ધ ફાટી નીકળ્યું. બાવીસ દિવસ ચાલેલા એ યુદ્ધમાં લાલ બહાદુર શાસ્ત્રીના જવાનોએ

• સરેરાશ ૬,૦૦૦ મીટરની ઊંચાઈ ધરાવતાં હિમાલયનાં શિખરો, જે સિઆચેનના સરહદી મામલે વખત જતાં બારમાસી રણભૂમિ બની જવાનાં હતાં



તસવીર : હર્ષલ પુષ્કર્ણા


તેને ફાવવા ન દીધું. પાકિસ્તાનને મદદ કરવાનું પ્રોમિસ આપનાર દગાબાજ ચીન તો ચૂપચાપ એ તમાશો જોતું રહ્યું. ભારતને તેણે ધમકી આપી ખરી, પણ લડવાનું સાહસ ન ખેડ્યું.

થોડાં વર્ષ પછી ૧૯૭૧માં ફરી ભારત-પાક જંગ ખેલાયો, જેમાં જ્વલંત વિજય મેળવનાર ભારતે ૯૨,૭૫૩ પાક સૈનિકોને યુદ્ધકેદી તરીકે પકડ્યા. મહિનાઓ સુધી તેમને લશ્કરી છાવણીમાં પૂરી રાખ્યા. વિજેતા ભારતે ૧૯૭૧માં પોતાની રીતે કાશ્મીરનો અષ્ટંપષ્ટં નકશો સુધારી પરાજિત પાકિસ્તાન પાસે ધરાર મંજૂર કરાવ્યો હોત તો સિઆચેનનું રમણીય પહાડી બર્ફસ્તાન સેંકડો નહિ, પણ હજારો ભારતીય જવાનોનો ભોગ લેનાર કાયમી રણમેદાનમાં ફેરવાત નહિ. દુર્ભાગ્યે ૧૯૪૭-૪૮માં થયેલી ભૂલનું પુનરાવર્તન કરવામાં આવ્યું. પાકિસ્તાનના ઘુરિયલ સરમુખત્યાર જનરલ યાહ્યા ખાને ફૌજી છબરડા બદલ રાજીનામું મૂક્યા બાદ સત્તા પર આવેલા વડા પ્રધાન ઝુલ્ફિકાર અલી ભુટ્ટોએ પણ જો ગાદીએ ટકી રહેવું હોય તો ૯૨,૭૫૩ પાક યુદ્ધકેદીઓને મુક્ત કરાવ્યા વગર તેમનો આરો ન હતો. આથી ગરજના માર્યા તેઓ જૂન, ૧૯૭૨માં વડા પ્રધાન ઇન્દિરા ગાંધી સાથે શાંતિમંત્રણા યોજવા સિમલા ખાતે પધાર્યા. રાજકીય પંડિતોના મતે ઇન્દિરા ગાંધીની ઇચ્છા યુદ્ધવિરામ રેખાને પરસ્પરની લેખિત સમજૂતી વડે આંતરરાષ્ટ્રીય સરહદમાં ફેરવી નાખવાની હતી. આ ફેરફારનો મતલબ એ થાય કે ભારતે ૧૯૪૭-૪૮માં કાશ્મીરનો જે ૭૪,૧૧૪ ચોરસ કિલોમીટરનો પ્રદેશ ગુમાવ્યો તેને હંમેશ માટે ભૂલી જવાનો રહેતો હતો. પાકિસ્તાને આક્રમણ વડે ગેરકાયદે મેળવેલો તે પ્રદેશ કાયદેસર રીતે તેનો ભૌગોલિક તેમજ રાજકીય હિસ્સો બનતો હતો.



• સિમલા કરાર પર સહી કરીને ભારતે કુહાડી પર પગ માર્યો !

અલબત્ત, યુદ્ધવિરામ રેખાને આંતરરાષ્ટ્રીય સરહદનો દરજ્જો આપવામાં ભારતને ફાયદો એ કે પાકિસ્તાન ત્યાર પછી બાકીના અર્થાત્ ભારતીય આધિપત્યના કાશ્મીર પર કદી દાવો કરી શકે નહિ. પરિણામે ચોવીસ વર્ષ દરમ્યાન ત્રણ ભારત-પાક યુદ્ધો નોતરી લાવનાર કાશ્મીર પ્રશ્નનું અસ્તિત્વ જ રહે નહિ. ઇન્દિરા ગાંધીએ આવી ગણતરી સાથે આંતરરાષ્ટ્રીય સરહદ અંગેનો પ્રસ્તાવ ઝુલ્ફિકાર અલી ભુટ્ટો સમક્ષ મૂક્યો. દીપડા જેવા ખંધા અને શિયાળ જેવા લુચ્ચા ભુટ્ટોએ તે પ્રસ્તાવનો સ્વીકાર ન કર્યો તેમ એ પ્રસ્તાવને સ્પષ્ટ શબ્દોમાં સાવ નકારી પણ ન કાઢ્યો. ઇન્દિરા ગાંધી પાસે હુકમનાં ૯૨,૭૫૩ પાનાં હતાં, એટલે ભુટ્ટો તેમને નારાજ કરવા માગતા ન હતા. યુદ્ધવિરામ રેખાને રાતોરાત નહિ, પણ બે સ્ટેજમાં આંતરરાષ્ટ્રીય સીમારેખાનો દરજ્જો આપવાનું તેમણે સૂચવ્યું. પ્રથમ તબક્કે યુદ્ધવિરામ રેખાને અંકુશરેખા બનાવવી અને થોડાં વર્ષ પછી અંકુશરેખા/ Line of Control/ LoCને 'બઢતી' આપી કાયદેસરની આંતરરાષ્ટ્રીય સરહદ જાહેર કરવી એવો ભુટ્ટોનો મત હતો. ઇન્દિરાએ તેમને પૂછ્યું, 'આપણે (ખરેખર) આવી સમજૂતી થયાનું ગણી આગળ વધી શકીએ ?' ભારતમાં તો ઠીક, ખુદ પાકિસ્તાનમાંય જરાય ભરોસાપાત્ર ન ગણાતા



ભુટ્ટોએ જવાબ દીધો : 'આપ મુઝ પર ભરોસા રખીએ.'

વડા પ્રધાન ઇન્દિરા ગાંધીએ પોતાની દરિયાદિલીના બદલામાં ભારત માટે કશું જ મેળવ્યા વગર સિમલા કરાર પર સહીસિક્કા કરી નાખ્યા. પીલાયેલી શેરડીના સત્ત્વહીન કૂચા જેવા એ જ કરારના પગલે જતે દહાડે પહાડી સિઆચેનનો પ્રદેશ બર્ફીલી રણભૂમિ બનવાનો હતો. સંજોગવશાત્ એવી રણભૂમિ કે જ્યાંના ખુવારીજનક બારમાસી યુદ્ધનો કદી વિરામ/ ceasefire થવાનો ન હતો.

વાત આમ બની : સિમલા કરાર પછી નકશા પર અંકુશરેખા/ Line of Control/ LoC આંકવા માટે બન્ને દેશોના નાયબ સેનાપતિઓ રૂબરૂ મળ્યા. ભારતના પ્રતિનિધિ લેફ્ટનન્ટ-જનરલ પી. એસ. ભગત હતા, જ્યારે પાકિસ્તાને તેના લેફ્ટનન્ટ-જનરલ અબ્દુલ હમીદ ખાનને પ્રતિનિધિ તરીકે નીમ્યા હતા. ડિસેમ્બર ૧૧, ૧૯૭૨ના દિવસે જમ્મુમાં સુચેતગઢ ખાતે ૩૦ × ૧૫ ફીટવાળા રૂમના જે સરહદી મકાનમાં તેઓ મળ્યા તે ૧૯૪૭ પહેલાં ઓક્ટ્રોય ચોકી તરીકે વપરાતું હતું. (મકાન આજે પણ મોજૂદ છે). યુદ્ધવિરામ રેખામાં જ કેટલાક જરૂરી ફેરફારો સાથે બન્ને જણાએ નકશા પર અંકુશરેખા દોરી, જે વળી પાછી NJ 9842 નંબરના પેલા સીમાચિહ્ન પાસે અટકી જતી હતી. અગાઉની માફક ફરીવાર 'Thence north to the glaciers' એટલે કે 'ત્યાર બાદ ઉત્તરે હિમનદીઓ તરફ' એવા જ અધ્ધરતાલ શબ્દો લખી નાખવામાં આવ્યા.

● ભારતના લેફ્ટનન્ટ જનરલ ભગત (ઉપર) અને પાક લેફ્ટનન્ટ-જનરલ ખાન

સીમાચિહ્ન NJ 9842થી આગળ લાઇન આંકવામાં ન આવી તેનું ભૌગોલિક કારણ એ કે ગગનચુંબી હિમપહાડોનો તે પ્રદેશ દુર્ગમ હતો એટલું જ નહિ, બલકે પારાવાર ઠંડીને લીધે તેમજ પાતળી હવાને લીધે માનવીના વસવાટ માટે નકામો હતો. વ્યૂહાત્મક કારણ એ કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ત્યાં કદી લશ્કરી મુઠભેડ જામી ન હતી. સિઆચેન કહેવાતો તે વિસ્તાર ટૂંકમાં વિવાદમુક્ત હતો. ભવિષ્યમાં પણ વિવાદમુક્ત જ રહે એવું લાગતું હતું.



ગમે તેમ, પણ એટલું તો સ્પષ્ટ કે બન્ને દેશો 'ત્યાર બાદ ઉત્તરે હિમનદીઓ તરફ' એ શબ્દપ્રયોગનું પોતપોતાની રીતે અર્થઘટન કરી શકે તેમ હતા. ઉત્તરે મુખ્ય હિમનદી ૭૬.૪ કિલોમીટર લાંબી સિઆચેન હતી. ઉત્તરે તેનું મૂળ ઇન્દિરા કોલ/ Col નામના પર્વતીય ઘાટ પાસે હતું અને દક્ષિણે મુખ ગિઆગરુમલા નામની જગ્યા એ હતું. (જુઓ, ૯મે પાને નકશો). ભારતના મતે અંકુશરેખા NJ 9842 પછી ઇન્દિરા કોલ સુધી લંબાતી હતી. આ દિશા ઉત્તરની હોવા ઉપરાંત સિઆચેન હિમનદીનું ઉદ્ભવસ્થાન ત્યાં કોલ પાસે હતું. (Col = ઘાટ). ભારતના આવા મંતવ્ય સામે પાકિસ્તાન જતે દહાડે સાવ જુદો મત રજૂ કરે એ સંભાવના નકારી કાઢવા જેવી ન હતી.

સિઆચેનના ૩,૩૦૦ ચોરસ કિલોમીટરના પ્રદેશને તે પોતાનો ગણાવવા એમ કહી શકે કે ઉત્તર દિશામાં અંકુશરેખાને સિઆચેન હિમનદીના મૂળ તરફ નહિ, પણ મુખ તરફ લંબાવવી જાઇએ અને તેની ઉત્તરનો પ્રદેશ દ્વીપક્ષી સમજૂતી મુજબ પાક માલિકીનો ગણાવો જોઇએ. (પાકિસ્તાનના દાવા મુજબની 'અંકુશરેખા' ત્રુટક લીટી તરીકે ૯મે પાને નકશામાં જુઓ). આ રીતે દોરાતી LoCનો સામો છેડો ઇન્દિરા કોલને બદલે કારાકોરમ ઘાટ સાથે જોડાતો હતો. પાકિસ્તાનને એવા સંજોગોમાં ચીન સાથે પરિવહન ચલાવવા માટે કારાકોરમ ઘાટનો માર્ગ ખૂલી જતો હતો.

પાકિસ્તાનનો ડોળો સિઆચેન પર મંડાય એ શક્યતાને ભારત સરકારે કેમ ધ્યાન પર ન લીધી ? શેના આધારે ધારી લેવાયું કે ૬,૫૦૦થી ૭,૫૦૦ મીટરનાં ઉત્તુંગ હિમશિખરો ધરાવતો સિઆચેન પ્રદેશ દુર્ગમ હોવાને લીધે પાકિસ્તાન તેમાં પેસારો કરે જ નહિ ? પહેલી વાત તો એ કે ડિસેમ્બર, ૧૯૭૨માં સીમાચિહ્ન NJ 9842 સુધી ૭૭૬ કિલોમીટર લાંબી અંકુશરેખા/ LoC આંક્યા પછી ગેરસમજ કે ગરબડ ટાળવા લીટાને છેક સુધી કેમ ખેંચવામાં ન આવ્યો ? ભારતે પોતાના નકશા પર પોતાની મેળે NJ 9842થી ઇન્દિરા કોલ સુધી ૯૮ કિલોમીટર લાંબો શેષ લીટો તાણ્યો, પણ તે પાકિસ્તાનના નકશામાં કદી રજૂઆત ન પામ્યો.

■

સિઆચેનની હંમેશાં ભયાવહ ગણાયેલી ભૂગોળ ઓળખવા જેવી છે. શબ્દાર્થની વાત પહેલાં કરો તો ઉત્તરી જમ્મુ-કાશ્મીરના બાલ્ટિસ્તાની લોકોની ભાષામાં સિઆ (ગુલાબ) તથા ચેન (પ્રદેશ)

• બારેય માસ હિમાચ્છાદિત રહેતાં સિઆચેનનાં ઉત્તુંગ શિખરો



એમ બે શબ્દોનો સંયુક્ત અર્થ ગુલાબનો પ્રદેશ છે, સિઆચેનની બન્ને તરફ અમુક ઋતુ દરમ્યાન પહાડી ગુલાબના કાંટાદાર છોડ થાય પણ છે. આ પ્રદેશ તેના કઠોર પર્યાવરણને લીધે સદીઓ લગી વણખેડાયેલો રહ્યો. ખેડવા માટેનું કારણ ઘણા વખતે ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં જાગ્યું. વિસ્તારવાદી રશિયાનો ઝાર નિકોલસ (ઝાર = સમ્રાટ) ભારતને પોતાના વિશાળ સામ્રાજ્યમાં ભેળવી દેવા કાશ્મીરના માર્ગે લશ્કરી આક્રમણ કરે એવા ભણકારા દિલ્લીની તત્કાલીન બ્રિટિશ હકૂમતને સંભળાવા લાગ્યા, એટલે તેણે એ પ્રદેશમાં જાતતપાસ માટે કેપ્ટન ફ્રાન્સિસ યંગહસબન્ડ નામના સાહસિકને મોકલ્યો. બ્રિટિશરાજની સરકારને ત્યારે એ પણ ખબર નહોતી કે તેના કબજા હેઠળના ભારતનો ઉત્તરી સીમાડો ક્યાં છે.

રશિયાના સંભવિત હુમલા અંગે દિલ્લીના અંગ્રેજ શાસકોને સંભળાતા ભણકારા કદાચ સાવ ભ્રામક ન હતા. ઉત્તર કાશ્મીરના હિમાચ્છાદિત પહાડોમાં કેપ્ટન યંગહસબન્ડને અચાનક જ રશિયન સાહસિક કેપ્ટન ગ્રોમ્બત્ચેવ્સ્કીનો ભેટો થયો, જેને ઘણું કરીને ખુદ ઝારે મોકલ્યો હતો. કેપ્ટન યંગહસબન્ડે દિલ્લી પાછા ફરીને અંગ્રેજ સરકારને રિપોર્ટ આપ્યો કે રશિયાની દાનત સારી જણાતી ન હતી. સરકારે ત્યાર પછી વારાફરતી ઘણા સાહસિકોનો પહાડી સિઆચેન તરફનો પ્રવાસ સ્પોન્સર કર્યો, એટલે તે પ્રદેશનું ભૌગોલિક સ્વરૂપ વધુ સ્પષ્ટ બન્યું.

લગભગ ૭૬.૪ કિલોમીટર લાંબી અને મહત્તમ ૧૦ કિલોમીટર પહોળી સિઆચેન હિમનદી/ glacier હોવાને લીધે ચોવીસ કલાકમાં થોડાક જ સેન્ટિમીટર જેટલી આગળ વધે છે. વર્ષભરમાં સરેરાશ ૧૪ મીટરનું અંતર કાપે છે. પાણીની નદી સામાન્ય રીતે ખીણમાં વહે, જ્યારે અહીં તો પહાડી ભૂપૃષ્ઠ પોતે એટલું ઊંચું કે સિઆચેન હિમનદીનું મૂળ ૬,૫૦૦ મીટરના અને મુખ ૫,૫૦૦ મીટરના લેવલે છે, હિમનદીની પશ્ચિમે હરોળબંધ પર્વતો છે અને પર્વતો વચ્ચે હિમાલયની પહાડી ભાષામાં la/ લા કહેવાતા ઘાટ છે. ઊંચાઇ કૌંસમાં મીટર પ્રમાણે જોતાં K12 પર્વત (૭,૪૨૮), બિલાફોન્ડ ઘાટ (૫,૪૫૦), સાલ્ટોરો કાંગડી પર્વત (૭,૭૪૨), શેરપી કાંગડી પર્વત (૭,૩૮૦), ઘેન્ટ પર્વત (૭,૪૦૧), સિઆ ઘાટ (૫,૫૯૦), સિઆ કાંગડી પર્વત (૭,૪૨૨) વગેરેની કતાર છેક ઈન્દિરા કોલ સુધી પથરાય છે. (જુઓ, પાના નં. ૯નો નકશો). હિમનદીની પૂર્વે આટલા બધા પર્વતો નથી, છતાં જે પણ છે તે નાનીસૂની કાઠીના નથી.

બ્રિટિશરાજનો એ ડર તો ખોટો ઠર્યો કે રશિયાનો ઝાર નિકોલસ કરાંચી, મુંબઈ, કલકત્તા વગેરે દક્ષિણ એશિયાઈ બંદરો મેળવવા કાશ્મીરના બર્ફીલા માર્ગે ભારત પર જંગી આક્રમણ કરવા માગતો હતો. ૧૯૧૭માં સામ્યવાદી ક્રાંતિ થતાં રશિયામાં ઝારશાહી ન રહી, એટલે પછી ભારતની અંગ્રેજ સરકાર નિશ્ચિંત બની. ઓગસ્ટ, ૧૯૪૭માં અંગ્રેજોની વિદાય પછી આઝાદ દેશનો વહીવટ હાથમાં લેનાર ભારત સરકારની તો પોલિસી જ સંરક્ષણના મામલે નિશ્ચિંત રહેવાની હતી. અલબત્ત, સ્વતંત્રતા મળ્યાના ફક્ત ૭૦ દિવસમાં પાકિસ્તાની રઝાકારો તથા સૈનિકો જમ્મુ-કાશ્મીર પર હુમલો લાવ્યા તેમાં ભારત સરકારનો વાંક નહિ. વાંક જમ્મુ-કાશ્મીરના મહારાજા હરિસિંહનો હતો, જેમણે પોતાના રાજ્યને સમયસર ભારતમાં સામેલ કર્યું ન હતું.

ઇતિહાસના ગ્રંથોમાં પૂરતો ન્યાય ન પામેલી બાબત એ છે કે સશસ્ત્ર પાકિસ્તાનીઓ ૧૯૪૮માં સિઆચેન પ્રદેશ જીતી ત્યાંની નુબ્રા ખીણ તરફ આગળ વધ્યા હતા. આ તમામ પ્રદેશ તેમના કબજામાં આવે, એટલે પછી ચીન સાથે વેપાર ચલાવવા કારાકોરમ ઘાટનો લાભ તેમને મળે તેમ હતો. પાકિસ્તાની ફોજને લડત આપવા નુબ્રા ખીણના (સિઆચેન હિમનદીના મુખ પાસેની

ખીણનો) ચેવાંગ રિનચેન નામના ફક્ત ૧૭ વર્ષીય બહાદુર તરુણે ૩૦ જણાને ભેગા કર્યા અને જોમ ચડાવ્યું. ઉપલબ્ધ રાઈફલો માત્ર ૨૦ હતી. દરેક રાઈફલ માટે ફાળવી શકાતી બુલેટો ૫૦ કરતાં વધારે ન હતી. આમ છતાં ચેવાંગ રિનચેનના નેતૃત્વ હેઠળ લાગલગાટ ૫૩ દિવસ સુધી (જાન્યુઆરી ૧, ૧૯૪૯ના રોજ યુદ્ધવિરામ જાહેર કરાયો ત્યાં સુધી) તેમણે પાક હુમલાખોરોની આગેકૂચને સિઆચેન પ્રદેશની સીમા બહાર જ સ્થગિત રાખી. પાક હુમલાખોરોના કર્નલ મોહમ્મદ યુસુફ અબાદી નામના અફસરે ઘણા વખત પછી નોંધ્યું કે, 'અમે ફરી ફરીને કરેલા અટેકનો દરેક પ્રયાસ ૧૭ વર્ષના છોકરાની જવાઁમર્દીને લીધે નાકામિયાબ રહ્યો.' ચેવાંગ રિનચેન ૧૯૫૨માં મહાવીર ચક્ર પામ્યા. ૧૯૭૧ના યુદ્ધમાં (મેજરના ફૌજી હોદ્દાવાળા) ચેવાંગ રિનચેનને ફરી અસાધારણ વીરતા દાખવ્યા બદલ વળી બીજો મહાવીર ચક્ર મળવાનો હતો.



• ૧૯૪૮માં સિઆચેન ખાતે પરાક્રમો બદલ મહાવીર ચક્ર જીતી ચૂકેલા ચેવાંગ રિનચેનને ૧૯૭૧માં રાષ્ટ્રપતિ વી. વી. ગિરિના હસ્તે બીજો મહાવીર ચક્ર મળ્યો ત્યારની તસવીર

પાકિસ્તાને છેક ૧૯૪૮માં સિઆચેન પર ડોળો માંડી તે પ્રદેશને જીતવાની કોશિશ કરી એમાં ભારત માટે આંખ ખોલી દેનારો બોધપાઠ હતો. નક્કી વાત કે ભારતનો એ પ્રદેશ તેના રાજકીય તથા લશ્કરી અજેન્ડા પર હતો. પાકિસ્તાન ત્યાં ક્યારેક ને ક્યારેક પેસારો કર્યા વગર રહેવાનું ન હતું. આમ છતાં ભારતના રાજકર્તાઓ સિઆચેનને અવગણતા રહ્યા, કારણ કે એ પ્રદેશનું વ્યૂહાત્મક મહત્ત્વ (બીજી ઘણી બાબતોની જેમ) તેમની સમજ બહાર હતું.

■

સિમલા કરારના અન્વયે ૯૨,૭૫૩ પાક યુદ્ધકેદીઓને છૂટકારો અપાવવાનો મકસદ પૂરો થયો, એટલે વડા પ્રધાન ઝુલ્ફિકાર અલી ભુટ્ટો કરારને લગતી પોતાની યાદદાસ્ત ગુમાવી બેઠા. પાકિસ્તાને ૧૯૭૧ના યુદ્ધમાં ભારતના હાથે કારમી હાર મળ્યા પછી 'દુશ્મનનો દુશ્મન તે દોસ્ત' એ નાતે ચીન સાથે તેણે મૈત્રીસંબંધો વધાર્યા હતા. ચીનને મન પણ એવા ગાઢ સંબંધો આવકાર્ય હતા. આથી બે દેશો વચ્ચે લશ્કરી તેમજ વ્યાપારી 'લિન્ક' સ્થાપી શકે તેવો કારાકોરમ ઘાટ ફરી પાકિસ્તાનના નકશામાં આવ્યો. આ ઘાટને પાક સીમાડામાં લાવવા માટે સિઆચેન પ્રદેશનાં મુખ્ય પહાડી નાકાં પર કબજો સ્થાપવાનું જરૂરી હતું. આ જાતનું પગલું ખુલ્લેઆમનું આક્રમણ ન ગણાય, આંતરરાષ્ટ્રીય સપોર્ટ તેને મળી રહે અને ભારત પર ચોતરફી રાજકીય દબાણ થાય એ માટે તેને બહુ ઠાવકાઈપૂર્વક વાજબી ઠરાવવું જોઈએ. પાકિસ્તાને સૌ પ્રથમ તો એવી છાપ ખડી કરવી પડે કે સિઆચેન પ્રદેશ મૂળ તેની માલિકીનો હોવા છતાં ભારતે તેમાં ચહલપહલ શરૂ કરી અને ઘણું

સમજાવ્યા પછીયે ભારતે ઘૂસપેઠ ચાલુ રાખી ત્યારે પાકિસ્તાને નછૂટકે બળ વડે કામ લેવું પડ્યું.

સિઆચેન પર દાવો જતાવવાના પાકિસ્તાની દાવપેચ

પાકિસ્તાને ૧૯૭૪માં જાપાની પર્વતારોહક જૂથને સિઆચેનના ૭,૩૮૦ મીટરના શેરપી કાંગડી શિખર પર આરોહણ કરવા તેડાવ્યું. આ પ્રકારના સાહસ માટે લેવાતો હજારો ડોલરનો ચાર્જ ૫૦% કરી નાખ્યો એટલું જ નહિ, બલકે પોતાના લશ્કરી અફસરને જાપાનીઓના ભોમિયા તરીકે સાથે મોકલ્યો. ઓસ્ટ્રિયન પર્વતારોહકોની ટુકડીએ ત્યાર બાદ એ જ વર્ષે ૭,૪૨૨ મીટરના સિઆ કાંગડી શિખરનું આરોહણ કર્યું. (જુઓ નકશો, પાનું ૯). ફરી એ જ વર્ષે બીજી જાપાની ટીમના બે સભ્યો ૭,૪૨૮ મીટરના K12 પર્વતની ટોચે પહોંચ્યા, પણ દુર્ભાગ્યે જીવતા પાછા ન આવ્યા. ૧૯૭૫માં કુલ ચાર સાહસો ખેડવામાં આવ્યાં. ત્રણ જાપાનનાં હતાં; એક બ્રિટનનું હતું. ૧૯૭૬માં વળી ચાર પર્વતારોહણો યોજવામાં આવ્યાં. આ પૈકી બે એવાં કે જેના સાહસિકો પશ્ચિમના બિલાફોન્ડ ઘાટ દ્વારા નીકળી તેમજ સિઆચેન હિમનદી પર ચાલી પૂર્વ કિનારે ગયા અને ત્યાં આવેલાં શિખરો પર આરોહણ કર્યું. આનો સ્પષ્ટ અર્થ એ કે પાકિસ્તાને કાઢી આપેલી પરમિટના ઉપક્રમે તેઓ ભારતભૂમિ પર છૂટથી હિલચાલ કરતા હતા અને વળી ખુદ પાકિસ્તાનમાં હોવાનો ખ્યાલ અજાણ્યે ધરાવતા હતા. શિખર પર તેઓ પોતાના દેશનો અને (પાકિસ્તાની ભોમિયો લશ્કરી અફસર પણ સાથે હોવાને લીધે) ભેગાભેગ પાકિસ્તાનનો રાષ્ટ્રધ્વજ ખોડતા હતા. સંરક્ષણની દૃષ્ટિએ ભારત માટે તે ગંભીર બાબત હતી.

વિશેષ ગંભીર બાબત એ કે ૧૯૭૬માં પાકિસ્તાને નકશા માટે સિઆચેન પ્રદેશનું ભૂભૌગોલિક આલેખન શરૂ કર્યું અને પશ્ચિમી દેશોમાં તે મુજબના નકશા પ્રગટ થવા લાગ્યા, છતાં ભારત સરકારનો નિદ્રાભંગ થયો નહિ. પાકિસ્તાનના એ 'નકશાશાસ્ત્રીય આક્રમણ'ને સમર્થન આપતા પ્રથમ નકશા અમેરિકાના સંરક્ષણ મંત્રાલયની ડિફેન્સ મેપિંગ એજન્સીએ પ્રસિદ્ધ કર્યા. આમાં પાક કબજા હેઠળના કાશ્મીરની દક્ષિણ-પૂર્વીય સરહદ NJ 9842 સીમાચિહ્નથી શરૂ કરીને સીધી લીટીમાં ૮૮ કિલોમીટર છેટે કારાકોરમ ઘાટ સુધી લંબાતી હતી. (ફરી જુઓ, પાના નં. ૮-૯નો નકશો). પૂરા ૩,૩૦૦ ચોરસ કિલોમીટરનો સિઆચેન પ્રદેશ એ રીતે પાકિસ્તાનની માલિકીનો ઠરતો હતો.

અમેરિકાની ડિફેન્સ મેપિંગ એજન્સીના નકશા પ્રમાણભૂત ગણાતા, એટલે તેઓ વ્યાપક ધોરણે જુદાં જુદાં પ્રકાશનોમાં રજૂઆત પામ્યા. નેશનલ જિઓગ્રાફિક સોસાયટીનો Atlas of the World, શિકાગો યુનિવર્સિટીનો A Historical Atlas of South Asia અને 'લંડન ટાઇમ્સ' અખબારનો Times Atlas of the World પણ અમેરિકન સંરક્ષણ મંત્રાલયના નકશાને અનુસર્યા. આ સિવાય પર્વતારોહણને લગતાં American Alpine Journal જેવાં સામયિકોમાં એવા નકશા છપાતા હતા અને સાહસિક ટુકડી 'ચીન-પાક સરહદે' આવેલા શિખરે ચડ્યાનું નોંધવામાં આવતું હતું. શિખર પર જે તે દેશના રાષ્ટ્રધ્વજ સાથે પાકિસ્તાનનો રાષ્ટ્રધ્વજ દર્શાવતા ફોટા પણ આવાં સામયિકોમાં છપાતા હતા. સિઆચેન પ્રદેશ અંગે પાકિસ્તાનના દાવાને કેટલી હદે સમર્થન મળ્યું તેનું ચરમ કક્ષાનું કહી શકાય એવું દૃષ્ટાંત :

અમેરિકન વાયુસેના તેના પાઇલટો માટે Navigational charts/ દિશાસૂચક આલેખ બનાવતી હતી. આમાં Air Defence Information Zone/ ADIZ દર્શાવવામાં આવતો હતો.

(ઉડાન દરમ્યાન પોતાનું પ્લેન ક્યારે કયા દેશના આકાશી ક્ષેત્રમાં પ્રવેશ્યું તેની જાણકારી પાઇલટને મળી શકે એ માટે ભારતીય એર ફોર્સ સહિત બધી વાયુસેનાઓ આવા ચાર્ટ બનાવતી હોય છે). અમેરિકન ચાર્ટમાં પાકિસ્તાનના ADIZ/ આકાશી ક્ષેત્રની દક્ષિણ-પૂર્વીય સીમારેખા બિલકુલ એ કે જે NJ 9842ને કારાકોરમ પાર કરી અંદર દાખલ થાય, એટલે ADIZ મુજબ પાઇલટે સમજી લેવાનું કે પાતે હવે પાકિસ્તાનના આકાશમાં પ્રવેશ્યો.



• સિઆચેનમાં પાક ઘૂસણખોરીનો પર્દાફાશ જેમણે કર્યો તે કર્નલ નરિન્દર (બુલ) કુમાર

દુનિયાના ઘણા દેશોમાં પ્રગટ થવા માંડેલા આવા નકશાને લીધે પાકિસ્તાનનો સિઆચેન પરનો દાવો ઘણા અંશે માન્યતાપ્રાપ્ત બન્યો. પાકિસ્તાનની ગણતરી પણ એ જ હતી. વિશ્વની નજરે સિઆચેન પ્રદેશ તેનો હોવાની છાપ જામે, એટલે પછી આખા પ્રદેશનો તે લશ્કરી કબજો લેવા માગતું હતું. દેખીતું છે કે માત્ર ઔપચારિક વિધિ જેવું તે ફૌજી પગલું ભારત પર તેનું આક્રમણ ગણાય નહિ.

પરિસ્થિતિ ગંભીર હોવા અંગે ભારત સરકારના મગજમાં બત્તી થયાનું વર્ષ ૧૯૭૮નું હતું. (પાકિસ્તાને કાઢી આપેલી પરમિટના અન્વયે ત્યાં સુધીમાં કુલ ૧૨ પરદેશી સાહસિક ટુકડીઓ ત્યાં જુદાં જુદાં શિખરોનું આરોહણ કરી ચૂકી હતી). સિઆચેનની બાબતે વર્ષો થયે અંધારપટમાં જીવતી સરકારને બત્તી જેણે 'સ્વિચ ઓન' કરી આપી તે લશ્કરી અફસરનું નામ કર્નલ નરિન્દર 'બુલ' કુમાર હતું. વિશેષણ તરીકે વચલો શબ્દ bull/ ગોધો એટલા માટે કે તેમની શારીરિક તાકાત અને માનસિક તેજમિજાજી માતેલા ગોધા જેવી હતી. (સૈનિકની લાક્ષણિકતા મુજબ તેને અમુક યા તમુક હુલામણું નામ આપવું તેવી ભારતના ખુશ્કીદળમાં પ્રણાલિકા છે--જેમ કે ફીલ્ડ માર્શલ સામ માણેકશાનું ફૌજી નામ હતું સામ 'બહાદુર' માણેકશા). કર્નલ નરિન્દર કુમાર ચુનંદા પર્વતારોહક હતા. ખુશ્કીદળના તબીબોએ જો કે તેમને લશ્કરી પરિભાષા મુજબ 'Medical Category'ના જાહેર કર્યા હતા અને ૨,૨૪૦ મીટર (૮,૦૦૦ ફીટ) કરતાં વધુ ઊંચે ન જવાની સલાહ આપી હતી. આમ છતાં તે કર્નલે જિંદગીનાં ઘણાંખરાં વર્ષો એટલી પહાડી ઊંચાઇ કરતાં પણ વધુ ઊંચી સપાટીએ વીતાવ્યાં હતાં.

૧૯૭૮ દરમ્યાન પર્વતારોહણને લગતા American Alpine Journal સામયિકનો અંક કર્નલ નરિન્દર કુમારના હાથમાં આવ્યો. સિઆચેનનાં શેરપી કાંગડી, K12, સિઆ કાંગડી, ઘેન્ટ, સાલ્ટોરો કાંગડી વગેરે શિખરો પર વિદેશી સાહસિકોએ કરેલાં આરોહણોનો વિસ્તૃત અહેવાલ તેમાં અપાયો હતો. ઉપરાંત અમેરિકન વાયુસેનાએ તેના પાઇલટો માટે તૈયાર કરેલો નકશો પણ હતો. સિઆચેન પ્રદેશ તેમાં પાકિસ્તાનના ભૌગોલિક હિસ્સા તરીકે બતાવેલો હતો. આ રજૂઆતે

કર્નલ નરિન્દર કુમારને ચોંકાવી દીધા. વખત ગુમાવ્યા વગર તેઓ નવી દિલ્હી પહોંચ્યા, આર્મી હેડક્વાર્ટર પર ગયા અને DGMO/ ડાયરેક્ટર-જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ તરીકેનો હોદ્દો સંભાળતા લેફ્ટનન્ટ-જનરલ એમ. એલ. છિબ્બરને મળી અમેરિકન સામયિકનો અંક તેમને બતાવ્યો. ખુશ્કીદળના એ નાયબ સેનાપતિને મામલાની ગંભીરતા માંડીને સમજાવવાની જરૂર ન હતી. સ્પષ્ટ વાત કે પાકિસ્તાન સિઆચેન પર આક્રમણ કરવા માટેની ભૂમિકા બાંધી રહ્યું હતું. લેફ્ટનન્ટ-જનરલ છિબ્બરે સિઆચેનની તત્કાલીન પરિસ્થિતિની જાતતપાસ માટે લશ્કરના ખડતલ જવાનોની ટુકડીને મોકલવાનું નક્કી કરી નાખ્યું.

પાકિસ્તાની દાવપેચ સામે ભારતનો દાવ

આ કાર્ય માટે ખુશ્કીદળની High Altitude Warfare Schoolના જવાનો એકદમ યોગ્ય હતા. ઊંચા પહાડી મોરચે યુદ્ધ ખેલવાની તેમને ખાસ તાલીમ મળી હતી. ટુકડીના સરદાર તરીકે કર્નલ નરિન્દર 'બુલ' કુમાર જેવું યોગ્ય પાત્ર બીજું એકેય નહિ. પહાડી સંજોગો વચ્ચે ફરજ બજાવવા માટે સર્જાયેલી કુમાઉં રેજિમેન્ટના તેઓ અફસર રહી ચૂક્યા હતા. બીજી વાત એ નોંધવા જેવી છે કે ૧૯૬૫માં એવરેસ્ટની ટોચે પહોંચેલી સર્વપ્રથમ ભારતીય ટીમના તેઓ નાયબ સરદાર હતા અને દેશભરનાં અખબારોએ તેમને હિરો તરીકે બિરદાવ્યા હતા. હિમાલયનાં બર્ફીલાં શિખરો પર ત્યાર પછી તો તેમણે એટલો બધો સમય ગુજાર્યો કે બન્ને પગના અંગૂઠાને હિમડંખ થયો હતો. અંગૂઠા તેમણે કપાવી નાખવા પડ્યા હતા. લશ્કરમાંથી નિવૃત્તિ લીધા પછીયે હિમપહાડો સાથે તેમની યારી-દોસ્તી ચાલુ રહેવાની હતી.

આ કર્નલ અને તેમના ૭૦ ટીમસભ્યો સપ્ટેમ્બર, ૧૯૭૮માં સિઆચેન નજીક પહોંચ્યા. દરેક ડગલે પગ સારો એવો ખૂંચી જાય એટલા પોચા હિમમાં પુષ્કળ જહેમતે ચાલતા આગળ વધ્યા. ઉષ્ણતામાન ઠારબિંદુથી ઘણું નીચે હતું. રાત્રિના પડાવ વખતે તો ઠંડી અસહ્ય બની જતી હતી. દિવસો લાંબી કૂચના અંતે સિઆચેન હિમનદી વટાવીને સાહસિકોએ પશ્ચિમ કાંઠે ૭,૪૬૪ મીટરના (૨૪,૪૮૨ ફીટના) તેરામ કાંગડી શિખરનું આરોહણ શરૂ કર્યું. ટુકડીના અગ્રગામી સાહસિક ૧૩ ઓક્ટોબરના રોજ તે હિમપહાડની ટોચે પહોંચ્યા અને ત્યાં ભારતનો ત્રિરંગો ખોડી દીધો. સિઆચેનમાં આપણો રાષ્ટ્રધ્વજ ફરક્યાનો એ પહેલો બનાવ હતો. દેશને સ્વતંત્રતા મળ્યાના છેક ૩૧મા વર્ષે બન્યો તે જુદી વાત હતી. આ સફળ અભિયાનના ખબર સમાચાર માધ્યમોને અપાયા નહિ. થોડા વખત પછી જો કે The Illustrated Weekly of India મેગેઝિને કર્નલ નરિન્દર 'બુલ' કુમારનો ફોટો મુખપૃષ્ઠ પર ચમકાવી અભિયાનની સંપૂર્ણ કથા છાપી નાખી. સરકારે ત્યાર પછી સિઆચેન પ્રદેશને ભારતીય ગણાવતો યથાર્થ પ્રચાર શરૂ કર્યો એટલું જ નહિ, પણ વિદેશી પર્વતારોહકોને જુદાં જુદાં દસેક આરોહણો માટે બાકાયદા પરમિટ કાઢી આપી. પાકિસ્તાન માટે તે વસમી બાબત હતી. ૧૯૮૩માં સિઆચેન ગયેલી ભારતીય ખુશ્કીદળની ટુકડીને પાક કમાન્ડરે જાસાચિઠ્ઠી પાઠવી કે, 'સિઆચેન પ્રદેશ તાત્કાલીક ખાલી કરો, જેથી સશસ્ત્ર અથડામણ થાય નહિ!' જાસાચિઠ્ઠીને ધ્યાનમાં લેતાં હવે ભારતે લશ્કરી પગલું લેવાનું જરૂરી બન્યું.

હિમઝંઝાવાતનું, સૂસવતા કાતિલ પવનનું અને શૂન્ય નીચે ૨૦°થી ૫૫° સેલ્શિઅસની 'કોલ્ડ સ્ટોરેજ' ઠંડીનું જાલિમ પર્યાવરણ ધરાવતા સિઆચેનની જૂજ દિવસો પૂરતી મુલાકાત લેતી વખતે મર્યાદિત સાધનસામગ્રી વડે કામ ચાલી જતું હતું. લશ્કરી જવાનોના લાંબા સમયના

પડાવ માટે ઘણી બધી રક્ષણાત્મક ચીજો જોઇએ. ઉષ્ણતારોધક મટીરિઅલના બનેલા snow-suit, ખાસ પ્રકારનાં શૂઝ, ski/ બરફપાવડી, સ્લીપિંગ બેગ, ice axe/ હિમકુહાડી, છડી, ઇન્સ્યૂલેટેડ હાથમોજાં, તંબૂ વગેરે ચીજો ભારતમાં ઉપલબ્ધ ન હતી, એટલે ખુશ્કીદળે કેટલાક નિષ્ણાતોને ખરીદી માટે યુરોપ મોકલ્યા. સંજોગવશાત્ થયું એવું કે નિષ્ણાતોએ જે અગ્રગણ્ય સપ્લાયરોને ત્યાં ભાવતાલ માગ્યા તેમના મોઢે જાણવા મળ્યું કે પાકિસ્તાનીઓ થોડા દિવસ પહેલાં એવો જ સરંજામ ખરીદી ગયા હતા.

ભારતીય લશ્કરી નિષ્ણાતોના દિમાગમાં અલાર્મની ઘંટડી વાગી. હવે સમય સાથે સ્પર્ધા હતી. સિઆચેનના પ્રદેશ માટે 'વહેલો તે પહેલો'નો ધારો લાગુ પડવાનો હતો. કાઉન્ટડાઉન શરૂ થયું હતું. પહેલા થવા માટે નવી દિલ્લીમાં ભારતના આર્મી હેડક્વાર્ટર્સે તાકીદના લશ્કરી મિશનનો વ્યૂહાત્મક પ્લાન ઘડી કાઢ્યો. નામ હતું : 'ઓપરેશન મેઘદૂત'. ●




વિવાદ જ્યારે વિગ્રહમાં પરિણમ્યો

૧૯૮૪ના જાન્યુઆરીમાં પહાડી સંઘર્ષ માટેની તાલીમનો દોર શરૂ કરી દેવામાં આવ્યો. તાલીમ લેનારા જવાનોને તેની પાછળના લશ્કરી ધ્યેય અંગે યાને કે 'ઓપરેશન મેઘદૂત' અંગે બિલકુલ અણસાર ન હતો. ઓપરેશનની સફળતાનો દારોમદાર સરવાળે તેની ગુપ્તતા પર રહે, માટે જવાનોને કશું જણાવવામાં આવ્યું ન હતું. અભિયાનના સૂત્રધાર બ્રિગેડિઅર વિજય ચન્ના તાલીમ દરમ્યાન જવાનોનું કૌવત અને કાર્યકુશળતા ગોપનીય રીતે માપી તેમાંના સર્વાધિક યોગ્ય જવાનોની સૂચિ બનાવી રહ્યા હતા. અંકુશરેખાના પૂર્વ તરફના છેડે NJ 9842 સુધીનો પ્રદેશ તેમની બ્રિગેડના નેજા હેઠળ આવતો હતો, માટે 'ઓપરેશન મેઘદૂત'ના સંચાલનનું કાર્ય તેમને સોંપાયું હતું. બ્રિગેડની સૈનિકસંખ્યા ૩,૦૦૦ જેટલી હોય અને તે સરેરાશ ૧,૦૦૦ સૈનિકોવાળી ત્રણ બટાલિઅન વડે બનેલી હોય, પણ બ્રિગેડિઅર વિજય ચન્નાની બ્રિગેડમાં ત્યારે બે બટાલિઅન હતી. એક બટાલિઅન ખૂટતી હતી. 'ઓપરેશન મેઘદૂત'નું કામ જો કે તેમના વગર ચાલી જાય તેમ હતું. બે બટાલિઅનો અનુક્રમે 4 Kumaon/ ૪થી કુમાઉં અને 19 Kumaon/ ૧૯મી કુમાઉં તે માટે પર્યાપ્ત હતી. હુકમનું પત્તું ૪થી કુમાઉં હતી. ભારતને તેણે બે ખુશ્કી સેનાપતિઓ (જનરલ કે. એમ. શ્રીનાગેશ અને જનરલ કે. એસ. થિમૈયા) આપ્યા હતા. ભારતનો સર્વપ્રથમ પરમવીર ચક્ર પણ ૧૯૪૭માં પાક હુમલાખોરો સામે લડેલા ૪થી કુમાઉંના મેજર સોમનાથ શર્માએ પ્રાપ્ત કર્યો હતો. 'કાલિકા માઈ કી જય' એવો યુદ્ધનારો જેણે અપનાવેલો તે ૧૯મી કુમાઉંના જવાનો ૧૯૬૫ના અને ૧૯૭૧ના યુદ્ધોમાં વીર ચક્રો મેળવી ચૂક્યા હતા.




• ભારતીય ખુશ્કીદળે સિઆચેનમાં તૈનાત કરેલી વિમાનવિરોધી તોપ : ZU-23-2

આ બન્ને પાણીદાર બટાલિઅનોને 'ઓપરેશન મેઘદૂત' માટે ફાળવાયેલાં શસ્ત્રોમાં BM-21 પ્રકારનાં ૪ મલ્ટિ-બેરલ રોકેટ લોન્ચર્સ હતાં. દરેકને ૪૦ લોન્ચિંગ ટ્યૂબ હતી, જેમાંથી વછૂટતાં ૧.૯ મીટર (૬.૨૫ ફીટ) લાંબાં અને ૪૬ કિલોગ્રામનાં રોકેટો ૧૪ કિલોમીટર છેટે સુધી પહોંચી હજારો ચોરસ મીટર જેટલા મેદાનને ધમરોળી નાખે તેવાં હતાં. મિશન વખતે પાક વાયુસેનાનાં લડાયક પ્લેન રખે આકાશમાં ચડી આવે તો તેમને પહોંચી વળવા એર ડિફેન્સ માટે SA-7 પ્રકારનાં ચાર ચાર સરફેસ-ટુ-એર મિસાઈલ્સ ધરાવતાં ત્રણ મોબાઈલ વાહનો પણ હતાં. વધુમાં ZU-23-2 પ્રકારની બે એન્ટિ-એરક્રાફ્ટ તોપો હતી. (જુઓ, અગાઉના પાને ફોટો). દરેક તોપ મિનિટદીઠ ૪૦૦ તોપગોળાનો મારો ચલાવી શકતી હતી. મિશનના જવાનો પાસે 7.62 મિલિમીટરના નાળચાવાળી રાઈફલ, પોર્ટેબલ મોર્ટાર તોપો અને મીડિઅમ મશીનગન હતી.



બ્રિગેડિઅર વિજય ચન્નાએ ઘડેલી રણનીતિ પ્રમાણે ૪થી કુમાઉં બટાલિઅનના જવાનોએ કેપ્ટન સંજય કુલકર્ણીની સરદારી હેઠળ સિઆચેનના બિલાફોન્ડ ઘાટ પર વર્ચસ્વ સ્થાપવાનું હતું, જ્યારે લદાખ સ્કાઉટ નામની બીજી ફોજના જવાનોનું કામ સહેજ ઉત્તરના સિઆ ઘાટને કબજે લેવાનું હતું. લદાખ સ્કાઉટના આગેવાન મેજર અજય બહુગુણા હતા. (૧૯મી કુમાઉં બટાલિઅનને બ્રિગેડિઅર વિજય ચન્નાએ બેક-અપ માટે સહેજ પાછળ રાખી હતી). આ રણનીતિનો સ્પષ્ટ ખ્યાલ મળે એ માટે યાદ રાખવા જેવું છે કે પશ્ચિમ તરફ કથિત 'આઝાદ કાશ્મીર'માં રહેલા પાકિસ્તાનીઓ બિલાફોન્ડ ઘાટ, સિઆ ઘાટ અને ગ્યોંગ



ઘાટ દ્વારા આપણા સિઆચેન પ્રદેશમાં ઘૂસપેઠ કરતા હતા. (જુઓ, સામેના પાને આપેલો નકશો). આથી ભારતે એ માર્ગોને કબજે લેવાની જરૂર હતી.


માર્ચ ૩૧, ૧૯૮૪ સુધીમાં તમામ પૂર્વતૈયારીઓ થયા બાદ 'ઓપરેશન મેઘદૂત'ના લોન્ચિંગનો દિવસ નક્કી કરવાનો વખત આવ્યો. ખુશ્કીદળના નોર્ધર્ન કમાન્ડે બ્રિગેડિઅર વિજય ચન્નાને એપ્રિલ ૧૦થી ૩૦નો સમયગાળો ફરમાવ્યો હતો. આ તારીખો વચ્ચેનો યોગ્ય દિવસ બ્રિગેડિઅરે પસંદ કરવાનો હતો. પસંદગીનું કામ તેમના માટે દ્વિધાજનક નીવડ્યું. એક તરફ વખત ગુમાવ્યા વગર સપાટો બોલાવી દેવાનો તકાદો હતો--નહિતર પાકિસ્તાની સૈનિકો પહેલાં ત્યાં પહોંચી અડ્ડો જમાવી બેસે અને ત્યાર પછી તેમને કદાપિ ખદેડી શકાય નહિ. બીજી તરફ સિઆચેનમાં લશ્કરી કાર્યવાહી માટે અનુકૂળ હવામાન મે માસના અંતે કે જૂન માસના આરંભે સ્થપાતું હતું. એપ્રિલમાં સ્થિતિ શૂન્ય નીચે ૨૦° સેલ્શિઅસના તાપમાને શીતાગાર જેવી રહેતી હતી અને હિમઝંઝાવાતો ફૂંકાતા હતા.

બ્રિગેડિઅર વિજય ચન્નાએ ઘણા મનોમંથન બાદ એપ્રિલ ૧૩, ૧૯૮૪નો દિવસ પસંદ કર્યો, કારણ કે એ દિવસ બૈસાખીનો (વૈશાખીનો) હતો. ખેતરની ફસલ લણવાના ઉત્સવ તરીકે માત્ર ભારતમાં નહિ, પાકિસ્તાનમાં પણ ઉજવાતો હતો. પાક લશ્કરના બહુમતી સૈનિકો ત્યાંના પંજાબના, માટે બૈસાખીના રોજ તેમનું લશ્કરી ડ્યૂટી પ્રત્યે જરા ઓછું ધ્યાન રહેતું હતું. બ્રિગેડિઅર ચન્નાને લાગ્યું કે પાકિસ્તાનને સરપ્રાઇઝ આપવા માટે તે દિવસ એકદમ યોગ્ય હતો.

■

એપ્રિલ ૧૩, ૧૯૮૪ની વહેલી સવારે ૫:૩૦ વાગ્યે પહેલું 'ચિત્તા' પ્રકારનું હેલિકોપ્ટર બિલાફોન્ડ ઘાટ તરફ જવા ઊડ્યું. પેસેન્જરો તરીકે કેપ્ટન સંજય કુલકર્ણી અને તેમનો સાથી જવાન એમ ફક્ત બે જણા હતા. હિંદુસ્તાન એરોનોટિક્સનું (મૂળ ફ્રેન્ચ ડિઝાઇનનું) 'ચિત્તા' બહુ નાનું હેલિકોપ્ટર, પણ અત્યંત ખડતલ હતું. ખૂબ ઊંચે પાતળી હવામાં ઊડવાનો રેકોર્ડ તેના નામે લખાયો હતો. બિલાફોન્ડ ઘાટ ૫,૪૫૦ મીટર (૧૭,૮૮૦ ફીટ) ઊંચે, છતાં 'ચિત્તા' ત્યાં પહોંચ્યું. લેન્ડિંગની તો સહેજે ગુંજાઇશ ન હતી. પવન એટલો તોફાની કે થોડાક ફીટ અધ્ધર મંડરાવામાં પણ વીસેક સેકન્ડ કરતાં વધુ સમય મળે તેમ ન હતો. કેપ્ટન સંજય કુલકર્ણીએ હિમનો થર કેટલો નરમ યા કઠણ (જોખમી યા સલામત) છે તે જોવા ઘઉંના લોટની ૨૫ કિલોગ્રામ વજનની બોરી નીચે ફેંકી અને સલામતી અંગે ખાતરી થતાં પોતે અને તેમનો સાથી જવાન કૂદી પડ્યા.

આ પ્રથમ હેલિકોપ્ટર પછી બીજાનો, ત્યાર પછી ત્રીજાનો અને પછી ચોથાનો વારો આવ્યો. ભારતીય હવાઇદળના સ્ક્વોડ્રન લીડર સુરિન્દર બૈન્સે અને સ્ક્વોડ્રન લીડર રોહિત રાયે 'ચિત્તા'ના કુલ ૧૭ ફેરા કરી ૨૭ અફસરોને તથા કેટલાક જવાનોને બિલાફોન્ડ ઘાટ પાસે ઉતાર્યા. તાપમાન શૂન્ય નીચે ૩૦° સેલ્શિઅસ હતું. અત્યંત પાતળી હવામાં સૌનાં ફેફસાંને ઓક્સિજનનાં વલખાં પડતાં હતાં. આ જાતના હવામાન વચ્ચે લાંબું રોકાણ જીવલેણ નીવડે એવી પૂરી શક્યતા રહેતી હતી. કેપ્ટન સંજય કુલકર્ણીના રેડિઓ ઓપરેટરને HAPO/ High Altitude Pulmonary Oedemaની (ફેફસાંમાં સોજાની) ખતરનાક અસર જણાવા લાગી, એટલે તેને હેલિકોપ્ટર દ્વારા તાત્કાલિક પાછો મોકલી દેવો પડ્યો. રેડિઓ ઓપરેટર ન રહ્યો, એટલે રેડિઓ હોવાનો મતલબ ન રહ્યો. આમ તો સારો અર્થ કાઢી શકાય કે જે થયું તે ઠીક થયું, કારણ કે 'ઓપરેશન મેઘદૂત'ના પ્રથમ ચરણમાં સંપૂર્ણ રેડિઓ સાઇલન્સ જાળવવાનું હતું.



આગમનના થોડા કલાકમાં હવામાન બગડ્યું. હિમવર્ષા થવા લાગી. નજર ૧૦-૧૨ મીટર કરતાં વધુ છેટે ન પહોંચે એટલી હદનું ગાઢ ધુમ્મસ જામ્યું. ઉષ્ણતારોધક આયાતી થર્મલ પેન્ટ અને થર્મલ કોટ ઠંડી સામે થોડુંઘણું રક્ષણ આપે, પણ ઓક્સિજનની કમી ધરાવતી પાતળી હવા ફેફસાંની આંતરત્વચાને વસમી પડી જતી હતી. આ કઠોર સંજોગોને ખુમારીપૂર્વક સહીને જથી કુમાઉં બટાલિઅનના કેપ્ટન સંજય કુલકર્ણીએ એપ્રિલ ૧૩, ૧૯૮૪ના એ જ બૈસાખી દિવસે બિલાફોન્ડ ઘાટની ભારતભૂમિ પર ત્રિરંગો ખોડી દીધો. દેખાવે તરુણ લાગતા તેમની ટુકડીના એક જવાને આંખો ઠારતું તે દૃશ્ય માણ્યું, પછી ફેફસામાં થયેલા Oedema/ સોજાને લીધે બિમારીમાં પટકાયો અને મૃત્યુ પામ્યો. ટુકડીના એ વખતના ૨૭ અફસરો-જવાનો પૈકી ૨૧ જણાને frostbite/ હિમડંખ થયો હતો.

(તસવીર : Indian Army)



● આ ધૂંધળી, છતાં મહત્ત્વપૂર્ણ તસવીરમાં કેપ્ટન કુલકર્ણી અને તેમની ટીમ બિલાફોન્ડ ઘાટ સર કર્યા બાદ ત્યાં ત્રિરંગા સાથે ઊભેલી દેખાય છે

બિલાફોન્ડ ઘાટની ઉત્તરે સિઆ ઘાટનું હવામાન ઓર ખરાબ હતું. ધુમ્મસ ઓથે ઘાટ દેખાતો ન હોવાને લીધે ‘ચિત્તા’, Mi-8 તથા ‘ચેતક’ હેલિકોપ્ટરોએ લદાખ સ્કાઉટના મેજર અજય બહુગુણાને અને તેમના જવાનોને ઘાટની પાંચ કિલોમીટર પૂર્વે ઉતારવા પડ્યા હતા. જાડા થરવાળા પોચા હિમ પર મહામહેનતે ચાલીને તે અંતર કાપવામાં તેમને ચાર દિવસ લાગ્યા. છેક એપ્રિલ ૧૭, ૧૯૮૪ના રોજ તેઓ સિઆ ઘાટ પહોંચ્યા અને ત્યાં ત્રિરંગો ખોડી સલામી આપી.

અગાઉના ૨૪મે પાને નકશામાં બતાવેલા ગ્યોંગ ઘાટનું લેવલ બિલાફોન્ડ અને સિઆ કરતાં નીચું હતું. આપણા સિઆચેન વિસ્તારમાં પાકિસ્તાનની ઘૂસપેઠના માર્ગ તરીકે તે અનુકૂળ ન હતો. (સ્થાનિક ભાષા મુજબ ગ્યોંગ લા એટલે કપરો ઘાટ). માનો કે પાક સૈનિકો તેને ઓળંગે, તો પણ ત્યાર પછી તરતના ઢોળાવે જે ઉતરાણ કરવું પડે એ તેમને પરબારા ભારતીય કબજાની ગ્યોંગ હિમનદી પર લાવી દે. આ સંજોગો જોતાં પાકિસ્તાન માટે ગ્યોંગ ઘાટ વ્યૂહાત્મક દૃષ્ટિકોણે બહુ કામનો ન હતો. આથી ભારતે પણ ‘ઓપરેશન મેઘદૂત’ના પ્રથમ દોર માટે તેને ગણતરીમાં લીધો ન હતો.

બિલાફોન્ડ અને સિઆ પર ભારતીય લશ્કરે કબજો સ્થાપ્યો એ બાબત અંગે પાકિસ્તાન ચાર દિવસ સુધી અંધારામાં રહ્યું. પાંચમા દિવસે એકાએક વાકેફ થયું તેનું કારણ એ કે બિલાફોન્ડ ખાતે જવાનનું મૃત્યુ નીપજ્યાના માઠા ખબર બ્રિગેડિઅર વિજય ચન્નાને આપવા કેપ્ટન સંજય કુલકર્ણીએ થોડીક કોશિશો અજમાવી વાયરલેસ રેડિઓ ચાલુ કર્યો. કેપ્ટનનો મેસેજ સાલ્ટોરો શિખરમાળાની પશ્ચિમ તરફ પાકછાવણીના રેડિઓ ઓપરેટરના સાંભળવામાં આવ્યો ત્યારે સમય સાથેની સ્પર્ધામાં આખરે ભારત જીત્યું હોવાનો પાકિસ્તાનને ખ્યાલ આવ્યો. દિવસ એપ્રિલ ૧૭, ૧૯૮૪નો હતો. હવામાન પહેલીવાર એ દિવસે સુધર્યું. ફરી ક્યારે બગડે તેનો ભરોસો નહિ, માટે શક્ય એટલો સરંજામ અને શસ્ત્રો પહોંચાડી દેવા ભારતીય વાયુસેનાનાં પાંચ ‘ચિત્તા’ પ્રકારનાં

તેમજ બે Mi-8 પ્રકારનાં હેલિકોપ્ટરોએ તે દિવસે ઉપરાઉપરી ૩૨ ફેરા કર્યા. એક પાકિસ્તાની હેલિકોપ્ટર પણ વણનોતર્યું આવી ચડ્યું અને ઘાટ ઉપર રાઉન્ડ મારી જતું રહ્યું, એટલે કેપ્ટન સંજય કુલકર્ણી પામી ગયા કે દુશ્મનનો હુમલો થવા આડે ઝાઝી વાર ન હતી. મામલો જરા ચિંતાનો હતો, કેમ કે પ્રતિકાર માટે તોપ, એર ડિફેન્સ મિસાઇલ્સ અને મલ્ટિ-બેરલ રોકેટ લોન્ચર્સ હજી બિલાફોન્ડ પહોંચ્યા ન હતાં. ખડતલ લદ્દાખી પોર્ટર્સ (હમાલો) છૂટક પાર્ટ્સમાં વહેંચી દેવાયેલાં તે શસ્ત્રો સાથે પગપાળા નીકળી ચૂક્યા હતા, પણ તેમનો પ્રવાસ ૨૨-૨૩ દિવસે પૂરો થવાનો હતો. ભારે બોજા સાથે લગભગ ૧૮,૦૦૦ ફીટ સુધી આરોહણ કરવું એ જેવી તેવી કસોટી ન હતી. ઘાટમાં ભારતનો સંગીન લશ્કરી અડ્ડો જમાવવા માટે લેફ્ટનન્ટ-કર્નલ પુષ્કરચંદની સરદારી હેઠળ લદ્દાખ સ્કાઉટનો અને ૧૯મી કુમાઉં બટાલિઅનનો Task Force રવાના થયો હતો, પરંતુ તેનું આગમન થવામાં પણ કેટલાક દિવસો નીકળી જાય તેમ હતા.



• મિશનની રૂપરેખા ઘડાઈ ત્યાર પછી શસ્ત્રસરંજામનો પુરવઠો છએક હજાર મીટર ઊંચે પહોંચતો કરવા આપણાં 'ચિત્તા' હેલિકોપ્ટરોને કામે લગાડવામાં આવ્યાં

ભારતના 'ઓપરશેન મેઘદૂત' સામે પાકિસ્તાને 'ઓપરેશન અબાબીલ' શરૂ કર્યું, જે માટે તેના હૈદર ફોર્સ, બાબર ફોર્સ, શાહિબાઝ ફોર્સ, હબીબ ફોર્સ વગેરે ફૌજી ટુકડીઓના ચુનંદા ગણાતા સૈનિકો પસંદ કરાયા હતા. એપ્રિલ ૨૫, ૧૯૮૪ની સવારે બિલાફોન્ડ ઘાટ પર આક્રમણનું પ્રથમ મોજું આવ્યું. ઘાટનું રક્ષણ કરવા માટે એ વખતે ભારતના જવાનો પાસે ફક્ત ઓટોમેટિક રાઇફલ અને કેટલીક મશીનગન હતી. હિંમતપૂર્વક મોખરે રહી સામી લડત આપનાર લાન્સ નાયક રમેશસિંહ પહેલી હરોળના અમુક દુશ્મનોને ઢાળ્યા બાદ પોતે વીંધાયા અને શહીદ બન્યા. સિઆચેનના મોરચે વીરગતિ પામેલા તેઓ પ્રથમ જવાન હતા. કેટલાક દિવસો પછી સ્થપાયેલા શહીદોના સ્મારકની તકતી પર પહેલું નામ તેમનું કોતરવામાં આવ્યું. વખત જતાં બીજાં અનેક નામોનો તેમાં ઉમેરો થવાનો હતો. દીવાલ જેવડી તકતી પર ટોચના ભાગે મોટા અક્ષરે લખાણ હતું: 'Quartered in snow, silent to remain. When the bugle calls they shall rise and march again.' (ભાવાર્થ : 'હિમની ગોદમાં તેઓ ચૂપચાપ રીતે પોઢ્યા છે, (પણ) જ્યારે રણશિંગુ પોકારશે ત્યારે તેઓ ઊભા થઈ ફરી કૂચ કરશે'). લાન્સ નાયક રમેશસિંહને મરણોત્તર કીર્તિ ચક્ર એનાયત કરવામાં આવ્યો. પાકિસ્તાને ત્યાર પછી બિલાફોન્ડ ઘાટ પર જંગી પાયે આક્રમણ કર્યું ત્યારે જવાનોને પાનો ચડાવી અને પોતે મોખરે રહી અસાધારણ નેતૃત્ત્વશક્તિ તેમજ વીરતા દાખવનાર કેપ્ટન સંજય કુલકર્ણી શૌર્ય ચક્ર વડે સન્માનિત થવાના હતા.

■

આ દરમ્યાન મેજર અજય બહુગુણાના જવાનોએ સિઆ ઘાટ પર વર્ચસ્વ સ્થાપી દીધું હતું. પાકિસ્તાન તેને પણ જીતવાના પ્રયાસમાં ફાવ્યું નહિ. આમ છતાં હુમલાનો ક્રમ તેણે ચાલુ રાખ્યો. હવાઈ ફોટોગ્રાફી માટે તેનાં ફાઇટર જેટ વખતોવખત આંટો મારી જતાં હતાં. ફ્લાઇંગ વિઝિટના

થોડા કલાક બાદ સિઆ ઘાટ પર અને (વધુ મોટા પાયે) બિલાફોન્ડ ઘાટ પર નવો અટેક થતો હતો. ભારતે ૧૦૫ મિલિમીટરના વ્યાસની તેમજ ૧૩૦ મિલિમીટરના વ્યાસની તોપોને બેય મોરચે લાવી દીધા પછી મે, ૧૯૮૪થી સંઘર્ષ વધુ લોહિયાળ બન્યો. તોપયુદ્ધે બેય પક્ષે ખુવારીનું પ્રમાણ વધારી દીધું. ભારત સરેરાશ દર બીજે દિવસે એક જવાનને ગુમાવવા લાગ્યું.

જવાનનું મૃત્યુ નીપજે એ ઘટનાને P5 લેબલ અપાતું હતું. આ ખરેખર ટ્રેજિક વર્ગીકરણ હતું, છતાં સાવ કારણ વગરનું નહિ. લડાઈમાં જે પણ જવાન ઘાયલ થાય તેને સારવાર માટે વહેલી તકે 'ચિત્તા' હેલિકોપ્ટર દ્વારા મેદાની છાવણીએ મોકલવો પડે, એટલે તેને P1 (Priority-1) સંજ્ઞા અપાતી હતી. બાકીના P2 અને P3 જેવા ક્રમ પણ તાકીદની વધુઓછી માત્રા પ્રમાણે અપાતા હતા. આમાં P5 સંજ્ઞાવાળો છેલ્લો ક્રમ સદ્‌ગત જવાનના મૃતદેહનો, કેમ કે તેના કેસમાં લેશમાત્ર 'અર્જન્સી' હોય નહિ. આ મજબૂરી સાચે જ કરુણાજનક હતી. હૃદયને વધુ ઠેસ પહોંચાડે તેવી વાત એ કે મૃત્યુ બાદ rigour mortisને લીધે અક્કડ બની જતો મૃતદેહ તેની લંબાઈને કારણે 'ચિત્તા' હેલિકોપ્ટરમાં સમાય નહિ, એટલે ઘાયલ જવાન દમ તોડી રહેલો જણાય એ વખતે તેના પગ ઘૂંટણમાંથી વાળી દેવાતા હતા. આ 'મોકો' ચૂકી જવાય તો (બિલાફોન્ડ ખાતે લદાખ સ્કાઉટના સુબેદાર વાની નામના ફૌજીએ જણાવ્યું તેમ) મૃતદેહના પગ કાપી નાખવા પડતા હતા.

'કાલા પાની'ની યાદ અપાવતું 'સફેદ પાની'

ભારતીય લશ્કરે ઉત્તુંગ સાલ્ટોરો શિખરમાળા પર જુદા જુદા સ્થાને ચોકીઓ સ્થાપ્યા બાદ ખુવારીનો ભૌગોલિક વ્યાપ વધ્યો. ટૂંકી મુલાકાત લેતા હેલિકોપ્ટરના પાઇલટે કયા સ્થળની ચોકીને priority/ અગ્રતાના ક્રમ અનુસાર પ્રાધાન્ય આપવું તેનો ઊડતી નજરે જ તેને ખ્યાલ આવી જાય એ માટે પતાકા જેવા રંગીન વાવટાનો ઉપયોગ કરવામાં આવ્યો. લીલો વાવટો એમ દર્શાવે કે એ સ્થળે એકેય ઘાયલ જવાન ન હતો. લાલ વાવટો એકાદ જવાન ત્યાં ઈજાગ્રસ્ત હોવાનું દર્શાવતો હતો, માટે આવી રહેલા હેલિકોપ્ટરનો પાઇલટ દૂરથી જ અછડતા દૃષ્ટિપાતે સમજી જાય કે તેણે લીલાને બદલે લાલ વાવટાવાળી ચોકીને પ્રાથમિકતા આપવાની હતી. કાળો વાવટો જવાનનું મૃત્યુ નીપજ્યાનો સૂચક હતો. કેટલાક સમય બાદ વાવટાની પ્રથા બંધ કરવામાં આવી, કેમકે જવાનોના નૈતિક બળ પર તેની માઠી અસર થતી હતી.

અલબત્ત, પ્રથા બંધ કરાયાને લીધે સિઆચેનની કઠોર વાસ્તવિકતામાં કશો ફરક પડવાનો ન હતો. વિવિધ નામે ઓળખાતી 'પહેલવાન', 'ઝુલુ', 'સોનમ', 'અશોક', (કર્નલ નરિન્દર કુમારના સન્માનમાં) 'કુમાર', (૧૯૪૭-૪૮ના યુદ્ધ વખતના ૧૭ વર્ષીય સુપર હિરો ચેવાંગ રિનચેનના બહુમાનમાં) 'રિનચેન' વગેરે ચોકીઓ પર બહુ અલ્પ પ્રાણવાયુ ધરાવતી અત્યંત પાતળી હવામાં એક પછી એક જવાન દમ તોડતો રહ્યો. સિઆચેનમાં ભારતના આવા સપૂત પહેરેગીરો માટે જેઓ રોજેરોજ પુરવઠો લાવી જીવાદોરીનો પાઠ અદા કરતાં એ હેલિકોપ્ટરોએ વળતી સફર વખતે શબવાહિની બનવું પડતું હતું. તોપયુદ્ધમાં શહીદ થતા જવાનો કરતાં વધુ સંખ્યા ગોઝારા વાતાવરણનો ભોગ બનતા જવાનોની હતી. સિઆચેન ક્ષેત્ર સ્વાભાવિક રીતે 'સફેદ પાની' તરીકે ઓળખાવા લાગ્યું હતું. આંદામાનમાં 'કાલા પાની'એ મોકલી દેવાયેલા ક્રાંતિકારીની જેમ સિઆચેન ગયેલો જવાન પણ જીવતો પાછો ફરે એવી સંભાવના પ્રમાણમાં ઓછી રહેતી હતી.

સિઆચેનના શીતાગારનો ભોગ ન બનતા જવાનો શારીરિક રીતે બિલકુલ હેમખેમ પાછા ફરે

એવી પણ સંભાવના પ્રમાણમાં ઓછી રહેતી હતી. સૌથી વધુ કેસ frostbite/ હિમડંખના નોંધાતા હતા. ચંદીગઢ ખાતે આર્મીના વેસ્ટર્ન કમાન્ડની હોસ્પિટલમાં વર્ષેદહાડે ૧૫૦થી ૧૭૫ (શિયાળા દરમ્યાન મહિને સરેરાશ ૨૦) જવાનોને હિમડંખની ચિકિત્સા માટે લાવવામાં આવતા હતા, જે પૈકી અમુક જણાનું ડંખગ્રસ્ત અંગ કાપી નાખવું પડતું હતું અને ક્યારેક નાકનું ટેરવું કાપીને ત્યાં કોસ્મેટિક પ્લાસ્ટિક સર્જરી કરવી પડતી હતી.

હિમડંખની ગંભીરતા મેડિકલ દૃષ્ટિએ સમજવા જેવી છે--અને સમજવી જરૂરી પણ છે, કારણ કે એ વગર જવાનોની દેશ પ્રત્યેની સમર્પણ ભાવનાનો પૂરો ખ્યાલ આવે તેમ નથી. ઉનાળામાં સિઆચેનનું તાપમાન શૂન્ય નીચે ૨૦°થી ૩૦° સેલ્શિઅસ જેટલું રહે છે. શિયાળા દરમ્યાન તો માઇનસ ૫૫° સુધી નીચે સરી જાય છે. આ પારાવાર ઠંડી વચ્ચે શરીરનું તાપમાન ૩૭° સેલ્શિઅસે (૯૮.૬° ફેરનહીટે) જાળવવા માટે પોશાક બહુ અસરકારક રીતે ઉષ્ણતારોધક/ insulator હોવો જોઇએ. દા.ત. ઊનનાં હાથમોજાં પર જવાનોએ Mitten/ મિટેન કહેવાતાં વિશિષ્ટ મોજાં પહેરી રાખવાં પડે છે. મિટેનની વિશેષતા એ કે તેની મોટી ખોલ હાથપંજાની સામટી ચારેય આંગળીને સમાવી લે છે. પરસ્પર તેઓ અડોઅડ હોવાને લીધે બે આંગળીઓ વચ્ચેની સપાટી 'નાબૂદ' થાય છે, માટે એટલા ભાગમાં ઠંડીનો સ્પર્શ થતો નથી. આંગળીમાં ગરમાટો જળવાય છે અને રક્ત-ભ્રમણ ચાલુ રહે છે. એક જવાનના કમનસીબે થયું એવું કે પેટ્રોલિંગ દરમ્યાન તે સંતુલન ગુમાવી બર્ફીલી ગર્તામાં પડ્યો, જ્યાંથી તેને બહાર કાઢવા સાથીદારોએ લાંબું દોરડું નીચે ઉતાર્યું. મિટેન હાથમોજાંમાં ચાર આંગળીઓ ભેગી હોવાને લીધે દોરડા પર પકડ જમાવવાનું એ જવાનને ફાવ્યું નહિ. મિટેન તેણે કાઢી નાખ્યાં. ઊનનાં હાથમોજાં ખુલ્લાં પડ્યાં, બરફ સાથે તેમનો સ્પર્શ થતાં તે ભીનાં થયાં, પાણી ઠર્યું અને દરેક આંગળીમાં તેમજ અંગૂઠામાં લોહી થીજ્યું. પ્રવાહી લોહી કરતાં લોહીનો બરફ વધુ જગ્યા રોકે, એટલે રક્તવાહિનીઓ ફાટી અને ત્યાં કોષોને લોહી દ્વારા પ્રાણવાયુ ન મળતાં તેઓ મરી પરવાર્યા. ટૂંકમાં, જવાનને હિમડંખ લાગ્યો. હિમડંખની તીવ્રતા પ્રમાણે તે ગ્રેડ-1થી ચડતા ક્રમે ગ્રેડ-5 સુધીના હોય અને ગ્રેડ-5ની સ્થિતિએ કાળો પડી ગયેલો ભાગ કાપી નાખવો જોઇએ, નહિતર ગેંગ્રિન ઓર પ્રસર્યા વગર રહે નહિ.

■

એપ્રિલ ૧૩, ૧૯૮૪ના રોજ શરૂ કરાયેલું 'ઓપરેશન મેઘદૂત' હજી સમાપને પહોંચ્યું ન હતું. સૌથી રોમાંચક અને રક્તરંજિત ભાગ બાકી હતો--અને તેનો વારો ત્રણ વર્ષ પછી ૧૯૮૭માં આવ્યો. વાત એમ બની કે ભારતીય કબજાના (અને નિઃસંદેહ માલિકીના) બિલાફોન્ડ ઘાટ નજીક ૨૧,૧૫૩ ફીટ (લગભગ ૬,૪૫૦ મીટર) ઊંચે પાકિસ્તાને એપ્રિલ, ૧૯૮૬માં 'કાઇદ' પોસ્ટ નામની ચોકી સ્થાપી હતી. (પાકિસ્તાનના કાઇદ-એ-આઝમ મુહમ્મદ અલી ઝીણાનું નામ તેને અપાયું હતું). ગરુડના પહાડી માળા જેવું ઉત્તુંગ સ્થાન હતું, જ્યાંથી પાક સૈનિકો ૪૫૦ મીટર (૧,૫૦૦ ફીટ) નીચે આવેલી ભારતની 'સોનમ' નામની ચોકી પર વખતોવખત ભારે મશીનગન વડે ફાયરિંગ કરતા હતા. એક ભારતીય અફસર તથા રેડિઓ ઓપરેટર ગોળીબારમાં માર્યા ગયા. 'સોનમ' ચોકીને તથા નજીકની 'અશોક' ચોકીને સપ્લાય પહોંચાડતાં હેલિકોપ્ટરોની આવનજાવન પણ આડેધડના ફાયરિંગને કારણે જોખમી બની. એક હેલિકોપ્ટરને પાક સૈનિકોએ તોડી પાડ્યું અને તેમાં રહેલા બન્ને ભારતીય અફસરો શહીદ થયા.

ભારતે 'કાઇદ' પોસ્ટને ગમે તે ભોગે કબજે લીધા વગર આરો ન હતો. મિશન ઇમ્પોસિબલ

જેવા તે અભિયાન માટે સાચે જ પુષ્કળ ભોગ આપવો પડે તેમ હતો. ઊભી બર્ફીલી દીવાલ ૪૫૦ મીટર (૧,૫૦૦ ફીટ) ઊંચી હતી. દોરડા વડે અત્યંત શ્રમપૂર્વક અને વળી ચૂપકીદીપૂર્વક આરોહણ કરીને છેવટે 'કાઈદ' પોસ્ટના ૧૭ શસ્ત્રસજ્જ પાક સૈનિકોનો ખાત્મો બોલાવવાનો હતો. આ જાતનું ગાંડું સાહસ ખેડવું તો શું, કલ્પવું પણ દીવાસ્વપ્ન જેવું લાગે.



• આ પ્રતીકાત્મક તસવીરમાં દેખાય છે તેમ સિઆચેનના કેટલાંક ઉત્તુંગ શિખરો પર પાકિસ્તાનના સૈનિકોએ કબજો જમાવી દીધો હતો, જ્યાંથી તેઓ આપણા જવાનોની નેમ તાકી તેમના પર બહુ સરળતાપૂર્વક ગોળીઓની ઝડી વરસાવી શકતા હતા. વ્યૂહાત્મક દૃષ્ટિએ ભારતના પક્ષે એ સ્થિતિ ચિંતાજનક હતી

અલબત્ત, સાહસ ખેડવું જરૂરી હતું, એટલે ખેડવામાં આવ્યું. મે ૨૯, ૧૯૮૭ની ચાંદની રાત્રે ૮મી જમ્મુ એન્ડ કાશ્મીર લાઈટ ઈન્ફન્ટ્રી/ 8 J&K LIના સેકન્ડ લેફ્ટનન્ટ રાજીવ પાંડેની સરદારી નીચે ૧૩ જવાનો હિમ પર ચાલી 'કાઈદ' પોસ્ટના બેઝ (પાયા) તરફ આગળ વધ્યા. હિલચાલ છાની રહે તેની પૂરી કાળજી લીધી. ઊભી કરાડ જેવા પર્વતનું આરોહણ કરવા માટે સાહસિકો jumar/ જુમર તરીકે ઓળખાતી ક્લેમ્પ વાપરે છે. આરોહણ માટેના દોરડા પર ભરાવવામાં આવતી તે ક્લેમ્પને માત્ર ઉપર તરફ સરકાવી શકાય છે, માટે તેના ટેકણિયા જેવા અંકોડા પર આરોહકે પગ મૂક્યા છતાં તે નીચે સરકતી નથી. માઈનસ ૨૫° સેલ્શિઅસ જેટલી ઠંડી વચ્ચે અને પર્યાપ્ત ઓક્સિજન ન ધરાવતી પાતળી હવામાં jumarના આધારે પણ કેટલાંક શસ્ત્રોના ભારે બોજા સાથે બસ્સો-ત્રણસો ફીટ ચડતાં હાંફી રહેવાય, જ્યારે અહીં તો ૪૫૦ મીટરનો (૧,૫૦૦ ફીટનો) પડકાર ઝીલવાનો આવ્યો. વળી રાત્રિના સન્નાટામાં દુશ્મનને ચેતવી દેતો જરા સરખો અવાજ પણ ન થવો જોઈએ.

સેકન્ડ લેફ્ટનન્ટ રાજીવ પાંડેનું અને તેમના ૧૩ સાથી જવાનોનું કામ આક્રમણ કરવાનું નહિ, બલકે આક્રમણની પૂર્વતૈયારીના ભાગરૂપે દોરડાં ફિક્સ કરવાનું હતું. આ કામ તેમણે સારા એવા પ્રમાણમાં કર્યું, પણ દુર્ભાગ્યે તેમની હિલચાલનો પાકિસ્તાનીઓને ખ્યાલ આવી ગયો અને માફકસરના સ્થાને ગોઠવાયેલા તે દુશ્મનો બુલેટોની ઝડી વરસાવવા લાગ્યા. ગોળીબારોએ પહેલો ભોગ મોખરાના રાજીવ પાંડેનો લીધો. બીજા આઠ ભારતીય જવાનો શહીદ થયા. માત્ર ચાર જણા બચવા પામ્યા. બિલાફોન્ડ ઘાટના મુકામે પાછા ફરી તેમણે ઘટના વર્ણવી ત્યારે સૌ જવાનોનું લોહી

ર્ફીલી દીવાલ ૪૫૦
ધીપૂર્વક આરોહણ
ાવવાનો હતો. આ




૮૭ની ચાંદની રાત્રે
જીવ પાંડેની સરદારી
ા વધ્યા. હિલચાલ
વા માટે સાહસિકો
ડા પર ભરાવવામાં
ા જેવા અંકોડા પર
ટલી ઠંડી વચ્ચે અને
લાંક શસ્ત્રોના ભારે
મીટરનો (૧,૫૦૦
ી દેતો જરા સરખો

ા આક્રમણ કરવાનું
ા કામ તેમણે સારા
ા આવી ગયો અને
ોળીબારોએ પહેલો
ા. માત્ર ચાર જણા
સૌ જવાનોનું લોહી

તપી નીકળ્યું. રાજીવ પાંડેના મૃત્યુનો બદલો લેવા 'OP RAJIV' ('ઓપરેશન રાજીવ') નામે સરફરોશીનો ખેલ પાડી દેવાનું નક્કી કરવામાં આવ્યું.

થોડા દિવસ બાદ જૂન ૨૩, ૧૯૮૭ના રોજ મેજર વિરેન્દર સિંહના નેતૃત્વ હેઠળ 'ઓપરેશન રાજીવ' માટે કુલ ૬૪ જોશીલા નીડર જવાનોનો કાફલો રાત્રિના સમયે 'કાઈદ' પોસ્ટની કરાડ તરફ રવાના થયો. ઊભી કરાડ એકાદ કિલોમીટર છેટે હતી, પણ હિમવર્ષાના ખરાબ હવામાનમાં પોચા હિમ પર ચાલીને તે અંતર કાપવામાં ચારેક કલાક લાગ્યા. હિમમાં ઘૂંટણ સુધી ખૂંપી જવાતું હતું. અગાઉના જવાઁમર્દોએ કરાડ પર ફિક્સ કરેલું દોરડું કમનસીબે જડ્યું નહિ. વાતાવરણ તદ્દન અંધકારમય હતું. ઘણી શોધખોળ કર્યા છતાં દોરડાનો પત્તો ન ખાધો, એટલે કાફલો નછૂટકે મુકામે પાછો ફર્યો. પરોઢનું ભળભાંખળું અજવાળું ફેલાય એ પહેલાં સહીસલામત રીતે મુકામે પહોંચવું જરૂરી હતું. આવવા-જવામાં કુલ મળીને આઠ કલાક વીત્યા હતા.



• શહીદ રાજીવ પાંડેની સ્મૃતિમાં છત્તીસગઢના રાંચી શહેર ખાતે બનાવવામાં આવેલું તેમનું બાવલું

બીજે દિવસે એટલે કે ૨૪મી જૂને સાંજ ઢળ્યા બાદ ફરી ૬૪ જણા મિશન પર ઉપડ્યા. આ વખતે દોરડાનો તરત પત્તો લાગ્યો. એક પછી એક પ્રથમ દસ જવાનોએ આરોહણ શરૂ કર્યું. સહેજ ઊંચે ગયા બાદ સેકન્ડ લેફ્ટનન્ટ રાજીવ પાંડે તથા બીજા શહીદ જવાનોના મૃતદેહોનો ભેટો થયો અને દુશ્મનો પરનો આક્રોશ મનોમન વધ્યો. જુમરના અંકોડામાં પગ ભરાયેલા હોવાને લીધે મૃતદેહો અત્યંત કરુણાજનક સ્થિતિમાં લટકી રહ્યા હતા. દુશ્મનોને ભારતીય જવાનોના આરોહણની ગંધ પહોંચી, માટે આગલી રાતની જેમ પાછું તેઓ આડેધડ ફાયરિંગ કરવા લાગ્યા. મેજર વિરેન્દર સિંહે મિશન પડતું મૂકવું પડ્યું, કેમ કે જવાનોના પ્રાણરૂપે બહુ આકરી કિંમત ચૂકવવાની થતી હતી. મિશન રોકી દેવાયા બાદ નવી મુસીબત એ નડી કે ત્યાં સુધીમાં રાત્રિનો ઘણો સમય વીતી ચૂક્યો હતો. મળસ્કું થવાને ઝાઝી વાર ન હતી. હવે જો અજવાળામાં જવાનો પાછા જવા નીકળે તો 'કાઈદ' પોસ્ટના 'ઝરૂખે'થી પાકિસ્તાનીઓ તોપગોળા દાગી બધાનો સામટો ખાત્મો કરી દે. આથી મેજર વિરેન્દર સિંહ સહિત ફૌજી ટુકડીના તમામ સભ્યોએ અગાઉના બારૂદી ધડાકાએ કરેલા ખાડામાં આશરો લીધો. આ ખાડામાં તેમણે આખો દિવસ ગુજારવાનો હતો અને તે દરમ્યાન શારીરિક કેલરીના નામે ખાવા માટે ફક્ત કેટલીક ચોકલેટ હતી.

મિશન ઇમ્પોસિબલ આખરે પાર પડ્યું

મેજર વિરેન્દર સિંહને લાગ્યું કે રાત્રિના અંધારામાં સંઘર્ષ એકપક્ષી રહેતો હતો. પ્રતિકાર કરી શકાતો ન હતો અને જવાનોની નાહક ખુવારી થતી હતી. મિશન જો આમેય જોખમી હોય તો જોખમ રાતને બદલે દિવસે કેમ ન ઊઠાવવું ? દિવસે અભિયાન હાથ ધરવા માટે ભારતીય તોપખાનાના સપોર્ટની જરૂર હતી. અંતે મુકામે પાછા ફર્યા બાદ મેજર વિરેન્દર સિંહે સિઆચેનના બ્રિગેડ કમાન્ડર બ્રિગેડિઅર ચંદન ન્યુગ્યાલનો રેડિઓ સંપર્ક કર્યો અને તેમની આર્ટિલરીનો

(તોપખાનાનો) સપોર્ટ માગ્યો. બિલકુલ એ જ મુજબ આગામી હુમલાનો નવો પ્લાન તૈયાર કરવામાં આવ્યો. હુમલો શરૂ કરાયો ત્યારે બપોરનો સમય હતો. 'કાઈદ' પોસ્ટના આરોહણ માટે આઠ-આઠ જવાનોની ટુકડી રચવામાં આવી, જેમણે એકમેક કરતાં જુદા માર્ગે ચડવાનું હતું. બ્રિગેડના તોપખાનાએ ગરજવાનું શરૂ કરી દીધું. ખરું જોતાં તે માત્ર બળપ્રદર્શન હતું, કેમ કે તોપગોળો ભારતીયોને ન વાગે તેની કાળજી લેવાની હતી અને તેનો 'લાભ' પાકિસ્તાનની 'કાઈદ' પોસ્ટના ૧૭ પાકિસ્તાની સૈનિકોને આપોઆપ મળવાનો હતો.

સાડા ચારસો મીટરનું આરોહણ કરીને સૌ પહેલાં નાયબ સુબેદાર બાનાસિંહ તેમના ચાર જવાનો સાથે ટોચ પર પહોંચ્યા અને દુશ્મનો પર ત્રાટક્યા. પ્રથમ હેન્ડ ગ્રેનેડ ફેંક્યા પછી રાઈફલની બુલેટ અને ત્યાર પછી રાઈફલની બેયોનેટ (છરા) વડે યુદ્ધ ખેલી ૭ પાકિસ્તાનીઓને સરદાર બાનાસિંહે ઢાળી દીધા. બીજા ૪ પાક સૈનિકો ભાગવા જતાં સંતુલન ગુમાવીને ૪૫૦ મીટર (૧,૫૦૦ ફીટ) નીચે પડ્યા. બાકીના પાક સૈનિકોને ત્યાર પછી બાનાસિંહના જવાનોએ પૂરા કરી નાખ્યા. 'ઓપરેશન રાજીવ'ને સફળ બનાવવા માટે અને તે સાથે એપ્રિલ, ૧૯૮૪થી અધૂરા રહી ગયેલા 'ઓપરેશન મેઘદૂત'ને યથાર્થ સમાપને પહોંચાડવા માટે અદ્ભુત નેતૃત્વશક્તિ

'ઓપરેશન મેઘદૂત'માં લડીને શહીદ થયેલા જવાઁમર્દ ગુજરાતી

એપ્રિલ, ૧૯૮૪થી જેનો આરંભ થયો તે 'ઓપરેશન મેઘદૂત'ને આખરી ઓપ આપવામાં ત્રણેક વર્ષ નીકળી ગયાં. દરમ્યાન આપણા સંખ્યાબંધ જવાનો તેમજ અફસરો તે લશ્કરી અભિયાનમાં શહીદ થયા. આ કર્મયોગીઓમાં એક નામ કેપ્ટન નીલેશ સોનીનું અહીં ટાંકવું રહ્યું. જુલાઈ ૧૬, ૧૯૬૨ના રોજ અમદાવાદના ગુજરાતી પરિવારમાં જન્મેલા નીલેશ સોનીએ તેમનું પ્રાથમિક શિક્ષણ અમદાવાદમાં પૂરું કરી ૧૯૭૨માં બાલાચડી, જામનગર ખાતેની સૈનિક સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો. અહીં અભ્યાસ કર્યા બાદ તેમણે નેશનલ ડિફેન્સ અકેડમી/ NDAમાં તાલીમ લીધી અને ભારતીય ખુશ્કીદળની ૬૨મી ફીલ્ડ રેજિમેન્ટમાં અફસર તરીકે જોડાયા.



ડિસેમ્બર, ૧૯૮૬માં કેપ્ટન સોનીને સિઆચેનના મોરચે પોસ્ટિંગ મળ્યું, જ્યાંથી તેમણે પોતાના પરિવારને કાગળ લખ્યો કે, 'હવે મારા પત્રો તમને કદાચ મોડા મળશે. અહીં સખત ઠંડી વચ્ચે અમારી ગુપ્ત લશ્કરી ટ્રેનિંગ શરૂ થવાની છે. કામકાજ ખૂબ જ છે, માટે પત્ર લખવામાં ઢીલ થશે. મારી ચિંતા કરતા નહિ. હું ફેબ્રુઆરી મહિનામાં રજા લઈને ઘરે આવીશ.'

સિઆચેન ક્ષેત્રે પાકિસ્તાન વિરુદ્ધ ભારતનું લશ્કરી અભિયાન 'ઓપરેશન મેઘદૂત' હજી ચાલી રહ્યું હતું. પરિણામે મિશનની ગોપનીયતા ખાતર સિઆચેનમાં પોસ્ટિંગ પામતા કોઈ જવાને/અફસરે પોતાના એ કાર્યક્ષેત્ર અંગેનો ફોડ પાડવાનો ન હતો. આથી સિઆચેન જતા પહેલાં મે, ૧૯૮૬માં અમદાવાદ આવેલા કેપ્ટન સોનીએ તેમના પરિવારને 'ગુપ્ત સ્થળે' પોસ્ટિંગ મળ્યાનું જણાવ્યું હતું. સોની પરિવારને કલ્પના સુધ્ધાં ક્યાંથી હોય કે કેપ્ટન નીલેશ સિઆચેન ખાતે ફરજ બજાવી રહ્યા છે ? અને ત્યાંથી તેમણે જે પત્ર લખેલો તે અંતિમ હતો ?

સિઆચેન બેઝ કેમ્પમાં જરૂરી તાલીમ લીધા પછી કેપ્ટન સોની ખુશ્કીદળની ૬૨મી ફીલ્ડ રેજિમેન્ટના કેટલાક જવાનો સાથે ૫,૭૫૩ મીટર (૧૮,૮૭૫ ફીટ) ઊંચે આવેલી એક ફોરવર્ડ પોસ્ટ ખાતે ગયા. બે દેશો વચ્ચેના લશ્કરી તણાવે ત્યારે સિઆચેનના ઠંડાગાર વાતાવરણમાં ગરમી આણી દીધી હતી. દિવસરાત સામસામો તોપમારો થયા કરતો હતો. રાબેતા મુજબ ફેબ્રુઆરી ૧૨, ૧૯૮૭ના દિવસે પાક

તેમજ નીડરતા દાખવ્યા બદલ નાયબ સુબેદાર બાનાસિંહને સૈન્યના સર્વોચ્ચ ખિતાબ પરમવીર ચક્ર વડે સન્માનિત કરવામાં આવ્યા. 'કાઈદ' પોસ્ટનું નામ પણ 'બાના' પોસ્ટ રાખવામાં આવ્યું. નોંધપાત્ર વાત એ પણ છે કે બિલાફોન્ડ ઘાટના તે નિર્ણાયક યુદ્ધમાં ૧ પરમવીર ચક્ર, ૨ મહાવીર ચક્રો, ૧૬ વીર ચક્રો, ૪ ઉત્તમ યુદ્ધ સેના મેડલ, ૭ યુદ્ધ સેના મેડલ, ૩૪ સેના મેડલ, અને ૧૮ મેન્શન્સ-ઈન-ડિસ્પેચ નામનાં સન્માનપત્ર એનાયત કરાયાં, જે અભૂતપૂર્વ રેકોર્ડ હતો.

આ જ્વલંત વિજયને પાકિસ્તાન કેવી રીતે સાંખી લે ? સપ્ટેમ્બર, ૧૯૮૭માં તેણે 'કાઈદ' પોસ્ટ (હવે 'બાના' પોસ્ટ) કબજે કરવા માટે નવેસરથી લશ્કરી અભિયાન હાથ ધર્યું. અભિયાનનું નામ : 'ઓપરેશન કાઈદાત' અને તેના મુખ્ય સૂત્રધાર : બ્રિગેડિઅર જનરલ પરવેઝ મુશર્રફ, જેઓ વખત જતાં જનરલ તરીકે અને પછી પાકિસ્તાની પ્રમુખ તરીકે બઢતી પામવાના હતા. મુશર્રફનો મનસૂબો આશરે ૫,૮૦૦ મીટરની (૧૯,૦૦૦ ફીટની) ઊંચાઈએ આવેલી ભારતની 'અશોક' પોસ્ટ પર છાપામાર હુમલો કરી તેને મેળવી લેવાનો હતો. આ ચોકીનો હવાલો પાક સૈનિકો સંભાળી લે ત્યાર પછી 'બાના' પોસ્ટ પર હલ્લો બોલાવવાનો પ્લાન હતો. મુશર્રફનાં અરમાનો જો કે ફળી શક્યાં નહિ. 'ઓપરેશન કાઈદાત' સામે ભારતીય ખુશ્કીદળે 'ઓપરેશન

ખુશ્કીદળ દ્વારા ભીષણ તોપમારો થયો અને રાબેતા મુજબ જ કેપ્ટન સોનીની ૬૨મી ફીલ્ડ રેજિમેન્ટે પણ શત્રુ તરફ તોપગોળા દાગ્યા. બેઉ પક્ષે કાળમુખી તોપો આખો દિવસ ગરજી. ફેબ્રુઆરી ૧૨ની મનહૂસ સાંજે અમંગળ ઘટના બની. પાક તોપમાંથી છૂટેલો એક ગોળો કેપ્ટન નીલેશ સોની અને તેમના સાથીદારોની અડોઅડના ઉત્તુંગ પર્વત પર ફાટ્યો. ધડાકાના પગલે પર્વત પરથી ટનબંધ હિમ નીચે તરફ ધસી આવ્યું અને કેપ્ટન સોની તેમજ સાથીદારો પર મોતની ચાદર બની ફરી વળ્યું. ફરજપાલન કરવા જતા એ તમામ સપૂતોએ શહાદત વહોરી લીધી.

આ કરુણ ઘટનાના કેટલાક દિવસ બાદ કેપ્ટન નીલેશ સોનીનો પાર્થિવ દેહ ત્રિરંગામાં લપેટીને પૂરા લશ્કરી સન્માન સાથે અમદાવાદ આણવામાં આવ્યો, જ્યાં તેમનાં વિધિપૂર્વક અંતિમ સંસ્કાર કરાયાં. કેપ્ટન સોનીનો નશ્વર દેહ પંચમહાભૂતમાં વિલીન થયો, પણ દેશના બીજા અનેક ફૌજી શહીદોની જેમ તેઓ અમર રહ્યા. આજે અમદાવાદના અંજલિ ચાર રસ્તા વિસ્તારમાં કેપ્ટન સોનીના પરિવારે સ્વખર્ચે બનાવેલું સ્મારક 'શહીદો અમર રહો' નારાની મિસાલ બન્યું છે. બીજી તરફ કેપ્ટન સોનીની વતનપરસ્તીને તેમજ શહાદતને બિરદાવવામાં શુષ્ક વલણ દાખવનાર સરકારોએ વતન માટે પ્રાણની આહૂતિ આપી ચૂકેલા સપૂતો પ્રત્યે તેમના બેધ્યાનપણાનું વધુ એક ઉદાહરણ પૂરું પાડ્યું છે. ●




ऑपरेशन मेघदूत
में पाकिस्तानी सेना के विरुद्ध
की गई कार्रवाई के दौरान मातृभूमि
की रक्षा करते हुए अपना
सर्वोच्च बलिदान दिया।

● ફોરવર્ડ પોસ્ટ ખાતે ૬૨મી ફીલ્ડ રેજિમેન્ટના સાથી જવાનો જોડે (તસવીરમાં પાછળ) ઊભેલા કેપ્ટન સોની

તસવીર સૌજન્ય : જગદીશ સોની

વજ્રશક્તિ'ના નામે વળતો પ્રહાર કરવાનું નક્કી કરી લીધું.


• 'ઓપરેશન રાજીવ'ના હિરો નાયબ સુબેદાર બાનાસિંહ, જેઓ વખત જતાં કેપ્ટનના હોદ્દે બઢતી પામ્યા

'અશોક' ચોકીમાં ગણીને ફક્ત આઠ ભારતીય સૈનિકો હતા, જ્યારે સામી બાજુ પાકિસ્તાન સેંકડો સૈનિકો સાથે હુમલો લાવ્યું હતું. ચોકીમાં તૈનાત ભારતની ૮મી જમ્મુ એન્ડ કાશ્મીર લાઈટ ઇન્ફન્ટ્રી/ 8 J&K LIના યોદ્ધાઓએ પાકિસ્તાની સૈનિકોનો જમ કર મુકાબલો કર્યો. કહો કે ઇન્દ્રના વજ્ર જેવી શક્તિનો પરચો બતાવ્યો. લાગલગાટ ત્રણ દિવસ અને ત્રણ રાત સામસામી ગોળીબારી ચાલી, જેમાં પાકિસ્તાનના સેંકડો સૈનિકો જખમી થયા અગર તો માર્યા ગયા. યુદ્ધના ભારતીય ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખી શકાય તેવું પરાક્રમ 8 J&K LIના શેરદિલોએ કરી દેખાડ્યું. માત્ર 'અશોક' નહિ, પણ 'ઓપરેશન રાજીવ' હેઠળ મહાપરાણે જીતાયેલી 'બાના પોસ્ટ' પણ દુશ્મનના હાથમાં જતી બચાવી લીધી.

૧૯૮૪નું 'ઓપરેશન મેઘદૂત', ૧૯૮૭નું 'ઓપરેશન રાજીવ' અને ત્યાર પછી 'ઓપરેશન વજ્રશક્તિ' જેના માટે ખેલાયું તે 'બાના' પોસ્ટ હજી પણ ભારતના હસ્તક છે--અને તેના પરનો કબજો કાયમ રહે એ માટે આપણા હિમપ્રહરીઓ ચોવીસે કલાક સતર્ક રહે છે. સિઆચેનનું વિષમ હવામાન તેમના મનોબળની તેમજ શારીરિક બળની કેવી કસોટી લે છે તેનો શાબ્દિક ચિતાર આગામી પ્રકરણમાં રજૂ થાય છે. •

એક યાદગાર મુલાકાત પરમવીર ચક્ર વિજેતા કેપ્ટન બાના સિંહ સાથે

'ઓપરેશન મેઘદૂત'ના હિરો પરમવીર કેપ્ટન બાના સિંહ જેવા સપૂતનો સાક્ષાત્કાર થવો એ જ આમ તો જીવનની ધન્યઘડી કહેવાય, **જ્યારે હું એટલો ભાગ્યશાળી** કે મને (માર્ચ, ૨૦૧૭માં) તેમની સાથે લાગલગાટ પોણો કલાક રૂબરૂ વાર્તાલાપ કરવાનો મોકો સાંપડ્યો. **મુલાકાત દરમ્યાન એ પરમવીર** જોડે સિઆચેન વિશે સવિસ્તાર ચર્ચા થઇ. ચર્ચાનાં સૌથી નોંધપાત્ર એવાં બે વાક્યો :

બાના સિંહને મારો પ્રશ્ન : "૨૦૦૦ની સાલમાં તમે લશ્કરમાંથી નિવૃત્તિ લીધી ત્યાર પછી માસિક પેન્શન કેટલું મળતું હતું ?'

બાના સિંહનો જવાબ : '**માસિક** ₹૧૬૬નું ! પરંતુ એનાથી શું ફરક પડે છે ? સિપાહી તરીકે મેં મારું કામ નિષ્ઠાથી કર્યું. બસ, વાત **ત્યાં પૂરી થઈ જાય છે. સરકારને** જે ઠીક લાગે તે કરે !'

બીજો સવાલ : '**હું જાણું છું** ત્યાં સુધી પંજાબ સરકારે તમને બહુ મોટી રકમની ઓફર કરી હતી, જે તમે ઠુકરાવી દીધી. મામલો શો હતો ?'

'**પંજાબ સરકારે મને** ₹૨૫,૦૦,૦૦૦નું ઇનામ, ₹૧૫,૦૦૦નું માસિક ભથ્થું અને પચ્ચીસ એકરનો પ્લોટ આપવાની જાહેરાત કરી **હતી. પરંતુ શરત મૂકી** કે તમે હંમેશ માટે પંજાબમાં આવીને વસી જાવ. મેં ચોખ્ખી ના પાડી દીધી. જમ્મુ મારી માતૃભૂમિ છે. રૂપિયાના લોભમાં હું તેને કેવી રીતે છોડી શકું ?'


પરમવીર બાના સિંહના હાથમાં 'આ છે સિઆચેન'

સિત્તેર વર્ષીય પરમવીર બાના સિંહના આવા જવાબોમાં તેમની સાદગી, સંયમ અને સૌમ્યતા વ્યક્ત થતા હતા. પરમવીર ચક્રનો સર્વોચ્ચ લશ્કરી ખિતાબ મળ્યો હોવા છતાં એ બાબતનો જરાસરખોય અહંકાર તેમના વાણી-વર્તનમાં ન હતો. લશ્કરીપણું તો લગીરે નહિ. મુલાકાતની આખરમાં 'આ છે સિઆચેન' પુસ્તક તેમને ભેટરૂપે આપ્યું ત્યારે તેમણે બહુ રસપૂર્વક તેને જોયું અને પછી બોલ્યા, 'આ પુસ્તક લખીને તમે સારું કામ કર્યું છે. હું આશા રાખું કે પુસ્તક વાંચ્યા પછી ગુજરાતના યુવાવર્ગમાં ભારતીય લશ્કર પ્રત્યે માન-સન્માન વધે એટલું જ નહિ, પણ એમાંથી કેટલાક યુવકો લશ્કરમાં જોડાય તેવી પ્રાર્થના કરું છું.' •



વિશ્વનો સૌથી વિષમ મોરચો

સિઆચેન હિમનદી આશરે ૫,૫૦૦થી ૬,૪૦૦ મીટરના (૧૮,૦૦૦થી ૨૧,૦૦૦ ફીટના) લેવલે છે અને ભારતના હિમપ્રહરીઓ તો સરેરાશ ૬,૦૦૦ મીટર (૨૦,૦૦૦ ફીટ) ઊંચે પહેરો ભરે છે. જગતની સૌથી ઊંચાઇએ આવેલી યુદ્ધભૂમિ ગણાતા સિઆચેનનું હવામાન ભારે જીવલેણ છે. શિયાળામાં અહીં (સરેરાશ ૬,૩૦૦ મીટરના લેવલે) તાપમાન શૂન્ય નીચે ૫૫° સેલ્શિઅસ જેટલું હોય છે. ઉનાળામાંય કમ સે કમ શૂન્ય નીચે ૨૦° સેલ્શિઅસ તો ખરું, માટે ત્યારે પણ સંજોગો કોલ્ડ સ્ટોરેજ કરતાં સહેજ પણ સારા નહિ. આ કઠોર સંજોગોમાં વળી હાડકાંને ગાળી નાખે તેવો ઠંડો પવન ઘણીવાર કલાકના ૧૬૦ કિલોમીટરના વેગે ફૂંકાય છે. નીચેથી ખીણના માર્ગે આવતો તે ઝંઝાવાતી પવન ગાત્રો શિથિલ કરી દે તેવો હોય. ઘડીકવાર પહેલાં વાતાવરણ શાંત હોય, પણ ત્યાર પછી ઓચિંતું જ એવું વાવાઝોડું શરૂ થાય કે પવનનો જોરદાર ધક્કો પર્વતના ઢોળાવ પરના જવાનને ખીણમાં ધકેલી દે ! સિઆચેનના પહાડોમાં પાકાં મકાનો બાંધી શકાતાં નથી, એટલે આપણી ચોકીઓમાં ફરજ બજાવતા જવાનો તેમજ અફસરોએ ફાઇબરની કેબિનોમાં તેમજ તંબૂઓમાં રહેવું પડે છે.

આ વિષમ સંજોગો ઉપરાંત વધુ ખતરનાક તો છે પાતળી હવા કે જેમાં પૂરતો ઓક્સિજન હોતો નથી. પરિણામે હટ્ટાકટ્ટા જવાનનું પણ વજન દર મહિને ત્રણથી પાંચ કિલોગ્રામ જેટલું ઘટતું રહે છે. લાંબે ગાળે મગજ, ફેફસાં અને બીજાં અવયવોમાં પાણી ભરાવા માંડે છે. કોઇ વખત ફેફસાંમાં એટલું પાણી જમા થાય છે કે જાણે માણસ સરોવર, દરિયા કે નદીમાં ગળચકાં ખાતો ડૂબી મર્યો ! ફેફસાંની અંદર હવાને બદલે નર્યું પાણી ! ધારો કે માણસ જીવતો રહે તો શ્વાસોચ્છ્વાસ ક્રમશઃ ટૂંકાય છે. થૂંક ગુલાબી રંગનું અને ફીણવાળું નીકળે છે. ધોળે દિવસે નજર સામે લાલ, ભૂરાં અને લીલાં કૂંડાળા દેખાય છે. ખાવાનું મન થતું નથી. ગરમાગરમ ચાનો પ્યાલો હાથમાં પકડ્યો હોય તો એ ચા પીવા માટે છે એવું પણ સૂઝે નહિ, કેમ કે વિચારશક્તિ જ મરી પરવારે છે. વધુ એક ખતરો છે આત્મહત્યાનો, જેને રોકવા માટે ચોકીના મુખ્ય અફસરે એટલે કે કમાન્ડરે સતર્ક રહેવું પડે છે. ઊંડી ખીણ જ્યાં હોય ત્યાંના સાંકડા પહાડી માર્ગ પર ચાલતો જવાન

ક્યારેક જીવન ટૂંકાવવાનો પ્રયત્ન કરે છે. કઠોર હવામાનનો વધુ ત્રાસ તેનાથી વેઠાતો નથી, માટે રખે કો'ક જવાનનું રોજિંદું વર્તન આવું શંકાસ્પદ જણાય કે તરત ચોકીનો કમાન્ડર તેને હેલિકોપ્ટર દ્વારા નીચેની છાવણીમાં મોકલી આપે છે. અલબત્ત, હેલિકોપ્ટર માટે હવામાન જો સારું ન હોય તો સખત બીમાર પડેલા જવાનને પણ મોકલી શકાય નહિ. તાત્કાલિક સારવાર આપવા કલાકો ગણાતા હોય ત્યાં દિવસો વીતી જાય, એટલે સ્થિતિ ઓર બગડે છે.

કમર સુધી ખૂંપી જવાય એટલા હિમમાં અકેક ડગલું જ્યાં અકેક કિલોમીટર જેવડું લાગતું હોય ત્યાં આપણા જવાનો પગપાળા ચાલીને રોજિંદુ પેટ્રોલિંગ કેવી રીતે કરતા હશે એ સવાલ સુધ્ધાં કંપારી છૂટાવી દે તેવો છે. ઉપર વર્ણવેલી સંખ્યાબંધ મુસીબતો જાણે ઓછી હોય તેમ પોચા હિમ ઓથે ઢંકાયેલી crevasse/ કોતર કઇ ઘડીએ એકાદ જવાનને ગળી જાય એ વળી કોણ જાણે ! સામાન્ય પહાડોની કોતર નજરે દેખી શકાય, પણ હિમાચ્છાદિત પહાડમાં તેની ભાળ લાગી ન શકે. પરિણામે હિમ પર ચાલતી વેળાએ અકેક ડગલું સાવચેતીપૂર્વક ભરવું પડે છે. છતાં સિઆચેનની અસંખ્ય છૂપી crevasse/ કોતરોએ આજ દિન સુધીમાં કેટલાય જવાનોને પોતાના મોતસમા જડબામાં સમાવી લીધા છે.

સિઆચેનમાં ફરજ બજાવતા જવાનો તથા અફસરો માટે મુસીબતોનો અહીં અંત નથી. એક મોટું જોખમ હિમડંખનું છે, જેનો ભોગ વધુઓછી માત્રામાં તેમણે બનવાનો વારો આવે છે. હિમડંખ/ frostbiteને ડંખ શબ્દના પ્રચલિત અર્થ જોડે બહુ સંબંધ નથી અને તે વ્યાધિ માત્ર હિમ વડે થાય એવું પણ નથી. મુખ્ય જવાબદાર પરિબળ ઠંડી છે. હવાનું ઉષ્ણતામાન 0° સેલ્શિઅસ કરતાં નીચું હોય ત્યારે શારીરિક ઉષ્મા લાંબો સમય ખુલ્લી રહેતી ત્વચા દ્વારા ઊડી જતાં સ્નાયુના


• સરેરાશ ૬,૦૦૦ મીટર ઊંચા પહાડોમાં તૈનાત આપણા શેરદિલ હિમપ્રહરીઓ



ટિશ્યૂ થીજવા માંડે છે. કોષો વચ્ચેનું તેમજ અંદરનું પ્રવાહી દ્રવ્ય હિમકણીમાં ફેરવાય છે, માટે ત્યાં રક્તપ્રવાહ બરાબર વહી શકતો નથી. રક્તવાહિનીઓમાં લોહીના પણ ગઠ્ઠા જામે છે. નાકનું ટેરવું, આંગળી તેમજ અંગૂઠા, કાન, હડપચી વગેરે અંગોને વહેલી અસર થાય, કેમ કે ગરમાટો જાળવતું રુધિરાભિસરણનું પ્રમાણ ત્યાં ઓછું હોય છે. હિમડંખના પ્રથમ ચિહ્ન તરીકે શરૂઆતમાં ત્વચા લાલાશ પકડે છે અને ત્યાર બાદ ભૂરાશ પડતી કાળી થાય છે. આરંભમાં જણાતી પીડા અમુક સમય પછી ધીમે ધીમે શમ્યા બાદ અસરગ્રસ્ત ભાગના સ્નાયુ જાણે લાકડાના બનેલા હોય તેમ જડતા ધારણ કરે છે. લોહીના અભાવે ટિશ્યૂમાં ચેતના રહેતી નથી. ટિશ્યૂ મરી પરવારતાં ગેંગ્રિન થાય છે, જેમાં એ ટિશ્યૂવાળો અંગૂઠાનો, નાકનો કે આંગળાનો નિશ્ચેત ભાગ અંતે કાપી નાખવો પડે છે.

આ દયાજનક સ્થિતિ ટાળવી હોય તો હિમડંખની અસર ધરાવતાં અંગોમાં હિમસ્ફટિકોને ઝડપથી પીગાળવા માટે ગરમાટો આણી ખોરવાયેલા રક્તપ્રવાહને ફરી સ્થાપિત કરવો જોઈએ, પરંતુ એ કામ ભારે હાથના માલિશ દ્વારા કરવામાં જોખમ છે. હિમસ્ફટિકો પર આવતું દબાણ સૂક્ષ્મ કોષોના માળખાને તોડી નાખે છે, એટલે તેઓ ફરી ચેતનવંતા બનવાનો ચાન્સ રહેતો નથી. માલિશને લીધે ત્વચા પણ છૂટી પડી આવે છે. ગરમ નહિ, પણ નવશેકા પાણી વડે હિમડંખ પામેલા ભાગનું ટેમ્પ્રેચર ક્રમશઃ નોર્મલ સપાટીએ લાવવું તે બેસ્ટ સારવાર છે. આમ છતાં સિઆચેનની હિમાચ્છાદિત ચોકીઓમાં તૈનાત આપણા જવાનોને દર વખતે સમયસર એવી સારવાર આપવાનું હંમેશાં શક્ય હોતું નથી. પરિણામે આજ દિન સુધીમાં અનેક જવાનોએ તેમજ અફસરોએ હિમડંખને લીધે પગના આંગળા તેમજ અંગૂઠા ગુમાવ્યા છે. અમુક જણાના કાન-નાકનું તબીબી વિચ્છેદન કરવું પડ્યું છે. આ રીતે વિકૃત બનેલા ચહેરાને ત્યાર બાદ તબીબોએ પ્લાસ્ટિક સર્જરી વડે સુધારવો પડ્યો છે.

• *હિમપ્રપાત : કુદરતનું ભયાનક સ્વરૂપ, જે સિઆચેનમાં વખતોવખત જોવા મળતું હોય છે*



કોલ્ડ સ્ટોરેજ જેવા સિઆચેનમાં કુદરતના સૌથી ભયાનક સ્વરૂપની વાત હજી બાકી છે. આ સ્વરૂપ એટલે હિમપ્રપાત/ avalanche/ એવલાન્શ ! પહાડોના ઢોળાવ પરની ભેખડો, ઢેફાં, માટી વગેરે એકાએક નીચે તરફ ધસી આવે તેને ભૂસ્ખલન/ landslide કહેવાય, જ્યારે પહાડી ઢોળાવ પર જમા થયેલું જથ્થાબંધ હિમ ઓચિંતું ફસકીને તેજ ગતિએ લસરવા માંડે તેને હિમપ્રપાત કહે છે. (જુઓ, અગાઉના પાને રજૂ કરેલી તસવીર). હિમ ફસકી એટલા માટે પડે છે કે તે dry/ સૂકું હોય છે--એટલે કે સ્વરૂપ એકમેકથી સ્વતંત્ર એવા સ્ફટિકો તરીકેનું, થીજેલા નક્કર બરફનું નહિ. આપણે ત્યાં બરફગોળાની લારીવાળો બનાવે તે છીણ જેવું બારીક હોય છે. સ્ફટિકોને પરસ્પર બાંધી રાખતો (થીજીને તેમનું સિમેન્ટિંગ કરી નાખતો) ભેજ જરાય નહિ. આથી પહાડી ઢોળાવના ખરબચડા ભૂપૃષ્ઠનું જે ઘર્ષણ બરફના સોલિડ પાટડાને વરતાય એટલી માત્રાનો અવરોધ dry/ સૂકા હિમને જણાતો નથી. પરિણામે તેનો પતનવેગ કલાકના ૩૦૦ કિલોમીટર સુધી પહોંચે છે. હેઠવાસમાં રહેલી વ્યક્તિને સમયસર ભાગી છૂટવાનો ચાન્સ કદાપી મળતો નથી. હિમના ઢગલામાં તે દટાય છે. હજી જો બચવું હોય તો ક્ષણવારનો પણ વખત ગુમાવ્યા વગર તેણે શરીરમાં હોય એટલું જોર લડાવીને હિમ ખસેડીને બહાર નીકળી આવવું જોઇએ, કેમ કે થોડી જ સેકન્ડોમાં ફોરું હિમ નક્કર બરફમાં ફેરવાઇ જાય છે.

આ ત્વરિત સ્વરૂપાંતરનું કારણ એ કે પતન અગાઉના તદ્દન સૂકા હિમકણો પતન દરમ્યાન પરસ્પર થયેલા ઘર્ષણના દબાણની ઉષ્માને લીધે આંશિક રીતે પીગળે છે. (વિજ્ઞાનનો નિયમ છે કે દબાણ અનુભવતો બરફ સહેજ પીગળે અને તે નિયમે આઇસસ્કેટિંગની રમતને શક્ય બનાવી છે). હિમકણો ફરતે થોડુંક પાણી તો રચાય, પરંતુ હવાનું ટેમ્પ્રેચર તો ઠારબિંદુની નીચે હોય છે. આથી હિમનો ઢગ સ્થાયી થતાં જ પાણી થીજી બધા હિમસ્ફટિકોનું પરસ્પર સિમેન્ટિંગ કરી તેમને વન-પીસ નક્કર બરફનું સ્વરૂપ આપી દે છે. આ કેદખાનું તોડીને બહાર નીકળવું કદાપિ શક્ય બને નહિ. અહીં યાદ અપાવવાનું કે આપણા સિઆચેન મથકે ફેબ્રુઆરી ૩, ૨૦૧૬ના રોજ થયેલા જબરજસ્ત હિમપ્રપાતે લાન્સ નાયક હનુમંથપ્પા સહિત ૯ જવાનોને હિમની ચાદર નીચે દાટી દીધા હતા.

સિઆચેન : વિષમ, ખર્ચાળ અને ખુવારીજનક

અગાઉ ૨૦૧૨ની સાલમાં સિઆચેન ખાતે હિમપ્રપાતની હોનારતે સામટા ૧૨૯ પાકિસ્તાની સૈનિકોને દફન કર્યા ત્યારે પાકિસ્તાન સરકારે ભારત સમક્ષ 'શાંતિપ્રસ્તાવ' મૂક્યો કે બન્ને દેશો સિઆચેનમાંથી પોતપોતાનાં લશ્કરોને કાયમ માટે પાછાં ખેંચી લે. પાકિસ્તાનની સ્વભાવગત દગાવૃત્તિ જોતાં ભારતને સિઆચેન છોડવાનું પોસાય નહિ, એટલે તે કઠોર પ્રાકૃતિક સંજોગોમાં પણ ત્યાં બારેય માસ જવાનોને તૈનાત રાખે છે. આ લશ્કરી જમાવટ ભારતને કેટલી હદે ભારે પડી રહી છે તે જુઓ--

● હિમપ્રપાત, શૂન્ય નીચે ૫૫° સેલ્શિઅસ જેટલી ઠંડી, થીજેલા બરફના નાજુક અને તકલાદી પડ નીચેની છૂપી કોતરો તથા અત્યંત પાતળી હવા વગેરે જાનલેવા ખતરાઓને લીધે સિઆચેન ખાતે આજ સુધીમાં આપણે (૧૯૮૪થી લઇને ૨૦૧૬ સુધીમાં) ૮૭૯ જવાનો/અફસરોને ગુમાવી ચૂક્યા છીએ.

● હિમપહાડોમાં જવાનને ઠંડી સામે રક્ષણ માટે ખાસ યુનિફોર્મ ઇશ્યૂ કરાય છે, જેમાં પેન્ટ,

જેકેટ, શૂઝ, હાથમોજાં, ગોગલ્સ વગેરેનો સમાવેશ થાય છે. આ દરેક આઈટમ મોંઘીદાટ છે. નીશ કાપડિયાએ તેમના પુસ્તક 'Siachen Glacier: The Battle of Roses'માં નોંધ્યું છે તેમ સ્વિસ બનાવટનું જેકેટ અને પેન્ટ અનુક્રમે ₹9,700નું તથા ₹5,200નું છે. ફિનલેન્ડથી આયાત થતો થર્મલ સૂટ ₹3,500માં પડે છે, જ્યારે કેનેડિઅન જેકેટનો ભાવ ₹2,500ની આસપાસ છે. ઓસ્ટ્રિયન કંપનીનાં સ્નો શૂઝ, તેના પર લાગતાં crampons/ ક્રેમ્પન્સ (ચાલતી વખતે બરફમાં પકડ જમાવવા શૂઝ નીચે લાગતી ધાતુની કાંટેદાર પ્લેટ) અને ઇટાલિઅન શૂઝ માટે આપણી સરકાર અનુક્રમે ₹6,200, ₹3,800 અને ₹6,000 ચૂકવે છે. પહાડી ચોકીઓમાં રાત્રે સૂતી વેળા જવાનો જે સ્વિસ બનાવટની સ્લીપિંગ બેગ વાપરે છે તેનો પડતર ભાવ ₹12,000 કરતાં ઓછો નથી. સામગ્રીનું લિસ્ટ હજી લાંબું છે, પણ ટૂંકમાં વાત એટલી કે પ્રત્યેક જવાનને ઠંડી સામે રક્ષણ આપનારી ચીજવસ્તુઓ પાછળ સરકાર પુષ્કળ ખર્ચ વેઠે છે. સિઆચેનમાં ફરજ બજાવતા જવાનોની સંખ્યા વળી અઢી હજારની આસપાસ છે. ખર્ચનો આંકડો એ હિસાબે કેટલો મોટો હશે !

- ઉત્તુંગ પહાડોમાં આવેલી ચોકીઓ સુધી ખાધાખોરાકીનો તેમજ કેરોસિનનો પુરવઠો પહોંચતો કરવામાં થતી મહેનતને તેમજ ખર્ચને તો સીમા જ નથી. પુરવઠો સૌ પહેલાં ચંદીગઢથી વિમાનમાર્ગે થોઇસ નામના હવાઈમથકે પહોંચે છે. આ માટે વપરાતાં એન્તોનોવ AN-32, સુપર હર્ક્યુલિસ C-130J, ઇલ્યુશિન IL-76/78 જેવાં વાહતુક વિમાનોનાં ઉડ્ડયનનો કલાકદીઠ ખર્ચ અનુક્રમે રૂપિયા અકેક લાખ તથા ₹3,50,000 છે.
- થોઇસથી બધો પુરવઠો Mi-17 હેલિકોપ્ટર (₹80,000/પ્રતિકલાક) તેમજ 'ધ્રુવ' હેલિકોપ્ટર (₹60,000/પ્રતિકલાક) મારફત બેઝ કેમ્પ લાવવામાં આવે અને ત્યાર પછી તેને



- *વિરાટ કાલકામાં માલસામાનનો થોકબંધ સ્ટોક લઈને આવેલું વાયુસેનાનું ઇલ્યુશિન-76 વિમાન, જેનું ભારતીય નામ 'ગજરાજ' છે*

'ચિત્તા'માં લાદી જે તે ચોકીએ પહોંચાડી દેવાય છે. આ કાર્ય પણ ભારે કઠિન છે તેમ ખર્ચાળ છે. દા.ત. પહાડી ચોકીએ ૨૦ લીટર કરોસિનનો એક કેરબો (જેરિકેન) પહોંચાડવામાં 'ચિત્તા'ની એક ફ્લાઇટ આપણને ₹40,000ની પડે છે.

- આ રીતે માલસામાનના ટ્રાન્સપોર્ટેશન પાછળ થતા ખર્ચનો હજી સારી રીતે પરિચય મેળવવો હોય તો વાંચો : જવાનોને ભોજનમાં જે રોટલી મળે તેનું મૂલ્ય આમ તો ₹2 કરતાં વધુ નથી, પણ જવાન તેનો કોળિયો ભરે એ પહેલાં ચંદીગઢથી છેક ચોકી સુધી ઘઉંનો આટો લાવવામાં વિમાનોએ તેમજ હેલિકોપ્ટરોએ ભરેલાં ઉડ્ડયનોને ધ્યાનમાં લો તો પ્રત્યેક રોટલીનું પડતર મૂલ્ય ₹200 બેસે છે.
- સિઆચેન ક્ષેત્રને ધમધમતું રાખવામાં ટાંકણીથી માંડીને તોપગોળા સુધીની તમામ આઇટમોને ધ્યાનમાં લો તો ભારત સરકાર રોજનો ₹6.8 કરોડ ખર્ચ વેઠે છે--સેકન્ડના ₹800નો!

ખુવારીના તેમજ ખર્ચના આંકડા વાંચ્યા પછી સહેજે મનમાં વિચાર આવે કે હિમપહાડોમાં કુદરતી આફતો વચ્ચે અત્યાર સુધીમાં ભારતના સેંકડો જવાનોનો ભોગ લેવાઇ ચૂક્યો છે અને પુષ્કળ ખર્ચ આપણે વેઠી ચૂક્યા છીએ. હજી આપણે બીજા કેટલા જવાનોની આહુતિ આપીશું ? હજી કેટલો ખર્ચ કરતા રહીશું ? વળી ૧૯૮૪થી સિઆચેનનું રખોપું કરવામાં પુષ્કળ ખર્ચ તેમજ ખુવારી વેઠ્યા છતાં બદલામાં આપણે સિઆચેનમાં પાકિસ્તાન હસ્તકનો કેટલો પ્રદેશ મેળવી લેવામાં સફળ થયા ? એકાદ ઇંચ પણ નહિ ! તો પછી જ્યાં કદી કોઇ પણ પ્રકારનાં લશ્કરી છમકલાં અનુભવાતાં નથી તે સિઆચેનના પહાડોમાં આખરે આપણા જવાનોને જાનના જોખમ વચ્ચે તૈનાત શા માટે રાખવા જોઇએ ?

સિઆચેન મોરચો ભારત કેમ છોડી શકે નહિ ?

તમામ સવાલો વિચાર માગી લે તેવા છે. આમ છતાં એક નક્કર વાસ્તવિકતાને બદલી શકાય તેમ નથી--અને વાસ્તવિકતા એ કે સત્તાની જેમ શાંતિ પણ હંમેશાં બંદૂકની નાળમાંથી પ્રગટ થાય છે. વળી સિઆચેનને લાગેવળગે છે ત્યાં સુધી મહત્ત્વ એ વાતનું નથી કે ભારતે દુશ્મનનો કેટલો ભૌગોલિક પ્રદેશ મેળવ્યો, બલકે અગ્રિમ મુદ્દો એ છે કે ભારતે કેટલો પ્રદેશ દુશ્મનોના હાથમાં જતો બચાવી લીધો. પાક કબજાના કાશ્મીર અને અક્સાઇ ચીન વચ્ચે સિઆચેનનો પ્રદેશ બફર ઝોન છે. (જુઓ, ૮મે પાને નકશો). અગર તો એમ કહો કે રીતસરની ફાચર છે, જેણે પાક લશ્કરને લદાખમાં પ્રવેશતું રોકી રાખ્યું છે. ફાચર રખે નીકળી જાય તો પાકિસ્તાન તેનું લશ્કર લદાખની નુબ્રા ખીણમાં ઉતારીને ત્યાં જોતજોતામાં કબજો જમાવી લે. પાટનગર લેહનો વારો પણ વહેલોમોડો આવે.

આમ, લગભગ ૮૬,૦૦૦ ચોરસ કિલોમીટરના લદાખની સુરક્ષાનો બધો દારોમદાર સિઆચેનમાં તૈનાત આપણા જવાનોના શિરે છે. 'सावधानी हटी, तो दुर्घटना घटी' એ જાણીતું વાક્ય સિઆચેનના કેસમાં ફિટ બેસે છે. આ વાક્યનો પ્રેક્ટિકલ પરચો વળી આપણે ૧૯૯૯માં મેળવી ચૂક્યા છીએ કે જ્યારે કારગિલ, દ્રાસ અને બટાલિકની ઉત્તુંગ ચોકીઓમાં તૈનાત ભારતીય જવાનો આકરા શિયાળાથી બચવા તેમની ચોકીઓ તજીને નીચે ઊતરી આવ્યા. ખાલી પડેલી ચોકીઓમાં ત્યારે પાક સૈનિકોએ કબજો જમાવી દીધો અને છેવટે ૭૨ દિવસ લાંબું યુદ્ધ ખેલીને (અને ૫૨૭ જવાનોને ગુમાવીને) ભારતે એ તમામ ચોકીઓ પાછી મેળવી.

સિઆચેન તેમજ તેની ઉત્તર-પૂર્વે કારાકોરમ ક્ષેત્રમાં આપણને પાકિસ્તાનનો જેટલો ખતરો છે એટલો ચીનનો પણ છે. એક હકીકત અહીં નોંધવી રહી કે ૧૯૫૦માં ચીને કારાકોરમ ક્ષેત્રમાં ભારતભૂમિ સોંસરવો ૧,૨૦૦ કિલોમીટર લાંબો માર્ગ બાંધ્યો હતો અને દિલ્લી સરકારને તે વાતની ગંધ સુધ્ધાં આવી નહોતી. ધોરીમાર્ગ વડે પાકિસ્તાનને (પાક હસ્તક કાશ્મીરને) ચીન સાથે જોડી દેવા માગતી બીજિંગ સરકારની ગહેરી ચાલ વિશે ભારતને જાણ થઈ ત્યાર પછી સિઆચેનના તેમજ કારાકોરમના મોરચે લશ્કરી નાકાબંદી રચી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો.

આ હકીકતને કેંદ્રમાં રાખીને હવે એ વિચારો કે છ દાયકા પહેલાં સામ્યવાદી ચીને જમ્મુ-કાશ્મીર રાજ્યની ઉત્તર-પૂર્વે નધણિયાતી ભારતભૂમિમાં રસ્તા બાંધ્યા, તો આજનું વિસ્તારવાદી ચીન ધારે તો ત્યાં શું ન કરી શકે ? ચીન પોતાના ભૌગોલિક સીમાડા બધી દિશામાં વધારી રહ્યું છે અને એમ કરવા જતાં ભારત સહિત બાવીસ દેશો સાથે સરહદી વિખવાદે પડ્યું છે. પરંતુ વિખવાદોની બીજિંગ સરકારને પડી નથી. દાદાગીરીના ધોરણે તે પોતાની વિસ્તારવાદી પ્રવૃત્તિ ચાલુ રાખે છે, જેનો તાજેતરનાં વર્ષોનો એક દાખલો જુઓ :



• લદાખમાં ફાંકું રચવા ધમપછાડા કરતા ચીનને શાંત રાખવા ભારતે ત્યાં T-72 પ્રકારની રણગાડીઓ વડે બળપ્રદર્શન કરવું પડ્યું છે

દક્ષિણ ચીની સમુદ્રમાં ખનિજ તેલથી સમૃદ્ધ વૂડી ટાપુ પર તાઈવાન અને વિએતનામ વર્ષો થયે પોતાની માલિકી જતાવી રહ્યા છે. બીજી તરફ ચીન વૂડી ટાપુને પોતાનો ભૌગોલિક પ્રદેશ ગણાવતું આવ્યું છે. ત્રણેય દેશો વચ્ચે વૂડી ટાપુને લઈ રાજકીય ખટરાગ ઘણાં વર્ષ ચાલ્યો. આખરે ફેબ્રુઆરી ૧૭, ૨૦૧૬ના રોજ ચીનની બીજિંગ સરકારે એ ટાપુ પર વિમાનવિરોધી મિસાઈલોની જમાવટ કરીને ખટરાગનો કાયમી 'નિવેડો' આણી દીધો. પત્યું ! તાઈવાનની કે વિએતનામની હવે શી મજાલ કે વૂડી ટાપુના મુદ્દે ચીની ડ્રેગન સાથે તે બાથ ભીડે ?

છેલ્લે સિઆચેન-કારાકોરમ ક્ષેત્રને ફરી ચર્ચાના ફોકસમાં લાવીએ. અક્સાઈ ચીનને પાક હસ્તક કાશ્મીરના ગિલગિટ સાથે જોડતો ૧૦ મીટર પહોળો ધોરીમાર્ગ હાલ બીજિંગ સરકાર ₹750 કરોડના ખર્ચે 30 મીટરનો બનાવી રહી છે. ચીનની વિસ્તારવાદી નીતિ જોતાં સ્પષ્ટ વાત છે કે સિઆચેન-કારાકોરમ ક્ષેત્રમાં ચીન વહેલુંમોડું તેની લશ્કરી ગતિવિધિ વધારવાનું છે. આ તરફ પાકિસ્તાન (વાયા સિઆચેન) લદાખમાં પેસારો કરવા તલપાપડ છે. આવા વખતે આપણા જવાનો લોખંડી દીવાલ બનીને સિઆચેનના મોરચે ઊભા હોય ત્યારે એ દીવાલ ખસેડી દેવાની તો વાત ભૂલી જાવ, તેમાં ફાંકું સુધ્ધાં પડવું ન જોઈએ.

■

સિઆચેનમાં તૈનાત જવાનો માટે જાનનું જોખમ આજે પણ છે. આમ છતાં ફરજપાલનની તેમજ વતનપરસ્તીની વાત આવે ત્યાં એવું જોખમ તેમને મન ગૌણ છે. સિઆચેન હિમપહાડોના

વિષમ મોરચે તેઓ દિવસ-રાત ખડેપગે આપણી સરહદનું રખોપું કરે છે. સાહસ, શૌર્ય, વતનપરસ્તી, ફરજપાલન, નિષ્ઠા, દેશદાઝ વગેરે શબ્દોનાં તેઓ જીવંત ઉદાહરણો છે. ગીતાનું પેલું ગોલ્ડન સૂત્ર 'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन' તેમનો જીવનમંત્ર છે, જેને અમલમાં મૂકી રોજેરોજ તેઓ (હિમપહાડોમાં સરહદી ચોકીપહેરાનું અત્યંત કષ્ટદાયક) કર્મ કરે છે અને બદલામાં ફળની (નામની યા ખ્યાતિની) જરાસરખીયે અપેક્ષા રાખતા નથી. નિઃસ્વાર્થ કર્મ જે દેશવાસીઓ માટે કરે છે તેમને તેઓ પ્રત્યક્ષ ઓળખતા નથી તેમ એ કર્મયોગીઓથી દેશવાસીઓ પણ સાવ અજાણ છે. પરિણામે સિઆચેન સરહદે કયો જવાન શી કામગીરી બજાવે છે, કયા પ્રકારની તકલીફોનો રોજિંદો સામનો કરે છે, પરિવારથી સેંકડો યા હજારો કિલોમીટર છેટે સાવ એકલાઅટૂલા રહેવાનું તેને કેટલું વસમું લાગે છે, શારીરિક ઉપરાંત માનસિક રીતે પણ તેની કેટકેટલી કસોટીઓ લેવાય છે વગેરે બાબતોથી દેશની સરેરાશ પ્રજા લગીરે વાકેફ નથી.

આ તમામ બાબતો વિશે મેં અગાઉ સારું એવું વાંચ્યું હતું. મારા જ્ઞાન-વિજ્ઞાનના માસિક 'સફારી'માં લખ્યું પણ હતું. પરંતુ માત્ર વાંચેલું-લખેલું પૂરતું જણાતું ન હતું. ઉત્તુંગ હિમપહાડોમાં આપણા જવાનો રોજિંદી કેવી અને કેટકેટલી તકલીફોનો સામનો કરે છે તેનો નજદીકી જાયજો મારે મેળવવો હતો--અને તે માટે સિઆચેનની મુલાકાત લેવી રહી.

સિઆચેનની મુલાકાત માટે પ્રેરણા આપનાર અસાધારણ પ્રસંગ આખરે બન્યો--એક અસાધારણ ઘટનામાંથી ! ●



ચુશુલ : સિઆચેનની સફર જ્યાંથી શરૂ થઈ

તારીખ ઓક્ટોબર ૨૩, ૨૦૧૪ અને દિવસ દિવાળીનો હતો.

લદ્દાખની મારી એ પહેલવહેલી મુલાકાત વખતે હું ચુશુલ ખાતેના વૉર મેમોરિઅલે પહોંચ્યો હતો, જ્યાં ૧૯૬૨ના શિયાળા દરમ્યાન ચીની લશ્કર અણચિંતવ્યું આક્રમણ લાવ્યું હતું અને ભારતના સપૂતોએ ટાંચા શસ્ત્રો વડે તેમને સામી છાતીએ પડકાર્યા હતા. (પાના નં. ૮ પર રજૂ કરેલા નકશામાં ચુશુલનું સ્થાન જુઓ). ભરશિયાળે ૪,૩૬૦ મીટરની (૧૪,૩૦૦ ફીટની) ઊંચાઈએ ખેલાયેલા સંગ્રામમાં ૧૧૪ ભારતીય જવાનો શહીદ થયા, જેમાં એક ફૌજી ૧૩મી કુમાઉં બટાલિઅનના મેજર શૈતાન સિંહ હતા. ચુશુલમાં ચીને સરેરાશ ૧ ભારતીય જવાન સામે ૧૦ સૈનિકોને યુદ્ધમાં ઉતાર્યા હતા. મેજર શૈતાન સિંહે પોતાની ચોકીનું રક્ષણ કરતી વખતે દસ નહિ, પણ ઘણું કરીને પાંત્રીસથી ચાલીસ દુશ્મનોને વીંધ્યા. લાંબી લડતના અંતે ખુદ તેઓ દુશ્મનની ગોળીનો શિકાર બન્યા અને જમીન પર ફસડાઈ પડ્યા. આપણા બે જવાનોએ તેમને સારવાર અર્થે છાવણીએ લઈ જવા માટે ઊંચક્યા, પણ ચીની સૈનિકોએ તેમની તરફ ફાયરિંગ શરૂ કર્યું. બે જવાનો ઘાયલ શૈતાન સિંહને ઊંચકી સ્વબચાવ માટે ભાગી શકે તેમ ન હતા, એટલે મેજરે તેમને લશ્કરી રાહે ઓર્ડર આપી ફરજમુક્ત કર્યા. ઓર્ડર છૂટ્યો, એટલે તેનું પાલન તો કરવું રહ્યું. મેજરને ઘાયલ સ્થિતિમાં છોડી જવાનોએ પીછેહઠ કરવી પડી. ત્રણ દિવસ પછી એ જ સ્થળે મેજર શૈતાન સિંહનો મૃતદેહ મળી આવ્યો, જે હિમ પર જેમનો તેમ સચવાયો હતો. ચુશુલના યુદ્ધમાં અપ્રતિમ સાહસ બદલ શૈતાન સિંહને મરણોત્તર પરમવીર ચક્ર એનાયત કરવામાં આવ્યો.

• ૧૯૬૨ના બેટલ ઓફ રેઝાંગ લા યુદ્ધના હિરો : પરમવીર મેજર શૈતાન સિંહ



આ મેજરની તેમજ ૧૩મી કુમાઉં બટાલિઅનના અન્ય શહીદોની વીરગાથાને બિરદાવતું તેમજ જીવંત રાખતું સ્મારક વખત જતાં ચુશુલ નજીક રેઝાંગ લા ખાતે ઊભું કરવામાં આવ્યું. આ સ્મારકની મુલાકાત

લેવી મારી ટોપ-પ્રાયોરિટી હતી, એટલે આમજનતા માટે વર્જ્ય એવા ચુશુલની વિઝિટ માટે લેહના ડેપ્યૂટી કમિશ્નરને વિનંતીપત્ર લખ્યો. મુલાકાતનો ઉદ્દેશ ઉમદા હતો, છતાં થોડીક પ્રાથમિક પ્રકારની પૂછપરછ બાદ ડેપ્યૂટી કમિશ્નરે પરવાનગી આપી.

ઓક્ટોબર ૨૩, ૨૦૧૪. દિવાળીનું પર્વ તે દિવસે હતું. સરહદી વિસ્તારોમાં ખુશ્કીદળની સંખ્યાબંધ ચેક-પોસ્ટ વટાવીને મારી ટેક્સી ચુશુલના રેઝાંગ લા ખાતે ૧૩મી કુમાઉં બટાલિઅનના સ્મારકે પહોંચી ત્યારે લશ્કરના પંદરેક જવાનો ત્યાં પહેલેથી મોજૂદ હતા. થોડી જ મિનિટોમાં એક જીપગાડી ત્યાં આવી પહોંચી. ૧૯મી કુમાઉં બટાલિઅનના રોહિત સિંહ નામના મેજર જીપમાંથી ઊતર્યા. સ્મારકની મુલાકાતે તેઓ આવ્યા હતા. મને જોઇ મેજર સહેજ નવાઇ પામ્યા અને તેમણે વિવેકપૂર્વક પૂછ્યું : 'ઘૂમને આયે હો ?'

'નહીં ! ખાસ વજહ સે આયા હૂઁ...' મેં પ્રત્યુત્તર દીધો.

'અચ્છા ?' મેજરનું આશ્ચર્ય જરા વધ્યું. 'મેમોરિઅલ દેખ લિયા ?'

'બસ, દેખને હી જા રહા હૂઁ...' મેજર રોહિત સિંહ સાથે વાર્તાલાપ આગળ વધે એ પહેલાં ૧૯મી કુમાઉં બટાલિઅનના બીજા એક સીનિઅર અફસર આવી ચડ્યા, એટલે મેજર તેમની સાથે ચર્ચામાં રોકાયા. દરમ્યાન હું સ્મારકે ગયો. નવેમ્બર, ૧૯૬૨માં ચીની આક્રમણ સામે લડી શહાદતને વહોરી ચૂકેલા ૧૩મી કુમાઉં બટાલિઅનના ૧૧૪ જવાનોની નામાવલિ એક ખાંભી ઉપર લખેલી હતી, શહીદોની જવાઁમર્દીને બિરદાવતી આરસની કેટલીક તકતીઓ હતી, અફસર કક્ષાના ફૌજીઓની યાદમાં અકેક પથ્થર સમાધિના પ્રતીકરૂપે ખોડવામાં આવેલો હતો અને દરેક

• *રેઝાંગ લાના યુદ્ધમાં શહીદ થયેલા સપૂતોની યાદમાં ચુશુલ નજીક બનાવવામાં આવેલું વોર મેમોરિઅલ*



તસવીર : હર્ષલ પુષ્કર્ણા

ચુશુલની વિઝિટ માટે
, છતાં થોડીક પ્રાથમિક

વિસ્તારોમાં ખુશ્કીદળની
ની કુમાઉં બટાલિઅનના
થોડી જ મિનિટોમાં એક
નામના મેજર જીપમાંથી
ાઈ પામ્યા અને તેમણે

આગળ વધે એ પહેલાં
, એટલે મેજર તેમની
ી આક્રમણ સામે લડી
નામાવલિ એક ખાંભી
કતીઓ હતી, અફસર
ાવેલો હતો અને દરેક



તસવીર : હર્ષલ પુષ્કર્ણા

પથ્થર નીચે જે તે અફસરનું નામ લખેલી નાનકડી તકતી હતી. સ્મારકની વચ્ચોવચના એક પથ્થર નીચે લખેલું હતું : મેજર શૈતાન સિંહ (પરમવીર ચક્ર) ! આ તકતી વાંચતાવેંત પગ થંભી ગયા. મામૂલી શસ્ત્રો તેમજ મર્યાદિત સૈનિકો વડે મેજર શૈતાન સિંહે હાડ ગાળી નાખતી ઠંડી વચ્ચે દુશ્મનોનો સામી છાતીએ મુકાબલો શી રીતે કર્યો હશે તેનું ચિત્ર નજર સામે ઉપસવા લાગ્યું અને હૃદય ગમગીનીમાં ડૂબવા લાગ્યું.

થોડી વારે સ્વસ્થતા આવી. જોયું તો ૧૯મી કુમાઉં બટાલિઅનના મેજર રોહિત સિંહ નજીકમાં ઊભા હતા. 'Can I have a word with you for a minute?' મેં તેમને પૂછ્યું.

'Sure, why not ?' મેજરે લશ્કરી છટામાં જવાબ દીધો અને પછી સ્મારકની પડખે આવેલા રિસેપ્શન જેવા એક ઓરડામાં મને દોરી ગયા. અહીં તેમની સાથે ૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધ વિશે, ચુશુલ મોરચે મેજર શૈતાન સિંહના બલિદાન વિશે તેમજ સંરક્ષણના મામલે દેશની ભૂતકાલીન તેમજ વર્તમાન સ્થિતિ વિશે કેટલીક નક્કર, અર્થપૂર્ણ ચર્ચાઓ થઇ ત્યારે તેઓ સહજતાથી બોલી ઊઠ્યા : 'How do you know so much about Indian defence?'

જવાબમાં મેં તેમના હાથમાં મારા માસિક 'સફારી'ના કેટલાક અંકો મૂકીને કહ્યું: 'Here is how! I am the editor of this magazine.'

ગુજરાતી આવડતું ન હોવા છતાં મેજર રોહિત સિંહે બહુ રસપૂર્વક 'સફારી'ના અંકો જોયા. એક અંકમાં કર્નલ નરિન્દર 'બુલ' કુમારનો ફોટો જોઇને મેજર ખુશાલીથી બોલી પડ્યા, 'યે ભી કુમાઉં રેજિમેન્ટ સે થે ! ઐસા કોઇ મિશન નહીં, જો કુમાઉં રેજિમેન્ટને કર દિખાયા ના હો !'

● શહીદોને રીથ વડે શ્રદ્ધાંજલિ : આવો અવસર ભાગ્યશાળીને જ મળે !



તસવીર : પરંતપ

મેજરનો ઉત્સાહ માપીને તેમના હાથમાં મેં મારા બીજાં કેટલાંક પ્રકાશનો મૂક્યાં ત્યારે વિસ્મયનો વધુ એક આંચકો તેમને મળ્યો. પ્રકાશનોનાં પાનાં ચીવટથી તેમણે જોયાં. તમામ તસવીરો અને નકશા ઓળખી બતાવ્યા અને પછી કહ્યું, 'ઇંગ્લિશ મેં ઐસી બૂક્સ મૈંને દેખી હૈ, લેકિન રિજનલ લેન્ગ્વેજ મેં ઔર વો ભી ગુજરાતી મેં પહેલી બાર દેખ રહા હૂઁ. આપને બહુત અચ્છા કામ કિયા હૈ ! I must thank you for such a publication!'

આટલું કહી મેજર રોહિતે મારી સાથે જોશભેર હાથ મિલાવ્યા અને પછી તેમના મદદનીશને કહ્યું, 'સા'બ કે સાથ હોમેજ રીથ લે કર જાઓ... વો રીથ રખ કર શહીદોં કો શ્રદ્ધાંજલિ દેંગે.'

આ છેલ્લું વાક્ય સાંભળીને ચોંકી પડાયું--અને ચોંકવું સ્વાભાવિક હતું, કેમ કે ફૂલ-પાંદડાની બનેલી wreath/ રીથ તરીકે ઓળખાતી રિંગ homage/ અંજલિરૂપે શહીદોની સમાધિએ ચઢાવવાનો વિશેષાધિકાર લશ્કરી અફસરોને કે પછી રાજકારણી વી.આઇ.પી. મહાનુભાવોને મળે; civilians/ સામાન્ય પ્રજાજનને નહિ. મારો રાષ્ટ્રવાદી અભિગમ પામી ચૂકેલા મેજર રોહિત સિંહે લાખો મેં એક જેવો તે અવસર મને આપી ખરેખર તો તે અભિગમને બિરદાવ્યો હતો. મેજરને માનભેર સલ્યૂટ કરીને મેં શહીદ સ્મારક તરફ પ્રયાણ કર્યું અને વીરગતિ પામેલા સપૂતોને પૂરા આદર સાથે ફૂલોની રીથ વડે અંજલિ આપી. મને ભાવવિભોર જોઇ મેજર રોહિતના મદદનીશે પૂછ્યું, 'સા'બ... આપ કા કોઇ રિશ્તેદાર ઇસ જંગ મેં શહીદ હુઆ થા ?'

'નહીં...' મેં કહ્યું. '...લેકિન ઇન્હોંને કહાઁ રિશ્તા દેખકર હમારે લિયે અપની જાનેં દી થી ?'

આ સાંભળીને મદદનીશ એકીટશે મને જોતો રહ્યો અને સ્મારકના ગેટ સુધી મારી સાથે રહ્યો. ચુશુલ સ્મારકેથી વિદાય લેતા પહેલાં ખુશકીદળની વિઝિટર્સ બૂકમાં મેં (અંગ્રેજીમાં) લખ્યું, *'હિમાલયના દુર્ગમ પ્રદેશોના વિષમ વાતાવરણમાં ખેલાયેલા યુદ્ધો વિશે એક પત્રકાર તરીકે મેં અત્યાર સુધી ઘણું લખ્યું. આજે તે દુર્ગમ પ્રદેશોને નજરે જોયા અને વિષમ વાતાવરણનો માત્ર થોડા દિવસ પૂરતો અનુભવ કર્યો ત્યારે સમજાયું કે અહીંના જવાનોએ દરરોજ કેવા આકરા પડકારો સામે લડવું પડે છે. આ સૌને માનભરી સલામ. જય હિંદ !'*

■

ચુશુલ વોર મેમોરિઅલની વિઝિટ ટર્નિંગ પોઇન્ટ નીવડી, કેમ કે ત્યાં મેજર રોહિત સિંહ જોડેના વાર્તાલાપ દરમ્યાન સિઆચેન ક્ષેત્રની વાત નીકળી હતી. કેટલાક મુદ્દાઓ પર અર્થપૂર્ણ ચર્ચા થયા બાદ મેજર રોહિત સિંહને મારાથી સહજ રીતે પૂછાઇ ગયું, 'ક્યા મૈં સિઆચેન સેક્ટર કી વિઝિટ કર સકતા હૂઁ ?'

'મુશ્કિલ હૈ.' મેજરે કહ્યું. 'આર્મી હેડક્વાર્ટર્સ સે પર્મિશન લેની પડતી હૈ, જો વો લોગ જલદી સે નહીં દેતે.'

ઘડી ભરનોય વિચાર કર્યા વિના ત્યાં ને ત્યાં નિર્ણય લીધો કે આગામી વર્ષે (એટલે કે ૨૦૧૫માં) ફરી વાર લદ્દાખની મુલાકાત લેવી અને દિવાળીનો દિવસ સિઆચેનના જવાનો સાથે વિતાવવો. અમદાવાદ પરત ફર્યા પછી તે અંગેની જરૂરી કાર્યવાહી મેં શરૂ કરી દીધી. ●



સિઆચેન : પહેલી મુલાકાત

ઓક્ટોબર ૨૩, ૨૦૧૪ના રોજ લદાખના ચુશુલ વોર મેમોરિઅલ ખાતે સિઆચેનની મુલાકાત લેવાનો સંકલ્પ લીધો તેને ઓપ આપવા માટે અમદાવાદ પાછા ફર્યા પછી ઓગસ્ટ, ૨૦૧૫માં દિલ્લીના આર્મી હેડક્વાર્ટ્સને સિઆચેનની મુલાકાત ગોઠવી આપવા વિનંતીપત્ર મોકલ્યો. આર્મી હેડક્વાર્ટ્સે પ્રત્યુત્તરમાં બેએક મહિના જેટલો સમય લીધો, જે દરમ્યાન ખુશ્કીદળના (ઉધમપુર ખાતેના) નોર્ધન કમાન્ડ મુખ્યાલયમાંથી કેટલાક લશ્કરી અફસરોના ફોન આવ્યા. સિઆચેન જવા પાછળનો ઉદ્દેશ તેમને જાણવો હતો, એટલે રીતસરનો ટેલિફોનિક ઇન્ટરવ્યૂ લીધો. પૂછાયેલા દરેક સવાલના મુદ્દાસર અને સંતોષકારક જવાબ તેમને મળે ત્યાર પછી વિનંતીપત્ર વધુ ઉપરના વિભાગને ટ્રાન્સફર કરાતો હતો. આ રીતે જુદા જુદા લગભગ પાંચેક લશ્કરી અફસરોએ રજેરજની પૂછપરછ કરી લીધા પછી આખરે ઓક્ટોબર ૩૧, ૨૦૧૫ના રોજ આર્મી હેડક્વાર્ટ્સથી સંદેશો આવ્યો : Your visit to Siachen Base Camp stands approved.

લાંબી ઇન્તેજારીનો આખરે અંત ! આ સમાચાર અત્યંત ખુશાલીના હતા, પણ તે ખુશાલીમાં મીઠાશ ત્યારે ભળી કે જ્યારે બીજે દિવસે (નવેમ્બર ૧, ૨૦૧૫ના રોજ) લદાખના પર્તાપુર લશ્કરી મથક ખાતેથી મેજર રોબિન સાંગવાને ફોન દ્વારા જણાવ્યું કે, ‘આપ સિઆચેન બેઝ કેમ્પ કે જવાનોં મેં મીઠાઇ બાઁટના ચાહતે થે ?.... હેડક્વાર્ટ્સને આપ કી વો રિક્વેસ્ટ ભી મંજૂર કર દી હૈ !'

‘ધન્યવાદ, મેજર !' મેં કહ્યું.

‘લેકિન એક બાત બતાઇએ, મિ. પુષ્કર્ણા.... બેઝ કેમ્પ મેં કાફી સારે જવાન હૈ. આપ કિન કિન કો મીઠાઇ ખિલાયેંગે ?'

‘મૈં કોશિશ કરુંગા કિ જ્યાદા સે જ્યાદા મીઠાઇ લે કર જાઉં.'

મીઠાઇના શક્ય એટલા વધુ પેકેટ્સ લઇને નવેમ્બર ૭, ૨૦૧૫ના રોજ હું લદાખના પાટનગર લેહ પહોંચ્યો. શિયાળાના આગમને લેહ શહેરને શીતાગારમાં ફેરવી દીધું હતું. દિવસે તાપમાન ૨થી ૩ ડિગ્રી સેલ્શિઅસ, જ્યારે રાત્રે થર્મોમીટરનો પારો શૂન્ય નીચે ૧૦° સેલ્શિઅસે સરી જતો હતો. સાગરસપાટીથી લેહની ઊંચાઇ ૩,૫૦૦ મીટર (૧૧,૫૦૦ ફીટ) હોવાથી ત્યાં હવા અત્યંત

પાતળી છે અને વાતાવરણમાં ઓક્સિજનની માત્રા ઓછી છે. પરિણામે એ વાતાવરણ જોડે અનુકૂલન સાધવા ખાતર દિવસ આખો આરામમાં વીતાવ્યો. તબીબી દૃષ્ટિએ એમ કરવું અત્યંત જરૂરી હતું.

બીજે દિવસે વહેલી સવારે મોટરમાર્ગે પર્તાપુર લશ્કરી છાવણી જવા નીકળ્યો. અહીં પેલા મેજર રોબિન સાંગવાનને મળવાનું હતું અને સિઆચેનની મુલાકાત માટે જરૂરી એવી છેલ્લી કેટલીક વિધિઓ પતાવવાની હતી. સમુદ્રસપાટીથી ૫,૩૬૦ મીટરે (૧૭,૫૮૩ ફીટે) આવેલા ખર્દુંગ લા ઘાટના સર્પિલ રસ્તે પાંચેક કલાકના પ્રવાસ બાદ મોટર નુબ્રા વેલી કહેવાતા ખીણપ્રદેશમાં પર્તાપુર લશ્કરી છાવણીએ પહોંચી. મેજર રોબિન સાંગવાને ઉષ્માભેર આવકાર દીધો અને રાત્રિરોકાણ માટે છાવણીના એક ગેસ્ટ હાઉસમાં ઉતારાની સગવડ કરી આપી. કામ આટોપ્યા પછી મોડી સાંજે મેજર રોબિન ગેસ્ટ હાઉસ પર આવ્યા. સંરક્ષણને લગતી બાબતો પર તેમની સાથે કેટલીક મુદ્દાસરની ચર્ચાઓ થઇ. સિઆચેન મોરચા વિશે પણ વાત નીકળી.

'ડિફેન્સ કે બારે મેં આપ કાફી કુછ જાનતે હૈ !' મેજરે વાતવાતમાં ટકોર કરી. 'અચ્છા હૈ ! કોઇ તો હમારે બારે મેં જાનતા હૈ !'

વાર્તાલાપનો દોર આગળ ચાલ્યો. જતી વેળાએ મેજર રોબિને દિવાળીની અને સિઆચેનના પ્રવાસની શુભેચ્છા આપી. અમદાવાદથી આણેલું મીઠાઇનું એક બોક્સ મેં મેજરના હાથમાં મૂક્યું ત્યારે તો મેજરના હરખને સીમા ન રહી.

'યહ મીઠાઈ કા બોક્સ આપ મેરે લિયે લે કર આયે ? ઇતની દૂર સે ?'

'જી, મેજર ! આપકો ભી દિવાલી મુબારક !'

ફરી મળવાના (અને અમદાવાદ આવવાનું થાય ત્યારે ઘરે જમવા માટે પધારવાના) વચન સાથે મેજર રોબિન સાંગવાને ગેસ્ટ હાઉસમાંથી વિદાય લીધી. પર્તાપુર લશ્કરી મથકથી સિઆચેન બેઝ કેમ્પ લગભગ સાતેક કલાકના અંતરે છે. એક જ દિવસમાં જવું-આવવું શક્ય ન બને, એટલે બેઝ કેમ્પની શક્ય એટલા નજીકના ગામે રોકાણ કરવાનું નક્કી કર્યું. નવેમ્બર ૯, ૨૦૧૫ની સવારે પર્તાપુરના લશ્કરી ગેસ્ટ હાઉસનું બિલ ચૂકવીને ક્યાગર (અપભ્રંશ પામ્યા પછી ચલણી બનેલું નામ : ટિગર) ગામે જવા નીકળ્યો. (જુઓ, ૮મે પાને નકશો). અહીં એક ગેસ્ટ હાઉસમાં ઉતારો લીધો. ગેસ્ટ હાઉસ સામાન્ય હતું, પણ તેનો માલિક તુલુપ દોર્જે અસામાન્ય માણસ હતો. સિઆચેનમાં તૈનાત આપણા લશ્કરને porter/ કુલી (હમાલ) તરીકે તે અનેક વાર સેવા આપી ચૂક્યો હતો, માટે સરેરાશ ૬,૦૦૦ મીટર (આશરે ૨૦,૦૦૦ ફીટ) ઊંચેના વિષમ વાતાવરણનો તે પ્રત્યક્ષ અનુભવી હતો.

વાતચીત દરમ્યાન તુલુપે જણાવ્યું કે અહીં લદાખમાં ઘણાખરા લોકો પાસે ખાસ કામ-ધંધા નથી. ખેતીવાડી જેવું પણ કંઇ ખાસ નથી. આવકનો મદાર મુખ્ય કરીને પર્યટન પર રહે છે, પરંતુ લદાખનું વિષમ વાતાવરણ ઉનાળાના ત્રણેક મહિના પૂરતું જ માફક આવે તેવું હોય છે. પર્યટકોનો ધસારો ત્યારે જ હોય, પછી નહિ. ઓક્ટોબરથી શરૂ કરીને છએક મહિના બરાબર ઠંડી જામે, એટલે પર્યટકો લદાખ આવવાનું ટાળે છે. પર્યટન

• *સિઆચેન ક્ષેત્રમાં પોર્ટર તરીકે ઘણી બધી વાર ફરજ બજાવી આવેલો લદાખી તુલુપ દોર્જે*



તસવીર : પરંતપ



● ચોતરફ હિમના થર વડે ઘેરાયેલી આપણી પહાડી ચોકી

પર નભતા ઘણાખરા લદાખીઓ નાણાંભીડમાં આવી પડે છે. પરિણામે આર્થિક ભીંસ દૂર કરવા માટે અમુક જણા ભારતીય ખુશ્કીદળમાં પોર્ટરનું કાર્ય બજાવે છે. સિઆચેન બેઝ કેમ્પથી રોજિંદી ચીજવસ્તુઓનો સરંજામ ઊંચકીને તેઓ સિઆચેનના પહાડોમાં આવેલી ભારતની ચોકીઓ સુધી પગપાળા જાય છે. પહાડની બે ચોકીઓ વચ્ચે માલસામાનની આપ-લેનું પણ કામ બજાવે છે. અતિશય ઠંડી, તીવ્ર ચઢાણ, વાતાવરણમાં ઓક્સિજનની કમી વગેરે જેવી મુશ્કેલીઓ વચ્ચે આવું કામ પાર પાડવું ભારે કષ્ટદાયક છે. આમ છતાં રોજીરોટી ખાતર કરવું પડે છે.

'સિઆચેન ચેક પોસ્ટ જાને સે પહલે આપ કો તાલીમ દી જાતી હૈ ?' તુલુપને મેં પૂછ્યું.

'દેતે હૈ, જી !' તુલુપે જવાબ દીધો. 'બેઝ કેમ્પ મેં સાત દિન ટ્રેનિંગ મિલતી હૈ. કપડે, જેકેટ ઔર જૂતે ભી આર્મીવાલે દેતે હૈ. ઉસકે બાદ ઉપર ચૌકી તક જાના હોતા હૈ. વહાઁ હમ દો-તીન મહિના રુકતે હૈ. આર્મીવાલે કો એક ચૌકી સે દૂસરી ચૌકી તક સામાન પહુઁચાતે હૈ...'

'સામાન ઊઠા કર બર્ફ મેં ચલના તો બડા કઠિન કાર્ય હૈ.'

'જી, સા'બ ! મગર ઉસસે ભી મુશ્કિલ કામ ટેન્ટ પે જમી બર્ફ હટાના હૈ.' તુલુપે જણાવ્યું. 'સર્દી મેં બહુત જ્યાદા બર્ફ ગિરતી હૈ... ઈતની જ્યાદા કિ ચૌકી કા ટેન્ટ બર્ફ સે ઢક જાતા હૈ... હમેં હરરોજ ટેન્ટ પર સે બર્ફ હટાની પડતી હૈ. યહ કામ એક ઈન્સાન કા નહીં, ઈસલિયે હમ આર્મીવાલોં કે સાથ મિલ કર ઉસે કરતે હૈ.'

ક્યાગર (ટિગર) ગામે બે દિવસના રોકાણ દરમ્યાન તુલુપ દોર્જેના મોઢે સિઆચેન વિશે ઘણું બધું જાણ્યું અને તેના હાથે બનેલું લદાખી શાકાહારી ભોજન પણ માણ્યું. નવેમ્બર ૧૧, ૨૦૧૫ની વહેલી સવારે સાડા છ વાગ્યે સિઆચેન બેઝ કેમ્પ જવા માટે નીકળ્યો. અખડદખડ રસ્તે લગભગ દોઢેક કલાકનો પ્રવાસ ખેડ્યા પછી મોટર સસોમા ગામે આવેલા લશ્કરી મથકે પહોંચી. (૮મે પાને નકશામાં સસોમાનું સ્થાન જુઓ). સામાન્ય નાગરિક માટે સસોમાથી આગળનો (સિઆચેન તરફનો) રસ્તો પ્રતિબંધિત ક્ષેત્ર છે, માટે સુરક્ષાને ખાતર સસોમા ગામે ખુશ્કીદળે ચેક પોસ્ટ ઊભું કર્યું છે. આ પોસ્ટના પહેરેદાર જવાનોએ હાથનો ઈશારો કરી મોટરકાર થોભાવી અને કેટલાક સવાલો પૂછ્યા પછી એક જવાન મને ચેક પોસ્ટની નાનકડી કેબિનમાં લઈ ગયો. લગભગ દસ ફીટ બાય દસ ફીટની કેબિનમાં કેટલાક જવાનો કેરોસિન હીટર ફરતે હાથ તાપતા બેઠા હતા. અંદર દાખલ થતાવેંત લાન્સ નાયક રાણા નામનો જવાન બોલી ઊઠ્યો, 'જય હિંદ ! સર !'

'જય હિંદ !'

'આપ વહી સા'બ હૈ જો સિઆચેન બેઝ કેમ્પ જાના ચાહતે હૈ ?'

'જી...'

'હમ એક-દો ફોન કર લેતે હૈ... તબ તક આપ આરામ સે બૈઠિયે...' લાન્સ નાયક રાણાએ ખુરશી તરફ આંગળી ચીંધીને કહ્યું.

લાન્સ નાયક રાણા સિઆચેન બેઝ કેમ્પ ખાતેના તેમજ પર્તાપુર લશ્કરી મથકના ઉપરી અફસરો જોડે ટેલિફોન પર વાર્તાલાપમાં વ્યસ્ત બન્યો. દરમ્યાન ત્રીસેક વર્ષના એક યુવાન લશ્કરી

• *વાયા સસોમા સિઆચેન બેઝ કેમ્પના રસ્તે*



તસવીર : હર્ષલ પુષ્કર્ણા

જવાને ગરમ ચ્હાનો પ્યાલો આપતા કહ્યું, 'ચાય પીજિએ સર... થોડી ગરમી આયેગી.'

'ધન્યવાદ !'

'આપ અહમદાબાદ સે આયેં હૈ ?' તેણે પૂછ્યું.

'હાઁ.'

'મૈં ને અહમદાબાદ મેં કાફી સમય ડ્યૂટી કી હૈ. વહાઁ નવરાત્રિ મનાઇ હૈ... રાત કો ખૂબ ગરબા ખેલતા થા... ફિર ફાફડા-જલેબી કા નાસ્તા... બડા મઝા આતા થા... અબ દેખો, યહાઁ ઇતની દૂર કડી ઠંડ મેં આ ગયે હૈ... હીટર કે સામને બૈઠ કર હાથ સેકતે હૈ... બિલકુલ અકેલે... હમારી તો યહી દિવાલી હૈ, સર !'

'અરે, ઐસા મત કહો...' મેં સાંત્વના આપતા કહ્યું. 'આપ અકેલે નહીં હૈ. મૈં આયા હૂઁ યહાઁ આપ સબ કે સાથ દિવાલી મનાને.'

આ છેલ્લું વાક્ય સાંભળીને (ટેલિફોનિક વાર્તાલાપો આટોપી ચૂકેલો) પેલો લાન્સ નાયક રાણા મારી તરફ આવ્યો અને કહ્યું, 'સા'બ, આપકો દિવાલી મુબારક ! ક્યા મૈં આપકો ગલે લગા સકતા હૂઁ ?'

ચાનો પ્યાલો અધૂરો મૂકી હું તરત ઊભો થઇ ગયો. લાન્સ નાયક રાણા જોશપૂર્વક ભેટ્યો. એના આલિંગને એ વાતની પ્રતીતિ કરાવી કે પરિવારથી દૂર સાવ એકલાઅટૂલા આપણા જવાનો તેમનાં સ્વજનો માટે કેટલા તરસતા હશે. આજે તો વળી દિવાળીનું પર્વ હતું. સૌ પોતપોતાનાં આપ્તજનો જોડે એ તહેવાર મનાવે, પણ અહીં લાન્સ નાયક રાણા અને તેના જેવા બીજા અનેક જવાનો એકાંતવાસ જેવા માહોલમાં હતા. કોઇ તેમની સાથે સુખ-દુ:ખની વાત કરનાર ન હતું. ચોતરફ ગગનચુંબી પહાડો, વાતાવરણમાં બેસુમાર ઠંડી અને અજબ પ્રકારની શાંતિ ! દૂર બેઠા આપણે તે જવાનોની મનોસ્થિતિ જાણી ન શકીએ, પરંતુ આજે મેં તેમની માનસિક પીડાનો ભલે આંશિક, પણ હૃદયદ્રાવક અનુભવ કરી જોયો.

દિવાળીના પર્વમાં મીઠાશ ઉમેરવા માટે મીઠાઇ વડે મેં સસોમા ચોકીના દરેક જવાનનું મોં મીઠું કરાવ્યું.

'સર, આપ જૈસે લોગ આતે રહે તો અચ્છા લગતા હૈ.' લાન્સ નાયક રાણાએ કહ્યું. 'બાકી તો ઇસ ચૌકી મેં હમ મુઠ્ઠીભર જવાન હૈ. રોજ એકદૂસરે કી શકલ દેખતે હૈ. આજ નયા ચેહરા દેખને કો મિલા... કોઇ નયા બંદા બાત કરને કે લિયે મિલા... બહુત અચ્છા લગા.'

મારી મોટરને સિઆચેન બેઝ કેમ્પ જવા માટે પરવાનગી મળી હોવાનું જણાવી લાન્સ નાયક રાણા ફરી વાર મને ભેટી પડ્યો. 'હેપ્પી દિવાલી, સર !'

'આપકો ભી દીપાવલી કી શુભકામનાયેં, રાણાજી !' મેં પણ શુભેચ્છા આપતા કહ્યું.

હું ફરી મોટરમાં ગોઠવાયો. સસોમા ચેક પોસ્ટનો ઝાંપો ખૂલ્યો, એટલે મોટર તે ચોકીને પસાર કરતી આગળ વધી. જતી વેળાએ મેં જોયું કે લાન્સ નાયક રાણા સહિત ચેક પોસ્ટના તમામ જવાનોના ચહેરા પર ખુશાલીના ભાવ હતા.

■

બીજા પોણો કલાકની સફર ખેડીને મોટર આખરે સિઆચેન બેઝ કેમ્પના રસ્તે પહોંચી. (આઠમે પાને નકશામાં બેઝ કેમ્પનું સ્થાન જુઓ). રસ્તાની બાજુના પહાડોમાંથી વિમાનવિરોધી તોપોનાં તેમજ લાંબી દૂરીએ વાર કરી શકતી તોપોનાં નાળચાં બહાર ડોકાતાં હતાં. તોપો પહાડના

બેકગ્રાઉન્ડમાં ઓતપ્રોત હતી, માત્ર નાળચાં નજરે ચડતાં હતાં. સમુદ્રસપાટીથી સિઆચેન બેઝ કેમ્પની ઊંચાઈ ૩,૭૧૪ મીટર (૧૨,૧૮૮ ફીટ) છે. સિઆચેન ક્ષેત્રના વિવિધ પહાડોમાં સરેરાશ ૬,૦૦૦ મીટરે (૨૦,૦૦૦ ફીટે) પર સ્થાપવામાં આવેલી ભારતીય ચોકીઓ (જેમ કે 'સોનમ', 'અમર', 'કુમાર', 'રાજીવ', 'બાના' વગેરે) સુધી પહોંચવા માટે જવાનો બેઝ કેમ્પ ખાતેથી આરોહણ શરૂ કરે છે. એ જ રીતે ચોકીઓ પર ડ્યૂટી બજાવી પરત ફરતા જવાનોનો થોડા મહિના પુરતો બેઝ કેમ્પમાં પડાવ હોય છે. મારી મોટર બેઝ કેમ્પના પ્રવેશદ્વારમાં દાખલ થઈ ત્યારે એક લશ્કરી જીપગાડી પહેલેથી ત્યાં ઊભેલી હતી. અમને તે બેઝ કેમ્પના સ્વાગત કક્ષ Siachen Hut તરફ દોરી ગઈ, જ્યાં બેઝ કેમ્પના મુખ્ય અફસર (બેઝ કમાન્ડર) કર્નલ વી. હરિહરન તેમજ રાજપૂતાના રાઈફલ્સના કર્નલ પિલ્લાઈ સ્વાગત માટે પરિસરમાં ઊભા હતા.

'ગુડ મોર્નિંગ, મિ. પુષ્કર્ણા !' કર્નલ હરિહરને અભિવાદન કર્યું.


'ગુડ મોર્નિંગ, કર્નલ ! હેપ્પી દિવાલી ટુ યુ.' મેં સામું અભિવાદન કર્યું.

'વેલકમ ટુ ધ બેઝ કેમ્પ.' કર્નલ પિલ્લાઈએ હાથ મિલાવતા કહ્યું.

'થેન્ક યુ, સર !'

Siachen Hutના પરિસરમાં કેટલીક મિનિટો વાતચીતમાં વીતી. કર્નલ વી. હરિહરન ત્યાર પછી મને સ્વાગત કક્ષમાં દોરી ગયા, જ્યાં વાતોએ ચડતા પહેલાં તેમણે ચા-પાણી, નાસ્તા માટે પૂછ્યું. મારું બધું ધ્યાન સિઆચેન વિશે શક્ય એટલી જાણકારી પ્રાપ્ત કરવામાં હતું. જવાનોને મીઠાઈ સાથે દિવાળીની શુભેચ્છાઓ આપવાનો અવસર ક્યારે મળે તેની પણ ભારોભાર તાલાવેલી

• *સિઆચેન હટ : બેઝ કેમ્પનો સ્વાગત કક્ષ*



તસવીર : હર્ષલ પુષ્કર્ણા

સપાટીથી સિઆચેન બેઝ
વિવિધ પહાડોમાં સરેરાશ
કીઓ (જેમ કે 'સોનમ',
ાનો બેઝ કેમ્પ ખાતેથી
જવાનોનો થોડા મહિના
ાં દાખલ થઇ ત્યારે એક
ગત કક્ષ Siachen Hut
ર્નલ વી. હરિહરન તેમજ
હતા.

ર્યું.

ર્નલ વી. હરિહરન ત્યાર
ચા-પાણી, નાસ્તા માટે
કરવામાં હતું. જવાનોને
પણ ભારોભાર તાલાવેલી


તસવીર : હર્ષલ પુષ્કર્ણા

હતી. ચા-પાણી માટે કર્નલની આગ્રહભરી ઓફરને વિવેકપૂર્વક ટાળી અને સવાલોનો મારો શરૂ કરી દીધો. દક્ષિણ ભારતીય કર્નલ વી. હરિહરન જોડે ઘણોખરો વાર્તાલાપ અંગ્રેજીમાં ચાલ્યો. અહીં તેનો અનુવાદિત સારાંશ વાંચો.

'બેઝ કેમ્પમાં જવાનોને કેવા પ્રકારની તાલીમ આપવામાં આવે છે ?'

'તાલીમના મુખ્ય બે પ્રકારો છે : (૧) નક્કર પર્વત પર આરોહણ, (૨) પર્વત પર જામેલા હિમની બર્ફીલી દીવાલ પર આરોહણ.' કર્નલે પ્રત્યુત્તર આપ્યો.

'બેઉ ટ્રેઈનિંગનો કુલ સમય ?'

'ત્રણ અઠવાડિયા.'

'આજે દિવાળીનો દિવસ છે, તો શું ટ્રેઈનિંગ ચાલુ હશે ?'


'હા, આજે પણ ટ્રેઈનિંગ ચાલુ જ છે.' કર્નલે જણાવ્યું. 'તહેવાર કોઈ પણ હોય, અમે ફૌજીઓ રજા ભોગવતા નથી.'

'ટ્રેઈનિંગ અત્યારે ચાલુ હોય તો અમે તે જોઇ શકીએ ?'

'બેશક, તમે જોઇ શકો છો.'

સિઆચેનનાં લશ્કરી પાસાંની ચર્ચાનો દોર આગળ ચાલ્યો, જે દરમ્યાન કર્નલ પાસેથી વધુ કેટલીક જાણકારી મળી. થોડી વાર પછી કર્નલ હરિહરન બોલ્યા, 'મારી સાથે બાજુના રૂમમાં આવશો ? સિઆચેન વિશે એક નાનકડું પ્રેઝન્ટેશન તમને બતાવવું છે. તમારા ઘણા બધા સવાલોના જવાબ કદાચ એમાં મળી રહેશે.'

• સિઆચેન હટ ખાતે બેઝ કમાન્ડર કર્નલ વી. હરિહરન સાથે



તસવીર : બેઝ કેમ્પ ફોટોગ્રાફર

પ્રેઝન્ટેશન સાચે જ જ્ઞાનવર્ધક હતું. દસેક મિનિટ તે ચાલ્યું--અને પછી સવાલ-જવાબનો દોર પુનઃ ચાલ્યો. કર્નલે આખરે હળવી ટકોર કરી, 'તમને સિઆચેન વિશે ઘણું બધું ખબર છે ! મને એ વાતનો આનંદ છે. તમે તમારી કલમ વડે વાચકોને લશ્કર વિશે અને લશ્કરની કામગીરી વિશે માહિતગાર કરતા રહો છો એ વધુ આનંદની વાત છે. તમારી પ્રવૃત્તિ ચાલુ રહે તેવી શુભેચ્છા.'

કર્નલ હરિહરન ત્યાર પછી મને હેલિપેડ તરફ દોરી ગયા. આશરે ૭૦-૭૫ જવાનો ત્યાં હરોળ રચીને શિસ્તબદ્ધ ઊભા હતા. કર્નલે તેમને હિંદીમાં સંબોધન કરતાં જણાવ્યું :

'આજ દિવાલી હૈ. કઇ લોગ હૈ જો દિવાલી અપને અપને ઘરોં મેં પરિવાર કે સાથ મનાતે હૈ, લેકિન યે સા'બ કુછ ઐસે હૈ કિ અપની દિવાલી જવાનોં કે સાથ મનાના પસંદ કરતે હૈ. પિછલે સાલ ૨૦૧૪ મેં ભી દિવાલી કે દિન વો યહીં લદાખ મેં થે, ચુશુલ વોર મેમોરિઅલ મેં, ઔર ઇસ સાલ વો યહાઁ બેઝ કેમ્પ આયે હૈ આપ લોગોં કે સાથ દિવાલી મનાને ! ઇનકા એક ભાવ થા કી આપ સે મિલેં ઔર આપ કે સાથ કુછ બાત કરે. હમારે લિયે ખુશી કી બાત હૈ કિ હમ યહાઁ સિઆચેન મેં જો કામ કરતેં હૈ ઉસકે લિયે સોચને વાલે લોગ ભી હૈ. યે જજ્બાત હમારે લિયે બહુત માયને રખતા હૈ...'

કર્નલ બોલી રહ્યા એ પછી તેમણે જવાનોને સંબોધવાનો મને અવસર આપ્યો. માત્ર 'સફારી'ના વાચકો વતી જ નહિ, બલકે દેશના કરોડો લોકો વતી કરવામાં આવેલા સંબોધનનો સારાંશ :

'આપ સબ કો નમસ્કાર ઔર દીપાવલી કી શુભકામનાયેં ! મેરી ઓફિસ મેં આઠ


ફીટ બાય આઠ ફીટ કી એક છોટી સી કેબિન હૈ, જહાઁ બૈઠ કર મૈં અપની પત્રિકા 'સફારી' કે લિયે કામ કરતા હૂઁ. ઈસ પત્રિકા મેં સંરક્ષણ કે બારે મેં હમ કાફી કુછ લિખતેં હૈ. ૧૯૬૨ કી જંગ મેં ચીન કે સાથ, ૧૯૪૮, ૧૯૬૫, ૧૯૭૧ ઔર ૧૯૯૯ કી લડાઈ મેં પાકિસ્તાન કે સાથ હમારે જવાન કૈસે લડે ઉસકી વિસ્તૃત કથા 'સફારી' મેં હમનેં દી હૈ. ૧૯૮૪મેં સિઆચેન ક્ષેત્ર મેં હમારે જવાનોંને 'ઓપરેશન મેઘદૂત' કો તથા 'ઓપરેશન રાજીવ' કો કૈસે સફલ અંજામ દિયા ઉસકે બારે મેં ભી હમનેં લિખા. આઠ ફીટ બાય આઠ ફીટ કી કેબિન મેં બૈઠ કર જબ હમ ઐસા કુછ લિખતેં હૈ તબ કઈ બાર ઈસ સોચ મેં ડૂબ જાતેં હૈ કિ હિમાલય કે કઠિન મૌસમ મેં હમારે જવાન કિતની મુશ્કિલેં ઝેલ કર લડેં હોંગે ! યહ સોચ હમેં દુ:ખી કર દેતી હૈ... મગર વહ કેવલ એક સોચ હૈ. જંગ કે મૈદાન મેં ક્યા હુઆ થા વો હમ મહસૂસ નહીં કર પાતે. ઠીક ઉસી તરહ, હમ યહ ભી મહસૂસ નહીં કર પાતે કિ આપ જૈસે હમારે ફૌજી અપને ઘર સે, અપને પરિવાર સે દૂર કિન કિન મુશ્કિલોં કે સાથ હમારી સરહદોં કી રક્ષા કરતેં હૈ. આજ મૈં આપ કી મુશ્કિલોં કો જરા મહસૂસ કરને કે લિયે યહાઁ આયા હૂઁ. આપ લોગોં સે બાતેં કર કે કુછ ઐસી બાતેં મૈં જાનના ચાહતા હૂઁ જિસ કે બારે મેં ભારતવાસીઓં કો જાનકારી હોની ચાહિયે. પત્રકાર હોને કે નાતે અપની કલમ કે માધ્યમ સે મૈં વો જાનકારી મેરે પાઠકો તક પહુઁચાના અપની જિમ્મેદારી સમજતા હૂઁ. આજ જબ ફિલ્મ સિતારેં ઔર ક્રિકેટર હમારે દેશ મેં હિરો માને જાતેં હૈ, ઔર આપ જૈસે ફૌજી જો સહી માયને મેં દેશ કે હિરો હોતે હુએ ભી દેશ કી જનતા કે લિયે અંજાન ઔર ઉપેક્ષિત રહ

● ભારતના શેરદિલ સપૂતોને સંબોધન



બેઉ તસવીરો : બેઝ કેમ્પ ફોટોગ્રાફર

મેં અપની પત્રિકા
મેં હમ કાફી કુછ
૭૧ ઔર ૧૯૯૯
ત કથા 'સફારી'
રેશન મેઘદૂત' કો
ભી હમનેં લિખા.
લિખતેં હૈ તબ કઈ
રે જવાન કિતની
ર વહ કેવલ એક
પાતે. ઠીક ઉસી
અપને ઘર સે,
કી રક્ષા કરતેં હૈ.
હૂઁ. આપ લોગોં
ભારતવાસીઓં
માધ્યમ સે મૈં વો
આજ જબ ફિલ્મ
સે ફૌજી જો સહી
ઔર ઉપેક્ષિત રહ



તસવીરો : બેઝ કેમ્પ ફોટોગ્રાફર

જાતેં હૈ, તબ બડી તકલીફ હોતી હૈ. યહ સ્થિતિ મેરે લિયે પીડાદાયક હૈ. યહ પીડા ઔર મેરા રાષ્ટ્રપ્રેમ આજ મુઝે આપ તક ખીંચ લાયા હૈ....'


વક્તવ્ય ચાલુ હતું એ દરમ્યાન મેં જોયું કે હરોળમાં ઉભેલા કેટલાક જવાનોની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં. મોખરાની હરોળમાં ઊભેલા હરભજન સિંહ નામના ઉંમરલાયક શીખ તો અત્યંત ભાવુક બની ગયા હતા. મેં તેમની સામે જોઈને કહ્યું :

'આજ હમારે યહાઁ સ્કૂલ મેં પરદેશ કા ઈતિહાસ પઢાયા જાતા હૈ, કિન્તુ શહીદ ભગતસિંહ, સિઆચેન મેં અપના શૌર્ય દિખાને વાલે પરમવીર બાના સિંહ ઔર ઉનકે જૈસે કઈ સપૂતોં કો પાઠ્યપુસ્તકોં મેં સ્થાન નહીં મિલા હૈ. યહ ઠીક નહીં હૈ. ક્યું એક પરદેશી ટી.વી. ચેનલ સિઆચેન ક્ષેત્ર મેં આ કર ડોક્યુમેન્ટ્રી ફિલ્મ બનાયે તભી હમ જાન પાતે હૈ કિ આખિર સિઆચેન ક્યા હૈ ? હમારે દેશવાસીઓં કો યહ જાનકારી હમ ખુદ ક્યૂં નહીં દે સકતે ? આજ મૈં વહી મકસદ સે આપકે પાસ આયા હૂઁ.... આપ સે કુછ જાનને... કુછ સમજને ઔર કુછ સિખને કે લિયે ! જો ભી મૈં જાનુંગા, સમજુંગા ઔર સિખુંગા વો અપની કલમ સે અપને પાઠકો તક પહુઁચાઉંગા. યહ મેરા વિનમ્ર પ્રયાસ હૈ, જિસે મૈં પૂરી લગન સે પૂરા કરુંગા. આપ સબ કા બહોત બહોત ધન્યવાદ! આપ સબ કો શત શત નમન કરતા હૂઁ.'


પચ્ચીસેક મિનિટનું વક્તવ્ય પૂરું થયું એ સાથે પરમજીત સિંહ નામના એક પીઢ ફૌજી ઉપરાઉપરી ત્રણ વાર જોશપૂર્વક બોલ્યા, 'ભારત માતા કી જય !'. હેલિપેડ પર ઉપસ્થિત સૌ જવાનોએ પણ સામૂહિક નારો લગાવ્યો : 'ભારત માતા કી જય !'

બેઝ કેમ્પના કમાન્ડર કર્નલ વી. હરિહરનનો આભાર વ્યક્ત કરીને સૌ જવાનોને ત્યાર બાદ મીઠાઈ વહેંચવામાં આવી.

'કર્નલ, ક્યા મૈં ઇન જવાનોં કો ગલે મિલકર દિવાલી કી શુભકામનાએં દે સકતા હૂઁ ?' મેં પરવાનગી માગી.



• *દિવાળીની શુભેચ્છા સાથે લાગણીની હૂંફ !*



તસવીર : હર્ષલ પુષ્કર્ણા

● બેઝ કેમ્પના તાલીમી જવાનો : આવતી કાલના હિમપ્રહરીઓ



'યસ... યસ... ગો અહેડ !' કર્નલે તરત જવાબ દીધો.

એક પછી એક કરીને સૌ જવાનોને ભેટતી વખતે જોયું કે અમુકની આંખ હજી ભીની હતી. ભાવુક બનેલા અમુક ફૌજીઓ કસીને ભેટ્યા, તો અમુક ગળગળા અવાજે માંડ માંડ બોલી શક્યા, 'સા'બ, આપકો ભી હેપ્પી દિવાલી !'

આ સૌ જવાનોને વંદન કર્યા પછી હું (કર્નલ હરિહરન જોડે) ફરી Siachen Hut પહોંચ્યો. કર્નલે અહીં એક જુવાનિયા અફસરનો પરિચય કરાવ્યો. નામ : કેપ્ટન વિજય ભાસ્કર. ઉંમર : ફક્ત ૨૩ વર્ષ ! સિઆચેન બેઝ કેમ્પનાં વિવિધ સ્થળોની મુલાકાત મારે કેપ્ટન વિજય ભાસ્કર જોડે લેવાની હતી. માર્ગદર્શક તરીકે તેઓ સાથે જોડાયા. પહેલું સ્થળ સિઆચેન બેટલ સ્કૂલ/ SBS હતું, જ્યાં જવાનોને તથા અફસરોને પર્વતારોહણની તાલીમ અપાય છે.

સિઆચેન બેટલ સ્કૂલ : બેઝ કેમ્પનું તાલીમકેંદ્ર

સિઆચેન ખાતે જેમનું પોસ્ટિંગ થયું હોય તે અફસરોને તેમજ જવાનોને અહીંની પાતળી તેમજ મર્યાદિત ઓક્સિજનવાળી હવામાં પરબારા લાવી દેવાતા નથી. લેહ, પુલ્લુ, પર્તાપુર એમ વિવિધ લશ્કરી મથકોએ કેટલાક દિવસ રાખવામાં આવે છે, જે દરમ્યાન તેમનું શરીર આસ્તે આસ્તે લદાખના વાતાવરણ જોડે અનુકૂલન સાધવા લાગે છે. આ રીતે એક કે બાદ એક પડાવો વટાવતા તેઓ બેઝ કેમ્પ પહોંચે ત્યાં સુધીમાં હવામાન જોડે શરીરનું અનુકૂલન થઇ ચૂક્યું હોય છે. બેઝ કેમ્પમાં આગમનના અમુક દિવસ આરામમાં વિતાવ્યા પછી સિઆચેન બેટલ સ્કૂલ/ SBS ખાતે સૌની ટ્રેનિંગનો આરંભ થાય છે. ત્રણ અઠવાડિયાની તાલીમમાં અફસરો/જવાનોને પર્વતારોહણ અંગે તેમજ બર્ફીલી દીવાલ પર ચડવા અંગે થિઅરિટિકલ તેમજ પ્રેક્ટિકલ જ્ઞાન કેવી રીતે અપાય છે તે સમજવા માટે કેપ્ટન વિજય ભાસ્કર જોડે હું SBS ખાતે ગયો. લશ્કરના બીજા કેટલાક જવાનો પણ સાથે આવ્યા.

કાચા રસ્તે હંકારીને મોટરકાર ટ્રેઇનિંગ વિભાગ નજીક થોભી. સંખ્યાબંધ જવાનોને તેમજ અફસરોને ત્યાં પર્વતારોહણની તાલીમ અપાઇ રહી હતી. તાલીમનો કાર્યભાર જેમણે સંભાળેલો તે મણિપુર રાજ્યના વતની મેજર સુભાષે ટ્રેઇનિંગ અંગે કેટલીક રસપ્રદ વિગતો જણાવી. જેમ કે--દરરોજ સવારે સવા સાત વાગ્યે ટ્રેનિંગનો આરંભ જોગિંગ-કમ-વોકિંગ વડે થાય છે. અર્થાત્ તાલીમાર્થીઓ લશ્કરી યુનિફોર્મમાં સજ્જ થઇને તેમજ પીઠે પોતાનો થેલો નાખીને કેટલુંક અંતર દોડે અને કેટલુંક પગપાળા ચાલ્યા પછી ફરી દોટ મૂકે. આમ કરવાથી તેમનો સ્ટેમિના વધે છે. નાયલોનનું દોરડું પકડીને ઊંચી કરાડ પર કેવી રીતે ચડવું અને ચડ્યા પછી કેવી રીતે નીચે ઊતરવું તે પણ SBS ખાતે શીખવવામાં આવે છે. સૌથી મહત્ત્વપૂર્ણ ટ્રેનિંગ ice wall/ બર્ફીલી દીવાલ પર ચડવા અંગેની છે. સિઆચેનના ગગનચુંબી પહાડોમાં આવી દીવાલોનો પાર નથી. કેટલીક તો સેંકડો મીટર ઊંચી છે. જવાનો/અફસરોને તેના પર સફળતાપૂર્વક ચડવું જોઇએ--અને તેમને એ માટેની તાલીમ SBSથી કેટલેક દૂર એક બર્ફીલી દીવાલ પર મળે છે.

બર્ફીલી દીવાલ પર આરોહણ કરવા માગતો તાલીમાર્થી સૌ પહેલાં ice axe/ હિમકુહાડી વડે બરફમાં મજબૂત પકડ જમાવે છે; પછી crampons/ દાંતેદાર ખીલાવાળા બૂટને બરફમાં ખૂંપાવીને ગ્રિપ લે છે અને ત્યાર બાદ પગ વડે શરીરને ઉપર તરફ ધક્કો મારે છે. દરમ્યાન બર્ફીલી દીવાલમાં ખૂંપાવેલી હિમકુહાડી હાથ વડે શરીરને ઉપર ખેંચવામાં સહાયભૂત નીવડે છે. અગાઉની



• બર્ફીલી દીવાલ પર ચડવાનો મહાવરો લઈ રહેલા તાલીમાર્થીઓ

ક્રિયાનું પછી તો પુનરાવર્તન ! અલબત્ત, એમ કરવા જતાં ધ્યાન એ વાતે રાખવું પડે કે બર્ફીલી દીવાલમાંથી હિમકુહાડી રિલીસ થાય એ વખતે બૂટના કાંટા દીવાલમાં મજબૂત રીતે ખૂંપેલા રહેવા જોઈએ. એ જ રીતે દીવાલ પર નવું 'પગથિયું' ચડવા માટે પગ ઉપડે એ દરમ્યાન હિમકુહાડી કસોકસ રીતે બરફમાં ઘૂસેલી હોવી જોઈએ. અન્યથા બેલન્સ ચૂકે અને જવાન/અફસર સીધો નીચે પડે એટલું જ નહિ, પણ પોતાની પાછળ આવી રહેલા સાથીઓને પણ લેતો જાય.

તાલીમાર્થીઓને SBS ખાતે અપાતા પ્રત્યેક સાધન-સરંજામનો પણ મેજર સુભાષે પરિચય કરાવ્યો. દા.ત. હિમમાં ચાલવા માટેના ખાસ જાતના (બબ્બે કિલોગ્રામ વજનના) boots/ જોડા; બરફની ઊભી કરાડ ચડતી વખતે તેમાં પકડ જમાવવા જરૂરી એવા crampons/ દાંતેદાર ખીલા, જેમને જોડા સાથે મુશ્કેટાટ બાંધી દેવાય છે; ice axe/ હિમકુહાડી; ઊભી કરાડનું આરોહણ કરવા માટે jumar/ જુમર તરીકે ઓળખાતા ક્લેમ્પ, જેમને આરોહણ માટેના દોરડામાં ભરાવી દેવાયા પછી તેને માત્ર ઉપર તરફ સરકાવી શકાય છે; કરાડ પર ચડતી વખતે પગ ટેકવવા માટે ટેકણિયા જેવા અંકોડા તેમજ તે અંકોડાને કરાડમાં ઠોકવા માટેની હથોડી વગેરે ચીજવસ્તુઓની મેજર સુભાષે બહુ સરસ ઓળખાણ આપી.

ઘણીખરી ચીજવસ્તુઓ આયાતી કેમ છે ? એવા પ્રશ્નના ખુલાસામાં મેજર સુભાષે હતાશાના સૂર સાથે કહ્યું કે ભારતીય ઉત્પાદકો ગુણવત્તાની બાબતે કાચા પડે છે, માટે મોંઘીદાટ આયાતી ચીજવસ્તુઓ પર મદાર રાખ્યા વિના છૂટકો રહેતો નથી.

■

સિઆચેન બેટલ સ્કૂલ/ SBSની મુલાકાત લીધા પછી કેપ્ટન વિજય ભાસ્કર જોડે ૧૭મી રાજપુતાના રાઈફલ્સની ઓફિસર્સ મેસમાં ભોજન માટે જવાનું થયું. અહીં તેમની સાથે ખાસ્સી

enceforumindia.com



ું પડે કે બર્ફીલી
તે ખૂંપેલા રહેવા
યાન હિમકુહાડી
ફસર સીધો નીચે

સુભાષે પરિચય
) boots/ જોડા;
દાંતેદાર ખીલા,
આરોહણ કરવા
ભરાવી દેવાયા
ા માટે ટેકણિયા
સ્તુઓની મેજર


ભાષે હતાશાના
ધીદાટ આયાતી

ર જોડે ૧૭મી
ી સાથે ખાસ્સી

વાતો થઇ, જે દરમ્યાન જાણવા મળ્યું કે તેઓ માત્ર ૧૬ વર્ષની વયે ભારતીય ખુશ્કીદળમાં ભરતી થયા અને પાંચેક વર્ષમાં લેફ્ટનન્ટનો હોદ્દો પામ્યા. ૨૦૧૫ના આરંભે તેમનું પોસ્ટિંગ સિઆચેન ખાતે થયું. બેઝ કેમ્પમાં કેટલોક સમય વીતાવ્યા પછી અને પર્વતારોહણની ૩ અઠવાડિયાની તાલીમ લીધા પછી (ફક્ત ૨૩ વર્ષની વયે) વિજય ભાસ્કરે સિઆચેન ખાતેની ‘બાના’ પોસ્ટ તરફ પ્રયાણ કર્યું. સિઆચેન હિમપહાડોમાં ભારતની સેંકડો ચોકીઓ છે. બધામાં સૌથી ઊંચાઇએ (૬,૭૫૨ મીટરે એટલે કે ૨૨,૧૫૩ ફીટે) આવેલી ચોકી હોય તો તે ‘બાના’ પોસ્ટ.

સમુદ્રસપાટીથી ૩,૭૧૪ મીટરે (૧૨,૧૮૮ ફીટે) આવેલા બેઝ કેમ્પથી કેપ્ટન ભાસ્કરે ‘બાના’ પોસ્ટ સુધીનો અત્યંત પડકારરૂપ પગપાળા પ્રવાસ ચારેક અઠવાડિયામાં પૂરો કર્યો. અહીં યાદ અપાવવાનું કે ઊંચાઇ જેમ વધે તેમ હવા પાતળી બને, ઠંડીનું પ્રમાણ વધે અને વાતાવરણમાં ઓક્સિજનની માત્રા ઘટતા પ્રત્યેક ડગલું અત્યંત થકવનારું સાબિત થાય. કેપ્ટન ભાસ્કરે તો વળી તીવ્ર ચઢાણ પાર કરવાનું હતું. ‘બાના’ પોસ્ટ પહોંચીને કેપ્ટન ભાસ્કરે ચોકીનો કાર્યભાર સંભાળી લીધો. સૂસવતો ઠંડોગાર પવન, જ્યાં નજર કરો ત્યાં માત્ર અને માત્ર હિમપહાડો, વસવાટના નામે ફાઇબર ગ્લાસની નાની અમસ્તી કેબિન, શૂન્ય નીચે ૨૦°થી ૫૫° સુધીની અસહ્ય ઠંડી, હિમવર્ષા અને હિમઝંઝાવાત ભલભલા લોખંડી મનોબળવાળા વ્યક્તિનો મોરાલ થોડા દિવસોમાં ભાંગી નાખે. વળી વિજય ભાસ્કર તો માત્ર ૨૩ વર્ષના હતા. અગાઉ ક્યારેય તેમણે કોલ્ડ સ્ટોરેજ જેવા વિષમ વાતાવરણનો સામનો કર્યો ન હતો. આમ છતાં ‘બાના’ પોસ્ટનો ચાર્જ તેમણે મક્કમ મને સંભાળ્યો--પૂરા ૧૩૩ દિવસ! આને ખરેખર જવાઁમર્દીની મિસાલ ગણવી જોઇએ. કારણ કે સિઆચેનની ચોકીઓ સંભાળતા ઘણાખરા જવાનોને વધુમાં વધુ ૯૦ દિવસ ડ્યૂટી પર રાખવામાં આવે છે. જો કે ક્યારેક અનિવાર્ય સંજોગોને લીધે રોકાણની અવધિ લાંબી થાય એવું પણ બને--જેમ કે વિજય ભાસ્કરના કેસમાં બન્યું.

• *બર્ફીલી દીવાલ પર ચડવા માટે આટલું જરૂરી: હિમકુહાડી, ક્રેમ્પન્સ અને લોખંડી મનોબળ !*



તસવીર : હર્ષલ પુષ્કર્ણા

કેપ્ટન વિજય ભાસ્કરને મેં ‘બાના’ પોસ્ટમાં થયેલા તેમના અનુભવો વિશે કેટલાક સવાલો કર્યા, જેમના એ યુવાને બહુ વ્યવસ્થિત રીતે જવાબો આપ્યા. દા.ત. મેં પૂછેલો એક સવાલ : ‘ભૂસપાટીથી આટલે ઊંચે ૧૩૩ દિવસ કાઢવામાં તમને તમારા મનોબળ ઉપરાંત કોઇ બીજો સધિયારો હતો ?’

‘હા, હતો.’ કેપ્ટન ભાસ્કરે જવાબ દીધો. ‘મારી કેબિનમાં હું જ્યાં સૂતો હતો તેની બાજુની દીવાલે મેં આપણા દેશનો ત્રિરંગો લગાડ્યો હતો. હું ‘બાના’ પોસ્ટમાં શા માટે છું એનું ભાન

મને ત્રિરંગો સતત કરાવતો હતો.'

બીજો સવાલ : 'તમારા મતે ત્યાં સૌથી અઘરું કાર્ય કયું હતું ?'

વિજય ભાસ્કરનો જવાબ : 'અહીં બધા જ કામ અઘરા છે. અહીં વર્ષેદહાડે ૧૧ મીટર (૩૬ ફીટ) જેટલો હિમ પડે છે. રોજેરોજ તેને સાફ ન કરીએ તો અમારી કેબિન તેના ઢગમાં દટાઇ જાય. ઘણી વાર તો ચાલુ હિમઝંઝાવાતે અમારે બહાર નીકળીને કેબિન પરનો બરફ ખસેડવો પડે. આવા વખતે પવન એટલો જોશપૂર્વક ફૂંકાતો હોય કે શરીરને સમતોલ રાખવું મુશ્કેલ બને.'

આ સાંભળીને વધુ એક સવાલ ઊઠ્યો, '...અને સૌથી અઘરી ઘડી કઇ ?'

'એક ફૌજી માટે કસોટીજનક ઘડી એ જ હોય કે જ્યારે તે પોતાના સાથીદારને નજર સમક્ષ જાન ગુમાવતો જુએ. સિઆચેનમાં બંદૂકની ગોળીએ કે તોપોના ગોળાએ જેટલી માનવખુવારી નથી કરી એટલી ખુવારી અસહ્ય ઠંડીના વિષમ વાતાવરણે કરી છે.'



• સિઆચેન ક્ષેત્રની સૌથી ઊંચી 'બાના' ચોકીએ ફરજ બજાવી આવેલા કેપ્ટન વિજય ભાસ્કર
તસવીર : બેઝ કેમ્પ ફોટોગ્રાફર

'પૂરા ૧૩૩ દિવસ જગતથી અલિપ્ત રહ્યા પછી તમને તમારામાં કોઇ પરિવર્તન આવ્યાનું જણાય છે ?'

'બેશક, મારું વજન ૧૦-૧૨ કિલોગ્રામ ઘટી ગયું !' કેપ્ટન ભાસ્કરની ટીખળે મારા ચહેરા પર સ્મિત આણ્યું. 'ખરું પૂછો તો હું ઘણું બધું શીખ્યો. ટૂંકમાં કહું તો 'બાના' પોસ્ટ જતા પહેલાંનો વિજય ભાસ્કર અને ત્યાંથી પરત ફર્યા પછીનો વિજય ભાસ્કર જુદા છે.'

'બેશક, જુદા છે. જતાં પહેલાં તમે લેફ્ટનન્ટ હતા... પાછા ફર્યા પછી પ્રમોશન પામીને કેપ્ટન બન્યા છો.' આ વખતે મેં ટીખળ કરી.

કેપ્ટન વિજય ભાસ્કર જોડે ઘણો લાંબો વાર્તાલાપ ચાલ્યો, જે દરમ્યાન હું એ યુવાનથી વધુ ને વધુ પ્રભાવિત થતો ગયો. 'એક વાર તમે સિઆચેન મોરચે ફરજ બજાવી આવ્યા. ભવિષ્યમાં પાછા જવાનું થાય તો તૈયારી છે ?' એ અંતિમ સવાલનો કેપ્ટન ભાસ્કરે શો જવાબ દીધો એ પણ જાણી લો : 'માણસની શારીરિક મર્યાદાઓ જોતાં સિઆચેનમાં ડ્યૂટી કરી ચૂકેલા જવાનને પાછો ત્યાં મોકલાતો નથી. પરંતુ ચોકીએ જનાર સૈનિકોની ક્યારેક કમી હોય એવે વખતે કોઇ જવાન ચાહે તો સ્વેચ્છાએ એકાદ ચોકીએ ફરજ માટે જઇ શકે છે. મને એવી તક મળે તો ઝડપી લઇશ.' કેપ્ટન વિજય ભાસ્કરનો જવાબ શૂરવીરને છાજે તેવો હતો.

■

આ ફૌજી અફસર સાથે વાતચીત દરમ્યાન જાણવા મળ્યું કે ભારતીય ખુશ્કીદળ દર વર્ષે ઓગસ્ટ-સપ્ટેમ્બર માસ દરમ્યાન દેશના ચાલીસેક civilians/ સામાન્ય નાગરિકો માટે સિઆચેન હિમપહાડોની વિશેષ મુલાકાતનું આયોજન કરે છે. મુલાકાતના ઇચ્છુક ઉમેદવારો તમામ તબીબી પરીક્ષણોમાં ખરા ઉતરીને પસંદગી પામે ત્યાર પછી તેમને પર્વતારોહણની તેમજ પોચા હિમ પર ચાલવાની અત્યંત જરૂરી તાલીમ ખુશ્કીદળ પોતે આપે છે એટલું જ નહિ, પણ સ્નો-શૂઝ, જેકેટ, ગોગલ્સ, હાથમોજાં વગેરે જેવી અનિવાર્ય સાધનસામગ્રીઓ પણ પૂરી પાડે છે. સમુદ્રસપાટીથી ૩,૭૧૪ મીટરે (૧૨,૧૮૮ ફીટે) આવેલા સિઆચેન બેઝ કેમ્પ ખાતે ટ્રેઇનિંગ ત્રણ અઠવાડિયાની હોય છે, જે સફળતાપૂર્વક પૂર્ણ કરાયા પછી બેઝ કેમ્પથી શરૂ કરીને હિમાલયના ઉત્તુંગ તેમજ હિમાચ્છાદિત પર્વતોમાં ૪,૮૭૬ મીટરની

(૧૬,૦૦૦ ફીટની) ઊંચાઇએ 'કુમાર' પોસ્ટ સુધીનો (Siachen Glacier Trek કહેવાતો) ૭૦ કિલોમીટર લાંબો પગપાળા પ્રવાસ શરૂ થાય છે.

આ બધી અજાણી વિગતો જાણ્યા પછી કેપ્ટન વિજય ભાસ્કરને મેં પૂછ્યું : 'સિઆચેન અત્યંત દુર્ગમ અને જોખમી પ્રદેશ છે. લશ્કરી તાલીમ પામેલા જવાનો માટે પણ તે રોજિંદો પડકાર છે, તો પછી સામાન્ય નાગરિકો કે જેમને લશ્કરી તાલીમનો સહેજ પણ અનુભવ નથી તેમને સિઆચેન લઇ જવાનું કોઇ ખાસ કારણ ?'

'બે કારણો છે.' કેપ્ટન ભાસ્કરે કહ્યું. 'પહેલું તો એ કે સિઆચેન પર ભારતનો કાનૂની હક્કદાવો છે એ વાતનું ભાન અમે પાકિસ્તાનને તેમજ જગતના અન્ય દેશોને સતત કરાવવા માગીએ છીએ. દેશનો સામાન્ય નાગરિક સિઆચેન ક્ષેત્રની મુલાકાત લે ત્યારે તે ઘટના સમાચારમાં ચમકે છે. સિઆચેન માત્ર ભારતીય સૈનિકોના હસ્તકનો મિલિટરી ઝોન નથી, બલકે દેશના આમ આદમીની પણ તે માતૃભૂમિ છે એ હકીકત ઊભરીને લોકનજરમાં આવે છે. આમ, વિશ્વની નજરે સિઆચેન ભારતનો પ્રદેશ હોવાની છાપ જામે છે.'

'બ્રિલિયન્ટ ! ...અને બીજું કારણ ?' મેં વળતો સવાલ કર્યો.

'સિઆચેનનો લશ્કરી મોરચો ખરેખર કેવો છે, અકથ્ય ઠંડીમાં ભારતીય જવાનો ત્યાં કેવી રીતે રહે છે, તેમની દિનચર્યા શી છે, પરિવારોથી દૂર તેમની મનોસ્થિતિ શી છે... એ તમામ બાબતો દેશના લોકોએ જાણવી જોઇએ. પરિણામે સામાન્ય વ્યક્તિ--જેમ કે તમારા જેવા પત્રકાર--લાંબો, કષ્ટદાયક પ્રવાસ વેઠીને ૧૬,૦૦૦ ફીટ ઊંચે 'કુમાર' પોસ્ટ સુધી આવે અને પોતાના અનુભવો દેશના લોકો સુધી પહોંચાડે ત્યારે અમારો ઉદ્દેશ સફળ થાય છે. સિઆચેનથી લોકો માહિતગાર થાય છે.' કેપ્ટન ભાસ્કરે કહ્યું.

'બસ તો પછી, કેપ્ટન !' તરત બોલી પડાયું. 'એક રાષ્ટ્રવાદી પત્રકાર તરીકે આજે વચન આપું છું કે નજીકના ભવિષ્યમાં સિઆચેનની પહાડી પોસ્ટની મુલાકાત લેવા માટે આવીશ !'

'યુ આર મોસ્ટ વેલકમ !' કેપ્ટન ભાસ્કરે સાથે કહ્યું. 'તમે તમારા પ્રવાસના અનુભવો કલમ થકી વાચકો સુધી પહોંચાડો, જેથી તેમને ખ્યાલ આવે કે હિમશિખરોમાં આપણા જવાનોનું રોજિંદું જીવન કેવું કષ્ટદાયક છે. હા, એ વાત જુદી કે પ્રવાસમાં તમારે પોતે ઘણો કષ્ટ વેઠવાનો થશે...' કેપ્ટને ટકોર કરી.

'મને એનો વાંધો નથી.' મેં જવાબ દીધો.

■

આ નિર્ણય લેવાયાની તારીખ નવેમ્બર ૧૧, ૨૦૧૫ હતી.

સપ્ટેમ્બર, ૨૦૧૬માં યોજાનારા આગામી Siachen Glacier Trekમાં સામેલ થવું હોય તો તે માટેની તૈયારી કરવામાં દસેક મહિના જેટલો સમય હતો. માનસિક તૈયારી તો જાણે પૂરેપૂરી હતી. સવાલ શારીરિક તૈયારીનો હતો--અને સિઆચેનના વિષમ કુદરતી સંજોગોને ધ્યાનમાં લેતાં તે અત્યંત આવશ્યક હતી. ખાસ કરીને બે બાબતે :

(૧) અસહ્ય ઠંડી :

હિમાલયનાં ઉત્તુંગ પર્વતોમાં આવેલું સિઆચેન ક્ષેત્ર કુદરતી શીતાગાર જેવું છે. અહીં ઉનાળામાં રાત્રિતાપમાન શૂન્ય નીચે ૨૦થી ૩૦ અંશ સેલ્શિઅસ જેટલું રહે છે. (નવેમ્બરથી શરૂ થતા શિયાળામાં તો પારો ઓર નીચે સરકીને માઇનસ ૫૦°થી ૫૫° સેલ્શિઅસના લેવલે આવી

જાય છે). પરિણામે ગાત્રો થીજાવી દેતા સિઆચેનના વાતાવરણને સહેવાની ક્ષમતા હોવી (અને ક્ષમતા ન હોય તો તેને કેળવવી) અત્યંત આવશ્યક હતું.

(૨) મર્યાદિત ઓક્સિજનવાળી પાતળી હવામાં ઊંચા પર્વત પર આરોહણ :

સિઆચેનમાં આપણી લશ્કરી ચોકીઓ સરેરાશ ૬,૦૦૦ મીટરની (૧૯,૭૦૦ ફીટની) ઊંચાઈએ આવેલી છે, જ્યાંની પાતળી હવામાં ઓક્સિજનની માત્રા સાગરસપાટીની તુલનાએ ૫૦ ટકા કરતાંય ઓછી હોય છે. પરિણામે બર્ફીલા પર્વતો ખૂંદીને ઊંચી ચોકીઓ સુધી પહોંચવા માગતા જવાનના શારીરિક જોમની દરેક ડગલે કસોટી લેવાય છે. પ્રત્યેક શ્વાસે શરીરમાં દાખલ થતો ઓક્સિજન મર્યાદિત હોય, એટલે સ્નાયુઓ થકાવટ અનુભવવા લાગે છે. તીવ્ર ચઢાણ વખતે હૃદયના ધબકારા વધી જતાં હાંફ ચડે અને ફેફસાં રીતસર ધમણની જેમ ફૂલે ! આ બધી સંભવિત શારીરિક સમસ્યાઓ સામે ઝઝૂમવાની ક્ષમતા ખીલવવી પણ એટલી જ જરૂરી હતી.

અંગ્રેજીમાં એક સરસ, અર્થપૂર્ણ મહાવરો છે : The more you sweat in training, the less you bleed in combat/ તાલીમ વખતે જેટલો વધુ પસીનો રેડો એટલું ઓછું લોહી યુદ્ધ વખતે રેડાય છે. આ મહાવરાને મનમાં શિલાલેખ તરીકે કોતરી લીધો અને સિઆચેનની સૂચિત સફર માટે સઘન તાલીમ આરંભી દીધી. પહેલું લેસન શૂન્ય નીચે ત્રીસેક અંશ સેલ્શિઅસની અસહ્ય ઠંડી સહેવાનું હતું, જેના માટે મેં જાન્યુઆરી ૨૪, ૨૦૧૬ના રોજ અત્યંત કઠોર શિયાળામાં લદાખના ઝંસ્કાર ખીણપ્રદેશની મુલાકાત લીધી. ●

પૂ

જગતની
કરવું પડે, વિષ
રાખ્યે જ છૂટકો
પોસાય નહિ.
બન્યા સમજો.
તૈયાર કરવાનો
(૧) શૂન્ય



આ પ્રકરણની તમામ ત

ની ક્ષમતા હોવી (અને

આરોહણ :

(૧૯,૭૦૦ ફીટની)
ગરસપાટીની તુલનાએ
ચોકીઓ સુધી પહોંચવા
શ્વાસે શરીરમાં દાખલ
છે. તીવ્ર ચઢાણ વખતે
છે ! આ બધી સંભવિત
જરૂરી હતી.


eat in training, the
એટલું ઓછું લોહી યુદ્ધ
ને સિઆચેનની સૂચિત
સેલ્શિઅસની અસહ્ય
અંત કઠોર શિયાળામાં



પૂર્વતૈયારી નં. ૧ : ચાદર ટ્રૅક

જગતની સૌથી ઊંચી યુદ્ધભૂમિ સિઆચેનની મુલાકાત લેવી હોય તો શરીરને એ માટે તૈયાર કરવું પડે, વિષમ કુદરતી સંજોગો સહન કરવા મન મક્કમ રાખવું પડે અને મનોબળ તો લોખંડી રાખ્યે જ છૂટકો. આમાંથી એકેય બાબતે કાચા પડવું સિઆચેનના પહાડી ક્ષેત્રની મુલાકાત દરમ્યાન પોસાય નહિ. કારણ કે રખે કાચા પડ્યા, તો સિઆચેનમાં તૈનાત ખુશ્કીદળ પર બોજારૂપ સાબિત બન્યા સમજો. મારે એવો બોજો બનવું ન હતું, એટલે સિઆચેનના વિષમ સંજોગો સામે શરીરને તૈયાર કરવાનો મહાવરો લેવો મને જરૂરી લાગ્યો. મહાવરો બે બાબતે લેવાનો હતો :

(૧) શૂન્ય નીચે ૩૦° સેલ્શિઅસની અસહ્ય ઠંડી; (૨) મર્યાદિત ઓક્સિજનવાળી પાતળી



● આઈસ કોલ્ડ તાપમાને બર્ફીલી ચાદર બની ગયેલી લદ્દાખની ઝંસ્કાર નદી

આ પ્રકરણની તમામ તસવીરો : હર્ષલ પુષ્કર્ણા

તેમ જ ઠંડી હવામાં ઊંચા પર્વત પર આરોહણ.


આ બે પૈકી પહેલી સ્વકસોટી માટે મેં તૈયારી કરી.

ભારતનું સાઇબિરિયા ગણાતા સિઆચેનની હાડ ગાળી નાખતી ઠંડી વિશે (અગાઉના પ્રકરણોમાં) જણાવ્યું તેમ ઉનાળામાં થર્મોમીટરનો પારો શૂન્ય નીચે વીસથી ત્રીસ અંશે રહે છે, જ્યારે શિયાળામાં તો તાપમાન માઇનસ ૫૦°થી ૫૫° પહોંચી જાય છે. પરિણામે ખુશ્કીદળ જોડે Siachen Glacier Trek હેઠળ સિઆચેનનો પ્રવાસ ખેડવા માગતા વ્યક્તિએ સૌ પહેલાં તો બેસુમાર ઠંડી સહેવા માટે માનસિક તેમજ શારીરિક રીતે તૈયાર રહેવું પડે.

માનસિક રીતે તો મારી સંપૂર્ણપણે તૈયારી હતી, પણ માઇનસ 30° તાપમાનમાં શરીર કેટલો સાથ આપે તે કેમ જાણવું ? આપણા જેવા મેદાની પ્રદેશોમાં રહેતા લોકોને શૂન્ય નીચે 30° સેલ્શિઅસનું તાપમાન અનુભવવાનો મોકો કદી ન મળે, એટલે શીતાગાર જેવા કો'ક એવા સ્થળે જવું પડે કે જ્યાં થર્મોમીટરનો પારો શૂન્ય નીચે ૨૦થી ૩૦ અંશે સરી જતો હોય. સદ્‌ભાગ્યે આવું એક સ્થળ લદાખમાં જ આવેલું છે : ઝંસ્કાર નદીનો ખીણપ્રદેશ ! શિયાળાના જાન્યુઆરી-ફેબ્રુઆરી માસ દરમ્યાન અહીં તાપમાન -૨૦°થી -૩૦° સુધી પહોંચે છે અને ઝંસ્કાર નદીનું ઘણુંખરું વહેણ ત્યારે બર્ફીલી ચાદરમાં ફેરવાઇ જાય છે. રોડ-રસ્તાનું સમખાવા પૂરતુંય નેટવર્ક ન ધરાવતા ઝંસ્કાર ખીણનાં છૂટાછવાયાં ગામોના લોકો માટે તે બર્ફીલો માર્ગ લેહ સુધી પહોંચવાનો 'હાઇ-વે' બને છે.

• ચાદર ટ્રેકનો પ્રવાસ આમ તો નેરક સુધીનો હોય, પણ અમુક શોખીનો લિંગ્શેદ સુધી જાય છે

બીજી તરફ થીજેલી ઝંસ્કાર નદી ટ્રેકિંગના શોખીનો માટે આકર્ષણનું કેંદ્ર બને છે. આ નદીની બર્ફીલી ચાદર પર ચાલીને તેઓ પોતાની સહનશક્તિની, સ્નાયુશક્તિની તેમજ સાહસવૃત્તિની સ્વકસોટી લઇ શકે છે. આમ તો ચાદર ટ્રેકના નામે જાણીતા લગભગ ૯૫ કિલોમીટર લાંબા ટ્રેકની ઘણીખરી સફર થીજેલી નદી પર કરવાની હોય છે. પરંતુ રખે કશેક બરફ પાકો ન હોય અગર તો નદીનું પાણી બર્ફીલી ચાદર પર ઊંચે સુધી ચડી આવ્યું હોય ત્યારે નદીકાંઠાના પર્વત પર આરોહણ કરીને પ્રવાસ આગળ વધારવાનો થાય છે. આ કામ ભારે કસોટીજનક છે. જો કે એના કરતાં પણ વધુ કસોટીજનક હોય તો ઝંસ્કાર ખીણનું ઠંડુંગાર




થીજેલી ઝંસ્કાર પર ચાદર ટ્રેકનો રૂટ

તાપમાન, જે રાત્રિના સમયે માઈનસ ૩૦° સેલ્શિઅસ સુધી ઊતરી જાય છે. છથી સાત દિવસની અવધિના ચાદર ટ્રેક દરમ્યાન રાત્રિ નદીના પટ પર ખુલ્લા આકાશ નીચે તંબૂમાં વીતાવવી પડે છે. શરીર અને મન બેયનું ત્યારે બરાબર પારખું થાય છે.

■

કુદરતી શીતાગાર જેવા સિઆચેનની મુલાકાત લેતા પહેલાં માઈનસ ૩૦° જેટલી કાતિલ ઠંડીનો અનુભવ કરવા માટે ઝંસ્કાર નદીનો ખીણપ્રદેશ ઉચિત સ્થળ હતું. પરિણામે થીજી ગયેલી ઝંસ્કાર નદી પરનો ચાદર ટ્રેક કરવા માટે જાન્યુઆરી ૨૪, ૨૦૧૬ના રોજ હું લદ્દાખના પાટનગર લેહ પહોંચ્યો. સવારે લગભગ સાડા દસે વિમાને લેહ એરપોર્ટ પર ઉતરાણ કર્યું એ વખતે બહારનું તાપમાન શૂન્ય નીચે ૮ અંશ સેલ્શિઅસ હતું. સાગરસપાટીથી ૩,૫૦૦ મીટર (૧૧,૫૦૦ ફીટ) ઊંચાઈએ વસેલા લેહની પાતળી તેમજ ઓછા ઓક્સિજનવાળી હવામાં શરીરને અનુકૂલન સાધવા માટે ૨૪થી ૪૮ કલાક જોઈએ, માટે તે સમય શારીરિક શ્રમ કરવાને બદલે આરામમાં વીતે એ તબીબી દૃષ્ટિએ સલાહભર્યું છે. અન્યથા શ્વાસ લેવામાં તકલીફ પડવી, માથું ભમવું, ઊબકા આવવા, ફેર ચડવો, ભૂખ ન લાગવી, થકાવટ, અનિદ્રા વગેરે જેવી શારીરિક તકલીફોનો સામનો કરવો પડે તેવી સંભાવના રહે છે.

દિવસ આખો ગેસ્ટ હાઉસમાં વીતાવ્યા પછી બીજે દિવસે સવારે મિનિ બસ મારફત અમે (હું, મુંબઈથી આવેલા બીજા કેટલાક ટ્રેકર્સ તેમજ માલસામાનનો બોજો ઊંચકવા માટે રોકવામાં આવેલા પોર્ટર્સ) ચિલિંગ ગામે જવા નીકળ્યા. લેહ છોડતા પહેલાં મિનિ બસ મુખ્ય બજાર પાસે થોભી, જ્યાંથી ખાધાખોરાકીનો તેમજ કેરોસિનનો એકાદ અઠવાડિયું ચાલે એટલો પુરવઠો બસમાં ખડકી દેવામાં આવ્યો. અઢી કલાકના પ્રવાસ પછી અમે ચિલિંગથી સહેજ આગળ પહોંચ્યા, જ્યાં ઊંચા પર્વત પર અત્યંત સાંકડા, ધૂળિયા રસ્તે એક સ્થળે ડ્રાઈવરે ગાડી થોભાવી સૌને ઉતરવા માટે જણાવ્યું. અમારા લદ્દાખી પોર્ટર્સ રાંધવાના વાસણો, સ્ટવ, કેરોસિન, સ્લીપિંગ બેગ્સ, સ્લીપિંગ



• બરફની અધકચરી રચાયેલી સપાટી પર પગ મૂકતાં જ તે કાચની જેમ ભાંગે છે

મેટ્સ (પાથરણાં), ટેન્ટ (તંબૂ), અનાજ વગેરે બધું એકઠું કરીને તેમની જુદી જુદી ગઠરીઓ બાંધી. અમે સૌ ટ્રેકર્સે પોતપોતાના rucksacks/ પીઠથેલા ઉપાડ્યા અને છેવટે આખા કાફલાએ નીચે ઝંસ્કાર ખીણ તરફ પ્રયાણ કર્યું. બીજી તરફ અમારી મિનિ બસ પાછી લેહ તરફ હંકારી ગઇ. હવે એકાદ અઠવાડિયું દુનિયાથી સંપૂર્ણપણે અલિપ્ત રહેવાનું હતું--કુદરતના સાન્નિધ્યમાં !

લગભગ દોઢ-બે કલાકનું અવરોહણ કરીને સૌ ઝંસ્કાર નદીના કાંઠે પહોંચ્યા. નદીનું વહેણ બેય કાંઠે થીજીને બર્ફીલી ચાદર બની ચૂક્યું હતું, જ્યારે વચ્ચે આઇસકોલ્ડ પાણીનો પ્રવાહ ધીમા વેગે વહેતો હતો. નીલવર્ણી પાણીના એ પ્રવાહ ઉપર slush/ છીણરૂપી બરફના નાના-મોટા તરાપા તરી રહ્યા હતા. ચોતરફ ઊંચા પર્વતોથી ઘેરાયેલી ખીણની હવામાં ઠંડીનો ચમકારો હતો, તો વાતાવરણમાં અજબ પ્રકારની શાંતિ હતી. પર્વત ઊતર્યા પછી કાંઠાની બર્ફીલી ચાદર પર સૌએ પગ મૂક્યો એ સાથે શાંતિભંગ થયો ! 'કડડ્...કડડ્...', 'કડડ્...કડડ્...!' ચાદરની ઉપલી સપાટી પર છવાયેલું બરફનું પાતળું પડ અમારા દરેક ડગલે બટકતું રહીને એવો અવાજ પેદા કરવા લાગ્યું. જાણે બરફ નહિ, પણ કાચના વેરવિખેર ટુકડાઓ પર ચાલતા હોઇએ તેવો આભાસ થતો હતો. થીજેલા નક્કર બરફ પર ચાલવાનો અનુભવ અમારા સૌને માટે પહેલી વારનો હતો, એટલે લપસણા બરફ પર બેલન્સ જળવાય એ રીતે ચાલવામાં પ્રત્યેક ડગલું સાવચેતીપૂર્વક ભરવું પડતું હતું. ચાલવાની ઝડપ તેને કારણે ખાસ્સી ધીમી રહી. આ રીતે કેટલુંક અંતર કાપ્યા પછી મોડી બપોરે અમે તિલત સુમડો નામના સ્થળે (જુઓ ૬૪મે પાને નકશો) પ્રથમ કેમ્પ માટે રોકાયા.

પહેલી જ રાત્રે તાપમાન માઇનસ પચ્ચીસ !

નમતી સાંજે વાતાવરણમાં ઠંડીનો ચમકારો વધવા લાગ્યો અને પર્વતોની ઓથે સૂર્ય ઓઝલ થઇ ગયા પછી તો ઠંડી ઓર વધી. તાપમાનમાં ઘટાડાની હજી તો જો કે શરૂઆત હતી. લગભગ સાડા સાત વાગ્યે જીગ્મેત નામના લદાખી પોર્ટરે અમારા તંબૂઓ નજીક આવીને જોરમાં સાદ દીધોઃ 'સૂપ... ! સર, ગરમ સૂપ... !' ગરમાવો લેવા માટે સ્લીપિંગ બેગમાં પગ નાખીને બેઠેલા સૌ કોઇ એકસાથે બોલી ઊઠ્યા, 'વાહ ! ક્યા બાત હૈ ! જલ્દી સે લાઓ !' વીસેક વર્ષના ખંતીલા જીગ્મેતે અને તેના સાથી પોર્ટર તેન્ઝિંગે સૌને અકેક કરીને સૂપનો વાટકો હાથમાં આપ્યો. સહેજ પણ વખત ગુમાવ્યા વિના બધા પોતપોતાના વાટકા પર તૂટી પડ્યા. સૂપ શેનો બનેલો હતો ? સ્વાદમાં કેવો હતો ? એ બધું જાણવા-સમજવાની કોઇને પડી નહોતી, કેમ કે ગરમાગરમ સૂપનો પ્રત્યેક ઘૂંટડો શરીરમાં થોડોક ગરમાવો આણી રહ્યો હતો. પંદરેક મિનિટ પછી રાત્રિભોજનનું તેડું આવ્યું. હવે સૌએ પોતપોતાના તંબૂ છોડીને (તેમજ સ્લીપિંગ બેગની હૂંફ છોડીને) બહાર આવવું પડે તેમ હતું.

ચાદર ટ્રેક દરમ્યાન ભોજન રાંધવા માટે અલાયદો કિચન ટેન્ટ હોય તેમ ભોજન કરવા માટે ડાઇનિંગ ટેન્ટ પણ હોય. જો કે અમારો ડાઇનિંગ ટેન્ટ પાણીમાં પલળીને ભીનો થઇ ગયો હોવાથી ભોજન ખુલ્લા આકાશ નીચે બેસીને કરવું પડે તેમ હતું. કડકડતી ઠંડી વચ્ચે અને તારાજડિત આકાશ નીચે ટોર્ચના પ્રકાશમાં મસૂરની દાળ અને ભાતનું ખાણું જમ્યા પછી થોડી વારમાં મારા સાથી ટ્રેકર્સ પોતપોતાના તંબૂમાં ગયા--સ્લીપિંગ બેગની હૂંફ મેળવવા માટે ! મેં બર્ફીલી ચાદરના કાંઠે ટ્રાઇપોડ ગોઠવી તેના પર કેમેરા સેટ કર્યો. લદાખમાં જોવા મળે તેવું સ્વચ્છ રાત્રિઆકાશ આપણે ત્યાં શહેરી વિસ્તારમાં કદાપિ દેખાય નહિ, એટલે નાઇટ ફોટોગ્રાફીની તક જતી કરવાનો



સવાલ નહોતો. આકાશમાં આપણી દૂધગંગાનો રૂની પૂણી જેવો પટ્ટો સ્પષ્ટ દેખાતો હતો, જેમાં તારાઓનો તેમજ તારાગુચ્છોનો સુમાર નહોતો.

લગભગ દોઢેક કલાક સુધી તારાજડિત રાત્રિઆકાશની સંખ્યાબંધ તસવીરો ખેંચ્યા પછી ટ્રાઈપોડ સંકેલીને મારા ટેન્ટમાં ગયો. ગાઢ અંધકાર વચ્ચે સ્લીપિંગ બેગમાં જેમ તેમ કરીને વ્યવસ્થિત સમાયા બાદ હજી તો માંડ ઊંઘવાની તૈયારી કરી ત્યાં તો ટેન્ટમાં એકાએક ઉજાસ પથરાયો. નહિ, એ પ્રકાશ ટોર્ચનો નહોતો. સામેના પર્વત પાછળથી ચંદ્રોદય થઇ રહ્યો હતો અને કાજળઘેરી રાતને તેણે પોતાની ચાંદની વડે ઉજાસમય કરી હતી. આ તો ફોટોગ્રાફી માટેની વધુ એક તક ! હું સ્લીપિંગ બેગમાંથી સફાળો બહાર નીકળી આવ્યો, કેમેરા હાથમાં લીધો અને ટેન્ટની બહાર એક ઠેકાણે ફરી વખત ટ્રાઈપોડ જમાવી.

હજી થોડી મિનિટો પહેલાં જ્યાં ટોર્ચના પ્રકાશ વિના એકેય ડગલું માંડી નહોતું શકાતું ત્યાં હવે બધું જ સ્પષ્ટ દેખાતું હતું. પૂર્ણ કળાએ ખીલેલા ચંદ્રએ આસપાસના ઊંચા પર્વતોને ઉજાસમય કરી દીધા હતા, જ્યારે ઝંસ્કાર નદી પરનો સફેદ બરફ ચાંદનીમાં ધોળકાતો હતો. દૃશ્ય મુગ્ધ કરી દે તેવું હતું, તો ઠંડી હાડ ગાળી નાખે તેવી હતી. નદી, પર્વતો, આકાશ વગેરેના સંખ્યાબંધ ફોટા લેવામાં એકાદ કલાક વીત્યો ત્યાં અમારો લદાખી ગાઈડ (નામ : તુન્ડુપ યાંગજોર) ઓચિંતો પ્રગટ થયો. મને બહાર જોઈ તેને આશ્ચર્ય થયું. 'સર, બહુત લેટ હો ગયા હૈ... અબ આરામ કીજિયે. ઠંડ ભી બહુત હૈ.' મૃદુભાષી તુન્ડુપે કહ્યું.

'ટાઈમ ક્યા હુઆ હૈ ?'


'૧૨:૧૦ બજ ગયે, સર.'

• ચંદ્રના પ્રકાશે ઉજાસભરી બનાવી દીધેલી તારાજડિત રાત



સમયનું સાચે જ ભાન ન રહ્યું. કડકડતી ઠંડીનું પણ નહિ ! ચાંદનીના ઉજાસમાં તુન્ડુપના ગળામાં હોકાયંત્ર-કમ-થર્મોમીટર લટકતું જોઇ મેં તેને નજીક બોલાવ્યો અને ટોર્ચનો શેરડો થર્મોમીટર પર તાક્યો. 'ઓહ ! માઇનસ પચ્ચીસ !' ઉત્તેજનાથી બોલી પડાયું.

'ક્યું સર ? અબ આપકો ઠંડ લગને લગી ?' તુન્ડુપે હળવી મજાક કરી. થોડી વારમાં ટ્રાઇપોડ સંકેલીને અમે બેઉ પોતપોતાના ટેન્ટમાં ગયા. (તુન્ડુપ અને તેના લદાખી સાથીઓ કિચન ટેન્ટમાં સાંકડમોકળ સૂતા હતા, જ્યારે ટેન્ટમાં જગ્યાના અભાવે કેટલાક પોર્ટર્સ બહાર ખુલ્લામાં જ ઊંઘી ગયા હતા). સ્લીપિંગ બેગમાં દાખલ થવાનો પડકાર તો હજી ઊભો હતો. દસ-બાર મિનિટે તે પડકાર સફળતાપૂર્વક પાર પડ્યો અને આખરે ઊંઘવાભેગો થયો. મોડે સુધી જો કે ઊંઘ ન આવી. આખા દિવસ દરમ્યાન થયેલા અનુભવોનું વિશ્લેષણ કરવામાં મગજ પરોવાઇ ગયું હતું. બરફ પર સાવચેતીપૂર્વક ચાલવું, ઠંડી સૂકી હવામાં નસકોરાં તેમજ જીભ સૂકાઇ જવાં, ગળું અને શ્વાસનળી કોરાં પડવાથી વારંવાર ખાંસી આવવી, હાડ ગાળી નાખતી ઠંડીનો સામનો કરવો વગેરે અનુભવોને સિઆચેન પહાડોમાં તૈનાત આપણા જવાનોના પરિપ્રેક્ષ્યમાં મૂક્યા પછી એ વાતનો આંશિક ખ્યાલ મળ્યો કે હિમપર્વતો વચ્ચે એ જાઁબાઝોની રોજિંદા ધોરણે કેવી આકરી કસોટી થતી હશે ? ચાદર ટ્રેક પર હજી તો પહેલો દિવસ હતો. આગામી દિવસોમાં થનારા અનુભવો નવા વિચારબીજ આપવાના હતા અને સિઆચેનના નરબંકાઓ માટેનો આદર, લાગણી અને ગર્વ નવી બુલંદીએ પહોંચવાના હતા.



• રૈનબસેરા : ૭ ફીટ બાય ૫ ફીટના 'ડબલ બેડ' સ્લીપિંગ ટેન્ટ

■

બીજે દિવસે સવારે સાત વાગ્યે ટેન્ટમાંથી બહાર નીકળીને જોયું તો બરફની ફોતરીઓ ટેન્ટ પર જામેલી હતી. રાત દરમ્યાન વાતાવરણનો નજીવો ભેજ જલબિંદુરૂપે ઠર્યા પછી બરફમાં ફેરવાયો હતો. રાત આખી બહાર પડી રહેલા રબ્બરના ગમબૂટ ઠંડીમાં સહેજ સંકોચાઇને કઠણ તેમજ ઠંડાગાર બન્યા હતા. સામાન્ય કરતાં જરા વધુ પ્રયત્નપૂર્વક તેમજ બળપૂર્વક તેમને પહેરીને લટાર મારવા નીકળ્યો. વાતાવરણમાં હજી બેઠો ઠાર હતો અને ચોતરફ બધે સોપો હતો. સાથી ટ્રેકર્સની તેમજ કિચન ટેન્ટમાં સૂતેલા મદદનીશોની સવાર હજી પડી નહોતી. રખે પડી હોય તો સ્લીપિંગ બેગ અને ટેન્ટ છોડી કોઇને બહાર આવવું નહોતું. ઝંસ્કાર નદીના ઠંડાગાર પાણી વડે હાથ-મોં ધોયા પછી કિચન ટેન્ટમાં સૂતેલા ગાઇડ તુન્ડુપ એન્ડ કંપનીને 'મોર્નિંગ અલાર્મ' આપીને જગાડ્યા. મને નજર સામે ઊભેલો જોઇ છોભીલા પડી ગયેલા એ સૌ ચાબૂક ખાધેલા ઘોડાની જેમ તત્કાળ ઊભા થઇ ગયા અને જોતજોતામાં પોતાના કામે લાગી ગયા. ચુસ્તી-સ્ફૂર્તિના પર્યાય એવા તેન્ઝિંગ નામના યુવાન પોર્ટરે કેરોસિન સ્ટવ ચેતાવ્યો, એટલે રસોઇયાએ ચા મૂકી. દરમ્યાન જીગ્મેતે સાથી ટ્રેકર્સને ઊઠાડ્યા.

અડધો-પોણો કલાકમાં ચા-નાસ્તો કરીને સૌ પરવારી રહ્યા, એટલે ગાઇડ તુન્ડુપે પ્રવાસ આરંભવાની તૈયારી કરી. પોર્ટર્સે બધાના સ્લીપિંગ બેગ, મેટ અને ટેન્ટ સંકેલી લીધા. કિચન ટેન્ટ અને રસોઇનો સામાન પણ સંકેલી લેવામાં આવ્યો. સફર શરૂ કરતા પહેલાં યાદ આવ્યું કે આજે ૨૬મી જાન્યુઆરી એટલે કે પ્રજાસત્તાક દિન છે. ટ્રેકિંગ ટુકડીના સૌ સભ્યો લાઇનમાં શિસ્તબદ્ધ ઊભા અને 'જન, ગણ, મન...'નું રાષ્ટ્રગીત લલકાર્યું. સલામી આપવા માટે તિરંગો નહોતો, એટલે મારા મોબાઇલ ફોનમાં રહેલી રાષ્ટ્રધ્વજની તસવીર વડે કામ ચલાવવામાં આવ્યું. 'જય હિંદ !', 'વંદે માતરમ્ !' અને 'ભારત માતા કી જય !'નાં બુલંદ સૂત્રોચ્ચાર પછી અમે સૌએ બર્ફીલી ચાદર પર ચાલવાનું શરૂ કર્યું. પ્રવાસનું અંતર તેમજ અવધિ બેઉ લાંબા હતા, માટે સહેજ ઉતાવળા પગલે ચાલવાનું અમારા ગાઇડ તુન્ડુપે આગોતરું કહી રાખ્યું હતું.

• પાણી નક્કર સ્વરૂપે થીજી ગયું હોય ત્યારે ચાદર પર ચાલવામાં જોખમ નહિ, પણ ચાદર બરફની બારીક ફોતરીરૂપે હોય ત્યારે શરીરનું વજન ખમી ન શકે. આવા વખતે પહાડનો રસ્તો લેવો પડે


દોઢેક કલાકનો પ્રવાસ ખેડ્યા પછી એક સ્થળે ફરજિયાત થોભવું પડ્યું. ઝંસ્કાર નદીનું પાણી ત્યાં બરાબર થીજ્યું નહોતું. તુન્ડુપની ભાષામાં કહો તો ચાદર ખૂબ જ કમજોર હતી, માટે તેના પર ચાલી શકાય તેમ નહોતું. વળી કાચા બરફ નીચે પાણીની ઊંડાઇ પણ ઘૂંટણ સુધીની હતી. તુન્ડુપે સૌને જણાવ્યું, 'યહાઁ ચાદર નહીં હૈ... હમેં પહાડ કે રાસ્તે જાના પડેગા...'



આ સાંભળીને સૌનાં મોતિયાં મરી ગયાં, કેમ કે નજર સામે દેખાઇ રહેલો પહાડ અસાધારણ હતો. ચઢાણ તીવ્ર હતું એટલું જ નહિ, પણ ધૂળ-ઢેફાંવાળો માર્ગ એવો લપસણો કે રખે ત્યાંથી છટક્યા તો સીધા નીચે નદીના આઇસ કોલ્ડ પાણીમાં! હિંમત જુટાવીને સૌએ પહાડ પર આરોહણ શરૂ કર્યું. એકની પાછળ એક સલામત અંતરે બધા ગોઠવાયા અને માંડ એકાદ ફૂટ પહોળી સાંકડી કેડી પર ચાલવા લાગ્યા. એક તરફ ઊંડી ખાઇ હતી, તો બીજી બાજુ ઊંચો પર્વત કે જેના પર 'રામભરોસે' ટકી રહેલા નાના-મોટા ખડકો કઇ ઘડીએ ઓચિંતા ધસી આવે તે કોણ જાણે ! કોઇ પણ પ્રકારના ટેકા વિના સાંકડી કેડીએ દરેક ડગલું



સાવચેતીપૂર્વક માંડવું અને વળી પ્રત્યેક ડગલે વધુ ને વધુ ઊંચે ચડતા જવું તો જાણે મુશ્કેલ કાર્ય હતું, પણ ખભે ભરાવેલા વજનદાર થેલા તે કાર્યને વધુ મુશ્કેલ બનાવી દેતા હતા. આ દૃષ્ટિએ અમારા કરતાં વધુ કફોડી સ્થિતિ જીગ્મેત અને તેન્ઝિંગ જેવા પોર્ટર્સની હતી, જેઓ પીઠે સરેરાશ ૩૦-૩૫ કિલોગ્રામનો બોજો લાદીને આરોહણ કરી રહ્યા હતા.



• બર્ફીલી ચાદર જ્યાં અધકચરી હોય ત્યાં પર્વતારોહણ કરીને પ્રવાસ કરવો પડે છે

ઝંસ્કાર નદીના વહેણથી લગભગ ૫૦-૬૦ મીટર ઊંચે પહોંચ્યા પછી અવરોહણ શરૂ થયું, જેમાં પણ પ્રત્યેક ડગલે જોખમનો પાર નહોતો. અગાઉ નોંધ્યું તેમ માર્ગ લપસણો હોવાથી ઊતરતી વેળાએ કાંકરી-ઢેફાં પર પગ સરકી જાય એવી સંભાવના હતી, એટલે અમારા ગાઇડ તુન્ડુપે સૌને વારાફરતી નીચે આવવા જણાવ્યું. શરીરનું સંતુલન જાળવવા માટે ક્યારેક ટટ્ટાર પોઝમાં, ક્યારેક પાછળ તરફ સહેજ ઝૂકીને, ક્યારેક ઘૂંટણ વાળીને તો ક્યારેક રીતસર જમીન પર જરાતરા સરકીને સૌ હેમખેમ નીચે ઊતરી આવ્યા. તુન્ડુપ એન્ડ કંપનીએ ત્યારે હર્ષનાદો વડે સૌને વધાવી લીધા. દોઢ-બે કલાકનો ચેલેન્જ, ઉત્તેજના અને ઉચાટવાળો પ્રવાસ આખરે પૂરો થયો ! હવે આગામી સફર બર્ફીલી ચાદર પર ખેડવાની હતી. થોડીક વાર વિસામો લીધા પછી બધાએ ચાલવાનું શરૂ કર્યું. એક સાથી ટ્રેકરે ત્યારે પાછળના પર્વત સામે નજર નાખીને કહ્યું, 'આપણે સાચે જ પેલો પર્વત ચડીને આવ્યા ? ઇમ્પોસિબલ ! મને હજી વિશ્વાસ નથી થતો.'

'બેશક, નવાઈની જ વાત છે...' મેં કહ્યું. '...પણ આવા પ્રવાસો માણસને પોતાની ક્ષમતા વિશેના ખ્યાલ ઘણી વાર બહુ સુખદ રીતે બદલી આપતા હોય છે.'

આ પ્રસંગે વળી નવું વિચારબીજ આપ્યું : સિઆચેનનો પ્રત્યેક જવાન બેઝ કેમ્પથી સરેરાશ ૨૦ કિલોગ્રામનો બોજો ઉપાડીને હિમપર્વતોમાં છએક હજાર મીટર ઊંચે આવેલી આપણી ચોકીએ જાય છે. રોજના ૧૫થી ૧૭ કિલોમીટર લેખે કરાતા આરોહણમાં અડચણોનો તેમજ પડકારોનો પાર નથી. ઊંચાઇ જેમ વધે તેમ હવા ઉત્તરોત્તર સૂકી અને પાતળી બનતી જાય, તાપમાનમાં ગિરાવટ આવતી જાય અને હવામાં ઓક્સિજનની માત્રા ઘટતાં પ્રત્યેક ડગલું પુષ્કળ થકવનારું બને. વળી ઘૂંટણ સુધી (ક્યારેક તો કમર સુધી) ખૂંપી જવાય એટલા હિમમાં ચાલતી વખતે તો જાણે શારીરિક ઊર્જાનું એકેક ટીપું નીચોવાઇ જાય છે. વધુ એક સમસ્યા ઊંડી ખીણ જ્યાં હોય ત્યાંના સાંકડા પહાડી માર્ગે ચાલતી વેળાએ સંતુલન જાળવવાની છે. એમાંય ખીણના માર્ગેથી ઘણી વાર દોઢસો કિલોમીટરની રફતારે ઠંડોગાર તેમજ

તા જવું તો જાણે મુશ્કેલ કાર્ય
નાવી દેતા હતા. આ દૃષ્ટિએ
ની હતી, જેઓ પીઠે સરેરાશ

વહેણથી લગભગ ૫૦-૬૦
ઠી અવરોહણ શરૂ થયું, જેમાં
મનો પાર નહોતો. અગાઉ
ો હોવાથી ઊતરતી વેળાએ
સરકી જાય એવી સંભાવના
ાઈડ તુન્ડુપે સૌને વારાફરતી
શરીરનું સંતુલન જાળવવા
માં, ક્યારેક પાછળ તરફ
ઘૂંટણ વાળીને તો ક્યારેક
રાતરા સરકીને સૌ હેમખેમ
તુન્ડુપ એન્ડ કંપનીએ ત્યારે
વી લીધા. દોઢ-બે કલાકનો
ઉચાટવાળો પ્રવાસ આખરે
ની સફર બર્ફીલી ચાદર પર
વાર વિસામો લીધા પછી
્યું. એક સાથી ટ્રેકરે ત્યારે
જર નાખીને કહ્યું, 'આપણે
ને આવ્યા ? ઈમ્પોસિબલ !
થતો.'
જ વાત છે...' મેં કહ્યું.
માણસને પોતાની ક્ષમતા
ર બહુ સુખદ રીતે બદલી

વું વિચારબીજ આપ્યું :
ે ઉપાડીને હિમપર્વતોમાં
થી ૧૭ કિલોમીટર લેખે
વધે તેમ હવા ઉત્તરોત્તર
ને હવામાં ઓક્સિજનની
રેક તો કમર સુધી) ખૂંપી
ટીપું નીચોવાઈ જાય છે.
ચાલતી વેળાએ સંતુલન
રફતારે ઠંડોગાર તેમજ


ઝંઝાવાતી પવન ફૂંકાય ત્યારે તો જવાન માટે બેલન્સિંગ ઓર કઠિન બને છે. ગાત્રો શિથિલ કરી દે તેવા સૂસવતા પવનમાં પગ જરાતરા ડગમગ્યા વિના રહેતા નથી. આમ છતાં આવી બધી અડચણો સામે થંભી જાય તે ભારત માતાના સપૂતો નહિ ! શારીરિક સ્વાસ્થ્યને દાવ પર લગાવીને તેઓ પોતાની ફરજ બજાવે છે.

■

બર્ફીલી ચાદર પર પગપાળા ચાલવામાં કેટલાંક અણધાર્યાં જોખમો રહેલાં છે, જેમનો પ્રેક્ટિકલ પરચો અમને ટ્રેકના ત્રીજા દિવસે મળ્યો. થીજી ગયેલી નદીની સપાટી કહેવાય બરફની, પણ બરફમાં વળી ખાસ્સું વૈવિધ્ય છે. જેમ કે ક્યાંક સપાટી પર બરફ ફોતરીઓરૂપે જામેલો હોય, ક્યાંક પોચા હિમનો થર બન્યો હોય, ક્યાંક દુધિયા સફેદ બરફની ખરબચડી સપાટી, તો ક્યાંક બિલકુલ પારદર્શક બરફની અત્યંત લીસ્સી કાચ જેવી ફરસ હોય છે. જે તે સપાટી મુજબ પગલાં માંડો તે જરૂરી નહિ, બલકે અનિવાર્ય છે. દા.ત. પોચા હિમ પર ચાલતી વેળાએ પગને જમીનથી અધ્ધર કરીને ડગલાં ભરી શકાય, પરંતુ બર્ફીલી સપાટી જ્યાં લીસ્સી (માટે લપસણી) હોય ત્યાં એ રીતે ચાલવું હિતાવહ નથી. લીસ્સી સપાટી જોડે પગની પકડ જામેલી રહે એ ખાતર પગ ઊંચકીને નહિ, પણ સપાટી પર તેને રીતસર ઘસડીને ચાલવું રહ્યું.

બર્ફીલી ચાદર પર બે દિવસ ચાલ્યા પછી કેવી સપાટી પર કેમ ચાલવું તેનો અમને ઠીક ઠીક મહાવરો થઇ ચૂક્યો હતો. છતાં બેથી ત્રણ વાર જોરદાર પછડાટ સાથે પડવાનો વખત સૌનો આવ્યો. જોશપૂર્વક બર્ફીલી સપાટી જોડે ટકરાયા પછી ક્ષણભર તો રીતસર તમ્મર ચડ્યાં. એકાએક

● દેખાવે નદીના પ્રવાહ જેવો લાગતો બરફ અત્યંત ઘટ્ટ છે તેમ લીસ્સો પણ છે. આવી સપાટી પર લપસી પડવાનું જોખમ પૂરેપૂરું !



શું બન્યું એનો સૂઝકો જ પડ્યો નહિ. અનુભવે સૌને જણાયું કે નક્કર તેમજ અમુક જગ્યાએ ઉપસીને નાના-મોટા ટેકરારૂપે જામીને સોલિડ બનેલા બરફ પર ઓચિંતા પછડાટ ખાવી એ નક્કર, ખડકાળ ભૂમિ પર પડવા બરાબર છે. એક કરતાં વધુ વખત પડ્યા છતાં અને સારી એવી ચોટ વાગવા છતાં સૌ ઊભા થઈને ફરી ચાલવા લાગતા હતા.

ચાદર ટ્રેકનું વધુ એક જોખમકારક પાસું નદીનું આઇસ કોલ્ડ પાણી હતું, જેનાથી પગને સુરક્ષિત રાખવા માટે રબ્બરના ગમબૂટ પહેરવા જરૂરી છે. સામાન્ય સ્પોર્ટ્સ શૂઝ ચાદર ટ્રેક પર નકામાં, કેમ કે નદીનું પાણી રખે તેમાં ઘૂસી જાય તો પગની કુલફી જામવા માંડે છે. આંગળા શિથિલ થવા લાગે અને frostbite/ હિમડંખનુંય જોખમ ખરું ! રબ્બરના ગમબૂટ પગના ગોટલાને આવરી લે એટલે ઊંચે સુધી લંબાતા હોય, માટે તેમાં પાણી દાખલ થવાનો સવાલ નહિ. આમ છતાં તે ઊંચાઈ કરતાં ઊંડા પાણીમાંથી ચાલવાનું થાય ત્યારે ગમબૂટના પહોળા મોઢા મારફત દાખલ થતું નદીનું બર્ફીલું પાણી પગના તળિયા સુધી પહોંચી જાય છે. આ સ્થિતિ અત્યંત ત્રાસદાયક છે, કારણ કે ઠંડું પાણી જોતજોતામાં પગના તળિયાની તમામ ઉષ્મા શોષી લે. તળિયું તેમજ આંગળાં ઠંડાગાર બને અને ત્યાંની સૂક્ષ્મ રક્તવાહિનીઓ સંકોચાતા રક્તપ્રવાહ ધીમો પડે. થોડી મિનિટોમાં તો આંગળાં બહેર મારવા લાગે છે.

ત્રીજા દિવસના ટ્રેક દરમ્યાન એક સ્થળે લગભગ ત્રીસેક મીટર લાંબા પટ્ટામાં ચાદર કાચી હતી. અર્થાત્ ઉપરની સપાટી સોલિડ બરફમાં ફેરવાઇ નહોતી. અમુક ઠેકાણે બરફ ફોતરીઓરૂપે હતો. અમારા ગાઇડ તુન્ડુપે પાણીમાં લાકડી ખોસીને ઊંડાઇનો ક્યાસ લીધો અને પછી સૌને આસ્તે

• *બરફ પર સરકતી સ્લેજગાડી પોર્ટરને સામાન ઊંચકવાના શ્રમમાંથી રાહત આપે છે*



તેમજ અમુક જગ્યાએ
તા પછડાટ ખાવી એ
છતાં અને સારી એવી

હતું, જેનાથી પગને
શૂઝ ચાદર ટ્રેક પર
વા માંડે છે. આંગળા
બૂટ પગના ગોટલાને
વાલ નહિ. આમ છતાં
મોઢા મારફત દાખલ
અત્યંત ત્રાસદાયક છે,
તળિયું તેમજ આંગળાં
પડે. થોડી મિનિટોમાં

પટ્ટામાં ચાદર કાચી
બરફ ફોતરીઓરૂપે
અને પછી સૌને આસ્તે



આસ્તે આગળ વધવા જણાવ્યું. કેટલાંક ડગલાં ચાલ્યા પછી ઓચિંતો કડાકો થયો. કાચા બરફની સપાટી ભાંગવાનો તે અવાજ હતો. નીચે તરફ નજર નાખીને જોયું તો મારો જમણો પગ બર્ફીલી સપાટી તોડીને નદીના પાણીમાં બાર-પંદર ઇંચ ગરકાવ થયો હતો. બર્ફીલા પાણીએ જોતજોતામાં ગમબૂટને 'છલોછલ' ભરી દીધું. આગળ ચાલી રહેલા તુન્ડુપે બૂમ પાડીને કહ્યું, 'સર, આરામ સે... પૈર નીકાલને મેં જલ્દબાજી મત કરના... બર્ફ કી ધાર તેજ હોગી. આપ કો લગ સકતી હૈ.'

પગના વજનથી જ્યાં બાકોરું પડેલું તેની આસપાસનો બરફ સાચે જ ધારદાર હતો. રઘવાટ યા ઉતાવળ વિના આસ્તે આસ્તે મેં પગ બહાર કાઢ્યો. કેટલીક મિનિટો એમ કરવામાં વીતી. દરમ્યાન બીજો પગ જ્યાં ટેકવેલો ત્યાંનો બરફ ભાંગ્યો નહિ એટલું સદ્‌નસીબ ! અન્યથા માઇનસ બાર-પંદર અંશ સેલ્શિઅસ જેટલી કડકડતી ઠંડી વચ્ચે ઠંડાગાર પાણીમાં ખાબકવાનું થયું હોત.

'સર, પૈર કી ઉँગલિયોં કો હિલાતે રહીએ.' તુન્ડુપે બીજી સૂચના આપી. આંગળીઓમાં લોહીનો પ્રવાહ ચાલુ રહે એ ખાતર તેમનું હલનચલન કરવું અનિવાર્ય હતું. 'જૂતે મત નિકાલના...'

'ઠીક હૈ.'

પાણીમાં લથબથ થયેલાં મોજાં વાતાવરણની સૂકી અને ઠંડી હવાના સંપર્કમાં આવે તો મોજાંનું પાણી થોડી વારમાં હિમકણોમાં ફેરવાઇ જાય અને હિમડંખનું જોખમ ઓર વધે. (જુઓ, ૩૬મે પાને હિમડંખની સમજૂતી). સિઆચેનના મોરચે દર વર્ષે સેંકડો જવાનો હિમડંખને કારણે પોતાના અંગૂઠા કે આંગળા ગુમાવે છે. ગેંગ્રિનનો ભોગ બનેલું નાકનું ટેરવું કાપીને પ્લાસ્ટિક સર્જરી કરવી પડી હોય તેવા જવાનોની સંખ્યા પણ ઘણી મોટી છે. સિઆચેનમાં તૈનાત આપણા સાહસિકોની બલિહારી પણ જુઓ : એક તરફ પાતળી હવામાં ભૂખ મરી જાય, બીજી તરફ આવશ્યક કેલરીની ખોટ પૂરવા શરીર ચરબીનો પુરવઠો ઝડપભેર બાળતું રહે, ત્રીજી તરફ આરોહણના પ્રત્યેક ડગલે ઠંડીનું પ્રમાણ વધે અને ચોથી તરફ ચરબીના થરની નાબૂદીને લીધે ઠંડી ઓર લાગે અને ચરબી વગર માંસપેશીને હિમડંખનું જોખમ વધે !

હિમડંખ અંગે માફકસરની જાણકારી હતી, એટલે સહેજ પણ ધીરજ ગુમાવ્યા વિના પાણીભરેલાં ગમબૂટ સાથે જ આસ્તે આસ્તે ચાલવાનું શરૂ કરી દીધું. પગનું તળિયું તેમજ આંગળીઓ ખોટા પડી ગયા જેવું લાગતું હતું. પરંતુ આગળ ચાલ્યા વિના છૂટકો નહોતો. મારા સાથી ટ્રેકર્સ પૈકી ત્રણ જણાના ગમબૂટમાં પણ આઇસ કોલ્ડ પાણી ઘૂસી ગયું હતું. ગમબૂટમાં પગના પંજાને સતત સ્પર્શ કરતા પાણીથી અને લથબથ મોજાંથી સૌને છૂટકારો જોઇતો હતો, પરંતુ બૂટમાંથી પગ બહાર કાઢવો હિતાવહ ન હતો. થોડુંક અંતર કાપ્યા પછી એક સ્થળે સૂર્યનો જરા આકરો તડકો દેખાયો. અહીં ગરમાવો લેવા માટે નદીકાંઠાના ખડકો પર સૌ બેઠા. હવે ગમબૂટ કાઢી નાખવામાં જોખમ નહોતું. બધાએ પોતપોતાના બૂટમાંથી પગ (અને સાથે પાણી) કાઢ્યા, કોરા કપડા વડે બૂટની આંતરિક સપાટી લૂંછી, ભીનાં મોજાં કાઢી નાખ્યાં અને ખુલ્લા પગને તડકામાં શેકી થોડીક હૂંફ મેળવી. બપોરનું લન્ચ તૈયાર કરવા માટે ચેતાવવામાં આવેલા સ્ટવ વડે પાણી ગરમ કરીને પગના તળિયે નહિ, પણ ગોટલા પર તેનો 'અભિષેક' કર્યા પછી વધુ રાહત મળી. અડધો કલાક બાદ નવાં મોજાં પહેરીને પ્રવાસ આગળ ચલાવ્યો.

એક આડવાત : ચાદર ટ્રેક દરમ્યાન ગમબૂટમાં પાણી ઘૂસી જવાના કિસ્સા ત્રણેક વાર બન્યા. ઘણા દિવસો સુધી પગના પંજામાં વારંવાર ખાલી ચડી જવાનો, ઝણઝણાટી થવાનો તેમજ ટાંકણી ભોંકાતી હોવાનો અનુભવ થતાં (અમદાવાદ પરત ફર્યા બાદ) ડોક્ટરની મુલાકાત લીધી. કેસનું

બેકગ્રાઉન્ડ જાણ્યા પછી અને તબીબી પરીક્ષણ કર્યા પછી તેમણે જણાવ્યું કે હિમડંખની નજીવી અસર છે. પગમાં રક્તપ્રવાહ ફરી નોર્મલ થતાં બે-ત્રણ મહિના જેટલો સમય લાગશે--અને લાગ્યો પણ ખરો. દરમ્યાન પગમાં અનુભવાતી ઝણઝણાટી સિઆચેન હિમપહાડોમાં frostbite/ હિમડંખનો ભોગ બનતા આપણા પ્રહરીઓની સતત યાદ અપાવતી રહી.

■

ત્રીજા દિવસનો ટ્રેક સાંજે લગભગ પાંચેક વાગ્યે સોમો નામના સ્થળે પૂરો થયો. સૂર્ય ઊંચા પહાડો પાછળ ઢંકાઇ ગયો હતો, એટલે ઠંડી જણાવા લાગી હતી. સ્લીપિંગ ટેન્ટ જ્યાં ખોડેલા તેની પાછળ આવેલી સાંકડી ખીણ તરફથી પવનનો જોશીલો સૂસવાટો ઠંડીમાં ઓર વધારો કરી રહ્યો હતો. પવનની થાપટોમાં સ્લીપિંગ ટેન્ટ સતત 'ફડ... ફડ...' થતા હતા. દિવસ આખો ચાલીને થાકેલા અને એક કરતાં વધુ વખત લપસીને પડ્યા બાદ મૂઢ મારનો દુખાવો અનુભવી રહેલા સૌના હાથમાં ગરમ ચાનો પ્યાલો મૂકતી વખતે પોર્ટર જીગ્મેતે અને તેન્ઝિંગે કહ્યું, 'સર, ટેન્ટ કી ઝીપ બંધ કરકે રખના... વરના હવા મેં ટેન્ટ બલૂન કી તરહ ઊડ જાયેંગે !'

આ સાંભળી સૌ કોઇ હસી પડ્યા. એક ટ્રેકરે કહ્યું, 'રાત કો જબ હમ સો રહે હોંગે તબ ટેન્ટ ઊડ ગયે તો ?'

'ફિર ઉપર સિતારે ગિનના...' જીગ્મેત તરત બોલ્યો.

આ નોબત તો જાણે ન આવી, પરંતુ આખી રાત પવનના સૂસવાટામાં ટેન્ટને વારંવાર જોશપૂર્વક હાલકડોલક થતો જોઇ સૌ થોડાઘણા ચિંતાતૂર બન્યા હતા. હવામાં બેસુમાર ઠંડી હતી, પણ ટેન્ટની સલામતીને લઇને મનમાં વ્યાપેલા ઉચાટે કદાચ તે વરતાવા ન દીધી. વહેલી સવારે તુન્ડુપે સમાચાર આપ્યા, 'સર, કલ રાત દો બજે મૈં ઊઠા થા. ટેમ્પ્રેચર તબ માઇનસ ટ્વેન્ટી એઇટ થા ! આપ લોગોં કો ઠંડ તો નહીં લગી ?'

'..........' સૌના મોઢા પર હળવું સ્મિત હતું.

'રાત્રે આપણાં તંબૂ ફંગોળાઇ ગયાં હોત તો આપણી શું હાલત થઇ હોત એ વિચારીને ધ્રૂજારી છૂટી જાય છે.' એક જણે ટકોર કરી.

'ખરી વાત છે. પણ એ સંદર્ભે વિચાર કરવા જેવી વાત બીજી છે. ધ્યાનથી સાંભળો.' સૌને એકત્રિત કરીને મેં કહ્યું. 'સિઆચેનમાં આપણી ચોકીઓમાં જવાનો ટેન્ટમાં રહે છે. મધ્યમ કદના એક ટેન્ટમાં ત્રણથી ચાર જવાનો રહે છે. સરેરાશ ૬,૦૦૦ મીટરની ઊંચાઇએ ક્યારેક એટલો જોશીલો પવન ફૂંકાય છે કે ટેન્ટને હવામાં ફંગોળી દે છે. માથા પરથી છાપરું ઊડી ગયા બાદ જવાનોએ ખુલ્લા વાતાવરણમાં રહેવું પડે છે.'

'ઓહ ! સાચે જ ?' સૌને આશ્ચર્ય થયું. 'ખુલ્લામાં કડકડતી ઠંડી વચ્ચે તો પછી તેમણે કેટલો વખત વીતાવવો પડે ?'

'ટેન્ટ નવેસરથી ઊભો ન થાય ત્યાં સુધી.'

'તો પછી આપણી સરકાર ત્યાં સિમેન્ટ-કોન્ક્રિટનાં પાકાં મકાનો જ કેમ બાંધી દેતી નથી ?' એક ટ્રેકરે સવાલ કર્યો.

'મકાનનો પાયો નાખવા માટે નીચે નક્કર, ખડકાળ સપાટી જોઇએ. ઊંચા પર્વતોમાં વારંવાર થતી હિમવર્ષાએ બરફનો એટલો જાડો પોપડો રચી દીધો હોય કે પર્વતની ખડકાળ સપાટી તો ક્યાંય ઊંડે દફન પામી હોય.'

હિમડંખની નજીવી
સમય લાગશે--અને
હાડોમાં frostbite/

રો થયો. સૂર્ય ઊંચા
જ્યાં ખોડેલા તેની
વધારો કરી રહ્યો
સ આખો ચાલીને
અનુભવી રહેલા
હ્યું, ‘સર, ટેન્ટ કી

રહે હોંગે તબ ટેન્ટ

ટેન્ટને વારંવાર
સુમાર ઠંડી હતી,
. વહેલી સવારે
સ ટ્વેન્ટી એઈટ


વિચારીને ધ્રૂજારી

સાંભળો.’ સૌને
. મધ્યમ કદના
ક્યારેક એટલો
ડી ગયા બાદ

તેમણે કેટલો

દેતી નથી ?’

ોમાં વારંવાર
સપાટી તો



• આ ધોધના જળપ્રવાહને કુદરતના કોલ્ડ સ્ટોરેજ તાપમાને થીજાવી દીધો છે

‘એટલી બધી હિમવર્ષા થતી હોય છે સિઆચેનમાં ?’


‘હા, વાર્ષિક ૧૧ મીટર...એટલે કે ૩૬ ફીટ !’ મેં પ્રત્યુત્તર દીધો. ચોથા દિવસની સવારના પ્રવાસનો આરંભ આવી બધી ચર્ચા સાથે થયો. સિઆચેનના વિષમ સંજોગો વિશે એક પછી એક સવાલો પૂછાતા રહ્યા, જેમના જવાબો આપ્યા બાદ સામા વધુ સવાલો ઊઠતા હતા.

પ્રશ્નોત્તરીમાં કેટલુંક અંતર સહજ કાપી નાખ્યા પછી એક સ્થળે સૌ થોભ્યા. સામેનું દૃશ્ય થોભવા માટે મજબૂર કરે તેવું હતું. ઊંચા પર્વતની બખોલમાંથી દસેક મીટર નીચે સુધી લંબાતો ધોધ હતો, પરંતુ સામાન્ય નહિ. ધૂંઆધાર વહેતા પાણીને બદલે નક્કર બરફનો ! પર્વત પર સફેદ પડદો જાણે લટકતો હોય તેવું લાગતું હતું. કેટલેક દૂર વધુ એક ધોધ જોવા મળ્યો, જે પણ થીજી ગયો હતો. પર્વતની ભીતરના કો’ક જળાશયમાંથી આવતું થોડુંક પાણી જો કે ઊંચી ભેખડ પરથી પડતું મૂકતું હતું, જેને કારણે ધોધ જરા ‘જીવંત’ દેખાતો હતો. થીજી ગયેલા ધોધ જોવા માટે અડધો-પોણો કલાક રોકાયા પછી અમારો સંઘ આગળ ચાલ્યો. આગામી મુકામ ડિબ નામનું સ્થળ હતું, જ્યાં પહોંચવા માટે કુલ ૧૪.૫ કિલોમીટરનું અંતર તય કરવાનું હતું.

■

આગલી રાત્રે વાદળોએ આકાશને ઢાંકી દીધું હતું, એટલે ફોટોગ્રાફી થઈ ન શકી. પરંતુ આજે આકાશ સ્વચ્છ હતું. નવેક વાગ્યે ભોજનમાંથી પરવાર્યા બાદ ટ્રાઈપોડ ગોઠવીને ફોટોગ્રાફીનું સેશન શરૂ કરવામાં આવ્યું. બે ઉત્સાહી ટ્રેકર્સ પણ મારી સાથે જોડાયા. આ તરફ જીગ્મેત, તેન્ઝિંગ અને બીજા કેટલાક પોર્ટર્સે કામકાજમાંથી પરવાર્યા બાદ લદાખી ગીતો લલકારવાનું શરૂ કર્યું,

• ચાદર ટ્રેક દરમ્યાન લીધેલી રાત્રિઆકાશની તસવીરમાં દેખાતો પહોળો પટ્ટો તારાગુચ્છ તેમજ વાયુઓ વડે બનેલી આપણી દૂધગંગાનો છે



એટલે ઠંડીથી બચવા ટેન્ટમાં ભરાઇ ગયેલા અમારા સાથી ટ્રેકર્સ બહાર નીકળ્યા. આગલી સાંજે એક સાંકડી ખીણમાંથી વીણી લાવવામાં આવેલા લાકડાનો કેટલોક સ્ટોક હજી બચ્યો હતો, જેમને એકઠો કરી તાપણું સળગાવવામાં આવ્યું. 'ગીતમાલા' પ્રોગ્રામે ત્યાર પછી ઓર ગરમી પકડી. લદ્દાખી તેમજ હિંદી ગીતોની રમઝટ પૂરા બે કલાક ચાલી. આખરે તાપણા ભેગો સૌનો શારીરિક જુસ્સો પણ ઠર્યો ત્યારે આખા દિવસનો થાક ઉતારવા પોતપોતાના ટેન્ટમાં ઊંઘવા માટે ગયા.

ડિબ પછીનો આગામી મુકામ નેરક ગામે હતો. (જુઓ, ૬૪મે પાને નકશો). અલબત્ત, નેરક સુધી અમે (તેમજ ચાદર ટ્રેક કરવા માટે આવેલા બીજા ઘણા ગ્રૂપના ટ્રેકર્સ) પહોંચી શક્યા નહિ. ડિબથી થોડાક કિલોમીટર ચાલ્યા પછી પ્રવાસ અટક્યો, કેમ કે બર્ફીલી ચાદર પર કમરબૂડ પાણી આવી ગયું હતું. નેરકથી ડિબ તરફ (પહાડના રસ્તે) વળતો પ્રવાસ કરીને આવેલા ટ્રેકર્સના જણાવ્યા મુજબ આગળ ચાદરમાં ઠેકઠેકાણે 'ભંગાણ' હતું--અર્થાત્ તેના પરથી ચાલીને જવાય તેમ નહોતું. એકમાત્ર માર્ગ પહાડનો હતો અને તે પાછો ખાસ્સો જોખમી હતો. નેરક પહોંચી ન શક્યાના અફસોસ સાથે અમે ડિબ પરત આવ્યા, બપોરનું ભોજન લીધું અને પછી ચિલિંગ તરફનો વળતો પ્રવાસ આરંભી દીધો. માર્ગમાં એક સ્થળે રાત્રિરોકાણ કરીને તેમજ સફરનું સૌથી નીચું (માઇનસ ૨૯° સેલ્શિઅસ) રાત્રિ તાપમાન અનુભવીને પછીના દિવસે મોડી સાંજે ચિલિંગ પહોંચ્યા. અહીંથી લેહ જવા માટે કોઇ વાહન ઉપલબ્ધ નહોતું. લાંબી પ્રતીક્ષા બાદ એક બસ આખરે મળી, જેમાં સવાર થઇને રાત્રે આઠેક વાગ્યે સૌ લેહ પહોંચ્યા.

એક સ્વકસોટીમાં પાસ, હવે બીજીનો વારો!

એકાદ અઠવાડિયા પહેલાં લેહથી ચાદર ટ્રેક માટે નીકળ્યા હતા. હવે આટલા દિવસે પાછા ફર્યા ત્યારે વ્યક્તિત્વમાં સકારાત્મક બદલાવ આવ્યો હતો. ચાદર ટ્રેકના અનુભવે સહનશક્તિ, સ્નાયુશક્તિ, ધીરજ, મનોબળ, આત્મવિશ્વાસ વગેરેની લિમિટ વધારી આપી હતી. શૂન્ય નીચે ૨૦થી ૩૦ અંશ સેલ્શિઅસનું તાપમાન ખરેખર કેવું હોય ? બરફ પર ચાલવામાં કેવાં જોખમ રહેલાં છે ? હિમડંખ કોને કહેવાય ? સૂકી-ઠંડી હવામાં શરીરનું પાણી ભેજરૂપે બહાર નીકળતું રહીને ડિહાઇડ્રેશનની કેવી તકલીફ પેદા કરે ? વગેરે જાતઅનુભવે જાણ્યા પછી સિઆચેનમાં આપણા પ્રહરીઓ પ્રત્યેનો અહોભાવ અનેકગણો વધ્યો હતો. આ તમામ અનુભવો સિઆચેનના સૂચિત પ્રવાસ દરમ્યાન કામ લાગવાના હતા. સિઆચેનના પ્રવાસમાં રહેલા બે મુખ્ય પડકારો : (૧) શૂન્ય નીચે ૩૦° સેલ્શિઅસની અસહ્ય ઠંડી; (૨) મર્યાદિત ઓક્સિજનવાળી પાતળી હવામાં ઊંચા પર્વત પર આરોહણ પૈકી પહેલો પડકાર ચાદર ટ્રેક થકી સફળતાપૂર્વક પાર પડ્યો.

હવે વારો બીજા નંબરની સ્વકસોટીનો હતો, જે ક્યાંય વધુ આકરી હતી. મર્યાદિત પ્રાણવાયુવાળી પાતળી હવામાં એકાદ પર્વત પર આરોહણ કરીને સ્નાયુશક્તિની, મનોબળની તેમજ ફેફસાંની તાકાતનું પારખું કરવાનું હતું. લગે હાથ પર્વતારોહણનો અનુભવ પણ લેવાનો હતો. આ માટે લદ્દાખમાં જ પાટનગર લેહની દક્ષિણે આવેલા સ્તોક કાંગડી નામના ૬,૧૫૩ મીટર (૨૦,૧૮૭ ફીટ) ઊંચા શિખર પર પસંદગી ઉતારી. આ શિખરને જૂન, ૨૦૧૬માં સર કરવાનો મક્કમ નિર્ધાર કર્યો અને તે માટે જરૂરી શારીરિક તૈયારીઓ ચાર મહિના પૂર્વે માર્ચ માસથી આરંભી દીધી.

પરંપરાગત ટ્રેકિંગ કરતાં પર્વતારોહણ અનેકગણું કઠિન હોય છે. પગના ગોટલા, સાથળ, કમર,

ખભા વગેરે શારીરિક ભાગોના સ્નાયુ મજબૂત અને કસાયેલા હોવા જરૂરી નહિ, બલકે અનિવાર્ય છે. બીજી તરફ તૈલી ચરબીયુક્ત તેમજ વધુ શર્કરાયુક્ત ખોરાકનું પ્રમાણ ઘટાડી હાઈ-પ્રોટીન ડાયટ લેવો આવશ્યક છે. આ બન્ને વાસ્તવિકતાને મેં ધ્યાનમાં લીધી અને માર્ચ માસના પ્રથમ સપ્તાહથી શરીરને કસાયેલા, સ્નાયુબદ્ધ બીબામાં ઢાળવાનું શરૂ કરી દીધું. અમદાવાદ ખાતે 'Rao's Health Centre'ના કર્તાહર્તા સૌમિક રાવના માર્ગદર્શન હેઠળ દિવસના લગભગ પોણા બે કલાકની ફિટનેસ ટ્રેઈનિંગે તેમજ 'NutriStudio'નાં ડાયટિશિઅન નમ્રતા શેઠે સૂચવેલા હાઈ-પ્રોટીન ડાયટે ચારેક મહિનાના સમયગાળામાં મારા શરીરને એ બીબામાં ઢાળી આપ્યું. હવે શરીરને કસોટીએ ચડાવવાનો સમય આવ્યો હતો, જેને માટે ફરી વાર લદ્દાખની મુલાકાત લીધી.

આઈનસ્ટાઈને સાચું જ કીધું છે : *'જ્ઞાનપ્રાપ્તિનો ખરો સ્રોત અનુભવ જ છે.'* સાગરસપાટી કરતાં ક્યાંય ઓછા ઓક્સિજનવાળી પાતળી હવામાં ઊંચા પર્વત પર આરોહણ કેટલું કપરું છે તેનું જ્ઞાન મને સ્વાનુભવે પ્રાપ્ત થવાનું હતું. ●




હિ, બલકે અનિવાર્ય
હાઈ-પ્રોટીન ડાયટ
ના પ્રથમ સપ્તાહથી
તે 'Rao's Health
પોણા બે કલાકની
વેલા હાઈ-પ્રોટીન
ાપ્યું. હવે શરીરને
ાત લીધી.
છે.' સાગરસપાટી
હણ કેટલું કપરું છે



પૂર્વતૈયારી નં. ૬ : સ્તોક કાંગડી

લદાખની સ્તોક કહેવાતી હિમાલય પર્વતમાળાનું સૌથી ઊંચું (૬,૧૫૩ મીટર/ ૨૦,૧૮૭ ફીટ) શિખર સ્તોક કાંગડી દેશ-વિદેશના પર્વતારોહકો માટે આકર્ષણનું કેંદ્ર છે. આ શિખરને સર કરવા માગતા ઘણાખરા આરોહકો ઓગસ્ટ માસનો સમય પસંદ કરે છે કે જ્યારે પર્વત પર જામેલું મોટા ભાગનું હિમ ઓગળી ગયું હોય. આરોહણ ત્યારે ખાસ્સું સુગમ બને છે. બીજી તરફ જૂન માસ દરમ્યાન સ્તોક કાંગડીનો બહુધા હિસ્સો હિમથી આચ્છાદિત હોય, માટે આરોહણ ઘણું કઠિન સાબિત થાય છે. સ્તોક કાંગડી સર કરવા માટે જૂન મહિનો પસંદ કરવાનું ખાસ કારણ હતું :

• હિમાલયની સ્તોક પર્વતમાળાનાં બધાં શિખરોમાં શિરમોર : સ્તોક કાંગડી



આ પ્રકરણની તસવીરો : હર્ષલ પુષ્કર્ણા

સિઆચેનના પહાડો બારેય માસ હિમ વડે ઢંકાયેલા રહે છે, માટે બેઝ કેમ્પથી લઈને હિમપહાડોની ચોકીઓ સુધીનો Siachen Glacier Trek બરફ પર ચાલીને કરવો પડે છે. હિમ પર ચાલીને આરોહણનો અનુભવ લેવો હોય તો સ્તોક કાંગડીની મુલાકાત જૂન મહિનામાં લેવી જોઇએ કે જ્યારે એ પર્વત પર હિમના થર બાઝેલા હોય. ઓગસ્ટમાં તો હિમનું નામોનિશાન રહે નહિ, માટે એવો 'કોરો' પર્વત ચડવામાં મજા નહિ !

મજબૂત મનોબળ તેમજ અડગ આત્મવિશ્વાસ સાથે જૂન ૨૫, ૨૦૧૬ની વહેલી સવારે હું વિમાનમાર્ગે લેહ પહોંચ્યો. આ શહેરની પાતળી હવામાં શરીરને અનુકૂલન સાધવા ૨૫મીનો સંપૂર્ણ દિવસ આરામમાં વીતાવ્યો. સાંજે પાંચેક વાગ્યે મારો ગાઇડ મહમ્મદ જુમા ગેસ્ટ હાઉસે આવ્યો. (દરેક વાક્યે બે-ચાર અંગ્રેજી શબ્દો બોલતો મૃદુભાષી જુમા લદાખનો ભોમિયો છે. ટ્રેકિંગનો તેને ઊંડો અનુભવ છે એટલું જ નહિ, પણ ભારતીય ખુશ્કીદળ જોડે porter/ હમાલ તરીકે ઘણી વાર સિઆચેનની ચોકીઓ સુધી જઇ આવ્યો છે. અગાઉના મારા લદાખના બધા



નકશામાં સ્તોક કાંગડી

પ્રવાસો દરમ્યાન જુમા ગાઇડ તરીકે સાથે આવ્યો હતો). હિમમાં ચાલતી વેળાએ શૂઝ નીચે ફિટ કરવાના crampons/ ક્રેમ્પન્સ અર્થાત્ ધાતુની કાંટાળી પ્લેટ, ice axe/ હિમકુહાડી, નાયલોનનું દોરડું વગેરે આઇટમ્સ જુમા પોતની સાથે લેતો આવેલો. દરેક ચીજ કઇ રીતે વાપરવી તેની પાકી જાણકારી તેણે મને આપી. ક્રેમ્પન્સ પહેર્યા પછી બરફમાં કેવી રીતે ડગલાં ભરવાં, લપસણા હિમ પર સંતુલન કેમ જાળવવું, હિમકુહાડીને ક્યારે ડાબા હાથમાં અને ક્યારે જમણા હાથમાં પકડવી વગેરે જેવી અત્યંત જરૂરી ટિપ્સ પણ આપી.

કલાકેકનું લેસન પૂરું થયું, એટલે જુમા બોલ્યો, 'સર, સ્તોક કાંગડી કે લિયે આપ રેડી હૈ ?'

'જી, બિલકુલ તૈયાર !' મેં બેગ ખોલીને મીઠાઇનો ડબ્બો જુમાના હાથમાં મૂકતા કહ્યું.

મીઠાઇશોખીન જુમાના ચહેરા પર બાળસહજ સ્મિત રેલાયું. ગેસ્ટ હાઉસથી વિદાય લેતા પહેલાં તે બોલ્યો, 'કલ સાત બજે મૈં આપકો લેને આઉંગા... રેડી રહના, સર !'

'ઠીક હૈ ! સાત બજે... શાર્પ !'


■

જૂનની ૨૬મીએ બરાબર ૭:૦૦ના ટકોરે જુમા તેની ટેક્સી સાથે હાજર થઇ ગયો. સાથે ડ્રાઇવર પણ હતો, જેણે અમને સ્તોક ગામે ઉતાર્યા બાદ ગાડી લઇને લેહ પરત ફરવાનું હતું.



કેમ્પથી લઈને હિમપહાડોની
વો પડે છે. હિમ પર ચાલીને
મહિનામાં લેવી જોઈએ કે
નામોનિશાન રહે નહિ, માટે

૨૦૧૬ની વહેલી સવારે હું
અનુકૂલન સાધવા ૨૫મીનો
મહમ્મદ જુમા ગેસ્ટ હાઉસે
જુમા લદાખનો ભોમિયો છે.
કીદળ જોડે porter/ હમાલ
હાઉના મારા લદાખના બધા



તી વેળાએ શૂઝ નીચે ફિટ
હિમકુહાડી, નાયલોનનું
રીતે વાપરવી તેની પાકી
લાં ભરવાં, લપસણા હિમ
જમણા હાથમાં પકડવી

કે લિયે આપ રેડી હે ?'
હાથમાં મૂકતા કહ્યું.
હાઉસથી વિદાય લેતા
સર !'

હાજર થઈ ગયો. સાથે
લેહ પરત ફરવાનું હતું.

ટેક્સીમાં લગભગ ચાલીસેક મિનિટનો પ્રવાસ ખેડીને અમે સ્તોક ગામે પહોંચ્યા. (જુઓ, સામેનો નકશો). અહીંથી ૬,૧૫૩ મીટર (૨૦,૧૮૭ ફીટ) ઊંચા સ્તોક કાંગડી શિખર સુધીનો તમામ પ્રવાસ પગપાળા ખેડવાનો હતો. આખો રસ્તો પહાડી, માટે ચઢાણ સારું એવું હતું. સ્તોક ખાતે એક પ્રોવિઝન સ્ટોરમાંથી પેયજળનો માફકસરનો પુરવઠો લીધા બાદ બરાબર ૮:૦૦ વાગ્યે અમે બેઉ જણાએ પગપાળા પ્રવાસનો આરંભ કરી દીધો. ટ્રેકનો પહેલો પડાવ લગભગ છએક કિલોમીટરના અંતરે આવેલું ચાંગમા નામનું સ્થળ હતું. દરમ્યાન ૬ કિલોમીટર સુધી માનવવસ્તીના નામે ક્યાંય પણ કશું જ નહિ !

પહાડોના અખડદખડ રસ્તે એક પછી એક તીવ્ર ચઢાણો વટાવતા બપોરે ૧૨:૦૦ વાગ્યે



• ટ્રેકનું આરંભસ્થળ સ્તોક ગામ. દૂરના બેકગ્રાઉન્ડમાં જમણી તરફ દેખાતો હિમાચ્છાદિત પર્વત સ્તોક કાંગડી છે

અમે ચાંગમા પહોંચ્યા. સમુદ્રસપાટીથી ચાંગમાનું લેવલ ૪,૦૫૦ મીટર, જેનો સૂચિતાર્થ એ કે ચાર કલાકના ટ્રેક દરમ્યાન અમે લગભગ ૫૫૦ મીટરનું આરોહણ કર્યું હતું. દેખીતી રીતે આંકડો મામૂલી જણાય, પણ એટલી ઊંચાઈ મેળવવા જતાં શરીર વારંવાર કસોટીએ ચડ્યું હતું. હવામાં ઓક્સિજનની કમીને લીધે ફેફસાંનું તેમજ હૃદયનું પમ્પિંગ વખતોવખત વધી જતું હતું. પરિણામે સો-દોઢસો ડગલાં ચાલ્યા પછી બે ઘડી શ્વાસ લેવા માટે થોભી જવું અનિવાર્ય બનતું હતું. આપણા જેવા મેદાની પ્રદેશના રહીશોને ઊંચા પર્વતોની આબોહવાનો જરાય મહાવરો ન હોય, એટલે શરીરને અનુકૂલન સાધવામાં ઠીક ઠીક સમય લાગે. દરમ્યાન ફેફસાં પ્રત્યેક શ્વાસે વધુને વધુ પ્રાણવાયુ ગ્રહણ કરવાના સતત વલખાં માર્યા કરે, એટલે છાતી ધમણની જેમ ફૂલતી રહે.

ટ્રેકના ટાઈમટેબલ મુજબ ચાંગમા અમારો પહેલો પડાવ હતો, જ્યાં એક રાત તંબૂમાં વિતાવ્યા પછી બીજે દિવસે ૩.૫ કિલોમીટર છેટેના મનકરમો નામના પડાવ નં. ૨ ખાતે પહોંચવાનું હતું.


'સર,' જુમાએ પૂછ્યું; 'ક્યા કરના હૈ ? યહાઁ નાઈટ સ્ટે કરેંગે ? યા ફિર સીધા મનકરમો ચલે જાના હૈ ?'

'યહાઁ ઠહર કે ક્યા કરેંગે ?' જવાબમાં મેં જણાવ્યું. 'મનકરમો હી ચલતેં હૈ !'

'ઠીક હૈ !' જુમા બોલ્યો. 'યહાઁ લન્ચ કરતેં હૈ... કુછ દેર આરામ કરેંગે... ફિર શામ તક મનકરમો પહુઁચ જાયેંગે !'

ચાંગમા ખાતે આવેલા ખોરડા જેવા એકમાત્ર મકાનમાં અમે સાદું ભોજન લીધું, અડધો-પોણો કલાક આરામ કર્યો અને બપોરે બરાબર ૧:૧૦ વાગ્યે મનકરમોની દિશા પકડી. (ફરી જુઓ, ૮૦મે પાને નકશો). આકાશમાં સૂર્ય ત્યારે બરાબર તપી રહ્યો હતો અને તેનાં પ્રખર પારજાંબલી કિરણો ચામડી પર અંગારાની જેમ દઝાતાં હતાં. સમુદ્રસપાટીથી જેમ ઊંચે જાવ તેમ સૂર્યનાં પારજાંબલી કિરણોની વેધકતામાં ક્રમશઃ બઢતી થયા કરે, તો બીજી તરફ હવા પાતળી, સૂકી તેમજ ઠંડી બનતી જાય છે. આ બેય પરિબળો શરીરમાંથી પાણીનો સતત વ્યય કરવામાં નિમિત્ત બને, એટલે ડિહાઇડ્રેશનથી બચવા દર થોડા વખતે પાણી પીતા રહેવું જોઇએ.

પગપાળા પ્રવાસ દરમ્યાન સારી એવી માત્રામાં પાણી ગટગટાવ્યા છતાં જીભ વારંવાર સૂકી પડી જતી હતી. નસકોરાંનો ભેજ તો સૂકી હવાએ ક્યારનો ખેંચી લીધો હતો. ઓક્સિજનની માત્રામાં સતત ઘટાડો થઇ રહ્યો હતો, એટલે શારીરિક જોમ ક્રમશઃ હણાતું હતું. માર્ગમાં ઘણી વાર પોરો ખાતાં આખરે ત્રણ કલાકે અમે બેઉ મનકરમો પહોંચ્યા. સમુદ્રસપાટીથી મનકરમોની ઊંચાઇ ૪,૪૬૦ મીટર (૧૪,૬૩૨ ફીટ) છે. સ્તોક ગામથી અહીં સુધીનું દસેક કિલોમીટરનું અંતર કાપતાં કુલ મળીને સાત કલાકનો સમય લાગ્યો, જે દરમ્યાન અમે હજારેક મીટરની (૩,૨૦૦ ફીટની)




ઊંચાઇ પ્રાપ્ત કરી હતી. પ્રત્યેક ૧૦૦ મીટરની ઊંચાઇએ તાપમાનમાં ૦.૬° સેલ્શિઅસની ગિરાવટ આવે તે હકીકતનો પ્રેક્ટિકલ પરચો મનકરમોમાં રોકાણ દરમ્યાન મળ્યો. મોડી સાંજે ડાઇનિંગ ટેન્ટમાં હળવું ભોજન લઇને સ્લીપિંગ ટેન્ટ તરફ જતી વેળાએ ગળામાં લટકતા હોકાયંત્ર-કમ-થર્મોમીટરમાં મેં જોયું કે તાપમાન ૬° સેલ્શિઅસ બતાવતું હતું. ચોતરફના પર્વતો પરથી સૂસવતો પવન જોશીલો હતો તેમ ઠંડોગાર પણ હતો.

■

સૂસવતા પવનમાં ફડ... ફડ... થતા સ્લીપિંગ ટેન્ટમાં રાત વીતાવ્યા પછી અને સવારે હળવો નાસ્તો લીધા બાદ આગામી પડાવ એટલે કે સ્તોક કાંગડી બેઝ કેમ્પનો પ્રવાસ આરંભ્યો. મનકરમોનો પડાવ છોડતાં પહેલાં કેમેરાની tripod/ ત્રિપાઇ, કપડાંની એક્સ્ટ્રા જોડ, વધારાની ખાદ્યસામગ્રી તેમજ અન્ય પરચુરણ ચીજવસ્તુઓ ડાઇનિંગ ટેન્ટના રસોઇયા-કમ-મેનેજર જિમ્મી ઉર્ફે જિગ્મેતને સોંપી દીધી. (વળતા પ્રવાસ દરમ્યાન એ તમામ ચીજવસ્તુઓ પરત લેતા જવાનું હતું). આરોહણ વખતે અકેક કિલોગ્રામ વજન પણ બમણા યા ત્રણ ગણા જેટલું અનુભવાતું હોય ત્યારે બને તેટલા ઓછા બોજા સાથે જ આગામી પ્રવાસ ખેડવો સલાહભર્યું હતું.


જૂનની ૨૭મીએ મનકરમોથી વળી તીવ્ર ચઢાણનો આરંભ થયો. સ્તોક કાંગડી બેઝ કેમ્પ સુધીનું અંતર લગભગ સાડા પાંચ કિલોમીટરનું હતું, પણ પહાડી વિસ્તારમાં વાંકાચૂંકા તેમજ સતત ચઢાણવાળા રસ્તા પ્રવાસની અવધિ વધારી મૂકતા હોવાથી કિલોમીટરના આંકડા ગણનામાં લેવાતા નથી. પહાડોમાં માટે જ બે સ્થળ વચ્ચેનું અંતર હંમેશાં કિલોમીટરને બદલે કલાકોમાં મપાય છે. મનકરમોથી બેઝ કેમ્પ સુધીનો પગપાળા પ્રવાસ ખેડવામાં ચારેક કલાકનો સમય લાગ્યો. હવે અમે સમુદ્રસપાટીથી ૫,૦૦૦ મીટરની



● *શારીરિક જોમની કસોટી લેતા ચઢાણવાળા રસ્તે ચીતરેલું તાકાતના બૂસ્ટર ડોઝ જેવું સુવાક્ય*


(૧૬,૪૦૦ ફીટની) ઊંચાઇએ પહોંચી ચૂક્યા હતા, જ્યાંની પાતળી હવામાં ઓક્સિજનનો પુરવઠો અગાઉ કરતાં ઓર ઘટ્યો હતો--અને એ વાસ્તવિકતાની સાબિતી શરીરને મળી રહી હતી. પૂરતા ઓક્સિજનના અભાવે માથું ભારે લાગવા માંડ્યું હતું, શ્વાસોચ્છ્વાસ ટૂંકા તેમજ ઝડપી બન્યા હતા તથા ભૂખ મરી જતાં કશું ખાવાની રુચિ થતી ન હતી. માણસ પંદરેક હજાર ફીટ કરતાં વધુ ઊંચે જાય એટલે પછી શરીરમાં ડિહાઇડ્રેશનનો આરંભ પણ થવા માંડે, કેમ કે ઓછી તારણશક્તિ ધરાવતી પાતળી હવામાં વજનદાર ભેજકણો ખાસ હોતા નથી. શ્વાસ સાથે કુદરતી ભેજ ફેફસાંમાં ન આવે, પણ ઉચ્છ્વાસ ભેગું શરીરનું પાણી તો ભેજરૂપે બહાર નીકળતું રહે છે. ઓક્સિજનની કમી વચ્ચે પેદા થતી બીજી શારીરિક બિમારી તબીબી ભાષામાં Acute Mountain Sickness/ AMS કહેવાય છે. લોહીમાં પૂરતો ઓક્સિજન ન રહે ત્યારે મગજની સૂક્ષ્મ રક્તવાહિનીઓ દ્વારા પ્રવાહીનો ચૂવાક થાય છે. (આ પ્રવાહી ક્યારેક નસકોરાંમાંથી ટીપાંરૂપે નીકળે છે). જ્ઞાનકોષોને એ પ્રવાહી તરબોળ કરવા માંડે કે તરત પરિસ્થિતિ સંભાળી લેવા શ્વસનતંત્ર વધારે સક્રિય બની વધુ ઓક્સિજન ફેફસાંમાં ખેંચે છે. આ વાયુ લોહીમાં પણ જલદી ભળે એ માટે હૃદય પોતાના ધબકારા વધારી દે છે.

આ બધી શારીરિક સમસ્યાઓનો મારું શરીર વધુઓછે અંશે સામનો કરી રહ્યું હતું. ગાઇડ જુમા જો કે સ્વસ્થ હતો, કેમ કે બાળપણથી તે પહાડી વાતાવરણમાં રહેવાને ટેવાયેલો છે. આમ છતાં હળવા સરદર્દની તેને ફરિયાદ હતી, એટલે સ્તોક કાંગડી બેઝ કેમ્પ પહોંચીને ભરપેટ જમ્યા પછી તેણે ઊંઘ ખેંચી. આ તરફ હું મારા સ્લીપિંગ ટેન્ટમાં આડે પડખે થવા માટે ગયો, પણ



ઓક્સિજનનો પુરવઠો
મળી રહી હતી. પૂરતા
તેમજ ઝડપી બન્યા
હજાર ફીટ કરતાં વધુ
કે ઓછી તારણશક્તિ
કુદરતી ભેજ ફેફસાંમાં
હે છે. ઓક્સિજનની
ountain Sickness/
રક્તવાહિનીઓ દ્વારા
કરે છે). જ્ઞાનકોષોને
વધારે સક્રિય બની
માટે હૃદય પોતાના

કરી રહ્યું હતું. ગાઇડ
ટેવાયેલો છે. આમ
ચીને ભરપેટ જમ્યા
વા માટે ગયો, પણ



વાતાવરણની અસરે ભૂખની જેમ ઊંઘ સુધ્ધાં હણી લીધી. ઊંઘવાના વ્યર્થ પ્રયાસો વચ્ચે ૩-૪ કલાક સ્લીપિંગ ટેન્ટમાં વીતાવ્યા.

'સર !' લગભગ સાડા ચાર વાગ્યે જુમાએ મારા સ્લીપિંગ ટેન્ટના 'બારણે' ઊભીને બૂમ પાડી. 'અબ ઉઠ જાઇએ... કુછ ખા લીજિયે...'

'મુઝે ભૂખ નહીં, તુમ કુછ ખા લો...' ટેન્ટના પ્રવેશદ્વારની ઝિપ ચેઇન ખોલીને મેં કહ્યું.

'આપ કી તબિયત ઠીક ન હો તો ફિર હમ કલ ક્લાઇંબ કરેંગે...' મારો ચહેરો જોઇને જુમાએ ચિંતા વ્યક્ત કરી. 'આપ એક દિન યહાઁ રેસ્ટ કીજિયે... ફિર ચલેંગે.'

'એક મિનટ... મૈં બાહર આતા હૂઁ !'

સ્તોક કાંગડીના આખા પ્રવાસ દરમ્યાન ટર્નિંગ પોઇન્ટ જેવો કોઇ પ્રસંગ હોય તો તે ઉપરોક્ત વાર્તાલાપનું છેલ્લું વાક્ય હતું. સ્લીપિંગ ટેન્ટમાં જ રહીને જુમાનું સૂચન સ્વીકારી લીધું હોત તો અહીં રજૂઆત પામનારા આગામી તમામ પ્રસંગો કદાચ જુદા હોત. પરંતુ ટર્નિંગ પોઇન્ટ પોતાની અસર દાખવ્યા વિના જાણે રહેવાનો ન હોય તેમ સ્લીપિંગ બેગ અને ટેન્ટ તજીને હું બહાર આવ્યો. મારા પ્રત્યુત્તરની રાહ જોઇ રહેલા જુમા સમક્ષ નજર કરીને હાથ વડે તેને બે મિનિટ થોભવા જણાવ્યું. અનાયાસે જ ત્યારે સ્તોક કાંગડીના ઉત્તુંગ શિખર પર નજર પડી--અને કેટલીક મિનિટ સુધી ત્યાં જ સ્થિર થઇ ગઇ. સૂર્યનાં કિરણોની અદ્‌ભુત મિલાવટે આકાશના કેનવાસ પર મનોહર રંગો પૂર્યા હતા, જેમના સાન્નિધ્યમાં સફેદ હિમથી ઢંકાયેલો સ્તોક કાંગડી પર્વત ઓર મનમોહક દેખાતો હતો. આ દૃશ્યે જાણે શરીરમાં એકાએક શક્તિસંચાર કર્યો હોય તેવું લાગ્યું. શારીરિક જોમ અને માનસિક જોશ બેય વધ્યા. જુમા તરફ નજર કરીને તત્કાળ ફેંસલો જણાવી દીધો : 'હમ આજ રાત હી ચલેંગે... શિખર કે લિયે !'



● મહમ્મદ જુમા : લદાખનો ભોમિયો

આ સાંભળીને જુમાના પગ સ્પ્રિંગની જેમ ઉછળ્યા. મને ડાઇનિંગ ટેન્ટમાં લઇ ગયો, આદુ-લીંબું-મધયુક્ત ગરમ ચા પીવડાવી અને પછી સ્તોક કાંગડી બેઝ કેમ્પથી લઇને સ્તોક કાંગડી summit/ શિખર સુધીના ટ્રેક અંગેની સમજૂતી આપવા લાગ્યો.

સ્તોક કાંગડી બેઝ કેમ્પથી શિખર સુધીનો પ્રવાસ તો જાણે ૭ કિલોમીટરનો, પણ અગાઉ નોંધ્યું તેમ પહાડોમાં અંતરને બદલે સમયનું એકમ વધુ અર્થપૂર્ણ હોવાનું જોતાં પ્રવાસાવધિ આઠથી નવ કલાકની હતી. શિખરથી બેઝ કેમ્પ સુધીના વળતા પ્રવાસના છએક કલાક તો જુદા ! બેઝ

કેમ્પથી શરૂ કરીને છેક શિખર સુધી સતત ચઢાણ હતું અને વળી ઘણોખરો માર્ગ પોચા હિમને ખૂંદીને તય કરવાનો હતો. બે મોટા પડકારો તરફ જુમાએ વિશેષ ધ્યાન દોર્યું : 'યહાઁ સે ચલને કે બાદ રાસ્તે મેં બહોત બડી ગ્લેશિઅર આતી હૈ...' જુમાનો ઇશારો સ્તોક હિમનદી તરફ હતો, જેનો અત્યંત પહોળો બર્ફીલો પટ રાત્રિના અંધકારમાં પાર કરવો પડે તેમ હતો. 'સર, ગ્લેશિઅર આપને ક્રોસ કર લી, તો માન લીજિયે કી સ્તોક કાંગડી સમિટ કરને કી પ્રોબેબલિટી બઢ ગઇ!' વારંવાર અંગ્રેજી શબ્દો બોલતા જુમાએ કહ્યું. 'મગર ગ્લેશિઅર ક્રોસ કરના આસાન નહીં... વો મૈં આપકો પહેલે સે ઇન્ફોર્મ કર દેતા હૂઁ !'

'અચ્છા ?... ઠીક હૈ !'

'ગ્લેશિઅર કે બાદ ઉસસે બડી ચુનૌતી હૈ...'

'વો ક્યા ?'

'આપ કો આઇસ એક્સ ઔર શૂઝ મેં લગે ક્રેમ્પન્સ કા સહારા લે કર બર્ફ કી ઊંચી ચટ્ટાન પે ચઢના હોગા...'

'કોઇ બાત નહીં... મૈં કર લૂંગા !'

'ડિફિકલ્ટ હૈ, સર ! બહોત ટફ !' જુમાએ ચેતવણીનો સૂર છેડ્યો. 'ચટ્ટાન બહોત ઊંચી હૈ ઔર ઉસકા એન્ગલ કમ સે કમ ૭૦ ડિગ્રી હૈ. શાયદ ઉસસે જ્યાદા હોગા, મગર કમ નહીં.'

આ તો ખરેખર મોટો પડકાર ! ઊભી લીટીમાં ૭૦°ના (કે તેનાથી સહેજ વધુ) તીવ્ર ખૂણાવાળા પર્વતની South Face કહેવાતી 'દીવાલ' પર આરોહણ કરવું એ ખાવાનો ખેલ નહોતો. (જુઓ, ૯૦મે પાને ડાયાગ્રામ). ચઢાણ વખતે પોચા હિમમાં પગની બરાબર પકડ જમાવવી પડે--અને તે કાર્ય વળી પ્રત્યેક ડગલે કરવું પડે. અન્યથા સંતુલન ખોરવાતા હિમની લસરપટ્ટી પર પૂરપાટ વેગે ઘસડાતા છેક તળેટી સુધી પહોંચી જવાય--અને માર્ગમાં ક્યાંક એકાદ ખડક આવી ચડે તો છેવટે



• સ્તોક કાંગડી બેઝ કેમ્પ, જ્યાંથી શરૂ થતું ૪૫°ના ખૂણાવાળું ચઢાણ ત્રૂટક લીટી વડે બતાવ્યું છે

રો માર્ગ પોચા હિમને
દોર્યું : 'યહાઁ સે ચલને
 હિમનદી તરફ હતો,
હતો. 'સર, ગ્લેશિઅર
પ્રોબેબલિટી બઢ ગઇ!'
આસાન નહીં... વો મૈં

 બર્ફ કી ઊંચી ચટ્ટાન

ટ્ટાન બહોત ઊંચી હૈ
મગર કમ નહીં.'
વધુ) તીવ્ર ખૂણાવાળા
બેલ નહોતો. (જુઓ,
ભાવવી પડે--અને તે
પટ્ટી પર પૂરપાટ વેગે
આવી ચડે તો છેવટે



શું બને તેનું તો અનુમાન સુધ્ધાં કમકમાં છોડાવી દે !

'ચટ્ટાન કે બાદ ?' ઉત્કંઠાથી મેં જુમાને પૂછ્યું.

'ફિર તો શોલ્ડર હૈ, સર !' પર્વતની ridge / રીજ અર્થાત્ ટોચ સુધી પહોંચવા માટેની સાંકડી કેડીને શોલ્ડર એટલે કે ખભો પણ કહેવાય, જ્યાંથી શિખર તરફનું ફાઇનલ આરોહણ શરૂ થાય છે. 'શોલ્ડર પહુંચ ગયે, ફિર તો સમિટ કરને કી પ્રોબેબલિટી ઓર જ્યાદા બઢ જાયેગી.'

હિમાચ્છાદિત સ્તોક કાંગડી પર આરોહણ અંગે છેલ્લું છેલ્લું માર્ગદર્શન આપી દીધા પછી જુમાએ પૂછ્યું : 'સર, આપ શ્યોર હો ? આજ રાત કો હી સમિટ કરેંગે ?'

'શ્યોર ! લોક કિયા જાય !'

આ સાંભળી જુમાના સીરિઅસ ચહેરા પર સ્મિતની રેખાઓ ઉપસી આવી. 'ઠીક હૈ, સર ! રાત કો ૧૧:૩૦ બજે મૈં આપકો ઊઠા દૂંગા... મિડનાઇટ ૧૨:૦૦ હમ ટ્રેક શુરૂ કર દેંગે !'

પહાડોનું હવામાન પોતાનો મિજાજ ઓચિંતુ બદલ્યા કરતું હોય છે. ઘડીક પહેલાં ચોખ્ખાચટ દેખાતા આકાશ પર વાદળોનું 'પૂર' ક્યારે ચડી આવે તેનો ધડો નહિ. ગમે ત્યારે ફૂંકાતા જોશીલા પવનો તેમજ ઓચિંતી હિમવર્ષા આરોહણમાં વધુઓછે અંશે બાધા નાખે. પરિણામે શિખર પર ચઢાણનો આદર્શ સમય વહેલી સવારનો ગણાય છે. વાતાવરણ ત્યારે એકંદરે શાંત હોય. અલબત્ત, તેમાં અપવાદ સર્જાય પણ ખરા !

આખરે આરોહણનો આરંભ !

તારીખ : જૂન ૨૭, ૨૦૧૬. સમય : રાત્રિના ૧૧:૩૦.

સ્લીપિંગ ટેન્ટની બહારથી ગાઇડ જુમાએ બૂમ પાડી : 'સર, ટાઇમ હો ગયા... ફ્રેશ હો કર થોડા ચાય-નાસ્તા કર લીજિયે. ફિર હમ ટ્રેક સ્ટાર્ટ કરતેં હૈ...'

ખાવાની રુચિ તો હજી પણ નહોતી, એટલે આદુ-લીંબું-મધયુક્ત ચા અને તદ્પરાંત તત્કાળ એનર્જી માટે બે ચમચી મધ લીધું. દરમ્યાન જુમાએ ટ્રેકિંગ અંગે ફાઇનલ બ્રીફિંગ આપ્યું. સ્તોક કાંગડી બેઝ કેમ્પ ખાતે ઉપસ્થિત બીજા કેટલાક અનુભવી લદાખી ગાઇડ્સે પણ પોતપોતાની રીતે માર્ગદર્શન આપ્યું. વાર્તાલાપ ચાલ્યો એ દરમ્યાન વોટર-કમ-વિન્ડપ્રૂફ જેકેટ, હાથમોજાં, ઉનની ટોપી, શૂઝ, બરફમાં ચાલતી વેળાએ પોચા હિમને શૂઝમાં પેંસતું અટકાવતાં gaiters/ ગેઇટર્સ પહેરી લીધાં. હાથમાં હિમકુહાડી અને પીઠથેલામાં ક્રેમ્પન્સ લીધાં. ઇલાસ્ટિક બેન્ડના સહારે કપાળ પર ટકી રહેતો LED હેડલેમ્પ મસ્તક પર ચડાવ્યો. ખાવા માટે ચીઝ, ચોકલેટ્સ તેમજ પીવા માટે પાણીનો જરૂરી પુરવઠો લીધો.

સ્તોક કાંગડી બેઝ કેમ્પ છોડતાં પહેલાં ગળામાં લટકતા હોકાયંત્ર-કમ-થર્મોમીટરમાં તાપમાનનું રીડિંગ લીધું : ૧° સેલ્શિઅસ. ઘડિયાળમાં સમય : મધરાતના બરાબર ૧૨:૦૦.

રાત્રિના અંધકાર વચ્ચે હેડલેમ્પના પ્રકાશમાં મેં અને જુમાએ સ્તોક કાંગડી તરફ પ્રવાસ આરંભ્યો. આશરે સોએક મીટર સુધી રસ્તો જરા સમતળ હતો, પણ એ પછી શરૂ થતા પર્વતીય ચઢાણનો ખૂણો કમ સે કમ ૪૫°નો હતો. (જુઓ, સામેની તસવીર). ચોતરફ કાજળઘેરા અંધારા વચ્ચે હેડલાઇટના પ્રકાશમાં ઉજળતા ખડકાળ રસ્તા પર ચઢાણ શરૂ થયું એ સાથે ફેફસાંની કસોટીનો પણ આરંભ થયો. સ્તોક કાંગડી બેઝ કેમ્પના ૫,૦૦૦ મીટર લેવલથી વધુને વધુ ઊંચે અમે જઇ રહ્યા હતા, એટલે હવામાં ઓક્સિજનનું પ્રમાણ ક્રમશઃ ઘટી રહ્યું હતું. પ્રાણવાયુ


માટે વલખાં મારતાં ફેફસાં મહત્તમ પુરવઠો ગ્રહણ કરવા માટે ટોપ-ગિઅરમાં આવ્યાં, એટલે શ્વસનતંત્ર હરણની પાછળ પડેલા ચિત્તાની માફક દોડતું હતું. હવાનાં ગલોફાં ભરી શકાય એ માટે શ્વાસોચ્છ્વાસ નાકને બદલે મોં વાટે ચાલવા લાગ્યો હતો. જો કે પડકારરૂપ ટ્રેકની હજી તો શરૂઆત હતી. ઘણું લાંબું અંતર કાપવાનું હતું એટલું જ નહિ, પણ દર થોડા અંતરે વધુને વધુ ઊંચે ચડવાનું હતું.

■

મધરાત વીતી ગયા પછી કેલેન્ડરમાં બદલાયેલી તારીખ મુજબ જૂનની ૨૮મીએ રાત્રિના ૨:૦૦ વાગ્યે હું અને જુમા સ્તોક હિમનદીએ પહોંચ્યા. 'સર, હમ ગ્લેશિઅર પહુંચ ગયે...' જુમાએ જણાવ્યું. 'હમ અચ્છે સે જા રહેં હૈ, સર... ! યહાઁ દો મિનટ રેસ્ટ કર સકતેં હૈ...'

'ઠીક હૈ...'

આરામ કરવાની જુમાએ આગોતરી જણાવી રાખેલી પદ્ધતિ એ કે હિમકુહાડીને જમીન પર સહેજ ખૂંપાવી, બેય હાથ તેના પર ટેકવી, ઊભા ઊભા જ આખા શરીરનું વજન હિમકુહાડી પર નાખી દેવું ! થાક ખાવા માટે બેસી જવું તો હરગીઝ ન પોસાય, કેમ કે એમ કરવાથી પગના સ્નાયુઓને fatigue/ થકાવટ જણાતાં તે આસ્તે આસ્તે જકડાવા લાગે. પ્રવાસનો આરંભ કરવામાં પછી તો ભારે આપદા પડે. બીજું, આરામ માટે નિષ્ક્રિય બેસી રહેવાથી શરીરમાં લોહીનું પરિભ્રમણ અગાઉ કરતાં ધીમું બને, સ્નાયુઓ તેની ઉષ્મા ગુમાવે--અને માટે વાતાવરણની ઠંડી થોડી જ વારમાં અસહ્ય જણાવા લાગે.



-ગિઅરમાં આવ્યાં, એટલે
ાં ગલોફાં ભરી શકાય એ
પડકારરૂપ ટ્રેકની હજી તો
દર થોડા અંતરે વધુને વધુ

જૂનની ૨૮મીએ રાત્રિના
ર પહુંચ ગયે...' જુમાએ
ર્તે હૈ...'

કે હિમકુહાડીને જમીન
રીરનું વજન હિમકુહાડી
, કેમ કે એમ કરવાથી
લાગે. પ્રવાસનો આરંભ
વાથી શરીરમાં લોહીનું
માટે વાતાવરણની ઠંડી




ચઢાડો સૂચવે છે
વાની શક્તિમાં
૦૦% ગણો તો
ટરની ઊંચાઈએ
ફક્ત ૩૭% !

હિમકુહાડીના ટેકે ચંદ સેકન્ડનો વિરામ લીધા પછી, ચોકલેટના એકાદ-બે ટુકડા આરોગ્યા પછી અને વાતાવરણ ઠંડુંગાર હોવા છતાં પાણીના કેટલાક ઘૂંટડા ભર્યા પછી પદયાત્રા આગળ ચાલી. માર્ગમાં અમારા બેય સિવાય કોઈ નહોતું, છતાં કોણ જાણે કેમ મને સતત એવું લાગી રહ્યું હતું કે કોઈક ત્રીજી વ્યક્તિ પાછળ આવી રહી છે. આ શંકાનું સમાધાન હું દર થોડા વખતે ગરદનને પાછળ ઘૂમાવીને કરતો--અને દર વખતે શંકા ખોટી ઠરતી. આગળ ચાલી રહેલા જુમાએ ઘણી વાર એ બાબતની નોંધ લીધી. મારી વર્તણૂક તેને કદાચ અજૂગતી લાગી. વર્તણૂક નિ:સંદેહ અજૂગતી હતી. શરૂઆતે તેનું કારણ સમજાયું નહિ, પણ પછી મનોમન ખુલાસો મળી આવ્યો. આભાસિત/ illusion તરીકે દૃષ્ટિને છળતા The Third Man Factor/ તીસરા આદમીની છેતરામણી હાજરીની મનોવૈજ્ઞાનિક સ્થિતિનો હું ભોગ બન્યો હતો. ઊંઘથી કે પર્યાપ્ત પ્રાણવાયુથી કલાકો સુધી વંચિત રહેવું પડે ત્યારે ભાવનાઓ/ emotions પર મસ્તિષ્કના તાર્કિક તંત્રનો અંકુશ/ rational cortical control અગાઉ જેટલો રહેતો નથી. પરિણામે ઘણીવાર મગજ The Third Man Factorનો ભોગ બને છે. મતલબ કે એવી વ્યક્તિનું આભાસી ચિત્ર રચે છે જે વાસ્તવમાં આસપાસ ક્યાંય હોતી નથી. જીવનમાં અગાઉ કદી આવો અનુભવ થયો નહોતો. અહીં એટલા માટે થયો કે સમુદ્રસપાટીથી લગભગ ૫,૨૦૦ મીટરના લેવલે અપૂરતા (ફક્ત ૫૩%) ઓક્સિજને શરીરમાં તેમજ મગજમાં અવનવા ફેરફારો આણ્યા હતા.

■

જૂન ૨૮; પરોઢના ૪:૦૦.

પગની ઘૂંટીથી લઈને ઘૂંટણ સુધી ઊંડા, પોચા હિમને ખૂંદતા અમે આખરે એ મુકામે પહોંચ્યા કે જેના માટે ગાઈડ જુમાએ 'ડિફિકલ્ટ', 'ટફ', 'બહોત મુશ્કિલ', 'ચેલેન્જિંગ' વગેરે જેવાં સંખ્યાબંધ વિશેષણો વાપર્યાં હતાં. આ મુકામ એટલે સ્તોક કાંગડીની South Face કહેવાતી બર્ફીલી 'દીવાલ', જેણે લગભગ ૭૦°નો તીવ્ર ખૂણો રચ્યો હતો. (જુઓ, આગામી પાને ડાયાગ્રામ). આ 'દીવાલ' પર હિમનો બહુ જાડો થર છવાયેલો હતો, એટલે તેના પર પગની મજબૂત પકડ મેળવવા crampons/ ક્રેમ્પન્સ અનિવાર્ય હતાં. આરોહણ શરૂ કરતાં પહેલાં જુમાએ ખભાથેલામાંથી ક્રેમ્પન્સ કાઢ્યાં. બેઉએ પોતપોતાનાં શૂઝ નીચે તેમને કસોકસ બાંધી દીધા.



• બરફ પર ધાતુના ક્રેમ્પન્સ પકડ જમાવી આપે, પરંતુ હિમ પોચું હોય ત્યાં પગ ઊંડે સુધી ખૂંપે પણ ખરો !

થોડી મિનિટો પછી પહાડોના શાંત વાતાવરણમાં ખચ્... ખચ્...નો મંદ અવાજ સંભળાવા લાગ્યો. અવાજ લોખંડી ક્રેમ્પન્સની કાંટેદાર પાવડી નીચે ખૂંદાતા પોચા હિમનો હતો. શરીરને બને એટલું ટટ્ટાર રાખીને તેમજ ક્રેમ્પન્સ વડે હિમમાં બને તેટલી મજબૂત ગ્રિપ જમાવીને અકેક ડગલે અમે ઊંચે ચડવા લાગ્યા. પ્રત્યેક ડગલું માંડવાની ચોક્કસ પદ્ધતિ હતી. આ રીતની : સૌ પહેલાં

ice axe/ હિમકુહાડીને બરફમાં લાકડીની જેમ ખોસીને બર્ફીલા થરથી ઊંડાઇનો ક્યાસ મેળવો, એ પછી ડાબો યા જમણો પગ ઉપાડીને જરા જોશપૂર્વક પગને હિમસપાટી પર મૂકી પકડ જમાવો, પકડ બરાબર જામ્યાની પાકી ખાતરી થાય એ પછી હિમકુહાડીને ફરી વાર બરફમાં ખોસીને આગામી ડગલા માટે ઊંડાઇ માપો અને પછી બીજો પગ ઉપાડી તેને હિમદીવાલ પર યોગ્ય સ્થાને મૂકો ! આ રીતે ચાલવામાં સમયની સારી એવી બરબાદી થતી, પણ સલામત ડગલાં માંડવાનો આના સિવાય બીજો કોઇ ઉપાય નહોતો.

દોઢેક કલાકનું આરોહણ થયું ત્યાં પૂર્વ દિશાના આકાશમાં સોનેરી, રતુમડો, જાંબલી, ભૂરો વગેરે રંગો ફેલાવા લાગ્યા. સૂર્યનો ઉદય આસ્તે આસ્તે થઇ રહ્યો હતો. ભરભાંખળા ઉજાસમાં પર્વતની બર્ફીલી 'દીવાલ' હવે સ્પષ્ટ દેખાવા લાગી હતી. જાણે તેનો અંત જ ન હતો! દોઢેક કલાકમાં કેટલી ઊંચાઇ પ્રાપ્ત કરી તે જાણવાની ઉત્કંઠા સાથે મેં પીઠ તેમજ ગરદન ફેરવીને નીચે તરફ દૃષ્ટિપાત કર્યો.



'સર... ! સર... !' જુમાએ જોરદાર ઘાંટો પાડ્યો. 'નીચે મત દેખિયે... બૉડી કો સીધા રખિયે.'

નીચેનું દૃશ્ય સાચે જ બિહામણું હતું, પણ દૃશ્ય કરતાં જુમાનો ઘાંટો કદાચ વધુ ડરામણો લાગ્યો. ગંભીર ભૂલ કર્યાની લાગણીથી હું ડઘાઇ ગયો. શરીરને કમરથી મરોડ આપવા જતાં સંતુલન ખોરવાઇ જવાની શક્યતા પૂરેપૂરી હતી, એટલે આરોહણ પહેલાં જુમાએ સ્પષ્ટ સૂચના આપી રાખેલી કે ગમે તે થાય, પણ શરીરને હંમેશાં ટટ્ટાર રાખવું અને મસ્તકને બર્ફીલી દીવાલ તરફ રાખવું. સૂચનાનો તત્કાળ અમલ કરીને આરોહણ ફરી આરંભી દીધું.

પડકાર બનીને ઊભેલી South Faceની બર્ફીલી દીવાલ ચઢવામાં બીજા ત્રણેક કલાક વીતી ગયા. આખરે સ્તોક કાંગડીની ridge (શોલ્ડર અથવા ખભો) કહેવાતી સાંકડી કેડીએ પહોંચ્યા. સમુદ્રસપાટીથી અમારી ઊંચાઇ હવે ૫,૭૦૦ મીટર (૧૮,૭૦૦ ફીટ) હતી. શોલ્ડર પર ઠેકઠેકાણે હિમના થર બાઝેલા હતા, પરંતુ અમુક સ્થળે હિમનું નામોનિશાન નહોતું. નાના-મોટા ખડકોના એ 'આસનિયા' પર ઘડીભર આરામ કરવા માટે હું અને જુમા બેઠા.

'અબ તો સમિટ ફાઇનલ હૈ... સર !' જુમાએ જુસ્સો આપવા માટે કહ્યું. 'કુછ ખા લીજિયે... એનર્જી મિલ જાયેગી... ફિર ફાઇનલ ક્લાઇંબિંગ સ્ટાર્ટ કરતેં હૈ.'

રાત્રિના ૧૨:૦૦ વાગ્યે ટ્રેક આરંભ્યા બાદ પહેલી વાર અમે બેઉ જણા આરામ કરવા માટે બેઠા હતા--પૂરા ૭ કલાકે ! ઓક્સિજનના મર્યાદિત જથ્થાએ પાચનતંત્ર ખોરવી નાખ્યું હતું, એટલે ખાવાનું દીઠું ગમતું નહોતું. છતાં તત્કાળ એનર્જી ખાતર ચોકલેટના એકાદ-બે ટુકડા મહાપરાણે ખાધા. થોડી મિનિટોમાં બે યુવાન પર્વતારોહકો અમારી તરફ આવતા દેખાયા. ઉપર આવીને હાંફતા અવાજે વરુણ નામના એક આરોહકે સવાલ કર્યો : 'આપને સમિટ કર લિયા ?'

'નહીં... બાકી હૈ.' મેં કહ્યું.

'તો ફિર યહાઁ સે હમ સાથ ચલતે હૈ.' વરુણે કહ્યું.

'ઠીક હૈ...' જુમાએ તરત કહ્યું. 'હમ રોપ બાંધ કર ચલેંગે.'



• ૫,૭૦૦ મીટરે ઘડીક આરામની પળોમાં...

થોડીક મિનિટોનો વિરામ લીધા પછી ચારેય જણાએ નાયલોનનું દોરડું પોતપોતાના જમણા ખભા ફરતે જનોઇની માફક ચકરાવો લઇને કમરે કસોકસ બાંધી દીધું. આ કામમાં જુમા અનુભવી હતો, પણ વરુણ અને તેનો સાથીદાર વિવેક અત્યંત પાવરધા હતા, કેમ કે Nehru Institute of Mountaineering/ NIM ખાતે પર્વતારોહણની તેમણે તાલીમ લીધી હતી. ચારેય જણાએ પોતપોતાના શરીરે દોરડું બાંધવું જરૂરી નહિ, અનિવાર્ય હતું. શા માટે હતું તેનું કારણ વળતા પ્રવાસ વખતે સમજાવાનું હતું.

■

જૂન ૨૮; સવારના ૭:૨૦.

સ્તોક કાંગડીની ridge પર ફાઇનલ આરોહણનો આરંભ થયો. હવે ક્યાંય ઊભવાને અવકાશ નહોતો, કારણ કે શિખર સુધીની કેડી ખરેખર જ અત્યંત સાંકડી હતી. કેડીની બેય તરફ ઊંડી ખાઇ હતી, માટે ચાલતી વેળાએ શારીરિક સંતુલન તેમજ મગજની એકાગ્રતા લગીરે ડગે નહિ તેનું ખાસ ધ્યાન રાખવાનું હતું. અમુક ઠેકાણે કેડી ફક્ત એકથી સવા ફૂટ પહોળી હતી, જેના પર દરેક ડગલું ઊંચી રસ્સી પર ચાલતા નટની જેમ ભરવું પડે તેમ હતું. એકમેકથી પંદરેક ફીટના અંતરે કતારબંધ ચાલી રહેલા ચારેય જણાએ આગોતરું નક્કી કરી રાખેલું તેમ ridgeને પાર કરતી વેળાએ કોઇએ કોઇની જોડે બિનજરૂરી વાર્તાલાપ કરવાનો ન હતો. આનું ખાસ કારણ હતું. ચારેય જણ એકમેક જોડે દોરડા થકી બંધાયેલા હતા, એકાદ જણ કશીક ગફલત કરી બેસે તો તેનું માઠું પરિણામ કદાચ બાકીના ત્રણેય જણાએ ભોગવવું પડે. વાર્તાલાપમાં ધ્યાન વિચલિત થાય એ કરતાં મૌન ધારણ કરી લેવું શું ખોટું ?


સૂસવતા પવનના અને ક્રેમ્પન્સ નીચે ચીપાતા હિમના ખચ્... ખચ્... અવાજને બાદ કરતાં સર્વત્ર સન્નાટો હતો. કેડીની બેય તરફ મોં ફાડીને બેઠેલી અતળ ખાઇ પગમાં ધ્રૂજારી પેદા કરે

તેવી વિકરાળ હતી. છતાં તેની પરવા કર્યા વિના ચારેય જણા શિખર તરફ આરોહણ કરતા રહ્યા. લગાતાર ૩૦ મિનિટના કષ્ટદાયક તેમજ કસોટીજનક આરોહણ બાદ આખરે સાંકડી કેડી ક્રમશઃ પહોળી બનતી છેવટે સારા એવા વ્યાપમાં ફેલાયેલી બની. સ્તોક કાંગડીનું ૬,૧૫૩ મીટર (૨૦,૧૮૭ ફીટ) ઊંચું શિખર હવે નજર સમક્ષ હતું. અહીંથી દોરડું બાંધી રાખવું આવશ્યક નહોતું. હિમકુહાડી તેમજ ક્રેમ્પન્સના આધારે બાકીનું ૧૫૦-૨૦૦ મીટરનું આરોહણ પૂરું કરી નાખવાનું હતું. ચારેય જણા દોરડું છોડવા માટે ઊભા ત્યાં જોશપૂર્વક પવન ફૂંકાવો શરૂ થયો અને એકાએક હિમવર્ષા થવા લાગી. વાદળોનો બહુ મોટો સમુદાય અમારી તરફ ધસી આવતો દેખાયો.

'સર, અબ એક મિનટ ભી વેસ્ટ કરના ઠીક નહીં.' જુમાએ ઊંચા સાદે કહ્યું. 'ક્લાઇમ્બિંગ સ્ટાર્ટ કર દીજિયે...'

• સ્તોક કાંગડીના ૬,૧૫૩ મીટર ઊંચા શિખરે રાષ્ટ્રધ્વજ સાથે 'સફારી'નો વિજયધ્વજ

રાત્રિના ૧૨:૦૦ વાગ્યાથી પગપાળા પ્રવાસ સતત ચાલુ હતો. શરીરની સારી એવી શક્તિ ખર્ચાઇ ચૂકી હતી. વળી ૮૮મે પાને ગ્રાફિકમાં બતાવ્યું છે તેમ ૬,૦૦૦ મીટરના લેવલે શારીરિક શક્તિમાં આમેય ૪૦%નો ઘટાડો થતો હોય છે, જ્યારે ફેફસાંની કાર્યક્ષમતા પણ ખાસ્સી હદે ઘટી જવા પામી હોય છે. શિખર જાણે કે હાથવેંતમાં હતું, છતાં ત્યાં સુધી પહોંચવાનો ૧૫૦-૨૦૦ મીટરનો ટૂંકો પ્રવાસ પણ જીવનનો સૌથી લાંબો પ્રવાસ સાબિત થયો. શારીરિક ઊર્જાનું ટીપેટીપું નીચોવીને મેં આરોહણ શરૂ કરી દીધું. દસ-પંદર ડગલાં માંડ ચાલી શકાયું ત્યાં ફેફસાં ધમણની જેમ ફૂલવા લાગ્યાં અને હૃદયના ધબકારા વધી ગયા. હિમકુહાડીના ટેકે થોડોક પોરો ખાધો. વળી પાછાં દસ-પંદર ડગલાંનું આરોહણ--અને પાછો એકાદ મિનિટનો વિરામ ! આ રીતે ટુકડે ટુકડે આગળ વધતાં છેવટે મારા અને શિખર વચ્ચે ગણીને ફક્ત વીસેક ડગલાંનું અંતર રહ્યું. શિખરની એકદમ નિકટ પહોંચી ગયેલા જુમાએ તથા NIMના પર્વતારોહક વરુણે પાછળ તરફ નજર માંડી અને ઉત્તેજનાથી બેઉ જણા એકસાથે બોલી ઊઠ્યા : 'હમ પહુઁચને વાલે હૈ... જલદી આ જાઓ...'



તસવીર : મહમ્મદ જુમા

હાથના ઇશારા વડે બેઉને જવાબ દીધો, ઉછળકૂદ મચાવતાં ફેફસાંને તથા હૃદયને શાંત પડવા દીધાં, ઊંડા શ્વાસ લીધા અને પછી જોશપૂર્વક જરા લાંબા ડગલા ભરતો હું શિખર તરફ વધવા લાગ્યો. NIMનો બીજો આરોહક

વિવેક પણ લગોલગ ચ
અને અંતે શિખર !
જૂન ૨૮, સવાર
ચોટી પર આખરે પગ
કરવા માટે શારીરિક શ
મૂકી હતી. શ્વાસોચ્છ્
શિખરના પોચા હિમ
અને પછી ચત્તાપાટ લે
જોયું તો નજર સમક્ષ
વેલ ડન !'
સ્તોક કાંગડીના
શરીરમાં નવો શક્તિસ
K..a..n..g..r..i...!
ઉત્સાહમાં આવી ગયે
હતી એટલું જ નહિ
જેકેટના ખિસ્સામાં સં
આગોતરો તૈયાર કરી
ખુમારીપૂર્વક બેઉને સ
શિખર પરનું વા
વાદળોએ આજુબાજુ
દૃશ્ય તેને કારણે સ્પષ્
'અબ હમેં નીચે
સ્તોક કાંગડીના
જુઓઃ શિખર સુધી પ
પણ શિખર પર પંદ
પવનોએ અમને નીચે
ફરી વખત નાયલોન
જુમાએ રહેવું જરૂરી
સાંકળ બનાવી.
આરોહણ કરતી
વખતે ખાસ મુશ્કેલી
અવરોહણ વધુ ચીવ
પરથી પગ લપસી જ
પડતું પાછળ પણ ન
ઝીલવાનો આવે--અ

વિવેક પણ લગોલગ ચાલવા માંડ્યો. વીસ ફીટ... પંદર ફીટ... દસ ફીટ... પાંચ ફીટ... ત્રણ ફીટ... અને અંતે શિખર !

જૂન ૨૮, સવારના ૮:૧૦ વાગ્યે સ્તોક કાંગડીની ૬,૧૫૩ મીટર (૨૦,૧૮૭ ફીટ) ઊંચી ચોટી પર આખરે પગ મૂક્યો. એક તરફ ઉત્સાહ સમાતો નહોતો, તો બીજી બાજુ તેને વ્યક્ત કરવા માટે શારીરિક જોર નહોતું. પ્રાણવાયુ માટે સતત વલખાં મારતાં ફેફસાંએ છાતીને ભારે કરી મૂકી હતી. શ્વાસોચ્છ્વાસ અત્યંત વેગીલો બન્યો હતો, એટલે બોલવા-ચાલવાના હોશ નહોતા. શિખરના પોચા હિમ પર એક તરફ ખભાથેલાનો ઘા કર્યો, બીજી બાજુ હિમકુહાડીનો ઘા કર્યો અને પછી ચત્તાપાટ લેટી પડાયું. એકાદ-બે મિનિટે શ્વસનતંત્ર નોર્મલ બન્યું ત્યારે આંખો ખોલીને જોયું તો નજર સમક્ષ જુમા ઊભો હતો. ખુશખુશાલ ચહેરે તેણે કહ્યું, 'સર ! આપને કર દિખાયા... વેલ ડન !'

સ્તોક કાંગડીના ઉત્તુંગ શિખર પર હોવાનો ત્યારે ઓચિંતો અહેસાસ થયો અને તે અહેસાસે શરીરમાં નવો શક્તિસંચાર કર્યો. શક્ય એટલું જોર ભેગું કરીને હું બોલી ઊઠ્યો : 'S..t..o..k.. K..a..n..g..r..i...! At last!' જુમા, વરુણ અને વિવેક પણ એકસાથે હર્ષનાદો કરવા લાગ્યા. ઉત્સાહમાં આવી ગયેલા સૌ એકમેકની તસવીરો ખેંચવામાં મગ્ન બન્યા. હિમવર્ષા હજી ચાલુ હતી એટલું જ નહિ, પણ તેનું જોર ક્રમશઃ વધી રહ્યું હતું. ઝાઝો વખત બગાડ્યા વિના મેં જેકેટના ખિસ્સામાં સંભાળપૂર્વક રાખેલો ભારતીય ત્રિરંગો બહાર કાઢ્યો. મારા તમામ વાચકો વતી આગોતરો તૈયાર કરી રાખેલો 'સફારી'ના સિમ્બોલવાળો ધ્વજ ત્રિરંગાની નીચે ભરાવ્યો અને પછી ખુમારીપૂર્વક બેઉને સ્તોક કાંગડીના શિખરે લહેરાવ્યા. આરોહણ સફળ !

■

શિખર પરનું વાતાવરણ બહુ ઝડપથી તોફાની બની રહ્યું હતું. હિમવર્ષાએ તેમજ ધુમ્મસિયા વાદળોએ આજુબાજુ જાણે કે સફેદ પડદો/ white out રચી દીધો હતો. દસ-પંદર ફીટ છેટેનુંય દૃશ્ય તેને કારણે સ્પષ્ટ રીતે દેખાતું નહોતું.

'અબ હમેં નીચે ઉતરના ચાહિયે.' જુમાએ કહ્યું.

સ્તોક કાંગડીના શિખરને અલવિદા કહેવાનો સમય થઇ ચૂક્યો હતો. નસીબનો ખેલ તો જુઓઃ શિખર સુધી પહોંચવામાં ૮ કલાક અને ૧૦ મિનિટનો અત્યંત પરિશ્રમયુક્ત પ્રવાસ ખેડ્યો, પણ શિખર પર પંદરેક મિનિટ કરતાં વધુ સમય વીતાવવા ન મળ્યો. હિમવર્ષા અને વેગીલા પવનોએ અમને નીચે ઉતરી આવવા ફરજ પાડી. વળતો પ્રવાસ આરંભતા પહેલાં ચારેય જણાએ ફરી વખત નાયલોનનું દોરડું પોતપોતાના ખભે તેમજ કમરે બાંધ્યું. ગાઇડ તરીકે સૌથી મોખરે જુમાએ રહેવું જરૂરી હતું. જુમાની પાછળ વરુણ, ત્યાર બાદ હું અને મારી પાછળ વિવેક એ રીતે સાંકળ બનાવી.

આરોહણ કરતી વેળાએ વારંવાર એમ લાગતું કે શિખરને સર કરી લીધા પછી અવરોહણ વખતે ખાસ મુશ્કેલી નહિ પડે. આ માન્યતા જેમ નીચે ઊતરતા ગયા તેમ ખોટી પડતી ગઇ. અવરોહણ વધુ ચીવટપૂર્વક કરવું પડે તેમ હતું, કેમ કે તીવ્ર ખૂણે ડગલાં માંડતી વખતે હિમ પરથી પગ લપસી જવાની સંભાવના હતી. શરીર વધુ પડતું આગળ ન ઝૂકવું જોઇએ તેમ વધુ પડતું પાછળ પણ નહિ. ડાબે યા જમણે તો હરગીઝ નહિ. વળી દરેક ડગલે શરીરનો ભાર ઘૂંટણે ઝીલવાનો આવે--અને ત્યારે પગ ઘૂંટણમાંથી જરાસરખોય ફસડાવો ન જોઇએ.

હિમ અને ધુમ્મસિયા વાદળના white out વચ્ચે સ્તોક કાંગડીની શોલ્ડર કહેવાતી ridgeની સાંકડી કેડી પર આસ્તે આસ્તે અવરોહણ કરતાં લગભગ ચાલીસેક મિનિટે અમે વળી પાછા ૫,૭૦૦ મીટરના એ જ સ્થળે આવી પહોંચ્યા કે જ્યાં આરોહણ પૂર્વે કેટલીક મિનિટોનો વિસામો લીધો હતો. અહીંથી પેલી South Faceની ૭૦°ના તીવ્ર ખૂણાવાળી બર્ફીલી 'દીવાલ' ભયાનક લાગતી હતી. હવે એ જ 'દીવાલ' પર ક્રેમ્પન્સ તેમજ હિમકુહાડી ખૂંપાવી ખૂંપાવીને સાવચેતીપૂર્વક નીચે આવવાનું હતું.

પરંતુ એ પહેલાં કોણ જાણે એકાએક શું બન્યું, પણ મારી કમરે બાંધેલું દોરડું ઓચિંતું તંગ થયું; ત્યાર બાદ ખેંચાયું અને દોરડા ભેગો હું પણ ખેંચાઇને બર્ફીલી ચાદર પર આવી પડી પૂરપાટ વેગે નીચે સરકવા માંડ્યો. ઓચિંતું શું થયું એ વિચારવાનો સમય નહોતો તેમ સૂઝબૂઝ પણ નહોતી. પતનનો વેગ કાબૂમાં લેવા માટે મારી ice axe/ હિમકુહાડીને મેં શક્ય એટલી જોરથી



• શિખરે પહોંચતા પહેલાં ચડવી પડેલી તીવ્ર ખૂણાવાળી બર્ફીલી દીવાલ

બર્ફીલી ચાદરમાં ખૂંપાવી. કુહાડીએ હિમમાં એકાદ મીટરનો ચીરો પાડી દીધો અને આખરે તે સ્થિર બની ત્યારે મારો પતનવેગ પણ કાબૂમાં આવી ગયો. ઘડીભર એકદમ હબક થઇ જવાયું, પણ ત્યાર બાદ તરત જ સ્વસ્થ બનીને ઉપર દૃષ્ટિપાત કર્યો તો જુમા અને વરુણ હજી શોલ્ડર પર ઊભા હતા. બેય જણાએ દોરડાને કસીને પકડી રાખ્યું હતું. ચોથો આરોહક વિવેક ક્યાં હતો ? ત્રાંસી લીટીમાં વીસેક ફીટના ફાસલે સહેજ નીચે !

'સર...' જુમાએ ઘાંટો પાડ્યો. 'આપ ઠીક હો ?'

'હાઁ.'

'વિવેક...?'

'ઠીક હૂઁ.' વિવેકે કહ્યું. 'શાયદ મેરા પૈર ફિસલ ગયા થા.'

'સર, પહેલે આપ બેલન્સ બના કર ખડે હો જાઇએ. ક્રેમ્પન્સ સે ગ્રિપ લીજિયે... ઉસકે બાદ



હી આઇસ એક્સ કો રિલીસ કરના.'

જુમાએ આપેલી સૂચનાનો શબ્દશઃ અમલ કરીને હું ઊભો થયો. વિવેક પણ પોતાના સ્થાને એ જ રીતે ખડો થયો. બેઉ જણા ત્યાર પછી જુમા-વરુણ તરફ આરોહણ કરવા લાગ્યા. થોડી વારે તેમની નજીક પહોંચ્યા ત્યારે બેઉ જણા ઉત્કંઠાથી બોલી પડ્યા : 'ક્યા હુઆ થા ? કૈસે ફિસલે ?'

'પતા નહીં.' વિવેકે જવાબ દીધો.

'અચ્છા હુઆ હમ રસ્સી બાંધ કે ચલે થે...' જુમા બોલ્યો. 'વરના આપ દોનોં ઓર નીચે ચલે જાતે !'

પર્વતારોહણ તેમજ અવરોહણ વખતે દોરડું બાંધવું શા માટે જરૂરી હોય તે સમજાયું--કહો કે પ્રેક્ટિકલ રીતે સમજાયું. વધુમાં બીજી પણ એક વાત સમજાઇ કે હોલિવૂડની અમુક ફિલ્મો જોવા પાછળ ખર્ચેલો સમય સાવ એળે જતો નથી. બર્ફીલી ચાદર પર પૂરપાટ ઘસડાતી વખતે હિમકુહાડીને બરફમાં ખૂંપાવી પતનવેગ કાબૂમાં લઇ શકાય એનું જ્ઞાન હોલિવૂડની 'ક્લિફહેંગર', 'વર્ટિકલ લિમિટ' તેમજ 'એવરેસ્ટ' જેવી ફિલ્મો જોઇને મળ્યું હતું. અહીં તે જ્ઞાનને અમલમાં મૂકવાનો મોકો મળ્યો !

■

સ્તોક કાંગડીની South Face 'દીવાલ', ત્યાર પછી અત્યંત પહોળા પટવાળી હિમનદી, નાના-મોટા ખડકોનો બનેલો હિમનદીનો પટ વગેરે વટાવતા બપોરે ૧૨:૦૦ વાગ્યે અમે બેઝ કેમ્પ પાછા ફર્યા, જ્યાંના ડાઇનિંગ ટેન્ટમાં ત્યારે ખાસ્સી ચહલપહલ હતી. સ્તોક કાંગડીને સર કરવા આવેલા, પણ અમુક યા તમુક કારણોસર તેને સર ન કરી શકેલા અને અધરસ્તેથી જ પાછા વળી ગયેલા આરોહકો ત્યાં એકબીજાને પોતાના અનુભવો જણાવી રહ્યા હતા. આરોહકો લગભગ બારેક હતા, જે પૈકી કેટલાક હિમનદીએથી પરત ફર્યા હતા તો બાકીનાને પેલી South Face કહેવાતી બર્ફીલી 'દીવાલે' પાછા વળવા મજબૂર કર્યા હતા.

પૂરા બાર કલાકના એકધારા આરોહણ-અવરોહણ દરમ્યાન શરીરે સારો એવો જુલમ વેઠ્યો હતો. હવે તે જવાબ માગી રહ્યું હતું, એટલે તેને આરામ આપવો પડે તેમ હતો. સ્લીપિંગ ટેન્ટમાં ચારેક કલાક વીતાવ્યા પછી સાંજે ડાઇનિંગ ટેન્ટમાં વાળુ કરતી વખતે અન્ય આરોહકોને મેં અમારા અનુભવો જણાવ્યા. ઇઝરાયેલથી આવેલા એક આરોહકે વાતચીત દરમ્યાન સવાલ પૂછ્યો : 'સ્તોક કાંગડીને સર કરવા પાછળ સૌના પોતપોતાના ઇરાદા હોય છે. કોઇ પોતાની સાહસવૃત્તિની લિમિટ વધારવા અહીં આવે છે. કંઇક નવી સિદ્ધિ પ્રાપ્ત કરવાની તમન્ના સાથે અમુક લોકો આવે, તો કેટલાક ઊંચા પર્વતનો પડકાર ઝીલવા આવે. સ્તોક કાંગડીની ટોચે પગ મૂકવા પાછળ તમારો શો ઉદ્દેશ હતો ?'

'તમે હમણાં જે ઉદ્દેશો જણાવ્યા એ તમામ...' મેં જવાબ દીધો. '...તદુપરાંત વધુ એક ઉદ્દેશ પણ ખરો !'

'એ કયો ?' ટેન્ટમાં ત્રણ-ચાર જણા બોલી ઊઠ્યા.

'આ રહ્યો !' જેકેટના ખિસ્સામાંથી મેં 'સફારી'નો વિજયધ્વજ બહાર કાઢ્યો. 'હું એક લેખક, પત્રકાર તથા પ્રકાશક છું અને 'સફારી' નામનું જ્ઞાનવિજ્ઞાનનું સામયિક બહાર પાડું છું. મારા એ સામયિકના સૌ વાચકો વતી પણ સ્તોક કાંગડીને સર કરવા માટે આવ્યો છું--અને એ ઉદ્દેશ સફળ થયો તેનો મને આનંદ છે.'

એક ફ્રેન્ચ આરોહકે ત્યાર બાદ સવાલ કર્યો, 'What next, Mr. Pushkarna?'

'સિઆચેન !' ભારતીય ખુશ્કીદળ જોડે સિઆચેનના આપણા હિમપ્રહરીઓની મુલાકાતે જવાનો અને મુલાકાતના અનુભવો વાચકો સમક્ષ પુસ્તકરૂપે રજૂ કરવાનો મારો નિર્ણય મેં જણાવ્યો. સૌના આશ્ચર્યને ત્યારે સીમા ન રહી. સિઆચેનના સૂચિત પ્રવાસ માટે શુભેચ્છાઓ આપીને તથા બે કલાક ચાલેલું ભોજન પતાવીને સૌ પોતપોતાના સ્લીપિંગ ટેન્ટમાં ગયા. બીજે દિવસે (૨૯મી જૂને) સવારે ૮:૦૦ વાગ્યે મેં અને જુમાએ વાયા મનકરમો સ્તોક ગામનો વળતો પ્રવાસ આરંભી દીધો. બપોરે ૧:૦૦ વાગ્યે સ્તોક ગામે પહોંચી ગયા. અહીં જુમાએ આગોતરી બોલાવી રાખેલી ટેક્સીમાં બેસતી વખતે દૂરના સ્તોક કાંગડી તરફ નજર કરીને જુમાને કહ્યું : 'યકીન નહીં હોતા... હમ સચ મેં ઇતની ઉપર ગયે થે ?'

'જી સર, વો ભી બેઝ કેમ્પ-ટુ-બેઝ કેમ્પ બારહ ઘંટે કે રેકોર્ડ ટાઇમ મેં !' જુમાએ કહ્યું. 'પાંચ-છે દિન કા ટ્રેક આપને કુલ મિલાકાર સિર્ફ તીન દિન મેં પૂરા કર દિયા !'

ત્રણ-સાડા ત્રણ દિવસનો પ્રવાસ યાદગાર રહ્યો. વધતી ઊંચાઇએ ઘટતા પ્રાણવાયુના વાતાવરણ વચ્ચે પગની ઘૂંટીથી ઘૂંટણ સુધીના પોચા હિમ પર ચાલવું, શારીરિક-માનસિક સંતુલન જાળવી રાખવું, અપૂરતા પ્રાણવાયુને લીધે ભૂખ અને ઊંઘ હણાઇ જવી વગેરેનો સ્વાનુભવ કર્યા પછી સમજાયું કે સિઆચેનના ઉત્તુંગ પહાડોમાં ફરજ બજાવતા સૈનિકોની શારીરિક તેમજ માનસિક સ્થિતિ કેવી હશે ?

ઉપરોક્ત તમામ સમસ્યાઓ સાથે તેમનો પનારો રોજિંદો છે, છતાં એ કર્મયોગીઓ પોતાની ફરજમાંથી જરાસરખાય ચલિત થતા નથી. આ શેરદિલોની આપવીતીને કલમ દ્વારા વાચા આપવા માટે સિઆચેન પ્રવાસ માટે હું હવે તૈયાર હતો. અગાઉ બર્ફીલી ઝંસ્કાર નદી પર ચાદર ટ્રેક કરતી વખતે -૨૯° સેલ્શિઅસની ઠંડી સહ્યા પછી અને હવે સ્તોક કાંગડીનું ૬,૧૫૩ મીટર (૨૦,૧૮૭ ફીટ) ઊંચું શિખર સર કર્યા પછી આગામી લક્ષ્ય Siachen Glacier Trek હતું. ●



karna?'
હેરીઓની મુલાકાતે
નિર્ણય મેં જણાવ્યો.
છાઓ આપીને તથા
ત્રીજે દિવસે (૨૯મી
નતો પ્રવાસ આરંભી
રી બોલાવી રાખેલી
યકીન નહીં હોતા...

મેં !' જુમાએ કહ્યું.
!'

ઘટતા પ્રાણવાયુના
-માનસિક સંતુલન
નો સ્વાનુભવ કર્યા
રિક તેમજ માનસિક

યોગીઓ પોતાની
દ્વારા વાચા આપવા
પર ચાદર ટ્રેક કરતી
મીટર (૨૦,૧૮૭
તું. ●



એક દ્વાર બંધ, તો બીજું ખૂલ્યું !

ભારતીય ખુશ્કીદળનું Army Adventure Wing કહેવાતું ખાતું Indian Mountaineering Foundation/ IMFના સહયોગમાં 'સિઆચેન ગ્લેશિઅર ટ્રેક' નામનો જે પ્રવાસ યોજે છે તેમાં જોડાવા માટે જૂન, ૨૦૧૬માં અરજી કરી હતી. જુલાઇની ૨૫મી તારીખે IMF દ્વારા મને જણાવવામાં આવ્યું કે તે અરજી નામંજૂર કરવામાં આવી છે. કારણ પૂછતાં જવાબ મળ્યો કે ૨૦૧૬ની સાલના 'સિઆચેન ગ્લેશિઅર ટ્રેક'માં જોડાવા માગતા ઉમેદવાર માટે વયમર્યાદા ૪૫થી ઘટાડીને ૪૦ વર્ષની થઇ છે. ૨૦૦૭થી 'સિઆચેન ગ્લેશિઅર ટ્રેક' વાર્ષિક ધોરણે યોજાવાનું શરૂ થયું ત્યારથી ૨૦૧૫ સુધી ઉમેદવારની વયમર્યાદા ૪૫ રાખવામાં આવી હતી. નસીબનો ખેલ કે ૨૦૧૬ના વર્ષે જ ઉંમરની લિમિટમાં ઘટાડો કરાયો અને મારી વય ૪૦ + ૧ હોવાથી IMFના સંચાલકોએ મને 'સિઆચેન ગ્લેશિઅર ટ્રેક' માટે 'ગેરલાયક' ઠરાવ્યો.

મેં સામી દલીલ કરી કે વયના આંકડાને નહિ, શારીરિક ફિટનેસને માપદંડ તરીકે જુઓ. દૃઢસંકલ્પ અને મનોબળ જેવી માનસિક તાકાતને ધ્યાન પર લો. લદાખમાં ભર શિયાળે કરેલા ચાદર ટ્રેકના અને ત્યાર પછી ૬,૧૫૩ મીટર ઊંચા હિમાચ્છાદિત સ્તોક કાંગડીના મારા અનુભવોને ગણનામાં લો. અગાઉ દેશ-વિદેશમાં મેં કરેલા અનેક ટ્રેકિંગ/હાઇકિંગને આધારે મારી યોગ્યતા નક્કી કરો.

પરંતુ અફસોસ ! બધી દલીલો વ્યર્થ નીવડી. IMFના સંચાલકોએ સ્પષ્ટ જણાવી દીધું કે તેઓ Army Adventure Wing દ્વારા જારી કરાયેલી સૂચનાઓનો અમલ કરી રહ્યા હતા. કોઇ પણ પ્રકારની દલીલ યા રજૂઆત માટે એ ખાતાનો જ સંપર્ક કરવો જોઇએ. કેટલાક દિવસ બાદ મેં Army Adventure Wingનો ટેલિફોન દ્વારા સંપર્ક કર્યો પણ ખરો. ફરી વાર બધી દલીલો વ્યર્થ! ઊલટું, સામે છેડેથી જાણવા મળ્યું કે, 'આ વર્ષે 'સિઆચેન ગ્લેશિઅર ટ્રેક' માટે કુલ ૪,૫૦૦ અરજીઓ આવી છે, જ્યારે પસંદગી ગણીને ફક્ત ૪૫ જણાની કરવાની છે. અમારી પાસે એવી સેંકડો અરજીઓ છે જેની સાથે કોઇ સાંસદનો, કેંદ્રસરકારના મંત્રીનો, સંરક્ષણ ખાતાના ટોચના કર્મચારીનો અગર તો ખુશ્કીદળના કોઇ સીનિઅર અફસરનો ભલામણપત્ર બિડેલો છે. હવે તમે

જ કહો કે અમે કોને પહેલાં પસંદગી આપીએ ? કયા વી.આઇ.પી. મહાનુભાવોના ભલામણપત્રને માન આપીએ અને કયા વી.આઇ.પી.ને નજરઅંદાજ કરીએ ?'

હું પામી ગયો કે ઊંચા પદના રાજકીય/લશ્કરી આગેવાનની ઓળખાણ હોય તો 'સિઆચેન ગ્લેશિઅર ટ્રેક'માં નંબર લાગવાની સંભાવના વધી જાય છે. મારી પાસે એવું એકેય 'હુકમનું પત્તું' નહોતું. નસીબનો કેવો ખેલ કે ઉંમરના ફક્ત આંકડાકીય તફાવતે મને 'સિઆચેન ગ્લેશિઅર ટ્રેક' માટે ગેરલાયક ઠરાવી દીધો. ખરેખર દુર્ભાગ્યપૂર્ણ ઘટના હતી, પણ તેને સ્વીકાર્યે જ છૂટકો ! સિઆચેન ક્ષેત્ર જવા માટેનું પ્રવેશદ્વાર જાણે કે બંધ થયું. હવે તેના પર ટકોરા મારવાનો કોઇ જ મતલબ ન હતો.

વાંધો નહિ ! એક દરવાજો બંધ થયો તો ભલે થયો. બીજો ખખડાવી જોવામાં વાંધો ખરો ? મેં એમ જ કર્યું. ખુશ્કીદળના નવી દિલ્લી ખાતેના મુખ્યાલયને વિસ્તૃત પત્ર લખ્યો. 'સિઆચેન ગ્લેશિઅર ટ્રેક'માં સામેલ ભલે ન કરાયો, પણ એક રાષ્ટ્રવાદી અને મૂલ્યનિષ્ઠ પત્રકાર તરીકે (સ્વતંત્ર રીતે) મને સિઆચેન મુલાકાતે લઇ જવા માટે પત્રમાં ભારપૂર્વકની વિનંતી કરી. મુલાકાતનો મારો ઉમદા હેતુ તેમાં સ્પષ્ટ કર્યો, જે સાફ હતો : સિઆચેનના બેઝ કેમ્પ ઉપરાંત તેની આગળના લશ્કરી ક્ષેત્રની રૂબરૂ મુલાકાત લેવી, ત્યાં સ્થિત જવાનો/અફસરોના ઇન્ટરવ્યૂ લેવા, સિઆચેનમાં ચાલતી દૈનિક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવો, સિઆચેનનું લશ્કરી મહત્ત્વ સમજવું અને પછી આવાં તમામ પાસાં દળદાર પુસ્તકરૂપે રજૂ કરવાં !

ખુશ્કીદળના મુખ્યાલયે મારા વિનંતીપત્રનો જવાબ આપવામાં સારો એવો વિલંબ કરી




• ખુશ્કીદળનું મુખ્યાલય જ્યાં આવેલું છે તે દિલ્લીના સાઉથ બ્લોકનું ભવ્ય મકાન

ભાવોના ભલામણપત્રને

ણ હોય તો 'સિઆચેન
વું એકેય 'હુકમનું પત્તું'
'સિઆચેન ગ્લેશિઅર
તેને સ્વીકાર્યે જ છૂટકો !
ટકોરા મારવાનો કોઇ જ

જોવામાં વાંધો ખરો ?
પત્ર લખ્યો. 'સિઆચેન
વ્યનિષ્ઠ પત્રકાર તરીકે
પૂર્વકની વિનંતી કરી.
બેઝ કેમ્પ ઉપરાંત તેની
સરોના ઇન્ટરવ્યૂ લેવા,
લશ્કરી મહત્ત્વ સમજવું

રો એવો વિલંબ કરી



નાખ્યો. આખરે જવાબ આવ્યો, પણ નનૈયાનો ! હતોત્સાહ થવાયું, નાસીપાસ નહિ. નનૈયાના પ્રત્યુત્તરમાં મેં તાર્કિક દલીલો કરી અને વિનંતીપત્ર પર પુનર્વિચાર કરવા માટે આગ્રહભર્યું સૂચન કર્યું. આ વખતે ચાદર ટ્રેકની તેમજ સ્તોક કાંગડીના આરોહણની તસવીરો પુરાવારૂપે બીડી, જેથી ખુશ્કીદળ મુખ્યાલયમાં બેઠેલા અફસરોને મારી શારીરિક/માનસિક ફિટનેસનો તેમજ સિઆચેન જવા માટેની તત્પરતાનો અને તૈયારીનો પાકો ખ્યાલ મળે.

એક રૂકા હુઆ ફૈસલા !

દિલ્લીના કાર્યાલયે ફોન, ઇ-મેલ તેમજ ટપાલો મારફત સંદેશાવ્યવહાર બહુ લાંબો ચાલ્યો, જે દરમ્યાન ઘણી બધી વાર 'કભી હાઁ, કભી ના' જેવી સ્થિતિ સર્જાઇ. આખરે સપ્ટેમ્બર ૧૪, ૨૦૧૬ના રોજ ખુશ્કીદળ હેડક્વાર્ટર્સે ઇ-મેલ પાઠવ્યો, જેમાં ઇન્ટરવ્યૂ માટે દિલ્લી રૂબરૂ આવવા જણાવ્યું હતું. બીજે દિવસે સવારે હું રાષ્ટ્રપતિ ભવન નજીક આવેલા સાઉથ બ્લોક કહેવાતા ભવ્ય મકાને પહોંચ્યો. નિશ્ચિત કાર્યાલયે ગયો, જ્યાં મેજરની તેમજ કર્નલની કક્ષાના કેટલાક ખુશ્કી અફસરોએ ઇન્ટરવ્યૂ શરૂ કર્યો. *'સિઆચેન વિશે શું જાણો છો ? ત્યાંના જોખમો વિશે તેમજ વિષમ વાતાવરણ અંગે માહિતગાર છો ? આ પ્રદેશ અતિશય જોખમી છે, ડગલેને પગલે મુસીબતોનો પાર નથી, જાનનું જોખમ રહેલું છે અને છતાં તમે ત્યાં રૂબરૂ જવા માગો છો ? અને તેય વળી પગપાળા ? આમ કરવાનું કોઇ ખાસ કારણ છે તમારી પાસે ?'* વગેરે જેવા સવાલોની રીતસર ઝડી વરસી. દરેકનો મેં સહેજ પણ ચલિત થયા વિના જવાબ આપ્યો, કેમ કે સિઆચેન જવા મળે કે કેમ તેનો ફેસલો મારા જવાબોના આધારે થવાનો છે તે હું જાણતો હતો. પ્રશ્નોત્તરી લાંબી ચાલી. મારા વિનંતીપત્રને મંજૂર (કે પછી રદ) કરવાની સત્તા કર્નલ કે. એસ. ગ્રેવાલ નામના જે સીનિઅર અફસરના હાથમાં હતી તેમણે આખરી સવાલ કર્યો, *'મિસ્ટર પુષ્કર્ણા, માની લો કે અમારું કાર્યાલય તમારી અરજીને નામંજૂર કરી નાખે છે... તો એ કેસમાં તમે શું કરશો ?'*

'તો હું આપના ઉપરી અફસરને તેમના કાર્યાલયે મળવા જઇશ !' ઘડીભરનોય વિચાર કર્યા વિના મેં જવાબ દીધો. મારો આવો તડ ને ફડ પ્રત્યુત્તર સાંભળી કર્નલ ગ્રેવાલના ચહેરાનો હાવભાવ બદલાયો. કઠણ ફૌજી મિજાજ પીગળ્યો અને હળવા સ્મિત સાથે તેઓ બોલ્યા, *'મિ. પુષ્કર્ણા, તમારા ટુ-ધ-પોઇન્ટ જવાબોએ અમારા સૌનું દિલ જીતી લીધું છે. સિઆચેન ક્ષેત્રનાં તમામ જોખમો જાણવા છતાં ત્યાંની મુલાકાતે જવાની અને તેય પગપાળા ચાલીને જવાની આટલી બધી ઉત્સુકતા મેં આજ દિન સુધી કોઇ પત્રકારમાં જોઇ નથી. તમારા વિનંતીપત્રને હું સ્વીકારું છું અને મારા ઉપરી કાર્યાલયને (ઉધમપુર, જમ્મુ) મોકલી આપું છું. હવે એ કાર્યાલય તેના પર જે નિર્ણય લે તે ખરો !'*

'નો પ્રોબ્લમ, સર !' મેં કહ્યું. 'હું રાહ જોઇશ. જરૂર પડ્યે ઉધમપુર જવા પણ તૈયાર છું.'

■

આ સફળ ઇન્ટરવ્યૂ બાદ ફરી પાછો લાંબો ઇન્ટરવલ પડ્યો. દરમ્યાન દિલ્લીથી જે તે લશ્કરી ખાતામાંથી મારા પર ફોન આવતા રહ્યા. ફાઇનલ જવાબ ક્યારે આવશે, તે 'હા' હશે કે પછી 'ના', સિઆચેનનાં ઊંચાં શિખરોમાં ચોકીપહેરો કરતા આપણા હિમપ્રહરીઓને મળવાનો મોકો સાંપડશે કે કેમ... વગેરે જેવા અનેક સવાલો રોજેરોજ મનમાં ઊઠતા હતા અને ઉચાટ તેમજ ઉત્કંઠાને સતત વધાર્યે જતા હતા. આખરે નવેમ્બર ૪, ૨૦૧૬ના રોજ મહિનાઓ લાંબા

સસ્પેન્સનો અંત આવ્યો. દિલ્લીના સંરક્ષણ ખાતામાંથી એ દિવસે મંજૂરીપત્રનો ફેક્સ મળ્યો, જે મુજબ સિઆચેન ક્ષેત્રની મુલાકાત લેવાની મને પરવાનગી મળી હતી.


હવે વખત બરબાદ કરવા જેવો નહોતો. આથી પાંચમી નવેમ્બરની વહેલી સવારે હું લદ્દાખના પાટનગર લેહ પહોંચ્યો. લેહનું તાપમાન ત્યારે શૂન્ય નીચે ૭° સેલ્શિઅસ હતું. સ્તોક કાંગડીના આરોહણ વખતનો મારો પેલો જોડીદાર-કમ-ગાઈડ મહમ્મદ જુમા એરપોર્ટે લેવા આવી ચૂક્યો હતો. સિઆચેનના લશ્કરી ક્ષેત્રની મુલાકાત માટે કેટકેટલા 'અભિમન્યુ કોઠા' મારે ભેદવાના થયા તેનાથી જુમા વાકેફ હતો, એટલે મને જોતાવેંત બોલી ઊઠ્યો, 'સર, ફાઈનલી આપકા ડ્રીમ પૂરા હોને જા રહા હૈ !'

'હાઁ, ફાઈનલી !'

એરપોર્ટથી ગેસ્ટ હાઉસ પહોંચ્યા બાદ થોડી વારે જુમા એની ટેક્સીમાં મને લેહ ખાતે ૧૪મી કોરના લશ્કરી મુખ્યાલયે લઈ ગયો. અહીં લેફ્ટનન્ટ-કર્નલ પાણિગ્રહી જોડે મારી મુલાકાત થઈ. સિઆચેન શા માટે જવું છે તે અંગે તેમણે થોડીક પૂછપરછ કરી અને પછી ફાઈનલ ક્લિઅરન્સની કાર્યવાહી થાય ત્યાં સુધી લેહમાં રોકાણ કરવા જણાવ્યું. સિઆચેન પ્રયાણ કરતા પહેલાં (સમુદ્રસપાટીથી ૧૧,૫૦૦ ફીટ ઊંચે વસેલા) લેહના વાતાવરણ જોડે અનુકૂલન સાધવું અનિવાર્ય હતું. કારણ કે પાતળી તેમજ મર્યાદિત ઓક્સિજનવાળી હવામાં માથું ભમવું, ચક્કર યા ઉબકા આવવા, બ્લડ પ્રેશર વધી જવું વગેરે જેવી શારીરિક ઉપાધિઓ થવાનું જોખમ રહે છે. ત્રણથી ચાર દિવસ આવા વાતાવરણમાં વીતાવવાથી શરીરનું અનુકૂલન સધાય ત્યાર પછી જોખમો ખાસ રહે નહિ.

લેફ્ટનન્ટ-કર્નલ પાણિગ્રહીએ આપેલી સૂચના મુજબ મેં કુલ ચાર દિવસ લેહમાં વીતાવ્યા, જે દરમ્યાન લેહના સૌથી ઊંચા સ્થળ નામગ્યાલ બૌદ્ધ મઠની ટેકરીનું (સવાર-સાંજ ૪-૪ કિલોમીટરનું) હાઈકિંગ કર્યું. નિરાંતની પળોમાં સિઆચેન ક્ષેત્રના જે તે વિભાગના જવાનોને/અફસરોને તેમજ તબીબોને પૂછવાલાયક ટુ-ધ-પોઈન્ટ સવાલો તૈયાર કર્યા, જે ખાસ્સા ૯૮ના જુમલે પહોંચ્યા. ચોથા

• લેહ શહેરનું ઊંચામાં ઊંચું સ્થળ : નામગ્યાલ બૌદ્ધ મઠ



તસવીર : હર્ષલ પુષ્કર્ણા

રીપત્રનો ફેક્સ મળ્યો, જે

હેલી સવારે હું લદ્દાખના
સ હતું. સ્તોક કાંગડીના
પોર્ટ લેવા આવી ચૂક્યો
ઠા' મારે ભેદવાના થયા
નલી આપકા ડ્રીમ પૂરા

ક્સીમાં મને લેહ ખાતે
ગ્રહી જોડે મારી મુલાકાત
રી અને પછી ફાઈનલ
સિઆચેન પ્રયાણ કરતા
જોડે અનુકૂલન સાધવું
માં માથું ભમવું, ચક્કર
ઓ થવાનું જોખમ રહે
લન સધાય ત્યાર પછી

સ લેહમાં વીતાવ્યા, જે
જ ૪-૪ કિલોમીટરનું)
નોને/અફસરોને તેમજ
જુમલે પહોંચ્યા. ચોથા


તસવીર : હર્ષલ પુષ્કર્ણા

દિવસે મોડી સાંજે લેફ્ટનન્ટ-કર્નલ પાણિગ્રહીએ ૧૪મી કોરના મુખ્યાલયે હાજર થવા જણાવ્યું. અહીં ફરી વાર સવાલ-જવાબોનો દોર ચાલ્યો, જેના અંતે એ લશ્કરી અફસર બોલ્યા, 'આપ પૂરી તરહ સે અક્લેમેટાઇઝ હો ગયે હૈ ?'

'જી, સર !'

'સરદર્દ, નોશિયા, બ્લડ પ્રેશર... ઐસી કોઈ તકલીફ ?'

'નહીં, મૈં બિલકુલ ઠીક હૂઁ'.

'ગુડ !' લેફ્ટનન્ટ-કર્નલ પાણિગ્રહી તેમની સિગરેટ પેટાવતા બોલ્યા. 'આપ ચાહે તો કલ સુબહ સિઆચેન કે લિયે નીકલ સકતે હૈ. મૈંને વહાઁ આપ કે બારે મેં બાત કર લી હૈ. આપ કો મેજર અભિષેક શર્મા સે મિલના હૈ.'

'ઠીક હૈ, સર !'

'ઓલ ધ બેસ્ટ, મિ. પુષ્કર્ણા !' લેફ્ટનન્ટ-કર્નલ પાણિગ્રહીએ હાથ મિલાવતા કહ્યું. 'અપના ધ્યાન રખિયેગા... સિઆચેન સેક્ટર ખતરનાક જગહ હૈ.'

'જી, વહાઁ કે ખતરોં કે બારે મેં કાફી કુછ પઢા હૈ મૈંને. અબ ઉસે ઠીક સે જાનને કા અવસર મિલા હૈ !'

'આજકલ બેઝ કેમ્પ મેં ઠંડ બહુત હૈ... કરિબન માઇનસ ૧૩ ડિગ્રી ! આપ અચ્છે થર્મલ પેન્ટ ઔર જેકેટ લે કર જાના...'

લેફ્ટનન્ટ-કર્નલ પાણિગ્રહી જોડે વાતચીત લાંબી ચાલી, જે દરમ્યાન સંરક્ષણના વિષયમાં મારો ઊંડો રસ જોતાં તેમણે એક સરસ પ્રસ્તાવ મૂક્યો : ' મિ. પુષ્કર્ણા, આપ ટેરિટોરિઅલ આર્મી ક્યૂં જોઇન નહીં કર લેતે ?'

મને ટેરિટોરિઅલ આર્મી ભરતી થવાનું આમંત્રણ તેમણે આપ્યું અને પછી સમજાવ્યું કે તે માટે લેખિત તેમજ અમુક પ્રેક્ટિકલ પરીક્ષા આપવાની રહે છે. પરીક્ષા પાસ કર્યા પછી અફસરનો (મોટે ભાગે લેફ્ટનન્ટનો) હોદ્દો મળે છે અને ત્યાર પછી આખા વર્ષમાં કુલ મળીને ૯૦ દિવસ ટેરિટોરિઅલ આર્મીમાં અફસરની રૂએ ચોક્કસ પ્રકારની સેવાઓ આપવાની રહે છે.


લેફ્ટનન્ટ-કર્નલ પાણિગ્રહી સાથે આવા બધા મુદ્દા ચર્ચવામાં દોઢેક કલાક ક્યાં વીતી ગયો એનો ખ્યાલ જ ન રહ્યો. દરમ્યાન જુમા નીચે ટેક્સીમાં મારી રાહ જોતો બેસી રહ્યો હતો. હું ગયો, એટલે મારા મલકાતા ચહેરાને જોઈ તેણે કહ્યું, 'સર, કબ નિકલના હૈ ?'

'કલ... સુબહ ઠીક સાત બજે !'


બીજે દિવસે સાત તો નહિ, પણ પોણા આઠ વાગ્યે જુમાની ટેક્સીમાં મેં સિઆચેનનો રસ્તો પકડ્યો. બરાબર એક વર્ષ અગાઉ નવેમ્બર, ૨૦૧૫માં સિઆચેનની મુલાકાત લીધી હતી. હવે બીજી અને અત્યંત મહત્ત્વપૂર્ણ મુલાકાતનો આરંભ થયો, જેમાં થનારા અવનવા અનુભવો આજીવન યાદ રહી જવાના હતા.

સહજ યોગાનુયોગે બનતો સામાન્ય પ્રસંગ ક્યારેક બહુ અસામાન્ય ઘટના સર્જવામાં નિમિત્ત બનતો હોય છે. 'સિઆચેન ગ્લેશિઅર ટ્રેક'માં જોડાવાનું ન થયું તે પ્રસંગને ફક્ત એક કડવી, છતાં નક્કર વાસ્તવિકતા તરીકે સ્વીકારી લીધી હોત અને સિઆચેન ક્ષેત્ર જવાનું સપનું અકાળે તૂટી ગયાનું ધારી દિલ્લીના ખુશ્કીદળ મુખ્યાલયનાં દ્વાર ખખડાવી જોયાં ન હોત તો ?

તો આગામી પ્રકરણોમાં જે વર્ણન કર્યું છે તેમાનું કશું જ બન્યું હોત નહિ ●







સિઆચેન : ફરી શા માટે આવવું પડ્યું ?

નવેમ્બર ૧૧, ૨૦૧૫ના રોજ સિઆચેનના બેઝ કેમ્પની વિઝિટ લીધી, પણ તે ફક્ત અમુક કલાકો પૂરતી હોવાને લીધે ટૂંકી સાબિત થઈ. બીજી તરફ સિઆચેન વિશે જાણવા જેવી બાબતો એટલી બધી છે કે ચંદ કલાકોમાં તેમનો પરિચય મેળવી શકાય નહિ. વિગતે જાણકારી મેળવવી હોય તો કેટલાક દિવસ બેઝ કેમ્પમાં વિતાવવા પડે. સિઆચેનના બેઝ કેમ્પમાં તેમજ હિમપહાડોમાં આપણા જવાનો, અફસરો, હેલિકોપ્ટર પાઈલટો તેમજ તબીબો શી કામગીરી બજાવે છે તે અંગે શક્ય એટલી માહિતી મેળવવાના આશય સાથે નવેમ્બર ૧૦, ૨૦૧૬ના રોજ સિઆચેનના લશ્કરી ક્ષેત્રની બીજી મુલાકાત લીધી. એક વર્ષથી જેની તૈયારી પાછળ શારીરિક તેમજ માનસિક પરિશ્રમ





સિયાચેન : બીજી અને મહત્ત્વપૂર્ણ મુલાકાત

લેહથી ખર્દુંગ લા કહેવાતા પહાડી ઘાટના સર્પિલ રસ્તે વાયા ખાલસર, સુમુર અને પનામિક થતી ટેક્સી બપોરે એકાદ વાગ્યે સસોમા ચેક પોસ્ટ પહોંચી. (૮મે પાને નકશામાં સસોમાનું સ્થાન જુઓ). સસોમા એ જ ચેક પોસ્ટ કે જ્યાં અગાઉ નવેમ્બર ૧૧, ૨૦૧૫ના રોજ લાન્સ નાયક રાણા અને તેમના સાથીદારો જોડે ઉષ્માભર્યો ભેટો થયો હતો. (જુઓ, પાનું ૫૦). બરાબર એક



વર્ષ પછી આજે નવેમ્બર ૧૦, ૨૦૧૬ના રોજ રાણા એન્ડ કંપની ફરી વાર અહીં મળી જાય તો કેવું સારું ! જો કે એવી શક્યતા પાંખી હતી.

સસોમા ચેક પોસ્ટના બંધ ઝાંપા પાસે જુમાએ ટેક્સી થોભાવી. સામેથી કેટલાક લશ્કરી જવાનો ટેક્સી તરફ આવ્યા અને પૂછ્યું, 'જય હિંદ, સા'બ ! કહાઁ જાના હૈ ?'

'જય હિંદ !' મેં કહ્યું. 'સિઆચેન બેઝ કેમ્પ... મેજર અભિષેક સે મિલના હૈ... પર્મિશન લે કર આયા હૂઁ.'

મારો પર્મિશન લેટર જોઇને એક જવાને કહ્યું, 'ઠીક હૈ, સા'બ ! આપ રજીસ્ટર મેં એન્ટ્રી કર દિજીયે... તબ તક મૈં અભિષેક સા'બ સે ફોન પર બાત કર લેતા હૂઁ.'



• વાયા વારશી સિઆચેન બેઝ કેમ્પના રસ્તે

હું એન્ટ્રી કરી રહ્યો હતો ત્યાં એક જવાને પૂછ્યું, 'સા'બ... આપ ફૌજ સે હૈ ?'

'નહીં... પત્રકાર હૂઁ.'

'અચ્છા...' જવાન બોલ્યો. 'રિપોર્ટિંગ કે લિયે આયે હૈ ?'

'સિઆચેન કે બારે મેં કિતાબ લિખના ચાહતા હૂઁ... ઇસલિયે કુછ દિન યહાઁ ઠહરુંગા... સબ કા ઇન્ટરવ્યૂ કરુંગા.'

'બહુત અચ્છા, સા'બ ! વહાઁ લાઇફ બહુત કઠિન હૈ. આપ ઐસા લિખિયે કી દેશ કે લોગોં કો જાનકારી મિલે કી સિઆચેન મેં હમારે ફૌજી કૈસે જીતેં હૈ ? કિતની મુશ્કિલેં ઝેલતેં હૈ ?'

'જી... જરૂર !'

સિઆચેન બેઝ કેમ્પના મેજર અભિષેક શર્મા જોડે ફોન પર વાત આટોપ્યા પછી પેલો જવાન

મારી તરફ આવીને બોલ્યો, 'આપ જા સકતે હૈ, સા'બ !'

હું અને જુમા મોટરમાં ગોઠવાયા. 'સા'બ, ઠંડ મેં અપના ખ્યાલ રખના. વાપસ આતે સમય જરૂર મિલના... જય હિંદ !' મોટરની બાજુમાં આવીને ઊભેલા જવાનો પૈકી એક જણે કહ્યું.

'જરૂર મિલુંગા... જય હિંદ !'

ચેક પોસ્ટનો ઝાંપો ખૂલ્યો. સસોમા પોસ્ટના તમામ જવાનોએ હાથ ઊંચો કરીને અભિવાદન કર્યું. સૌને અલવિદા કરીને અમે બેઝ કેમ્પ તરફ મોટર હંકારી મૂકી.

એકાદ કલાક પછી વારશી ગામે પહોંચ્યા. સિઆચેનના લશ્કરી ક્ષેત્રમાં દાખલ થતા પહેલાંનું એ છેલ્લામાં છેલ્લું ગામ, જ્યાંથી આગળ માનવવસાહત નથી. વારશીથી આગળ (ઉત્તર તરફ) જવાની કોઇ નાગરિકને છૂટ પણ નથી. વારશી વટાવ્યા બાદ વધુ અડધો-પોણો કલાકે બપોરે બે વાગ્યે અમારી ગાડી સિઆચેન બેઝ કેમ્પ પહોંચી અને ત્યાંની ચેક પોસ્ટે થોભી. સસોમા ચેક પોસ્ટની જેમ અહીં પણ પૂછપરછ કરવામાં આવી અને દસેક મિનિટ બાદ ચેક પોસ્ટના જવાને જણાવ્યું, 'આપ કો Sikh બટાલિઅન કી ઓફિસ મેં રિપોર્ટ કરના હૈ... મૈં સમઝાતા હૂઁ વહાઁ કિસ રાસ્તે સે જાના હૈ...' પોસ્ટના જવાને માર્ગદર્શન આપ્યું, એટલે અમે બેઉ પાછા ગાડીમાં ગોઠવાયા અને સૂચવેલા રસ્તે આગળ વધ્યા.

આજથી લગભગ પોણા બસ્સો વર્ષ પહેલાં જેની સ્થાપના થઇ તે ભારતીય ખુશ્કીદળની શીખ રેજિમેન્ટ કુલ ૧૯ બટાલિઅનની બનેલી છે. (બટાલિઅન = મહત્તમ ૧,૦૦૦ સૈનિકો). આમાંની એક શીખ બટાલિઅનને સિઆચેન ખાતે તૈનાત કરવામાં આવી હતી. મારે એ બટાલિઅનના કમાન્ડિંગ અફસરને જઇને મળવાનું હતું. સિઆચેન બેઝ કેમ્પના કાચા રસ્તે હંકારતી અમારી મોટરે શીખ બટાલિઅનના કાર્યાલય તરફ વળાંક લીધો ત્યાં શાંત વાતાવરણને ભેદતી તીવ્ર વ્હીસલનો અવાજ સંભળાયો. ખોટા રસ્તે ચડી ગયા હોવાનું ધારી જુમાએ તત્કાળ મોટર થોભાવી.

• બેઝ કેમ્પને બળતણનો (કેરોસિનનો) પુરવઠો ખટારાઓ મારફત પહોંચતો કરાય છે



મોટરની બારી વાટે જોયું તો દૂર ઊભેલો એક શીખ સંત્રી હાથના ઇશારા વડે અમને પોતાની તરફ બોલાવી રહ્યો હતો. જુમાએ એની તરફ મોટર વાળી.

'સત્ શ્રી અકાલ, સા...બ... !' સંત્રીએ પંજાબી લહેકામાં કહ્યું. 'કહાઁ જાના હૈ આપ કો ?'

'શીખ બટાલિઅન કી ઓફિસ જાના હૈ.' મેં જવાબ દીધો.

'આપને ગલત રાસ્તા લે લિયા થા. યહાઁ સે બિલકુલ સીધા જાઇએ. લેકિન જાને સે પહેલે જરા અંદર આઇએ...'

સંત્રી મને અન્ડરગ્રાઉન્ડ બન્કર જેવા ભોંયરામાં લઇ ગયો, જ્યાં શીખ બટાલિઅનના કેટલાક જવાનો આરામ ફરમાવી રહ્યા હતા. મને જોઇને કશ્મીર સિંહ નામના શીખ જવાન તેમના બિછાનામાંથી સફાળા ઊભા થઇ ગયા. 'સત્ શ્રી અકાલ, સા...બ... !' પંજાબી ઢબમાં તેમણે અભિવાદન કર્યું. બન્કરમાં ઉપસ્થિત બીજા ચારેક જવાનોએ પણ કશ્મીર સિંહનું અનુકરણ કર્યું.

'સત્ શ્રી અકાલ.' સૌને વળતું અભિવાદન કરી હું ખુરશી પર બેઠો અને મારા આવવાનો ઉદ્દેશ કશ્મીર સિંહને જણાવ્યો.

'સા'બ કો ચાય પિલાઓ.' કશ્મીર સિંહે તેમના જૂનિઅર જવાનને આદેશ આપ્યો. દરમ્યાન તેઓ પોતે ઉપરી અધિકારીને ટેલિફોન વડે મારા આગમનની જાણ કરવામાં વ્યસ્ત બન્યા. બપોરનો સમય હતો, છતાં વાતાવરણમાં ઠંડીનો એટલો બધો ચમકારો કે ગરમ ચાનો પ્યાલો હાથમાં પકડતાવેંત ઠંડીગાર હથેળીને હૂંફ મળી. પ્યાલો મોઢે માંડીને ચાનો ઘૂંટડો પીધો કે બીજી જ ક્ષણે ઉદ્‌ગાર નીકળી ગયો : 'હા...શ... !'

અલિપ્ત દુનિયામાં એકલુંઅટૂલું જીવન

મેં જોયું કે બન્કર જેવી જરા અંધારી ઓરડીમાં ત્રણથી ચાર જેટલા ડબલ ડેકર પલંગો હતા. એક ખૂણામાં નાનું અમસ્તું રસોડું, જ્યાં કેરોસિન સ્ટવ પર ઠંડાગાર પાણીને ગરમ કરવા માટેનાં મોટાં તપેલાં હતાં. ચ્હા-નાસ્તો પણ ત્યાં જ બનાવવામાં આવતા હતા. રસોડાની બાજુમાં એક નાનકડા ટેબલ પર નાનકડું એલ.સી.ડી. ટેલિવિઝન પડ્યું હતું, જેના પર કો'ક પંજાબી ચેનલ રજૂ થઇ રહી હતી. ઓરડીની દીવાલો પર જે તે જવાનના યુનિફોર્મ હેન્ગરમાં ભરાવીને ખીંટી પર ટીંગાવેલા હતા. બસ ! આ જ કશ્મીર સિંહ અને તેમના સાથીદારોનું નાનું અમસ્તું રૈનબસેરા ! બેડરૂમ, કિચન, ડાઇનિંગ, ડ્રોઇંગ રૂમ... જે ગણો તે બધું એક જ ઓરડીમાં ! આમાં જવાનની વ્યક્તિગત દુનિયા જેવું કંઇ હોય તો તે પલંગમાં સાત ફીટ બાય ત્રણ ફીટની ગાદી, જ્યાં બેસીને યા લેટીને તે પોતાના સુખ-દુ:ખની ક્ષણોનું એકલપંડે સ્મરણ કરે છે. બન્કરનો ખૂણેખૂણો જોવામાં અને જોયા પછી તેના સંદર્ભે સરેરાશ જવાનની તકલીફો માત્ર કલ્પના લડાવીને સમજવામાં ચ્હાનો પ્યાલો મારા હાથમાં જ રહી ગયો.

સીનિઅર અફસર જોડે ટેલિફોનિક વાર્તાલાપ પૂરો થતાં કશ્મીર સિંહ બોલ્યા, 'સર ! ચાય પી લીજિયે. હમેં સીધા Officer's mess મેં જાના હૈ. આપ પહેલે વહાઁ લન્ચ કર લીજિયે. તીન બજે મેસ બંધ હો જાયેગા.'

'ઠીક હૈ.'

'મૈં આપકે સાથ ચલતા હૂઁ.' દીવાલ પર ટીંગાતી વર્દી હાથમાં લેતા કશ્મીર સિંહે કહ્યું.

'અરે... આપ તકલીફ મત કીજિએ કશ્મીર સિંહજી ! મૈં ખદ ચલા જાઉંગા.'



'ઉસ મેં તકલીફ કિસ બાત કી, સર ! આપ ઇતની દૂર સે યહાઁ આયે હૈ... હમ ફૌજીઓ કે બારે મેં જાનકારી લેને... કિતાબ લિખને... વો ભી ઇતની ઠંડ મેં. તકલીફ તો આપને ઉઠાયી હૈ હમ સબ કે લિયે.' કશ્મીર સિંહ મારો પંજો તેમના બેઉ હાથમાં પકડતા બોલ્યા.

'ઐસા મત કહો, કશ્મીર સિંહજી ! યહ તો મેરા ફર્ઝ હૈ.' હું તરત જ બોલી પડ્યો. 'એક બાત બતાઇયે. ક્યા આપ કભી સિઆચેન કી પોસ્ટ મેં ડ્યૂટી કરને ગયે હૈ ?'

કશ્મીર સિંહનો ત્વરિત જવાબ : 'હમ સબ પોસ્ટ સે અભી દો દિન પહેલે હી લૌટે હૈ.'

'ક્યા બાત હૈ ! કૌન સી પોસ્ટ ?'

'જ્વાલા પોસ્ટ. ૧૯,૨૦૦ ફીટ કી ઊંચાઇ પર હૈ.'

'ઓહ !' હું આશ્ચર્યથી બોલી પડ્યો. 'વહાઁ કિતને દિન ડ્યૂટી પર થે ?'

'પાંચ મહિને, સર !'

'પાંચ મહિને ?' આ વખતે વધુ આશ્ચર્ય સાથે, માટે વધુ તીવ્રતાના અવાજ સાથે બોલી પડાયું. 'કૈસા અનુભવ હુઆ આપકો વહાઁ ?'

'સા'બ પૂછિયે મત !' કશ્મીર સિંહે કહ્યું. 'ઉપર પોસ્ટ મેં ઇતની તકલીફેં હૈ કી આપ સોચ ભી નહીં સકતે...'

કશ્મીર સિંહને વધુ સવાલો પૂછીને વધુ માહિતી મેળવવાની ઉત્કંઠા હતી, પણ હાથ પર ઝાઝો સમય ન હતો. ઓફિસર્સ મેસ બંધ થવાનો ટાઇમ થઇ રહ્યો હતો, એટલે કશ્મીર સિંહે વેળાસર ત્યાં પહોંચી જવાની સલાહ આપી. બન્કરની બહાર અમે આવ્યા. જુમા બન્કર સામે જ રાહ જોતો ઊભો હતો.

• બાલ્ટિ ભાષામાં 'સિઆ' એટલે ગુલાબ અને 'ચેન'નો મતલબ પ્રદેશ થાય છે. જો કે સિઆચેનનું વિષમ વાતાવરણ ગુલાબી નહિ, 'કાંટેદાર' છે




'મૈં અબ ચલું, સર ?' જુમાએ પૂછ્યું. 'આપ કા કામ યહાઁ ખતમ હો જાયે તો મુઝે ફોન કર દેના. મૈં આપ કો લેને આ જાઉંગા.'

ખુશ્કીદળની પર્મિશન લીધા વિના સામાન્ય વ્યક્તિને (લશ્કરી ભાષામાં સિવિલિઅનને) સિઆચેનમાં રાત્રિરોકાણની મંજૂરી હોતી નથી, એટલે જુમાએ બે-અઢી કલાકના ફાસલે આવેલા પોતાના ગામ ક્યાગરે પાછા ફરવાનું હતું.

'ઠીક હૈ ! મુઝે યહાઁ કમ સે કમ ચાર-પાંચ દિન રુકના હોગા.'

'આપ આરામ સે યહાઁ અપના કામ કીજિયે...' જુમા બોલ્યો. 'યહાઁ તક આને કે લિયે આપને બહુત પાપડ બેલેં હૈ. અબ અપના ડ્રીમ પૂરા કીજિયે.'

'હાઁ, પાપડ તો કાફી સારે બેલેં... ઔર વહ ભી કાફી મહિનોં તક !'



• બેઝ કેમ્પનું મારું રૈનબસેરા : શીખ બટાલિઅનનું ગેસ્ટ હાઉસ

મલકાતા ચહેરે જુમા તેની ગાડીમાં ગોઠવાયો અને લદાખી ભાષામાં 'જુલે !'નું અભિવાદન કરી તેના ગામે જવા નીકળ્યો. ('નમસ્તે !'નો લદાખી શબ્દ 'જુલે !' છે). આ તરફ મેં મારો પીઠથેલો ભરાવ્યો અને કશ્મીર સિંહ સાથે શીખ બટાલિઅનની ઓફિસર્સ મેસ (અફસરોના ભોજનકક્ષ) તરફ પ્રયાણ કર્યું. ભોજનકક્ષના એક ખૂણામાં મેં પીઠથેલો મૂક્યો, ગરમ પાણીએ હાથ-મોં ધોયાં અને ડાઈનિંગ ટેબલની ખુરશી પર બેઠો. આખા ભોજનકક્ષમાં ત્યારે કોઈ નહોતું. બધા અફસરો તેમનું ભોજન પતાવીને વિદાય લઈ ચૂક્યા હતા.

'સત્ શ્રી અકાલ, સા...બ... !' મોહન સિંહ નામનો સિપાહી ડાઈનિંગ ટેબલ પર હૂંફાળા પાણીનો ગ્લાસ મૂકતા બોલ્યો.

'સત્ શ્રી અકાલ !'

થોડી મિનિટોમાં ગુલઝાર સિંહ નામનો (બાવીસેક વર્ષનો) બીજો સિપાહી ભોજન લઈને આવ્યો. શુદ્ધ, સાત્ત્વિક, શાકાહારી પંજાબી ખાણું માણ્યા પછી હું એની સાથે શીખ બટાલિઅનના

ગેસ્ટ હાઉસે ગયો, જ્યાં એક રૂમમાં મારા ઉતારાની સગવડ કરવામાં આવી હતી.

'સા'બ, આપ થોડા રેસ્ટ કર લીજિયે.' ગુલઝાર સિંહ બોલ્યો. 'શામ ઠીક ૬:૦૦ બજે આપ કો બેઝ કમાન્ડર સા'બ સે મિલના હૈ. કોઇ આપ કો સાડે પાંચ બજે લેને આ જાયેગા, તૈયાર રહેના !'

■

સાંજે સાડા પાંચના ટકોરે મારા રૂમના દરવાજે ટકોરા પડ્યા : 'ઉસ્તાદ જી...'

'અંદર આ જાઓ.' મેં કહ્યું.

'આપ તૈયાર હૈ ?'

'જી... તૈયાર હૂઁ.' મેં મારાં જૂતાં સાફ કરતાં જવાબ દીધો. લશ્કરમાં અસ્તવ્યસ્ત કપડાં, વીખાયેલા વાળ, ડાઘાડૂઘીવાળાં જૂતાં વગેરે ન ચાલે. આવી લાપરવાહી ગેરશિસ્ત લેખાય.

ગુલઝાર સિંહ તેની સાથે એક જવાનને લેતો આવ્યો હતો. મને જોતાવેંત તેણે 'સત્ શ્રી અકાલ !' વડે અભિવાદન કર્યું અને પછી બેઝ કમાન્ડરની ઓફિસે દોરી ગયો. બરાબર છ વાગ્યે બેઝ કમાન્ડરે મને તેમની કેબિનમાં બોલાવ્યો. મેં દરવાજે ટકોરા મારી અંદર આવવાની રજા માગી. રજા મળી. દરવાજો ખોલીને હું અંદર પ્રવેશ્યો અને એ સાથે બેઉ જણા એકમેકને ચંદ સેકન્ડ સુધી તાકી રહ્યા. બેઝ કમાન્ડરનું નામ કર્નલ વી. હરિહરન--એ જ કર્નલ હરિહરન કે જેમની સાથે નવેમ્બર ૧૧, ૨૦૧૫ની દિવાળીના દિવસે મારી સિઆચેન બેઝ કેમ્પ મુલાકાત વખતે ભેટો થયો હતો. (જુઓ, પાનું ૫૩). હું તેમને ઓળખી ગયો, પણ તેમને મારી ઓળખાણ પડી કે નહિ તેની ખાતરી કરવા મેં મારું નામ કહ્યું. બરાબર એક વર્ષ પહેલાં અહીં જ મળ્યા હોવાનું યાદ અપાવ્યું. કર્નલ હરિહરન તરત બોલી ઊઠ્યા : 'Yes, yes Mr. Pushkarna ! I remember everything. You'd come last year on Diwali with lots of sweets. You interacted with the jawans... I remember.'

આ સાંભળી મને હાશકારો થયો, કેમ કે હું કોણ છું; કયા પ્રકારનું કામ કરું છું; મારો રાષ્ટ્રવાદી અભિગમ કેટલો પ્રબળ છે વગેરે બાબતોથી કર્નલ હરિહરનને વાકેફ કરવાની આવશ્કતા ન હતી. કર્નલ એ બધું સારી રીતે જાણતા હતા.

'Tell me Mr. Pushkarna ! What brought you here again? What can I do for you?' સિઆચેન ફરી વાર આવવાના પ્રયોજન વિશે મેં વિસ્તૃત રીતે કર્નલ હરિહરનને જણાવ્યું. સિઆચેન ક્ષેત્ર વિશે રજેરજની માહિતી એકઠી કરવા માટે જવાનો, અફસરો, સારવાર કેંદ્રના તબીબો વગેરેને રૂબરૂ મળી તેમને મુદ્દાસરના સવાલો પૂછવાની તેમજ સિઆચેન ક્ષેત્રની તસવીરો ખેંચવાની મંજૂરી મેં કર્નલ હરિહરન પાસે માગી--અને એ બેઝ કમાન્ડરે મારામાં સંપૂર્ણ વિશ્વાસ મૂકીને તત્કાળ મંજૂરી આપી. એકાદ કલાક લાંબા વાર્તાલાપના અંતે અમે છૂટા પડ્યા. ગેસ્ટ રૂમે પાછા ફરીને મેં મારી ડાયરી કાઢી અને કર્નલના મોઢે જાણવા મળેલી સિઆચેન અંગેની કેટલીક અજાણી વાતો તેમાં ટપકાવી.

■

સૂર્યાસ્ત પછી હવે વાતાવરણમાં ઠંડીનો ચમકારો ખતરનાક હદે વધી રહ્યો હતો. તાપમાન શૂન્ય નીચે નહિ નહિ તોય બારેક અંશ સેલ્શિઅસે સરી ગયું હતું. થોડોક સમય રૂમમાં વીતાવ્યા બાદ રાત્રિના આઠેક વાગ્યે હું ભોજન માટે ફરી ઓફિસર્સ મેસ ગયો. આ વખતે ત્યાં પાંચેક યુવાન અફસરો હતા, જેઓ ભોજનકક્ષની બાજુના ઓરડામાં ટેબલ ટેનિસ અને પૂલ (બિલિયર્ડ્ઝ)

રમવામાં મશગૂલ હતા. બેઉ રમતમાં મને ઊંડો રસ અને ફાવટ, પણ તે ઓરડામાં દાખલ થવા માટે મારા પગ ઉપડ્યા નહિ. ભારોભાર સંકોચ થતો હતો. સંકોચ વળી સકારણ હતો. લશ્કરમાં ચોક્કસ પ્રકારના શિરસ્તા અને પ્રણાલી/ customs and etiquettes હોય છે. આપણા જેવા સિવિલિઅનોને તેમના અંગે પૂરેપૂરી જાણકારી હોય નહિ. રમતમાં મશગૂલ અફસરોની પ્રાઇવસીનો ભંગ કરીને મારાથી અજાણતાં કોઇ શિરસ્તાનો યા પ્રણાલીનો અનાદર ન થાય એ ખાતર મેં ભોજનકક્ષમાં ખૂણાના એક ટેબલ-ખુરશી પર બેસવાનું પસંદ કર્યું.

દસ-પંદર મિનિટ બાદ બાજુના ઓરડામાંથી ત્રણ યુવાન અફસરો બહાર આવ્યા, જેમને જોઇને હું (માન આપવા માટે) તરત ઊભો થઇ ગયો. 'ગુડ ઇવનિંગ !' મેં કહ્યું.

'જય હિંદ, સર !' ત્રણેય જુવાનિયા અફસરો વારાફરતી બોલ્યા. સહેજ અટેન્શનમાં પણ આવ્યા. હું પામી ગયો કે તેમણે મને એકાદ સીનિઅર રેન્કનો ફૌજી અફસર ધારી લીધો છે, એટલે તરત જ ડાબા હાથનો પંજો અધ્ધર કરીને હું બોલ્યો, 'સિવિલિઅન !' (આ શિરસ્તા વિશે મને જાણકારી હતી). ત્રણેય જણા તરત 'વિશ્રામ' પોઝમાં આવ્યા. મારી જોડે હાથ મિલાવ્યા અને પોતાની ઓળખાણ આપી. ત્રણ પૈકી બે અફસરોનો હોદ્દો કેપ્ટનનો, જ્યારે ત્રીજાનો હોદ્દો લેફ્ટનન્ટનો હતો. લશ્કરમાં ઓફિસરનો હોદ્દો લેફ્ટનન્ટથી શરૂ થાય અને ત્યાર પછી કેપ્ટન, મેજર, લેફ્ટનન્ટ-કર્નલ, કર્નલ, બ્રિગેડિઅર, મેજર-જનરલ, લેફ્ટનન્ટ-જનરલ અને જનરલ એમ બઢતા ક્રમમાં હોદ્દો વધુને વધુ સીનિઅર લેવલનો થાય. સૌથી ટોચનો ખિતાબ ફીલ્ડ-માર્શલનો છે, જે આજ દિન સુધી સામબહાદુર માણેકશા અને કે. એમ. કરિઅપ્પા નામના માત્ર બે ખુશ્કી સેનાપતિઓને જ એનાયત કરાયો છે.

માંડ ૨૩-૨૪ વર્ષની વયના ત્રણેય જુવાનિયા અફસરો ગોરખા રેજિમેન્ટના હતા. મેં તેમને મારી ઓળખાણ આપી અને અહીં શા માટે આવ્યો છું તે જણાવ્યું. ત્રણેયને જાણવામાં રસ પડ્યો, એટલે વાતોનો દોર ચાલ્યો :

'તમે ત્રણેય જણા અહીં પહાડી ચોકીઓમાં ફરજ બજાવી આવ્યા છો ?' મેં પૂછ્યું.

'નો સર ! ટૂંક સમયમાં જઇશું. અત્યારે અમારી ટ્રેઇનિંગ ચાલુ છે.'

'સિઆચેન બેટલ સ્કૂલમાં ?'

'હા, ત્યાં જ !'

'પેલા મણિપુરી મેજર સુભાષ હજી ત્યાં ફરજ પર છે ?'

'યસ સર ! પણ તમે એમને કેવી રીતે ઓળખો ?' એક કેપ્ટને આશ્ચર્યથી પૂછ્યું.

'ગયા વર્ષે દિવાળીના રોજ હું અહીં આવ્યો હતો ત્યારે મારી મુલાકાત એમની (મેજર સુભાષ) જોડે થઇ હતી. સિઆચેન બેટલ સ્કૂલમાં જવાનોને કેવી રીતે ટ્રેઇનિંગ આપવામાં આવે છે તેની ઝીણવટભરી માહિતી તેમણે મને આપી હતી.'

'તો આ તમારી બીજી મુલાકાત છે, એમ ને ?'

'હા, પણ આ વખતે જરા લાંબી છે. સિઆચેન વિશેનાં તમામ પાસાં હું મારા પુસ્તકમાં સામેલ કરવા માંગું છું.'

આ સાંભળી મૂળ હિમાચલ પ્રદેશના વતની કેપ્ટને પૂછ્યું, 'તમારો મતલબ લશ્કરી પાસાં.'

'હા...' મેં કહ્યું. '...પણ સિઆચેનનું તે એકમાત્ર પાસું નથી. બીજાં પણ અનેક છે, જેમનાં વિશે દેશના ઘણાખરા લોકોને લગીરે જાણકારી નથી.'

• શિખરો ઊંચા ને ... પડકારો ઝીલતા સિ... સૌથી મોટી ચેલેન્જ ...

ઓરડામાં દાખલ
ી સકારણ હતો.
હોય છે. આપણા
ગૂલ અફસરોની
નાદર ન થાય એ

આવ્યા, જેમને

અટેન્શનમાં પણ
ધારી લીધો છે,
ના શિરસ્તા વિશે
હાથ મિલાવ્યા
ે ત્રીજાનો હોદ્દો
ાર પછી કેપ્ટન,
ને જનરલ એમ
ફીલ્ડ-માર્શલનો
માત્ર બે ખુશ્કી


હતા. મેં તેમને
ામાં રસ પડ્યો,

પૂછ્યું.

છ્યું.
એમની (મેજર
આપવામાં આવે

મારા પુસ્તકમાં

કરી પાસાં.'
ેક છે, જેમનાં



• શિખરો ઊંચા ને મારગ આકરા : આ બેઉ પડકારો ઝીલતા સિઆચેનના પ્રહરીઓ માટે સૌથી મોટી ચેલેન્જ વિષમ હવામાનની છે

'જેમ કે...' કેપ્ટને વળતો સવાલ કર્યો.

'હું ઘણાં બધાં ઉદાહરણો આપી શકું તેમ છું, કેપ્ટન !' મેં જવાબ દીધો. 'પરંતુ તમને એક મહત્ત્વપૂર્ણ દાખલો આપું.' ત્રણેય અફસરો એકાગ્રતાપૂર્વક મને સાંભળવા લાગ્યા. 'સિઆચેનનું વાતાવરણ બહુ વિષમ છે. અહીં આજ દિન સુધી યુદ્ધમાં જેટલા સૈનિકોનો ભોગ લેવાયો છે તેના કરતાં ક્યાંય વધુ જાનહાનિ શૂન્ય નીચેની ૨૦°થી ૫૫° સેલ્શિઅસની વિષમ ઠંડીએ, હિમઝંઝાવાતોએ, હિમપ્રપાતોએ તથા સેંકડો મીટર ઊંડી કોતરોએ કરી છે. બરાબર ?

'રાઈટ, સર !' કેપ્ટને ડોકું ધૂણાવ્યું.

'આ બધી નક્કર વાસ્તવિકતાઓ છે, જેમને જાણવા છતાં હજારો જવાનો અને તમારા જેવા અફસરો હસતે મોઢે સિઆચેનમાં તેમની સામે ઝઝૂમવા ઉત્તુંગ પહાડોમાં જાય છે.' મેં વાત આગળ ચલાવી. 'આ બહુ સારી વાત છે. જાણીને શેર લોહી ચડે એવી વાત છે. સાહસ, શૌર્ય અને વીરતા જેવા ગુણો તેમાં વ્યક્ત થાય છે. ભારતના દરેક ફૌજીમાં એ ગુણો છે. તમારામાં પણ છે. પરંતુ સિક્કાની તે એક બાજુ થઈ. બીજી બાજુ પર ફૌજીની સંવેદના અને લાગણીઓ છે, જેની તરફ કોઈનું ધ્યાન સામાન્ય રીતે પડતું નથી. ફૌજી એટલે યુનિફોર્મમાં સજ્જ ફૌલાદી પુરુષ માત્ર એવો ખ્યાલ આપણે ત્યાં વ્યાપ્ત છે. હું એ ખ્યાલને નકારતો નથી તેમ પૂરેપૂરો સ્વીકારતો પણ નથી. કારણ કે ખ્યાલ અધૂરો છે. તમે જ મને કહો, શું તમે ફૌલાદના બનેલા છો ? નહિ, તમે પણ મારી જેમ હાડ-માંસના બનેલા માણસ છો. મારી જેમ તમને પણ હૃદય છે અને તેમાં અનેક પ્રકારની લાગણીઓ છે. એ વાત જુદી કે મારા જેવા સિવિલિઅનની જેમ તમે તમારી લાગણીઓ તેમજ સંવેદનાઓ મુક્તપણે વ્યક્ત કરતા નથી, પરંતુ તેનો અર્થ એવો નહિ કે તમારામાં લાગણી-સંવેદના જેવું કશું છે જ નહિ.'

ત્રણેય યુવાન અફસરો એકીટશે મને જોતા રહ્યા. કશું જ બોલ્યા નહિ. અગર તો બોલી શક્યા નહિ.

'હું મારા પુસ્તકમાં સિક્કાની બીજી બાજુ પણ દર્શાવવા માગું છું. જવાનો/અફસરોની લાગણીઓને વાચા આપવા માગું છું. સિઆચેનના ઉત્તુંગ હિમશિખરોમાં તેઓ કેવો અને કેટલી હદનો શારીરિક જુલમ વેઠે છે તે ખુદ તેમના મોઢે જાણવા માગું છું. પરિવારથી હજારો કિલોમીટર દૂર અહીં હિમપહાડો વચ્ચે દિવસો નહિ, મહિનાઓ સુધી એકલવાયું જીવન જીવવાનું માનસિક રીતે કેટલું કઠિન છે તે સમજવાનો મારે પ્રયત્ન કરવો છે. આ બધાં પાસાં સૌને માટે અજાણ્યાં છે. ફરજપાલન અને વતનપરસ્તી માટે સરેરાશ જવાન/અફસર પોતાની લાગણીઓને તથા સંવેદનાઓને દાબી રાખે છે એ વાત મારે હજારો વાચકો સુધી પહોંચાડવી છે. મારા પુસ્તકનું ફોકસિંગ સિઆચેનની માત્ર ને માત્ર લશ્કરી બાજુ પર અગર તો ત્યાં ફરજ બજાવતા સૈનિકોની શૌર્યગાથા પર મંડાયેલું નથી. બલકે હું એ તમામ પાસાંને આવરી લેવા માગું છું જેમને સિઆચેન જોડે સીધો યા આડકતરો સંબંધ છે.' મેં મારી વાત પૂરી કરી.

કેટલીક સેકન્ડો મૌન વીતી પછી પેલા હિમાચલ પ્રદેશી કેપ્ટને ધીમા અવાજે મને પૂછ્યું : 'ડિનર, સર ?'

ભોજન બાકી હતું, એટલે અમે ચારેયે પોતપોતાની ડિશ પીરસી. લશ્કરી અફસરો જોડે બેસીને જમવામાં મને ખંચકાટ હતો. પરિણામે હું મારી ડિશ લઈને દૂરના ટેબલ તરફ જવા લાગ્યો ત્યાં એ જ કેપ્ટને મને રોક્યો. સાથે બેસીને જમવા માટે આગ્રહ કર્યો.



પાંચેક મિનિટ પહેલાં જે સંવેદનશીલ વાર્તાલાપ ચાલ્યો તેને કારણે અમારા ચારેયના મૂડ જરા બદલાયા હતા, જેને ઠીક કરવા મેં જુદો ટોપિક છેડ્યો : 'તમારા ત્રણેયના પરિવારમાં કોણ કોણ છે ?'

પરિવાર શબ્દ સાંભળીને ત્રણેયના ચહેરા પર રોનક આવી. હોંશે હોંશે તેમણે પોતપોતાના પરિવાર વિશે વાતો કરી. ભોજનના અંતે ત્રણેય અફસરોએ કાલે ફરી મળવાની ઇચ્છા વ્યક્ત કરીને રજા લીધી. સવારે ૭:૦૦ વાગ્યે તેમણે સિઆચેન બેટલ સ્કૂલ ખાતે ટ્રેઈનિંગ માટે હાજર થવાનું હતું. આ તરફ મારે સવારે ૯:૦૦ વાગ્યે બેઝ કમાન્ડર કર્નલ હરિહરનને તેમના કાર્યાલયે મળવા જવાનું હતું. ઓફિસર્સ મેસથી નીકળીને હું મારા ગેસ્ટ રૂમે પહોંચ્યો. બેઝ કેમ્પના શૂન્ય નીચે લગભગ ૧૨° સેલ્શિઅસ જેટલા તાપમાને મારા રૂમને રેફ્રિજરેટરના ફ્રીઝર કમ્પાર્ટમેન્ટ જેવો ઠંડોગાર કરી દીધો હતો. રૂમમાં વળી હીટરની સગવડ ન હતી. એક ધાબળો અને એક પાતળી રજાઈ હતી, જે કાતિલ ઠંડીને રોકવા પૂરતા ન હતા. છતાં જે હતું તેનાથી મેં ચલાવી લીધું. બહાર આખી રાત જોશદાર આઈસ કોલ્ડ પવન ફૂંકાતો રહ્યો, જેનો સૂસવાટો પતરાના બનેલા મારા ગેસ્ટ રૂમની નાની-મોટી ફાટમાંથી સિસોટીઓ બજાવતો અંદર ઘૂસી આવતો હતો. જેમ તેમ કરીને



● *સિઆચેન દ્વાર : અહીંથી આગળ ભારતના શેરદિલો રહે છે !*

આખી રાત મેં ઠંડીમાં ઠૂઠવાતા કાઢી. રાતભર તો ઊંઘ ન આવી, પણ વહેલી સવારે આંખ લાગી ત્યાં તો દરવાજે જોરમાં ટકોરા પડ્યા :

'ઉસ્તાદ જી... ગરમ પાની લે લીજિયે... ઉસ્તાદ જી...'

સવારના પોણા સાત થયા હતા. પેલો શીખ સૈનિક ગુલઝાર સિંહ ગરમ પાણી ભરેલી બાલદી લઈને હાજર થયો હતો. ગાત્રો થીજાવી દેતી ઠંડી વચ્ચે રજાઈમાંથી નીકળવાનું જરાય મન નહોતું, છતાં નીકળવું પડ્યું. દરવાજો ખોલ્યો, એટલે ગુલઝાર સિંહ રૂમમાં દાખલ થયો. 'ગુડ મોર્નિંગ, ઉસ્તાદ જી ! સોયે ઠીક સે ?'

'.....' મોઢા પર સ્મિત દેખાડવા સિવાય મારી પાસે કોઇ જવાબ નહોતો.

સિઆચેન ક્ષેત્રમાં થર્મોમીટરનો પારો શૂન્ય નીચે સરી જાય ત્યારે બાથરૂમમાં પાણીનો નળ વાટેનો સપ્લાય કાપી નાખવામાં આવે છે. કારણ કે માઇનસ તાપમાન પાઇપના પાણીને બરફમાં ફેરવી દે અને પ્રવાહી પાણી કરતાં ક્યાંય વધુ જગ્યા રોકતો ઘન બરફ પાઇપને ફાડી નાખે. નહાવા-ધોવા માટે ગરમ પાણી એટલે જ અહીં બાલદી વડે આપવામાં આવતું હતું.

પરવારીને હું ઓફિસર્સ મેસ ગયો, ગરમાગરમ ચા પીધી અને બરાબર નવ વાગ્યે બેઝ કમાન્ડર કર્નલ હરિહરનની ઓફિસે પહોંચ્યો. કર્નલ ત્યારે ત્યાં નહોતા. થોડી મિનિટો પહેલાં જ તેઓ સિઆચેન hut/ હટ નામના સ્વાગતકક્ષ-કમ-કાર્યાલયે ગયા હતા, એટલે હું પણ ત્યાં પગપાળા પહોંચ્યો. બેઝ કેમ્પ પર ત્યારે જ્યાં નજર કરો ત્યાં ચહલપહલ હતી. ક્યાંક લશ્કરી ખટારાની આવનજાવન હતી, તો ક્યાંય જવાનોનાં જૂથ કૂચ કરી રહ્યાં હતાં. આકાશ પણ શાંત નહોતું. એક કે બાદ એક હેલિકોપ્ટરનું ટેક-ઓફ અને લેન્ડિંગ ચાલુ હતું.

હું સિઆચેન હટ પહોંચ્યો ત્યારે હેલિપેડ પર ફ્રેન્ચ બનાવટનું 'લામા' પ્રકારનું (ભારતીય નામ મુજબ 'ચિત્તા') હેલિકોપ્ટર તેમજ સ્વદેશી 'ધ્રુવ' હેલિપેડ પર ઊભાં હતાં. બેઉનાં એન્જિનો ચાલુ હતાં, માટે તેની ધમધમાટી બેઝ કેમ્પના શાંત વાતાવરણને ગજવતી હતી. ●



મોતને પડકારતા હવાઈ મરજીવા

બેઝ કેમ્પથી રોજિંદા ધોરણે 'ચિત્તા' અને 'ધ્રુવ' હેલિકોપ્ટરો વારાફરતી ઉડાન ભરી જે તે પહાડી ચોકીઓના સૈનિકોને તેમના અંગત પત્રો તેમજ પાર્સલો, કેરોસિન, ખાધાખોરાકીનો સામાન વગેરે પહોંચાડે છે. વહેલી સવારે શરૂ થતું એ કાર્ય મધ્યાહ્ન સુધી ચાલે, જે દરમ્યાન બેઝ કેમ્પ કમાન્ડર કર્નલ હરિહરન અને (એર ડિસ્પેચ પ્લેટૂનના) મેજર અભિષેક શર્મા દરરોજ સવારે સિઆચેન હટ ખાતે ઉપસ્થિત રહી એ ગતિવિધિનું પ્રત્યક્ષ અવલોકન કરે છે. (પ્લેટૂન અર્થાત્ પલટણ આશરે ૩૨ જવાનોની બનેલી હોય છે). આજે મને પણ તે ગતિવિધિ જોવાનો લહાવો મળ્યો. સાથોસાથ સિઆચેન ક્ષેત્રમાં હેલિકોપ્ટર્સ અને તેના પાઈલટોની ભૂમિકા અંગે આશ્ચર્યજનક બાબતો જાણવાનોય મોકો સાંપડ્યો.

'Good Morning!' સિઆચેન હટમાં દાખલ થતાવેંત મેં કર્નલ હરિહરનને તથા મેજર અભિષેકને કહ્યું.



● *કર્નલ હરિહરન (જમણે) મેજર અભિષેક સાથે. બેકગ્રાઉન્ડમાં દેખાતું હેલિકોપ્ટર સ્વદેશી 'ધ્રુવ' છે*

તસવીર : હર્ષલ પુષ્કર્ણા

'Good Morning!'

'Mr. Pushkarna, tea or coffee?' કર્નલ હરિહરને પૂછ્યું.

'Nothing, Sir!' શીખ બટાલિઅનની ઓફિસર્સ મેસમાં હું ચા-નાસ્તો લઈને આવ્યો હતો, એટલે મેં ના પાડી.

'Please have a seat.' કર્નલ હરિહરન બોલ્યા. 'I need to take a look on some work. Would you mind if I finish it?'

'Not at all, sir!' મેં કહ્યું. 'Please finish it. I will wait here.'

હેલિપેડ પર ઊભેલા અને એન્જિનની ધમધમાટી વડે વાતાવરણને ગજવી રહેલા 'ચિત્તા' અને 'ધ્રુવ' હેલિકોપ્ટર્સને જોવામાં મને રસ પડ્યો. આવો સોનેરી મોકો જલદી ન મળે, એટલે સિઆચેન હટના ઓરડામાંથી હું બહાર નીકળ્યો અને સલામત અંતરે ઊભા રહી 'ચિત્તા' હેલિકોપ્ટરને (લશ્કરી ભાષા મુજબ hapterને) જોવા લાગ્યો. હેલિપેડ પર વિવિધ પ્રકારનો સામાન નાના-મોટા હિસ્સે વિભાજિત કરીને મૂકવામાં આવ્યો હતો, જે પૈકી એક હિસ્સો 'ચિત્તા'માં ચડાવવામાં આવી રહ્યો હતો. ગણતરીની મિનિટોમાં એ કામ પૂરું થયું, એટલે હેલિકોપ્ટરના દરવાજા વાસી દેવાયા. અંદર બેઠેલા પાઇલટે એન્જિનબળ વધાર્યું એ સાથે ધમધમાટીની તેમજ રોટરના (પંખાના) ધરીભ્રમણની માત્રા વધી. હેલિપેડ પર ઉપસ્થિત એર ડિસ્પેચ પ્લેટૂનના જવાનોએ 'સબ ઠીક હૈ!'નો સૂચક અંગૂઠો ઊંચો કર્યો. પાઇલટે પણ પોતાનો હાથ ઊંચો કરીને અંગૂઠાની સાઇન દર્શાવી અને ટેક-ઓફ કરીને પોતાના 'ચિત્તા'ને સિઆચેન હિમનદીના બર્ફીલા પહાડો તરફ

● *હેલિપેડ પર તરસ્યા 'ચિત્તા'ની પ્યાસ બૂઝાવી રહેલો ટેન્કર ખટારો*



બેઉ તસવીરો : હર્ષલ પુષ્કર્ણા

હંકારી મૂક્યું. ઘડીભર પહેલાં એન્જિનની ધમધમાટી વડે કંપતું બેઝ કેમ્પનું વાતાવરણ શાંત થયું ન થયું ત્યાં બીજું હેલિકોપ્ટર હેલિપેડ પર ઊતર્યું--પહાડી ચોકીઓ માટે માલસામાનનો નવો પુરવઠો લેવા માટે ! હેલિકોપ્ટરોના ટેક-ઓફ લેન્ડિંગનો સિલસિલો લાંબો સમય ચાલ્યો, જે દરમ્યાન બેઝ કમાન્ડર કર્નલ હરિહરન તથા મેજર અભિષેક એકમેક જોડે કશીક સીરિઅસ ચર્ચામાં વ્યસ્ત હતા. મેં તેમના કામમાં ખલેલ પાડવાનું ઉચિત ન સમજ્યું, એટલે હેલિપેડ પર ચાલતી કાર્યવાહી પર મેં ફોકસ રાખ્યું. યોગાનુયોગે અહીં કેટલાક અફસરો સાથે વાતચીત કરવાનો મોકો સાંપડી ગયો, એટલે ખિસ્સામાંથી ડાયરી કાઢી તેમને સવાલો પૂછવાનું મેં શરૂ કરી દીધું.

'સિઆચેનમાં તૈનાત ભારતીય ખુશ્કીદળને રોજવપરાશનો સામાન પહોંચતો કરવાની જવાબદારી બેઝ કેમ્પની અને બેઝ કેમ્પથી ઉડાન ભરતા 'ચિત્તા' અને 'ધ્રુવ' જેવા હેલિકોપ્ટરોની છે. પરંતુ બેઝ કેમ્પને એ બધો સામાન કેવી રીતે પહોંચતો કરાય છે ?' એક અફસરને મેં પૂછ્યું.

'એ જવાબદારી આપણી વાયુસેનાની છે, જેનાં એન્તનોવ/ AN-32, ઇલ્યુશિન/ IL-76/78, અને સુપર હર્ક્યુલિસ/ C-130J વિમાનો ચંદીગઢથી ઉડાન ભરી બેઝ કેમ્પથી કેટલાક કિલોમીટર છેટે થોઇસ નામના લશ્કરી હવાઇમથકે ઊતરાણ કરે છે.' અફસરે જવાબ દીધો.

'થોઇસ ?' મેં આશ્ચર્યથી પૂછ્યું. 'એ હવાઇમથક તો મેં મારા ૨૦૧૪ના લદ્દાખ પ્રવાસ વખતે નજરોનજર જોયું છે.'

'અચ્છા ?'

'હું ભૂલતો ન હોઉં તો થોઇસ એ Transit Halt Of Indian Soldiers Enrouteનું ટૂંકાક્ષરી નામ છે.'

'એક્ઝેક્ટલી !' અફસર બોલ્યા. 'થોઇસમાં ઓફ-લોડ થતો સામાન Mi-17 તથા 'ધ્રુવ' હેલિકોપ્ટરોમાં ભરીને બેઝ કેમ્પ ખાતે લાવવામાં આવે છે.'

'સમજી ગયો.' મેં કહ્યું. 'પરંતુ એક વાત સમજાઇ નહિ.'



• 'પ્રભાતફેરી'એ નીકળેલું 'ધ્રુવ'

'કઈ વાત ?' એર ડિસ્પેચ પ્લેટૂનના બીજા અફસરે તરત પૂછ્યું.

'હું છેલ્લા કેટલાક વખતથી અહીં ઊભો જોઈ રહ્યો છું કે હેલિપેડ પર વિવિધ પ્રકારના સામાનને નાના-મોટા હિસ્સે વર્ગીકૃત કરીને મૂકવામાં આવ્યો છે અને દરેક ઉડાને હેલિકોપ્ટર ચોક્કસ સામાનને જ પોતાના ભેગું લઈ જાય છે. આ પ્રક્રિયા પાછળ કોઈ ખાસ કારણ છે ?'

'હા, કારણ છે.' અફસરે જવાબ દીધો. 'સિઆચેનના પહાડોમાં આવેલી આપણી કઈ ચોકીને ચોક્કસ કયા સામાનની (દા.ત. સૂકો મેવો, દૂધ, ઘઉં-ચોખા, ખાવાનું તેલ, કેરોસિન વગેરેની) આવશ્યકતા છે તેની જાણકારી એર ડિસ્પેચ પ્લેટૂન પાસે હોય છે. આ ડેટા મુજબ વિવિધ ચીજવસ્તુઓને હેલિપેડ પર આગોતરી તૈયાર રાખવામાં આવે છે, જેથી સમયની બરબાદી થાય નહિ. આવો એકાદ હિસ્સો હેલિકોપ્ટરમાં ચડાવી દેવાય, એટલે તેને કઈ પહાડી ચોકીએ ઊતારવાનો છે તેની જાણકારી પાઈલટને આપી દેવામાં આવે. પછી તો એ સામાન તેના યોગ્ય સરનામે પહોંચ્યો સમજો ! સિમ્પલ !'

'સર,' મેં કહ્યું. 'તમારા છેલ્લા વાક્યનો છેલ્લો શબ્દ તમે બહુ સહજતાથી વાપર્યો, પણ હું માનું છું ત્યાં સુધી હેલિકોપ્ટર દ્વારા ચોક્કસ સામાન ચોક્કસ પહાડી ચોકીને પહોંચતો કરવાનું કામ સાવ સીધુંસાદું પણ નથી.' આ સાંભળીને અફસરોને જરા અચરજ થયું. મારા કહેવાનું તાત્પર્ય તેમને સ્પષ્ટ કરવા મેં આગળ ચલાવ્યું, 'આ કાર્ય અત્યંત કઠિન છે. બલકે, એમ કહેવું જોઈએ કે અનેક પ્રકારના ખતરાઓથી ભરપૂર છે. સૌથી મોટો ખતરો સિઆચેનના હવામાનનો છે, જે ગમે તે ઘડીએ એકાએક પોતાનો રંગ બદલે છે. હિમઝંઝાવાતો અને જોશીલા પવન પાઈલટના જાનને જોખમમાં મૂકે છે--અને છતાં આપણા પાઈલટો એ જોખમની ઐસી તૈસી કરી પોતાની ફરજનું પાલન કરવામાંથી ચૂકતા નથી.'

'તમારી વાત સાથે સહમત છું, મિ. પુષ્કર્ણા !' એક અફસર મારા ખભે હાથ મૂકતા બોલ્યા.

• અહીં જવાનો Mi-17ના વિશાળ ફાલકાની અંદર સામાન લાદી રહ્યા છે





● આકાશમાં ઊંચી 'ફાળ' ભરી શકતું આપણું 'ચિત્તા' હેલિકોપ્ટર

પંદર હજાર ફીટ પછી ક્રમશઃ વધુને વધુ પાતળી બનતી હવામાં હેલિકોપ્ટરના પંખાને (રોટરને) પૂરતી 'લિફ્ટ' મળે નહિ. વળી હવા પાતળી બનતી જાય તેમ ઓક્સિજનની માત્રા પણ સતત ઘટતી જાય. પરિણામે વધુ પડતી ઊંચાઈએ હેલિકોપ્ટરના એન્જિનને બળતણના દહન માટે પૂરતો ઓક્સિજન ન મળતાં તે ખોટકાય એવું પણ બને.

આ વાસ્તવિકતાના સંદર્ભે હવે સિઆચેનમાં ફરજ બજાવતા આપણા 'ચિત્તા' હેલિકોપ્ટરના પાઈલટોએ નોંધાવેલા કીર્તિમાનની વાત કરીએ. સિઆચેન ક્ષેત્રમાં આપણી કેટલીક પહાડી ચોકીઓ ૬,૫૦૦ મીટરની (૨૧,૩૦૦ ફીટની) ઊંચાઈએ આવેલી છે. આપણા જાઁબાઝ પાઈલટો પોતાના 'ચિત્તા' હેલિકોપ્ટરને એ રેકોર્ડ-બ્રેકર ઊંચાઈએ લઈ જાય છે એટલું જ નહિ, પણ ત્યાં (દુનિયાના સૌથી ઊંચાઈએ તૈયાર કરાયેલા) હેલિપેડ પર તેને સફળતાપૂર્વક ઊતારે છે. કોઈ બીજા દેશના લશ્કરી હેલિકોપ્ટર પાઈલટે આવું પરાક્રમ આજ દિન સુધી કરી બતાવ્યું નથી, જ્યારે 'ચિત્તા'ના ભારતીય પાઈલટો માટે તો એ પરાક્રમ લગભગ રોજિંદું છે. દીવા જેવી સ્પષ્ટ વાત એ છે કે પડકારોને પાર કર્યા વિના કોઈ પણ પરાક્રમ પોતે પાર પડી શકતું નથી, માટે નાના-મોટા પડકારો જોડે સિઆચેનના જાબાઁઝ પાઈલટોનો નાતો પણ રોજિંદો હોવો જોઈએ.

--અને છે પણ ખરો ! બેઝ કેમ્પ અને પહાડી ચોકીઓ વચ્ચે sorties (ઉડાનો) યોજતા વાયુસેનાના તથા ખુશ્કીદળના પાઈલટો માટે એકેય દિવસ ચેલેન્જ વિનાનો વીતતો નથી. અતિશય ઊંચાઈએ ઘણી વાર પાઈલટોએ હિમઝંઝાવાતનો સામનો કરવો પડે છે. અંગ્રેજીમાં વ્હાઈટ-આઉટ તરીકે ઓળખાતી બહુ ગંભીર આફત પણ તેમને નડે છે.

વ્હાઈટ-આઉટનો મતલબ એ કે હિમાચ્છાદિત પહાડો વચ્ચે હેલિકોપ્ટર પ્રવાસ ખેડતું હોય ત્યારે પાઈલટને ચારેબાજુ બધું જ સફેદ દેખાય. આકાશ તથા જમીન તેને એક જ લાગે. ક્ષિતિજ ન દેખાય અને અમુક મીટર કરતાં વધુ છેટેનું કશું નજરે ચડે નહિ. આવા વખતે હેલિકોપ્ટરને ઊડતું રાખવું આમેય અતિશય કઠિન બને, જ્યારે અહીં તો હવાઈ મરજીવા જેવા પાઈલટો ગગનચુંબી પહાડો વચ્ચે ઉડ્ડયન કરી રહ્યા હોય છે. અકસ્માતનું અને માટે જાનનું જોખમ એવા સંજોગોમાં અનેકગણું વધી જાય છે.

■

હેલિપેડ ખાતે અફસરો જોડેનો મારો વાર્તાલાપ ક્રમશઃ રસપ્રદ બનતો હતો. આ તરફ બેઝ કમાન્ડર કર્નલ હરિહરન અને મેજર અભિષેક શર્મા હજી તેમના કામકાજમાં વ્યસ્ત હતા, એટલે અફસરો સાથે વધુ કેટલોક સમય પસાર કરવાનો મોકો મળ્યો. વાર્તાલાપમાં વધુ કેટલીક માહિતીઓ જાણવા મળી, જેમ કે--

● હેલિકોપ્ટરો સિઆચેનના મોરચે જે આંટાફેરા કરે તેમનો તો હિસાબ જ નથી. વર્ષમાં ૫,૫૦૦ ટન જેટલો સરંજામ તેમણે પહોંચાડવાનો હોય છે--અને તેમાં શસ્ત્રો વળી જુદાં ! હવે

● ઊંચા પહાડોની કાળમુખી તોપ, જેને હેલિકોપ્ટરોએ (છૂટક પૂરજાઓમાં) પહોંચતી કરી હતી



તસવીર સૌજન્ય : Ministry of Defence

s (ઉડાનો) યોજતા
તો નથી. અતિશય
માં વ્હાઇટ-આઉટ

પ્રવાસ ખેડતું હોય
જ લાગે. ક્ષિતિજ ન
હેલિકોપ્ટરને ઊડતું
ઇલટો ગગનચુંબી
એવા સંજોગોમાં

હતો. આ તરફ
જમાં વ્યસ્ત હતા,
પમાં વધુ કેટલીક

જ નથી. વર્ષમાં
ળી જુદાં ! હવે



istry of Defence

આમાં શી તકલીફ થાય તે જુઓ : 'ચિત્તા' હેલિકોપ્ટર બે પાઇલટોનો તેમજ ૩૫૦ કિલોગ્રામના સામાનનો બોજો ખમી શકે છે, પરંતુ એટલા વજન સાથે તે ૩,૦૦૦ મીટર (૧૦,૦૦૦ ફીટ) કરતાં વધુ ઊંચે ચડી શકાતું નથી. બીજી તરફ સિઆચેનના ઉત્તુંગ પહાડોમાં તો તેણે સરેરાશ ૫,૫૦૦ મીટર ઊંચે જવાનું હોય છે, એટલે સામાનનો જથ્થો ગણવાનો ફક્ત ૫૦થી ૮૦ કિલોગ્રામનો! સમુદ્રસપાટીથી ૬,૫૦૦ મીટર કરતાં વધુ ઊંચાઇએ આવેલી 'અમર' તથા 'સોનમ' જેવી સંખ્યાબંધ પોસ્ટ ખાતે માલસામાનનું આંગડિયું કરવા જતા હેલિકોપ્ટરના કેસમાં તો સામાનનો ક્વોટા ઓર ઘટી જાય છે. પરિણામે પાઇલટે વધુ આંટાફેરા કરવાના થાય છે.



● વધુ બોજવહન ક્ષમતાવાળાં Mi-17

તસવીર : હર્ષલ પુષ્કર્ણા

● રશિયન બનાવટનું Mi-17 હેલિકોપ્ટર 'ચિત્તા' કરતાં ક્યાંય કદાવર છે. ચારેક ટન (૪,૦૦૦ કિલોગ્રામ) જેટલું વજન તે ઉપાડે, પણ સિઆચેનના મોરચે પાતળી હવામાં ફક્ત ૧ ટનનો બોજો તે ઊંચકી શકે છે ! પરિણામે તેણેય વારંવાર આંટાફેરા કરવાના થાય છે--અને છતાં પાઇલટોનું ખરું પરાક્રમ તો એ કે ૧૩૦ મિલિમીટરના વ્યાસની રશિયન તોપો અને ૧૫૫ મિલિમીટરના વ્યાસની બોફર્સ તોપો પણ સિઆચેનના ગગનચુંબી પહાડોમાં તેમણે પહોંચાડી છે. આ તોપો એક સમયે દરરોજ વપરાતી હતી. આજે તેમનાં નાળચાં શાંત છે, કેમ કે નવેમ્બર, ૨૦૦૩થી ભારતે અને પાકિસ્તાને દ્વિપક્ષી ceasefire/ યુદ્ધવિરામ સ્વીકારી લીધો છે. કાળમુખી તોપો ગરજતી બંધ થયા પછી આપણા હેલિકોપ્ટર પાઇલટોના માથે લટકતી મોતની એક તલવાર નાબૂદ થઇ. બીજી તલવાર વિષમ કુદરતી વાતાવરણની છે, જે કદાપિ નાબૂદ થવાની નહિ.

● આ લટકતી તલવાર સાથે જ દરરોજ બેઝ કેમ્પ ખાતેથી આપણા પાઇલટો જે તે પહાડી ચોકીઓ સુધીની સંખ્યાબંધ sorties/ ઉડાનો ભરે છે. શરૂઆત વહેલી સવારથી થાય છે. પ્રારંભિક ઉડાનો વખતે હેલિકોપ્ટરની ફ્યૂલ ટેન્કમાં બળતણ છલોછલ ભરેલું હોવાથી વધુ સામાનનો બોજો લાદી શકાતો નથી. પરિણામે બેઝ કેમ્પની એર ડિસ્પેચ પ્લેટૂનના જવાનો હેલિકોપ્ટરમાં ટપાલોના થેલા ભરે છે. આ થેલા સાથે હેલિકોપ્ટર એકાદ ચોકીએ પહોંચે, એટલે ત્યાં હેલિપેડ પર ઉપસ્થિત જવાન રંગીન ધૂમાડા કાઢતી સ્મોક કેન્ડલ પ્રગટાવી પાઇલટને હવાની દિશા અંગે માહિતગાર કરે છે. હવાની દિશા, ઝડપ, હેલિકોપ્ટરની ઊંચાઇ, લેન્ડિંગનું દિશા-સ્થળ, અવરોહણનો દર વગેરે

અનેક પરિબળોને ધ્યાનમાં લઈ પાઈલટ તેના હેલિકોપ્ટરને હેલિપેડ પર ઊતારે છે.

● લેન્ડિંગ સફળતાપૂર્વક થાય, એટલે બીજી જ ક્ષણે એન્જિનબળ ઘટાડીને રોટરનો વેગ કાબૂમાં લેવાય છે. ચોકીના જવાનો પૈકી એકાદ-બે જણા ત્યાર પછી જોશપૂર્વક દોટ મૂકીને હેલિકોપ્ટર પાસે જાય છે, દરવાજો ખોલે છે અને ટપાલનો થેલો કાઢી લે છે. ટપાલ, પાર્સલ યા બીજી કોઈ સામગ્રી બેઝ કેમ્પ પહોંચતી કરવાની હોય તો તેને હેલિકોપ્ટરમાં મૂકી દે છે. આ બધી કાર્યવાહી કરવામાં વીસ સેકન્ડ કરતાં વધુ સમય લેવાતો નથી. સિઆચેનમાં વાતાવરણ કઈ ઘડીએ પલટો લઈને રૌદ્ર સ્વરૂપ ધારણ કરે તેનો ભરોસો નહિ, માટે શક્ય એટલી ત્વરાએ શક્ય એટલી વધુ ઉડાનો યોજાય એ મહત્ત્વનો તકાદો હોય છે.

● ચોકીએથી પરત આવેલા હેલિકોપ્ટરને તરત જ બીજી ઉડાન માટે તૈયાર કરાવામાં આવે છે. હવે તેમાં સહેજ વધુ વજન લાદી શકાય, કેમ કે ફ્યૂલ ટેન્કનું કેટલુંક બળતણ પ્રથમ પ્રવાસ વખતે વપરાયું હોવાથી હેલિકોપ્ટરનું વજન જરા ઘટ્યું હોય છે. આ રીતે ત્રીજા, ચોથા અને પાંચમા



● એક પહાડી ચોકીએ જવાનોને રોજવપરાશનો સામાન પહોંચાડવા આવેલું 'ચિત્તા'

તસવીર સૌજન્ય : કર્નલ અશોક ચોધરી

પ્રવાસે માલસામાનના ઉત્તરોત્તર વધુ બોજા સાથે હેલિકોપ્ટર જે તે પહાડી ચોકીની મુલાકાત લે છે. પાંચેક sorties/ ઉડાનો પૂરી થાય, એટલે પછી નાની રિસેસ ! હેલિકોપ્ટરના પાઈલટો 'હળવા' થવા માટે જાય છે. બીજી તરફ બળતણનો સારો એવો સ્ટોક બાળીને હળવા બનેલા હેલિકોપ્ટરને નવું બળતણ આપી પાછું ભારે બનાવવામાં આવે છે. ફરી વાર લગાતાર ઉડાનોનો દોર શરૂ થાય, જે બપોરે ૧:૦૦ વાગ્યા સુધી ચાલે છે.

● છેલ્લું ઉડ્ડયન પૂરું થાય ત્યાર પછી હેલિકોપ્ટરનો હવાલો બેઝ કેમ્પના ટેક્નિશિઅનો લઈ લે છે અને નાનામાં નાના પૂરજાનું અત્યંત બારીકાઈથી ચેકિંગ કરે છે. સિઆચેનની શૂન્ય અંશ સેલ્શિઅસ નીચેની કડકડતી ઠંડીમાં સૌથી મોટી સમસ્યા metal fatigue/ ધાતુશ્રાંતિની છે. અતિશય ઠંડીમાં સંકોચાતી ધાતુ બરડ થઈને બટકી જવાની સંભાવના રહે છે, એટલે ટેક્નિશિઅનો હેલિકોપ્ટરનું સંપૂર્ણ માળખું તપાસે છે. ક્યાંક વેલ્ડિંગમાં તિરાડ પડી હોય તો તેને રેણ મારીને

સાંધી દે છે. ઠંડીની અસર હેઠળ રબર પણ સંકોચાઇને કઠણ બની ગયું હોય, માટે તેમાંય તિરાડો પડ્યા પછી ઘણી વાર ફોતરીઓ ખરવા લાગે છે. ટેક્નિશિઅન્સ એવી ક્ષતિગ્રસ્ત આઇટમ્સને બદલી નાખે છે.

● હેલિકોપ્ટરની કાળજીપૂર્વકની સારસંભાળ રાખવી ટેક્નિશિઅનોનું રોજિંદું કામ છે, જેમાં લેશમાત્ર છૂટછાટને અવકાશ નથી. આ નિષ્ણાતોની અનુભવી નજરમાંથી પાસ થયેલા સાજાસમા હેલિકોપ્ટરને જ બીજા દિવસે ઉડ્ડયનની પર્મિશન મળે.

અફસરો જોડે લાંબી ચર્ચા દરમ્યાન એક પ્રસંગે મેં તેમને પૂછ્યું, 'ક્યારેક એવું બને કે સાઉંસમું હેલિકોપ્ટર અકળ કારણસર બંધ પડે ?'



● 'ચિત્તા'ની સારસંભાળમાં લાગેલા ટેક્નિશિઅનો

'હા.' એક અફસરે જવાબ દીધો. 'એવો દુર્ભાગ્યપૂર્ણ પ્રસંગ આમ તો ભાગ્યે જ બને, પણ જ્યારે બને ત્યારે આખા બેઝ કેમ્પને માથે લઇ લે !' અફસરે હસતાં હસતાં કહ્યું.

'જેમ કે જુલાઇ ૩, ૧૯૯૦ના રોજ એક ખોટકાયેલા 'ચિત્તા'એ લીધું, બરાબર ને ?' મેં પૂછ્યું.

'તમે જાણો છો એ ઘટના વિશે ?' અફસરને આશ્ચર્ય થયું.

'હા.' મેં જવાબ દીધો. 'થોડા સમય પહેલાં તેના વિશે વાંચ્યું હતું.' અફસરો જોડેની ચર્ચામાં ફરી વાર યાદ કરેલો પ્રસંગ આમ હતો--



સાઉંસમું હેલિકોપ્ટર જ્યારે મૃતઃપ્રાય બન્યું

વર્ષ ૧૯૯૦નું અને તારીખ ૩જી જુલાઇ હતી. ભારતીય હવાઇદળના ફ્લાઇટ લેફ્ટનન્ટ રાવ અને ફ્લાઇંગ ઓફિસર સુરેશ નાયર નામના બે પાઇલટો તેમના 'ચિત્તા'માં સવાર થઇને બેઝ કેમ્પથી કેટલાક માલસામાન સાથે 'અમર' પોસ્ટ નામની ૬,૨૪૮ મીટર (૨૦,૫૦૦ ફીટ) ઊંચાઇએ આવેલી પહાડી ચોકીએ જવા નીકળ્યા. 'ચિત્તા'ની ૫,૪૦૦ મીટરની service ceiling/ ઉડ્ડયનની ઊંચાઇમર્યાદા વટાવીને તેમણે 'અમર' પોસ્ટના હેલિપેડ પર ઊતરાણ તો કર્યું, પણ ટેક-ઓફ હજી તો આરંભે ત્યાં હેલિકોપ્ટરનું એન્જિન ઓચિંતું ખોટકાયું. જમીનથી સહેજ અધ્ધર થયેલું તેમનું 'ચિત્તા' હળવી પછડાટ સાથે બેસી પડ્યું. એકાએક શું બની ગયું તેનો ખ્યાલ બેઉ પાઇલટોને આવ્યો નહિ. પરિસ્થિતિનો જાયજો મેળવવા તેઓ કોકપિટમાંથી જેવા બહાર નીકળ્યા કે તરત કર્ણભેદી ધૂમધડાકા સંભળાવા લાગ્યા.

નહિ, એ ધડાકા એન્જિનના નહોતા. 'અમર' પોસ્ટથી ત્રણેક હજાર મીટરના ફાસલે આવેલી પાકિસ્તાની ચોકી તરફથી તોપમારો ચાલુ થયો હતો અને એક પછી એક ગોળા 'અમર' પોસ્ટની ચોતરફ વરસવા લાગ્યા હતા. કહેવાની જરૂર ખરી કે 'અમર' પોસ્ટની દરેક હિલચાલ પાકિસ્તાની સૈનિકો દૂરબીન વડે જોતા હતા અને લૂલી બતક બનેલા આપણા 'ચિત્તા' હેલિકોપ્ટરને



• પોચા હિમના ઢગ ઉપર 'ચિત્તા' પોતાના પગ ટેકવી ન શકે, એટલે નક્કર સપાટીવાળું કામચલાઉ હેલિપેડ બનાવવું અનિવાર્ય બને છે

તોપગોળા વડે ફૂંકી દેવાનો તેમનો મનસૂબો હતો ?

'અમર' પોસ્ટની આજુબાજુ ધડાકાભેર ફાટતા પાક તોપગોળાથી બચવા માટે ફ્લાઇટ લેફ્ટનન્ટ રાવે તથા ફ્લાઇંગ ઓફિસર સુરેશ નાયરે સુરક્ષિત બન્કરમાં આશરો લીધો. અહીંથી તેમણે બેઝ કેમ્પ ખાતે રેડિઓ મેસેજ પાઠવ્યો કે પાકિસ્તાન તરફથી ભીષણ તોપમારો શરૂ થયો છે, માટે 'અમર' પોસ્ટ કે તેની આસપાસ હમણાં કોઇ હેલિકોપ્ટરને મોકલતા નહિ. આવો વોર્નિંગ મેસેજ સાંભળીને ભલભલો પાઇલટ ચૂમાઇને બેસી રહે, પરંતુ ભારતીય વાયુસેનાના ફ્લાઇટ લેફ્ટનન્ટ રમેશ નામના શેરદિલ પાઇલટ જુદી માટીના બનેલા હતા. 'અમર' પોસ્ટમાં ફસાયેલા પોતાના બે સાથી પાઇલટોને (રાવને તેમજ નાયરને) ઉગારવાનું બીડું તેમણે ઝડપી લીધું અને જાનની પરવા કર્યા વિના ત્યાં જવા માટે ઉપડ્યા. થોડી મિનિટોમાં તેમનું હેલિકોપ્ટર 'અમર' પોસ્ટ પહોંચ્યું. શત્રુ તરફથી તોપમારો હજી ચાલુ હતો. આ ગોળાવર્ષામાં ફ્લાઇટ લેફ્ટનન્ટ રમેશનું હેલિકોપ્ટર એકાદ ગોળાની અડફેટે ચડે તો કેવું ભયંકર પરિણામ આવે ? આ હવાબાજે તેમનું હેલિકોપ્ટર મોતના મુખમાંથી જાણે પસાર કરવાનું હતું--અને તે પડકાર અત્યંત ખતરનાક હતો.

આ ખતરો જાણે ઓછો હોય તેમ બીજી ચેલેન્જ ફ્લાઇટ લેફ્ટનન્ટ રમેશ સમક્ષ ઊભી હતી: પાકિસ્તાની તોપોની ગોળાવર્ષા જ્યાં થતી હતી તે આકાશી સુરંગક્ષેત્રને હેમખેમ વટાવી દીધા પછીયે હેલિકોપ્ટરને લેન્ડિંગ આખરે કરાવવું ક્યાં ? 'અમર'ની પહાડી ચોકીનું એકમાત્ર હેલિપેડ (રાવ-નાયરના) પેલા ખોટકાયેલા હેલિકોપ્ટર વડે રોકાયેલું હતું. લેન્ડિંગ જ્યાં કરી શકાય એવી સમતળ જગ્યા કશે દેખાતી ન હતી, કેમ કે હતી જ નહિ ! ઊંચા પર્વતની નક્કર જમીનને હિમના નાના-મોટા થરે ઢાંકી દીધી હતી. હિમનો થર બધે એકસરખો હોય નહિ. ક્યાંક વધુ તો ક્યાંક ઓછો હોય. હેલિકોપ્ટરને એવી અસમતળ સપાટી પર ઉતારવામાં જોખમ હતું. કારણ કે બેસુમાર વજનને લીધે સપાટીનું પોચું હિમ ફસકી પડે તો બેલન્સ ગુમાવતું હેલિકોપ્ટર પડખાભર નમીને અથવા તો આગળ યા પાછળ તરફ ઝૂકીને હિમમાં છીતી જાય. આ રીતે હિમમાં તે સપડાય ત્યાર પછી વળી તેને ટટ્ટાર પોઝમાં આણવું નેક્સ્ટ ટુ ઇમ્પોસિબલ !

અલબત્ત, મિશન ઇમ્પોસિબલ જેવું સાહસ ખેડવા નીકળ્યા હો ત્યારે આવું બધું વિચારીને આખરે શો મતલબ ? ઉપરોક્ત તમામ વાસ્તવિકતાથી ફ્લાઇટ લેફ્ટનન્ટ રમેશ પૂરેપૂરા વાકેફ હતા. આમ છતાં અત્યારે 'જો' અને 'તો'ના વિચારોમાં મગજ પરોવવાની ઘડી ન હતી. સમય માત્ર ચાન્સ લેવાનો હતો, જે તેમણે લીધો. યોગ્ય જણાતા એક સ્થળે પોચા હિમમાં હેલિકોપ્ટરના 'પગ' આસ્તે રહીને ટેકવ્યા. હેલિકોપ્ટર એક તરફ સહેજ નમ્યું, પણ સદ્ભાગ્યે સ્થિર ટકી રહ્યું. ફ્લાઇટ લેફ્ટનન્ટ રમેશે એન્જિનના આર.પી.એમ. ઘટાડી રોટરને (પંખાને) સહેજ ધીમી પાડી. હવે એકેક સેકન્ડ કિંમતી હતી. પાક તોપમાંથી લગાતાર છૂટતા ગોળાઓ પૈકી કયો ભસ્માસુર એકાએક અહીં આવી ચડે તે કોણ જાણે !

બન્કરમાં આશરો લઇને બેઠેલા બેઉ પાઇલટોને એકસાથે ઉગારવાનું શક્ય નહોતું, કેમ કે ૬,૨૪૮ મીટરની (૨૦,૫૦૦ ફીટની) ઊંચાઇએ ઉડ્ડયન વખતે 'ચિત્તા' હેલિકોપ્ટર ત્રણ જણાનો બોજો ખમી શકે નહિ. આથી સૌ પહેલાં ફ્લાઇટ લેફ્ટનન્ટ રાવ બન્કરમાંથી ઝડપી દોટ મૂકીને બહાર આવ્યા. સહેજ પણ સમય ગુમાવ્યા વિના તેઓ હેલિકોપ્ટરમાં ગોઠવાયા. દરવાજો બંધ કર્યો અને સીટ બેલ્ટ મુશ્કેટાટ બાંધી દીધો. ફ્લાઇટ લેફ્ટનન્ટ રમેશે બીજી જ ક્ષણે એન્જિનપાવર વધારીને રોટર પૂરજોશમાં ફરતી કરી અને જોતજોતામાં ઉડાન ભરી ગયા. મિશન સફળ !

સફળતા ખરી, પણ પચાસ ટકા ! હજી ફ્લાઇંગ ઓફિસર સુરેશ નાયર નામના બીજા પાઇલટને ઉગારવાના બાકી હતા. ફ્લાઇટ લેફ્ટનન્ટ રાવને બેઝ કેમ્પ ખાતે સહીસલામત પહોંચાડીને 'ચિત્તા'ના શેરદિલ પાઇલટ ફ્લાઇટ લેફ્ટનન્ટ રમેશે ફરી વાર 'અમર' ચોકીની દિશા પકડી. ફરી પાછી એ જ ઘટનાઓનું પુનરાવર્તન ! ફરી વાર મિશન સફળ !

હવે ૬,૨૪૮ મીટરની (૨૦,૫૦૦ ફીટની) ઊંચાઇએ 'અમર' પોસ્ટના હેલિપેડ પર ખોટકાઇને બંધ પડેલા 'ચિત્તા'ને સલામત રીતે બેઝ કેમ્પ પાછું લાવવાનું વધુ પડકારજનક મિશન પાર પાડવાનો વખત આવ્યો. મિશન બે ભાગે વહેંચી દેવામાં આવ્યું :


(૧) બેઝ કેમ્પથી એક 'ચિત્તા' હેલિકોપ્ટર તેની સાથે નવું એન્જિન લઇને 'અમર' પોસ્ટ પહોંચે, જ્યાં (૨) ચોકીના શીખ જવાનો એ પાર્સલને 'ચિત્તા'માંથી બહાર કાઢી તેને ખોટકાયેલા હેલિકોપ્ટરમાં ફિટ કરવા વાયુસેનાના ટેક્નિશિઅન્સને મદદ કરે. વાયુદળે અને ખુશ્કીદળે એકમેકના સહયોગમાં આખું મિશન શી રીતે પાર પાડ્યું તેનું એકાદ કાલ્પનિક થ્રિલરકથાને પણ આંટી જતું વર્ણન હવે વાંચો.

મિશનનો આરંભ બેઝ કેમ્પ ખાતે થયો. વાયુસેનાના કેટલાક ચુનંદા ટેક્નિશિઅનોને ત્યાંથી હેલિકોપ્ટર મારફત ૪,૫૦૦ મીટર (૧૫,૦૦૦ ફીટ) ઊંચેની ચોકીએ પહોંચતા કરાયા. અહીં વાતાવરણ સાથે તેમનું શારીરિક અનુકૂલન સધાય એ માટે બે દિવસનું રોકાણ તય કરાયું હતું. ત્રીજે દિવસે ટેક્નિશિઅનોને ૫,૫૦૦ મીટર (૧૮,૦૦૦ ફીટ) ઊંચેની ચોકીએ લઇ જવાયા, જ્યાં અનુકૂલન ખાતર તેમને ત્રણ દિવસ રોકવામાં આવ્યા. આખરે જુલાઇ ૧૦, ૧૯૯૦ના રોજ (ફ્લાઇટ લેફ્ટનન્ટ રાવનું અને ફ્લાઇંગ ઓફિસર સુરેશ નાયરનું 'ચિત્તા' હેલિકોપ્ટર ખોટકાયું તેના આઠમા દિવસે) 'અમર' ચોકીએ સૌને પહોંચતા કરવામાં આવ્યા.

કીડીના માથે અંબાડી !

નાદુરસ્ત હેલિકોપ્ટરની સારવાર માટે જરૂરી 'તબીબો' ચોકીએ પહોંચ્યા. હવે માંદા હેલિકોપ્ટરમાં એન્જિનના 'ટ્રાન્સપ્લાન્ટ' માટે બ્રાન્ડ-ન્યૂ એન્જિન એ 'તબીબો'ને પહોંચતું કરવાનું હતું. આ ભગીરથ કામને અંજામ આપવા બેઝ કેમ્પ ખાતેના એક ખડતલ 'ચિત્તા'ને પસંદ કરાયું. આશરે ૧૮૨ કિલોગ્રામના ભારેખમ એન્જિનનો બોજો તેમાં લાદવાનો હતો, એટલે વજનકાપ ખાતર 'ચિત્તા'નાં કેટલાંક ભારે અંગઉપાંગો કાઢી નાખવામાં આવ્યાં. જેમ કે બેઝ કેમ્પના નિષ્ણાતોએ કૉ-પાઇલટની તેમજ પાછલી હરોળમાં પેસેન્જર સીટને છૂટી પાડી દીધી. પૂંછડીએ ફિટ કરવામાં આવેલી ઊભી રોટરનું રક્ષણાત્મક ગાર્ડ નાબૂદ કરી નાખ્યું. રેડિઓ ટ્રાન્સમીશન સેટ પણ કાઢી લેવાયો. આ કટૌતી બાદ 'ચિત્તા'નું વજન જરા ઘટ્યું, પણ તે ઘટાડો પૂરતો નહોતો. પરિણામે બેઝ કેમ્પના નિષ્ણાતોની ટુકડીએ હેલિકોપ્ટરના દરવાજા કાઢી નાખ્યા.

આ છેલ્લું પગલું કુહાડી પર પગ માર્યા જેવું હતું, પણ તે ભર્યા વિના આરો નહોતો. અગાઉનાં પ્રકરણોમાં નોંધ્યું તેમ સિઆચેનના ઉત્તુંગ હિમશિખરોમાં હિમઝંઝાવાત તેમજ તોફાની પવનો આમ વાત છે. કુદરતના એ બન્ને રૌદ્ર સ્વરૂપો સામે હેલિકોપ્ટરને સુરક્ષિત રાખવા માટે સિઆચેનમાં ઉડાન ભરતા હેલિકોપ્ટરોની કેબિન એરટાઇટ રીતે બંધ રહે તે જરૂરી નહિ, બલકે અનિવાર્ય છે. દરવાજો રખે વાસેલો ન હોય તો જોશીલા પવનો કેબિનના પોલાણમાં ભરાતા રહીને હેલિકોપ્ટરની આખી કાયાને સતત આમતેમ હચમચાવ્યા કરે. આ રીતે હાલકડોલક થતા



હેલિકોપ્ટરનું સંતુલન જાળવી રાખવું ત્યાર પછી પાઈલટ માટે અત્યંત કઠિન બને. હાડ ગાળી નાખતા પવનના સૂસવાટા પાઈલટે સહેતા રહેવું પડે એ વળી બીજી તકલીફ, જે પણ ઓછી માત્રાની તો નથી. બલકે, સિઆચેન ક્ષેત્રનું શૂન્ય નીચેનું આઈસ કોલ્ડ તાપમાન જોતાં એ તકલીફ અતિમાત્રાની ગણવી જોઈએ.

આ બધી સમસ્યાઓથી શું બેઝ કેમ્પના નિષ્ણાતો વાકેફ ન હતા ? બેશક, હતા. સવાલ જ નથી ! આમ છતાં 'ચિત્તા'ના બેઉ દરવાજા તેમણે વજનકાપના નામે કાઢી લેવા પડ્યા. હેલિકોપ્ટરનું વજન એ પછીયે જ[illegible]રી માત્રામાં ન ઘટ્યું ત્યારે હેવીવેઈટ બેટરી કાઢી લેવામાં આવી. બેટરી વિના એન્જિનને કિક-[illegible]ળે નહિ, એટલે તેને કાઢી લેતા પહેલાં હેલિકોપ્ટરનું એન્જિન સ્ટાર્ટ કરી દેવામાં આવ્યું. બેટરીની બાદબાકી પછી એ વાત તો નક્કી બની કે 'અમર' પોસ્ટ સુધી આંગડિયું કરવા માટે જનાર પાઈલટે ત્યાં પહોંચ્યા પછી પોતાના હેલિકોપ્ટરનું એન્જિન કોઈ પણ સંજોગોમાં બંધ થવા દેવું ન જોઈએ. નહિતર બચાવ મિશને ગયેલા ખુદ એ હેલિકોપ્ટરને ઉગારવા માટે બીજું બચાવ મિશન હાથ ધરવાનો વારો આવે.

તસવીર : હર્ષલ પુષ્કર્ણા



• ધાતુની ફ્રેમ વડે જ બનેલું 'ચિત્તા' હળવું છે. વજનકાપ પછી તે હળવુંફૂલ બન્યું

કૉ-પાઈલટની સીટ, પેસેન્જર સીટ, પાછલી રોટરનું રક્ષણાત્મક ગાર્ડ, રેડિઓ સેટ, દરવાજા, બેટરી વગેરે અંગઉપાંગો કાઢી લેવાયાં પછી 'વજન ઘટાડો' ઝુંબેશમાં હજી કંઈક બાકી રહી જતું હોય તેમ બેઝ કેમ્પના નિષ્ણાતોની ટીમે છેલ્લે હેલિકોપ્ટરની ફ્યૂલ ટેન્કમાંથી વધારાનું બળતણ કાઢી તેને 'ડાયટિંગ' પર મૂકી દીધું. હવે તે બેઝ કેમ્પથી 'અમર' ચોકી સુધીનો માત્ર વન-વે પ્રવાસ ખેડી શકે તેમ હતું. વળતા પ્રવાસ માટેનું બળતણ તેણે ચોકી પરથી ભરી લેવાનું હતું--અને તેય પાછું એન્જિન (માટે રોટર) ચાલુ રાખીને !

બેઝ કેમ્પમાં આવું બધું ચાલ્યું એ દરમ્યાન ૬,૨૪૮ મીટરે (૨૦,૫૦૦ ફીટે) 'અમર' ચોકીના શીખ જવાનો (જુલાઈ ૩, ૧૯૯૦ના રોજ) ખોટકાયેલા હેલિકોપ્ટરનું રખોપું કરવામાં વ્યસ્ત હતા. હેલિપેડ પર તે લૂલી બતકની જેમ બેઠું હતું, માટે પાકિસ્તાની તોપચીઓ માટે ફેવરિટ લક્ષ્યાંક હતું. આ લક્ષ્યાંકને વીંધવા માટે પાક તોપો દિવસમાં કેટલીય વાર તોપગોળા ઓકી કાઢતી હતી, જેમના પ્રહારથી હેલિકોપ્ટરને બચાવવા શીખ રેજિમેન્ટના ખડતલ જવાનોએ સરસ નુસખો અજમાવ્યો હતો. આસપાસથી શક્ય એટલું હિમ તેમણે પાવડા વડે એકઠું કર્યું અને તેના વડે હેલિકોપ્ટર આડે બરફની ઊંચી, જાડી દીવાલ ઊભી કરી દીધી. હેલિકોપ્ટર હવે સાવ ઉઘાડું નહોતું. દીવાલની

સરસ આડશ તેને મળી હતી. સૂર્યનાં પ્રખર કિરણો તે આડશનું કેટલુંક હિમ રોજેરોજ પીગાળી નાખતા હતા, એટલે શીખ રેજિમેન્ટના જવાનો નવા હિમનું પ્લાસ્ટર ચડાવી દેતા હતા. 'હાજર તે હથિયાર' ઉક્તિનો પ્રેક્ટિકલ દાખલો તેમણે બેસાડ્યો હતો.

'તબીબો'ના હાથે ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન સફળ...

જુલાઇ ૧૦, ૧૯૯૦ની સવાર.

બેઝ કેમ્પથી બે 'ચિત્તા' હેલિકોપ્ટરો 'અમર' પોસ્ટ જવા માટે નીકળ્યા. એકમાં વિંગ કમાન્ડર ગોલી પાઇલટની સીટે ગોઠવાયા, તો બીજાનું સંચાલન સ્ક્વોડ્રન લીડર અનિલ સિંહા કરી રહ્યા હતા. ખોટકાયેલા હેલિકોપ્ટર માટે નવા એન્જિનનું પાર્સલ વિંગ કમાન્ડર ગોલીના 'ચિત્તા'માં હતું, જ્યારે સમારકામ માટે જરૂરી એવો બેટરી, ઓજારો, અન્ય પૂરજા વગેરે સરંજામ સ્ક્વોડ્રન લીડર અનિલ સિંહાના ઊડનખટોલામાં હતો. ટેક-ઓફની થોડી મિનિટો બાદ બેઉ હેલિકોપ્ટર્સ 'અમર' ચોકી નજીક પહોંચ્યા ત્યારે હવામાન ખરાબ હતું. બેઉએ પોતપોતાના હેલિકોપ્ટરની દિશા બદલી અને 'ડોલ્મા' નામની આપણી બીજી પહાડી ચોકીના હેલિપેડ પર ઊતરાણ કર્યું. હવામાન સુધરે તેની રાહ જોતાં કેટલોક સમય તેઓ 'ડોલ્મા' ખાતે રોકાયા અને વાતાવરણ ચોખ્ખું થતાવેંત સ્ક્વોડ્રન લીડર અનિલ સિંહાએ ઉડાન ભરી. માત્ર ૩ મિનિટના ફાસલે આવેલી 'અમર' ચોકીએ પહોંચ્યા, હેલિકોપ્ટરને પોચા હિમમાં ટેકવ્યું, કેબિનમાંથી બધો સરંજામ બહાર કઢાવ્યો અને તત્કાળ ત્યાંથી રવાના થઇ ગયા. હવે વિંગ કમાન્ડર ગોલીનો વારો હતો.

આ પાઇલટે હજી તો માંડ તેમના 'ચિત્તા'ના પગ ટેકવ્યા ત્યાં પાકિસ્તાન તરફથી પાછું બેફામ ફાયરિંગ શરૂ થઇ ગયું. પાક તોપોના ગોળા અહીં તહીં ધડાકાભેર ફાટવા લાગ્યા. અલબત્ત, તોપોના ગોળાથી ડરી જાય તે ગોલી નહિ ! હેલિકોપ્ટરને તેમણે સફળતાપૂર્વક ઊતાર્યું અને તેમાં રહેલું મહામૂલું પાર્સલ (એન્જિન) બહાર કઢાવ્યું. વળતા પ્રવાસ માટે ફ્યૂલ ટેન્કમાં બળતણ નહોતું, કેમ કે બેઝ કેમ્પથી વન-વે પ્રવાસ જેટલા જ બળતણનો પૂરવઠો લઇને તેઓ નીકળ્યા હતા. વાયુસેનાના ટેક્નિશિઅન્સે વિંગ કમાન્ડર ગોલીના તરસ્યા હેલિકોપ્ટરને (ચાલુ એન્જિને) નવા બળતણનાં ઘૂંટડા ભરાવ્યા, એટલે થોડી મિનિટોમાં ગોલીએ પણ ત્યાંથી વિદાય લીધી.

મિશનનો પહેલો તબક્કો સફળતાપૂર્વક પૂરો થયો. હવે બીજાનો આરંભ થયો. શીખ રેજિમેન્ટના પડછંદકાય પંજાબી જવાનો ભેગા ભળીને ૧૮૨ કિલોગ્રામના એન્જિનને હેલિપેડ સુધી ઊંચકી લાવ્યા. નાદુરસ્ત હેલિકોપ્ટર ત્યાં હતું અને ટૂંક સમયમાં વાયુસેનાના ટેક્નિશિઅન 'તબીબો' એન્જિનનું ટ્રાન્સપ્લાન્ટ 'ઓપરેશન' હાથ ધરવાના હતા.

ટેક્નિશિઅનોએ પહેલાં તો ખોટકાયેલા એન્જિનને જુલાઇ ૧૧, ૧૯૯૦ના રોજ છૂટું પાડીને કાઢી લીધું. દિવસ આખો એમ કરવામાં નીકળી ગયો. બીજા દિવસે નવા એન્જિનનું ફિટિંગકામ હાથ પર લેવાયું. મિનિ કદના એક મિકેનિકલ crane/ ઊંટડા પર એન્જિનને ચડાવવામાં આવ્યું. ટેક્નિશિઅનોએ સાંકળ વડે તેને હજી તો સહેજ અધ્ધર કર્યું ત્યાં ઊંટડાના લોખંડી પાઇપ metal fatigue/ ધાતુશ્રાંતિને લીધે બટકી પડ્યા. અતિશય ઊંચાઇની અતિશય ઠંડી હવામાં પાઇપની ધાતુ સંકોચાઇને બરડ થઇ ચૂકી હતી, માટે એન્જિનનું ૧૮૨ કિલોગ્રામનું વજન તેના પર આવી પડતાં ભાંગી ગઇ.

આ પાછી નવી મોકાણ ! ઊંટડાની મદદ વિના ભારેખમ એન્જિનને જમીનથી કમ સે કમ

આઠેક ફીટ જેટલું અધ્ધર કરીને તેના નિયત સ્થાને ચડાવવું કેમ ? પરંતુ કોઇ એવું કામ છે જે આપણા લશ્કરી જવાનો પાર ન પાડી દે ? શીખ રેજિમેન્ટના હટ્ટાકટ્ટા જવાનો વાયુદળના ટેક્નિશિઅનોની મદદે આવ્યા. પૂરા ૧૮૨ કિલોગ્રામનું એન્જિન તેમણે 'દમ લગા કે...'ના ધોરણે આસ્તે આસ્તે અધ્ધર કર્યું અને હેલિકોપ્ટરમાં જ્યાં તેનું ફિટિંગ કરવાનું હતું બિલકુલ એ જ જગ્યાએ મૂકી આપ્યું. આ વળી બીજો રેકોર્ડ ! જગતમાં અગાઉ ક્યારેય ૨૦,૫૦૦ ફીટના ઉત્તુંગ લેવલે આવું લ[illegible] અભિયાન હાથ ધરાયું ન હતું. વિશ્વના લશ્કરી ઇતિહ[illegible]ારતીય ખુશ્કીદળ તેમજ વાયુદળના હાથે એક અજોડ પ્રકરણ લખાઇ રહ્યું હતું, જેમાં એ કર્મયોગી શૂરવીરોની વતનપરસ્તી, ઇચ્છાશક્તિ, મનોબળ, દૃઢસંકલ્પ વગેરે ગુણોનો સાક્ષાત્કાર થતો હતો.



● સ્ક્વોડ્રન લીડર અનિલ સિંહા, જેમને ૧૯૯૯ના કારગિલ યુદ્ધમાં તેમનાં પરાક્રમો બદલ વીર ચક્ર એનાયત કરાયો હતો

જુલાઇ ૧૨, ૧૯૯૦નો આખો દિવસ વાયુસેનાના ટેક્નિશિઅન્સ નવા એન્જિનનું ફિટિંગ કરતા રહ્યા. આ બિચારાઓની પણ મજબૂરી જુઓ. શૂન્ય નીચે ૨૦થી ૨૫ અંશ સેલ્શિઅસના તાપમાનમાં સખત ઠંડીને કારણે હાથનાં આંગળાં ઠરીને ખોટા પડી જાય, એટલે તેમની પાસે કામ લેવું હોય તો ઠંડીથી રક્ષણ આપવું રહ્યું. આ માટે હાથમોજાં ફરજિયાત પહેરવાં પડે. બીજી તરફ જાડા હાથમોજાં સાથે પકડ, પાનું, સ્ક્રૂ ડ્રાઇવર જેવાં ઓજારો પર તેમજ સ્ક્રૂ, નટ અને બોલ્ટ જેવી છૂટપૂટ આઇટમ્સ પર ગ્રિપ જમાવવાનું ફાવે નહિ. છતાં એ ડબલ ટ્રબલ ભોગવતા રહીને વાયુસેનાના ટેક્નિશિઅનો ૧૨મીનો આખો દિવસ એન્જિનના ફિટિંગમાં જુટેલા રહ્યા. મોડી રાત્રે આખરે તેમનું કામ સંપન્ન થયું. નવ દિવસથી ખોટકાયેલું 'ચિત્તા' હેલિકોપ્ટર ઉડાન ભરવા તૈયાર હતું, પણ તે માટે સવાર સુધી રાહ જોવી પડે તેમ હતી.

...અને મૃતઃપ્રાય હેલિકૉપ્ટર ફરી જીવંત થયું !

આગામી દિવસ શુક્રવારનો હતો અને તારીખ ૧૩મી હતી. તેરના આંકડાને અપશુકનિયાળ ગણી વાયુસેનાના અમુક ટેક્નિશિઅનોએ તેમજ ખુશ્કીદળની શીખ રેજિમેન્ટના કેટલાક જવાનોએ ઉડ્ડયન એ દિવસ પૂરતું મોકૂફ રાખી પછીના એટલે કે ૧૪મીના રોજ હાથ ધરવાનો ભારપૂર્વક સૂઝાવ મૂક્યો. સૂઝાવની તરફેણમાં તથા વિરુદ્ધમાં ઠીક ઠીક ચર્ચા થઇ ત્યારે એક વાજબી દલીલે સૌને એકમત કરી દીધા. દલીલ એ કે તારીખ ભલે ૧૩મી હતી, પણ દિવસ શુક્રવારનો હોવાથી પાકિસ્તાની ચોકીના સૈનિકો જુમ્માની નમાઝ અદા કરવામાં રોકાયેલા હોય. તોપમારાનું જોખમ તેને કારણે નહિવત્ હોવાથી હેલિકોપ્ટર સલામત રીતે નીકળી જવા પામે ! આ તાર્કિક દલીલની સામે કોઇની પાસે દલીલ ન હતી. સામૂહિક રીતે તત્કાળ નિર્ણય લેવાયો કે ગમે તે થાય, પણ ઉડાન ૧૩મી તારીખે યોજવી.

વાયુસેનાના બાહોશ પાઇલટ સ્ક્વોડ્રન લીડર અનિલ સિંહાને તે કામ સોંપાયું. કેટલાક દિવસ પૂર્વે તેઓ પોતાના હેલિકોપ્ટરમાં બેટરી, ઓજારો, અન્ય જરૂરી પૂરજા વગેરે સરંજામ

અહીં પહોંચાડી ગયા હતા. મરમ્મત બાદ સાજાસમા બનેલા 'ચિત્તા'માં તેઓ ગોઠવાયા, એન્જિન સ્ટાર્ટ કર્યું અને સફળતાપૂર્વક ટેક-ઓફ કરી ગયા. 'અમર' પોસ્ટમાં દસ દિવસ સુધી સપડાયેલું 'ચિત્તા' આખરે આઝાદ પંખીની જેમ ઊંચા આકાશમાં ઊડી ગયું અને બેઝ કેમ્પ પહોંચ્યું. ભારતીય ખુશ્કીદળની શીખ રેજિમેન્ટના જવાનોએ તથા વાયુસેનાના પાઇલટો તેમજ ટેક્નિશિઅનોએ કરી દેખાડેલું પરાક્રમ અભૂતપૂર્વ હતું--લશ્કરી ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખવા જેવું !

■

બેઝ કેમ્પના હેલિપેડ પર 'ચિત્તા' અને 'ધ્રુવ' હેલિકોપ્ટરની કાર્યવાહી નજરે જોયા પછી, ત્યાં ઉપસ્થિત અફસરોના મોઢે કાર્યવાહીની વિગતો સમજ્યા પછી તેમજ બેઝ કમાન્ડર કર્નલ હરિહરન તથા એર ડિસ્પેચ પ્લેટૂનના મેજર અભિષેક શર્મા સાથે મુલાકાત કર્યા પછી હું શીખ બટાલિઅનના મુખ્યાલયે પાછો ફર્યો. અહીં મારે મેજર પ્રવલ ધીર નામના અફસરને રૂબરૂ મળવાનું હતું અને સિઆચેનની ચોકીઓમાં રહેતા આપણા જવાનોની/અફસરોની રોજિંદી ફરજો વિશે તેમને કેટલાક સવાલો પૂછવાના હતા. ●

એક આડવાત : સિઆચેન ક્ષેત્રની મુલાકાત લેવા માટે ભારતીય ખુશ્કીદળના નવી દિલ્લી ખાતેના મુખ્યાલયને જે અરજી મેં મોકલી હતી તેમાં સ્પષ્ટ લખ્યું હતું કે એ લશ્કરી ક્ષેત્રની વિઝિટ હું પગપાળા જ લેવા માગું છું. અગાઉ અમુક ટેલિવિઝન ચેનલોના પત્રકારોએ અપનાવેલું હેલિકોપ્ટરયાત્રાનું શોર્ટ-કટ ઓપ્શન મને મંજૂર નથી, કારણ કે સિઆચેન ક્ષેત્રમાં હેલિકોપ્ટર ઊડાડવાના કલાકદીઠ ખર્ચના આંકડા હું જાણતો હતો, જે 'ચિત્તા'ના કેસમાં કલાકદીઠ ₹60,000થી ઓછો નથી.



જાંબાઝ અને જિંદાદિલ અફસરો

'Good Morning, Sir! May I come in?' શીખ બટાલિઅનના કમાન્ડિંગ ઓફિસરના adjutant/ મદદનીશ મેજર પ્રવલ ધીરની ઓફિસના ખુલ્લા દરવાજા પર હળવા ટકોરા મારીને મેં અંદર આવવાની રજા માગી.

'Yes,' દેખાવે કો'ક કોલેજિયન જેવા, એકવડા બાંધાના, મૃદુભાષી મેજર ધીર બોલ્યા. 'Please come in!'

અંદર જઇને મેં મારી ઓળખાણ આપી. અહીં તેમને મળવા આવવાનો આશય જણાવ્યો, જે સાફ હતો : મેજર ધીર સિઆચેનની એક ઉત્તુંગ લશ્કરી ચોકીએ પાંચ મહિના ફરજ બજાવીને કેટલાક દિવસ પૂર્વે જ બેઝ કેમ્પ પાછા ફર્યા હતા. આ લાંબા રોકાણ દરમ્યાન તેમણે કેવા પ્રકારના અનુભવો કર્યા તેનો તાદૃશ ચિતાર મારે તેમની પાસેથી મેળવવો હતો. મારો આશય જાણીને બાળસહજ સ્માઇલ સાથે મેજરે કહ્યું, 'So, you're writing a book on Siachen... and you've come a long way till here for that. Nice, really nice! Please take a seat.'

'Thank you, Sir!' મેજર ધીરના ડેસ્કની જમણી તરફ સહેજ છેટેની ખુરશીમાં હું બેઠો.

'ત્યાં નહિ, અહીં બેસો... હીટરની બાજુમાં... થોડી હૂંફ લાગશે.' મેજરે કહ્યું.

વાતાવરણમાં ઠંડીનો ગજબ ચમકારો હતો, માટે મેજરના કહેવા મુજબ હું હીટરની બાજુવાળી ખુરશીમાં ગોઠવાયો. હૂંફ મળી; સારું લાગ્યું. ઠંડાગાર થઇ ગયેલા આંગળામાં 'જાન' આવતાં ખિસ્સામાંથી ડાયરી કાઢીને પેન હાથમાં પકડી. લેપટોપ પર અધૂરું કામ આટોપીને મેજરે તેનો સ્ક્રીન વાસી દીધો, એટલે તેમની પરવાનગી લઇને મેં ઇન્ટરવ્યૂ શરૂ કર્યો.

હું મારો પહેલો સવાલ હજી તો પૂછું ત્યાં મેજર ધીરે સામો પ્રશ્ન કર્યો : 'અહીં સુધી પહોંચવામાં કોઇ તકલીફ તો નહોતી પડી, મિ. પુષ્કર્ણા ?'

'નહિ,' મેં કહ્યું. 'લેહથી બેઝ કેમ્પ સુધી તો કોઇ નહિ.'

'અને તે પહેલાં ?' મેજરે ઉત્સુકતાથી પૂછ્યું.

'એ ન પૂછો, મેજર ! લાંબી કથા છે.'

મેજરને જાણવાની ઉત્કંઠા થઇ, એટલે સિઆચેન ક્ષેત્રની મુલાકાત માટે મેં કરેલા ચાદર ટ્રેકથી લઇને નવી દિલ્લીના આર્મી હેડક્વાર્ટ્સમાં લેવાયેલા મારા ઇન્ટરવ્યૂ સુધીના તમામ પ્રયાસો અંગે અતઃથી ઇતિ સુધી બધું જ તેમને ટૂંકમાં જણાવ્યું. સિઆચેનના ગગનચુંબી પહાડોની ચોકીઓની રૂબરૂ મુલાકાત લેવા પાછળનું કારણ તેમને સમજાવ્યું. મેજરે એકાગ્રતાપૂર્વક બધું જ સાંભળ્યું અને પછી હસીને બોલ્યા, 'મિ. પુષ્કર્ણા, તમારી કથામાં જબરા નાટ્યાત્મક વળાંકો છે. સારી વાત છે કે તમે લાંબો સમય ધીરજ જાળવી રાખી; નહિતર તમારું કામ કદાચ પાર પડી શક્યું ન હોત. જો કે અહીં તમને અમે બનતી મદદ કરીશું. તમારા સવાલોના સંતોષકારક જવાબો આપવાનો પ્રયત્ન કરીશું. પરંતુ એટલું પહેલેથી જણાવી દઉં કે રાષ્ટ્રીય સુરક્ષાને લગતી કો'ક એવી વાત હશે કે જે મારે ખાનગી રાખવી જોઇએ તેનો હું ફોડ નહિ પાડું.'


'હું સમજી શકું છું.' મેં કહ્યું. 'હું એવી વાત જાણવાનો દુરાગ્રહ રાખીશ પણ નહિ.'

મેજર પ્રવલ ધીર જોડે દસેક મિનિટ ગોષ્ટિ ચાલી ત્યાં શીખ બટાલિઅનના મેજર હરસુખચૈન સિંહ નામના યુનિફોર્મધારી અફસર મારી બાજુવાળી ખુરશીમાં આવીને બેઠા. મેજર ધીરે તેમની સાથે મારી ઓળખાણ કરાવી ત્યારે જાણવા મળ્યું કે તેઓ પણ થોડા દિવસો પહેલાં જ સિઆચેનની બીજી એક ચોકીએ પાંચ મહિના લાંબી ડ્યૂટી બજાવીને પાછા ફર્યા છે.

'હું જાણું છું ત્યાં સુધી સિઆચેનની લશ્કરી ચોકીમાં જવાનની તેમજ અફસરની ડ્યૂટી અવધિ ૩ મહિના તય કરવામાં આવી છે.' મેં બન્ને અફસરોને કહ્યું. 'તબીબી કારણોસર ૯૦ દિવસથી વધુ સમય તેમને ચોકીએ તૈનાત રખાતા નથી; તો પછી તમારા બેઉના કેસમાં ડ્યૂટીનો ગાળો પાંચ મહિના કેમ હતો ?'

• મેજર પ્રવલ ધીર, જેમણે તેમની NCC/ National Cadet Corpsની તાલીમ ગુજરાતમાં લીધી હતી

'તમારી વાત સાચી છે.' મેજર ધીર બોલ્યા. 'અવધિ ૯૦ દિવસની જ છે, કેમ કે જવાન કે અફસર એથી વધુ દિવસ ૧૮થી ૨૦ હજાર ફીટ ઊંચેની ઠંડી, પાતળી અને ઓક્સિજનના ઓછા પ્રમાણવાળી હવામાં વીતાવે તો તેનાં ફેફસાં, હૃદય તથા મગજ પર હવામાનની વિપરિત અસરો થવાની સંભાવના રહે છે. સામાન્ય રીતે ૯૦મા દિવસે પોસ્ટની ટુકડીને ફરજમુક્ત કરવા બેઝ કેમ્પથી બીજી ફૌજીટુકડી આવી પહોંચે છે. પરંતુ ઘણી વાર એમાં અમુક યા તમુક કારણોસર મોડું થાય તો પોસ્ટનો હવાલો ત્યાં તૈનાત ટુકડીએ જ સંભાળવો પડે.'



'પહાડી ચોકી આપણે કદી રેઢી મૂકી જ ન શકીએ.' મેજર સિંહ બોલ્યા.

'બેશક, ન જ મૂકાય.' મેં સૂર પૂરાવ્યો. '૧૯૯૯ના શિયાળામાં આપણે કારગિલ, દ્રાસ અને બટાલિક ક્ષેત્રની પહાડી ચોકીઓ રેઢી મૂકી હતી...'

'અને તમે જાણતા હશો કે તે ભૂલનું પરિણામ આપણે કારગિલ યુદ્ધના સ્વરૂપે

ભોગવવું પડ્યું હતું.' મેજર હરસુખચૈન સિંહ તરત જ બોલી પડ્યા.

'અહીં સિઆચેનમાં તો પોસ્ટને એક મિનિટ પણ નધણિયાતી મૂકાય નહિ.' મેજર ધીર બોલ્યા. 'દુશ્મનની નજર સતત આપણા પર હોય છે, માટે આપણીયે નજર તેમના પરથી હટવી ન જોઇએ.'

'આ કામમાં ચોકીના કેટલા જવાનો રોકાયેલા હોય ?' મેં સવાલ કર્યો.

'આમ તો એક જ જવાન.' મેજર ધીરે કહ્યું. 'પણ પોસ્ટમાં સાતથી દસ જવાનો હોય અને દરેકે વારા પ્રમાણે રોજના ચારેક કલાક પહેરો દેવાનો થાય છે.'

'અને રાત્રે ?'

'રાત્રે તો વધુ જાપ્તો રાખવો પડે.' મેજર ધીર બોલ્યા. 'અંધારાનો લાભ લઇને દુશ્મન કોઇ પણ હરકત કરી શકે છે.'

'ઘણી વાર તો અમે પોતે ચોકિયાત જવાનની સાથે ઊભા રહીને દુશ્મન પર નજર રાખીએ.' મેજર હરસુખચૈન સિંહે વધુ જાણકારી આપી. 'જેમ કે થોડા વખત પહેલાં આપણે કાશ્મીરના મોરચે દુશ્મન પર સર્જિકલ સ્ટ્રાઇક કરી ત્યાર પછી સરહદ પર તણાવભરી સ્થિતિ હતી. સિઆચેન ક્ષેત્ર પણ હાઇ અલર્ટમાં મૂકાયું હતું. હું એ વખતે મારી (૧૮,૯૦૦ ફીટ ઊંચે આવેલી) ચોકીએ હતો. કેટલાક અંતરે આવેલી શત્રુની (પાકિસ્તાનની) ચોકી પર મેં પોતે અંધારી રાત્રે મારી આંખે નાઇટ વિઝન ચશ્માં ચડાવીને કલાકો સુધી અનેક વાર નજર રાખી છે.'

'ઓહ ! ગજબ કહેવાય !' મને આશ્ચર્ય થયું. 'તમે અફસર થઇને ખુદ એ કામ કરો ત્યારે



• *મેજર હરસુખચૈન સિંહ (જમણે) અને તેમના સાથીઓ : ૧૮,૯૦૦ ફીટ ઊંચેની પહાડી ચોકીએ*

તમારી ચોકીના જવાનોનું મનોબળ કેટલું વધી જતું હશે ?'

'બેશક, મિ. પુષ્કર્ણા !' મેજર હરસુખચૈન સિંહે કહ્યું. 'ચોકીના તમામ જવાનોનું જોમ, જુસ્સો અને મનોબળ ટકી રહે એટલું જ નહિ, પણ તેમાં વધારો થાય એની જવાબદારી ચોકીના કમાન્ડરની એટલે કે અમારા જેવા મેજર યા કેપ્ટન કક્ષાના અફસરની છે. અમે આળસી ગયા કે પછી ઢીલા પડ્યા તો પોસ્ટના જવાનોનો જુસ્સો પણ વહેલોમોડો ભાંગી પડ્યો સમજો.'

આ સાંભળીને મેં વળતો સવાલ કર્યો, 'મેજર, તમે પોતે રાત્રિના સમયે ચોકીપહેરાનો અનુભવ કર્યો છે. તમારા મતે એ કાર્ય કેટલું કષ્ટદાયક છે ? સૌથી વધુ કસોટી ક્યારે લેવાય ?'

'જુઓ, સિઆચેન ક્ષેત્રમાં એવું કોઇ કામ નથી જેને તમે કષ્ટદાયક ન કહી શકો.' મેજર સિંહે જવાબ દીધો. 'પણ તમારો સવાલ ચોકીપહેરા પૂરતો છે, એટલે તમને એની જ વાત કરું. પહાડોમાં આવેલી આપણી પોસ્ટમાં શત્રુ પર નજર રાખવા માટે મોકાના સ્થળે એકની ઉપર એક પથ્થરો

● *ઉત્તુંગ પહાડમાં ગરુડના માળા જેવી આપણી લશ્કરી ચોકી*



ગોઠવીને નાની અમસ્તી કેબિન બનાવવામાં આવી છે. ચોકિયાત જવાન એટલે કે સંત્રી તેમાં ઉભો રહે, જેથી દુશ્મનની ગોળીનો શિકાર ન બને.'

'તો સામેથી ગોળી છૂટવાનુંય જોખમ રહે, એમ ને ?' મારાથી અધવચ્ચે પૂછાઇ ગયું.

'હા, શત્રુ પાસે સ્નાઇપર રાઇફલ હોય છે.' મેજર સિંહે વાત આગળ ચલાવી. 'પથ્થરની કેબિન એટલી સાંકડી હોય કે એક અને બહુ બહુ તો બે જણા તેમાં સાંકડમોકળ માંડ ઊભા રહી શકે. બેસવાનો તો સવાલ જ નહિ ! એટલી જગ્યા જ હોતી નથી. આ બંધિયાર જગ્યામાં જવાન ચારેક કલાક ખડેપગે રહે છે.'

■

આ તે કેવી સજા ! રેલવેના કોચમાં હોય તેવા ટોઇલેટ કરતાંય સહેજ ઓછી સાઇઝની કેબિનમાં સતત ઊભા રહેવાનું, અન્ય કોઇ પણ અનાવશ્યક પ્રવૃત્તિમાં ધ્યાન પરોવવાનું નહિ, દુશ્મન ચોકી પર સતત જાપ્તો રાખવાનો--અને તેય વળી લાગલગાટ ચાર કલાક ! શહેરોમાં

તમામ જવાનોનું જોમ,
ની જવાબદારી ચોકીના
. અમે આળસી ગયા કે
ડ્યો સમજો.'
ચોકીપહેરાનો અનુભવ
લેવાય ?'
કહી શકો.' મેજર સિંહે
જ વાત કરું. પહાડોમાં
ની ઉપર એક પથ્થરો



કે સંત્રી તેમાં ઉભો

પૂછાઈ ગયું.
ચલાવી. 'પથ્થરની
માંડ ઊભા રહી
જગ્યામાં જવાન

ઓછી સાઈઝની
પરોવવાનું નહિ,
લાક ! શહેરોમાં

તમામ પ્રકારની સાધન-સુવિધાઓના 'કમ્ફર્ટ ઝોન'માં આપણે રહીએ છીએ, છતાં કોઈ એક સ્થળે ઝાઝો સમય સ્થિર રહી શકતા નથી. મન સતત ચલિત થયા કરે છે, એટલે મનની ગુલામી વેઠતા પગ પણ ચલિત થયા વિના રહેતા નથી. નાની અમથી બંધિયાર જગ્યામાં અમુક કલાક કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ આચર્યા વિના વીતાવીએ ત્યારે કદાચ સમજાય કે 'કમ્ફર્ટ' શબ્દથી જેને કશી લેવાદેવા નથી તે સિઆચેન ક્ષેત્રમાં પથ્થરની કેબિનમાં ફરજ બજાવતા જવાનના શરીર તથા મન પર ખરેખર શું વીતતું હશે ?

નહિ. ખરેખર તો એ પછીયે જવાનની મનોદશા કદાચ સમજી ન શકીએ. કારણ કે એ શેરદિલની કસોટી લેતા વિષમ કુદરતી સંજોગો આપણે જોયા કે અનુભવ્યા નથી. મેજર હરસુખચૈન



• અહીં આપેલી લશ્કરી કવાયતની તસવીરમાં દેખાય છે તેમ જવાનોએ શત્રુના અણધાર્યા હુમલાના પ્રતિકાર માટે હંમેશાં તૈયાર રહેવું પડે. (નોંધ : જવાનોના હાથમાં સ્વદેશી 'ઈન્સાસ' રાઈફલ છે).

સિંહે તથા તેમના સાથી મેજર પ્રવલ ધીરે એ સંજોગો વિશે મને વાત કરી ત્યારે હું થોડી વાર માટે વિચારશૂન્ય થઈ ગયો.

મેજર હરસુખચૈન સિંહ : 'સિઆચેન હિમનદીના આકરા શિયાળા વિશે તો તમે જાણતા જ હશો, મિ. પુષ્કર્ણા !'

'હા, જાણું છું.' મેં કહ્યું 'અહીં ઉનાળામાંય રાત્રિનું તાપમાન માઈનસ ૨૦થી ૩૦ અંશ સેલ્શિઅસ રહે છે. શિયાળાની અસહ્ય (-૫૫°) ઠંડીની તો વાત જ જવા દો !'

'ગાત્રો શિથિલ કરી નાખતી કડકડતી ઠંડીમાં અમારા ચોકિયાત જવાનો આખી રાત કેબિનમાં ઠૂઠવાતા ઊભા રહે છે. પગ પાસે મૂકેલું કેરોસિન હીટર તેમને થોડીક હૂંફ આપે, પણ સૂસવતા ઠંડાગાર પવનો ફૂંકાતા હોય ત્યારે તો એ હૂંફનોય ખાસ મતલબ રહેતો નથી. મિ. પુષ્કર્ણા, હું



• પહાડી ચોકીની FRP કેબિન, જેના પર પેરેશૂટના કાપડનું આવરણ ચડાવેલું છે

ધારું છું કે તમે કષ્ટદાયકતા અંગે જે સવાલ પૂછ્યો તેનો જવાબ તમને મળી ગયો.' આટલું કહીને મેજર સિંહ અટકી ગયા.

'.......' હું કંઈ કરતાં કંઈ બોલી ન શક્યો.

'સૌથી વધુ કસોટી ક્યારે લેવાય ? તમારા એ સવાલનો જવાબ હું આપું.' મેજર પ્રવલ ધીરે કહ્યું. 'મારી અને મેજર સિંહની પહાડી પોસ્ટ અઢારથી ઓગણીસ હજાર ફીટની ઊંચાઈએ આવેલી છે, જ્યાં હિમવર્ષા લગભગ બારેમાસ થાય છે. રાત્રિના સમયે હિમવર્ષા થાય કે પછી હિમઝંઝાવાત આવે ત્યારે ચોકિયાતનું કામ અનેકગણું મુશ્કેલ બને છે. હવામાં ઊડતી હિમકણીઓ સામેનું દૃશ્ય જોવામાં બાધારૂપ નીવડે છે. આવા વખતે નાઈટ વિઝન ચશ્માં પહેર્યાં હોય તો પણ ખાસ મતલબ સરતો નથી--અને છતાં ચોકિયાત જવાન તેની ડ્યૂટીમાંથી ચૂકતો નથી. મેજર સિંહે અગાઉ કહ્યું તેમ ઘણી વાર અમે પોતે પણ જવાનની મદદે જઈએ છીએ. આમ કરવાથી તેને બહુ સારું લાગે છે; નવું જોમ મળે છે. સપ્ટેમ્બર ૧૮, ૨૦૧૬ના રોજ આપણા કાશ્મીરના ઉરી પર આતંકવાદી હુમલો થયા પછી અને વળતા જવાબરૂપે આપણે પાકિસ્તાન પર સર્જિકલ સ્ટ્રાઈક કરી પછી તો અમે અમારી ચોકીઓમાં કેટલીય રાતો ઉજાગરામાં કાઢી છે. મારી, મેજર સિંહની કે પછી સિઆચેનમાં આપણી બીજી કોઈ પણ પહાડી પોસ્ટની વાત કરો. પરંતુ સો વાતની એક વાત એ કે ચોકીની સુરક્ષાનો ભાર ત્યાંના ઈન-ચાર્જ અફસર કમાન્ડરનો છે.'

મેજર ધીરે તેમજ મેજર સિંહે કહેલી દરેક વિગત હું ચીવટપૂર્વક મારી ડાયરીમાં નોંધી રહ્યો હતો. એક જવાન ત્યારે મારી બાજુમાં આવીને ઊભો. હાથમાં ટ્રે હતી, જે તેણે મારી તરફ ધરતા કહ્યું, 'સા'બ, ગરમ પકૌડે લીજિયે !'

કકડીને ભૂખ લાગી હતી. વળી ઠંડાગાર વાતાવરણમાં ગરમાગરમ ભજિયાં મળે તો બીજું શું જોઇએ ? બેશક, ગરમ ચા ! અહીં તો એ પણ હતી. પરંતુ અફસોસ બેઉ આઇટમ ખોટા સમયે આવી. મેજર ધીર અને મેજર સિંહ જોડેની ચર્ચા એટલા રોચક મુકામે પહોંચી હતી કે ગરમ ભજિયાંને મેં ઠંડો પ્રતિસાદ આપ્યો. ચાના પ્યાલા વડે જ સંતોષ માન્યો. આ તરફ બેઉ મેજરોએ પકૌડા પર 'આક્રમણ' કર્યું. મેં મારા સવાલોનો 'હુમલો' ચાલુ રાખ્યો.

'મેજર,' મેં પ્રવલ ધીરને સંબોધીને કહ્યું. 'તમે હમણાં જણાવ્યું કે પાકિસ્તાની ચોકીના જવાનો આપણી પોસ્ટ પર નજર માંડીને બેઠા હોય છે. સામે આપણા જવાનો પણ શત્રુ પોસ્ટના સૈનિકોની હિલચાલ પર જાપ્તો રાખે છે... તો બેઉ દેશોની પોસ્ટ શું એકમેકથી એટલી નજીક હોય કે નરી આંખે પણ જોઇ શકાય ?' મેં પૂછ્યું. 'તમારા હિસાબે અંદાજિત અંતર કેટલું હશે ?'

'અંતર જુદું જુદું હોય.' મારા સવાલનો જવાબ મેજર હરસુખચૈન સિંહે દીધો. 'દાખલા તરીકે મારી (૧૮,૯૦૦ ફીટની ઊંચાઇએ આવેલી) પોસ્ટથી શત્રુ ચોકી પૂરા ૧,૦૦૦ મીટરે પણ નથી. આપણી બીજી ચોકીઓ દુશ્મનથી વધુ અંતરે પણ આવેલી છે.'

'દેખાવે એમની ચોકીઓ આપણા જેવી જ છે ?'

'હા, લગભગ સરખી... FRPની.'

ફાઇબર રિઇન્ફોર્સ્ડ પ્લાસ્ટિક FRPના ટૂંકાક્ષરી નામે ઓળખાય છે. પરંપરાગત પ્લાસ્ટિક કરતાં તે અનેકગણું મજબૂત અને ટકાઉ હોય, કેમ કે ઉત્પાદકો પ્લાસ્ટિકમાં કાચ, કાર્બન, બેસાલ્ટ વગેરે જેવા પદાર્થોના ફાઇબર (રેસા) ભેળવે છે. આપણે ત્યાં FRP મટીરિઅલ પાર્કિંગના યા બારી-દરવાજાના શેડ બનાવવામાં વપરાય છે. જો કે સિઆચેનની લશ્કરી ચોકીઓ માટે ઉપયોગમાં લેવાતા FRPની ગુણવત્તા અનેકગણી ચડિયાતી હોય છે. અતિશય ઠંડી વચ્ચે તે મટીરિઅલ બરડ થઇને બટકી જવું ન જોઇએ તેમજ સૂર્યનાં પ્રખર નીલાતીત કિરણોની ગરમી હેઠળ તે જરાતરા પીગળીને ઢીલું પડી જવું ન જોઇએ. વળી હિમવર્ષા વખતે છત પર ખડકાતા હિમના ઢગલાનો ભાર પણ તેણે ખમવો રહ્યો. આ બધા ગુણધર્મોનો સંયોગ કરવા ઉપરાંત સૌથી મોટો તકાદો એ કે FRP વડે બનેલી prefabricated/ પૂર્વઘડિત ચોકીનું વજન અમુક લિમિટ કરતાં વધવું ન જોઇએ. નહિતર તે તાયફાને હેલિકોપ્ટર વડે સરેરાશ ૬,૦૦૦ મીટર ઊંચા પહાડો સુધી પહોંચતો કરવાનું અત્યંત મુશ્કેલ બને. અગાઉના પ્રકરણમાં નોંધ્યું તેમ અતિશય ઊંચેની પાતળી હવામાં પૂરતી લિફ્ટના અભાવે હેલિકોપ્ટરની ઉડ્ડયનશક્તિ જરા ઘટે છે.

■

પહાડી ચોકી વિશે ચર્ચા આગળ ચાલી. 'ઊંચા પહાડોમાં જ્યાં નક્કર, ખડકાળ સપાટી પોચા હિમ વડે અનેક ફીટ નીચે દટાઇ ચૂકી હોય ત્યાં ચોકીનું માળખું શેના પર ઊભું કરો ?' મારા એ સવાલનો પ્રત્યુત્તર આપતા મેજર હરસુખચૈન સિંહ બોલ્યા, 'બરફ પર જ વળી !'

'એ ખરું, પણ એક વાત મને સમજાતી નથી.'

મેજર સિંહ : 'કઇ વાત ?'

'એ જ કે બરફ કદી એકસરખી માત્રામાં રહેતો નથી. ક્યારેક કલાકોના કલાકો સુધી તે

આકાશમાંથી વરસે છે. ઘણી વાર દિવસોના દિવસો સાવ કોરા જાય, જે દરમ્યાન સૂર્યનાં આકરાં કિરણો બરફને સતત પિગાળ્યા કરે, બરાબર ?'

મેજર સિંહ : 'રાઈટ !'


'ચોકીની આસપાસનો બરફ પણ જો આસ્તે આસ્તે પીગળતો રહે તો સપાટીમાં આવતી વધઘટ મુજબ ચોકી પોતે એક તરફ નમી ન પડે ?'

મેજર પ્રવલ ધીર બોલી ઉઠ્યા, 'We call it pillar effect.'

'જુઓ, આને કહેવાય પિલર ઈફેક્ટ.' મેજર હરસુખચૈને પોતાનું લેપટોપ મારી તરફ ફેરવીને તેમાં તસવીર બતાવી અને તેનું વિવરણ આપતા મેજર સિંહે કહ્યું, 'આ FRPની કેબિન (ચોકી) છે. જૂન, ૨૦૧૬માં હું અને મારા સાથી જવાનો ચોકીએ પહોંચ્યા ત્યારે તેની આજુબાજુ બધે પુષ્કળ બરફ હતો. ઉનાળો બેઠો, એટલે કેબિનની આસપાસનો બરફ આસ્તે આસ્તે પીગળતો રહ્યો. કેબિન જેના ટેકે હતી તે બરફ પીગળ્યો નહિ, કેમ કે ત્યાં સૂર્યનાં કિરણો પહોંચતાં ન હતાં. પરિણામ નજર સામે છે. બરફનો ઊંચો પિલર (થાંભલો) રચાયો છે, જેના પર કેબિન સ્ટંટમેનની માફક સંતુલન જાળવીને ઊભી છે. સંતુલન ખોરવાય નહિ એ ખાતર મેં મારા જવાનો પાસે ચોકીની ધારે કેરોસિનના ખાલી પીપડાં ગોઠવાવીને ટેકા રચી દીધા.'

'તમે તો ઈજનેરી કમાલ બતાવ્યો, મેજર !' મેં હળવી ટકોર કરી.

'હા..હા..હા...! ઈજનેરી કમાલ !' મેજર હસી પડ્યા. 'વીસેક હજાર ફીટ ઉપર ચોકીમાં તો



● આસપાસનો બરફ પીગળી ગયા બાદ રચાયેલા પિલર ઉપર 'પડું પડું' થતી ટકી રહેલી FRP કેબિન

મ્યાન સૂર્યનાં આકરાં

ો સપાટીમાં આવતી

મારી તરફ ફેરવીને
RPની કેબિન (ચોકી)
તેની આજુબાજુ બધે
સ્તે આસ્તે પીગળતો
ો પહોંચતાં ન હતાં.
ર કેબિન સ્ટેટમેનની
મારા જવાનો પાસે

ટ ઉપર ચોકીમાં તો



જે મળ્યું તે ખરું... હાજર તે હથિયાર ! બીજાં કોઇ સાધનો યા સુવિધા ન હોય ત્યારે આવાં જ ગતકડાં કરવા પડે.'

ચોકીને ટકાવી રાખવા માટે મેજર હરસુખચૈન સિંહે અજમાવેલો નુસખો તો જાણે સાધારણ હતો, પણ એ નુસખામાં એક અસાધારણ વાત છૂપાયેલી હતી : માણસ ધારે તો ગમે તે સંજોગોમાં કોઇ પણ પ્રશ્નનો હલ કાઢી શકે છે. પ્રશ્ન પછી ઘરની ચાર દીવાલોના 'કમ્ફર્ટ ઝોન'માં ઊભો થયો હોય કે પછી વીસેક હજાર ફીટના અત્યંત કસોટીજનક ક્ષેત્રમાં પેદા થયો હોય. સવાલ માત્રને માત્ર ઇચ્છાશક્તિનો છે, જે પ્રબળ હોય તો ગમે તેવો પેચીદો પ્રશ્ન હલ થયા વિના રહે નહિ. પરંતુ માણસ તેની ઇચ્છાશક્તિના અભાવને લીધે ઘણીવાર હારી જતો હોય છે, એટલે સામાન્ય પ્રશ્ન પણ અસામાન્ય સમસ્યા બનીને બોજારૂપ લાગે છે.

બરફીલી ચાદર પર ચોકીનું ચલકચલાણું

બરફની વધઘટ મુજબ FRP ચોકીનું સ્થાન બદલતા રહેવું પડે એટલું મને મેજર હરસુખચૈન સિંહ જોડેના વાર્તાલાપમાં સમજાયું. આ કામ કેટલું કડાકૂટિયું છે એની સમજણ તો અહીં બેઠા કેવી રીતે પડે ? આમ છતાં જાણવા ખાતર મેં તેમને સવાલ કર્યો, 'માનો કે એક તરફનો બરફ વધુ પડતો પીગળી જવાને લીધે FRPની કેબિન સાવ ઝૂકી પડી છે. આવી પરિસ્થિતિમાં શું કરો?'

'પહેલાં તો એ જોઇએ કે નાના-મોટા ટેકા મૂકીને તેને ફરી સીધી કરી શકાય તેમ છે?' મેજર સિંહે કહ્યું. 'શક્યતા નહિવત્ હોય તો બધા જવાનો ભેગા મળીને કેબિનને બીજી જગ્યાએ શિફ્ટ કરે છે. કિચનનો ટેન્ટ, ડાઇનિંગ ટેન્ટ, સ્લીપિંગ ટેન્ટ... એ બધાનુંય એવું શિફ્ટિંગ કરવું પડે.'

'ઓહ, કેટલી બધી જફા !' હું બોલી પડ્યો.

'આવી જફા તો અમારા સૌ માટે કાયમી છે, મિ. પુષ્કર્ણા !' મેજર પ્રવલ ધીરે ટકોર કરી. 'કોઇ ચોકી એકાદ ચોક્કસ સ્થળે હંમેશ માટે ક્યારેય નથી રહેતી. બરફની સ્થિતિ મુજબ સતત સરનામું બદલ્યા કરે છે. અમુક ચોકીઓ ખાતે હેલિપેડ બનાવવામાં આવ્યાં છે, જેમને પણ અમારે દર થોડા વખતે સમતળ કરવાં પડે છે.'

આ સાંભળીને મેં સામો સવાલ કર્યો : 'જમીન જ્યાં હિમના થર નીચે દબાયેલી હોય ત્યાં હેલિપેડ આખરે તમે બનાવો કેવી રીતે? મતલબ કે કોઇ નક્કર વસ્તુ તો જોઇએ ને હેલિપેડ બનાવવા માટે ?'

મેજર ધીરનો જવાબ : 'સ્કેટબોર્ડ (લાકડાનાં પાટિયાં), કેરોસિનના ખાલી ડ્રમ તેમજ જેરિકેન (કેરબા), ધાતુના લાંબા પટ્ટા, નાના-મોટા પથરા અને બીજું જે કંઇ નકામું મળ્યું તે બધાને એક લેવલમાં પાથરીને !'

'આ બધી ચીજવસ્તુઓનો પૂરતો સ્ટોક હોય તમારી પાસે ?'



• કેબિન હટાવી દીધા પછી દેખાતો બરફનો સ્તંભ

'અરે, માગો એટલો !' મેજર ધીર તત્કાળ બોલ્યા.

ચંદીગઢથી આપણી વાયુસેનાનું એન્તોનોવ/ AN-32 પ્રકારનું વિમાન ખાધાખોરાકીનો સામાન પેરેશૂટ વડે જે તે પહાડી ચોકીને પહોંચાડે છે. આ સામાન વિમાનમાંથી મોટા પોટલા સ્વરૂપે પરબારો ફેંકવામાં આવતો નથી, બલકે આખું પોટલું લાકડાની ૬ ફીટ બાય ૪ ફીટની જાડી, મજબૂત શીટ પર મૂકી મુશ્કેટાટ બાંધ્યા પછી એર-ડ્રોપ કરાય છે. આનું કારણ છે. વિમાનમાંથી પેરેશૂટ વડે ઊતરતો સામાન જો પોટલા સ્વરૂપે હોય તો પોચા હિમ પર પડતાવેંત તે અંદર ઊંડે સુધી ખૂંપી જાય, જ્યાંથી તેને કાઢવો કઠિન યા નામુમકિન બને. બીજી તરફ પોટલું જો સપાટ પાટિયા પર મૂક્યું હોય તો હિમ પર પછડાટ ખાતું પાટિયું તેના મોટા ક્ષેત્રફળને લીધે આઘાતનાં મોજાં બધી તરફ શોષી લેતાં હિમમાં ખાસ ખૂંપે નહિ. વળી તેની લીસ્સી સપાટી હિમ પર skateboard/ બરફપાવડીનું કામ આપે. સ્કેટબોર્ડના જ નામે ઓળખાતાં આવાં પાટિયાં સિઆચેનની ચોકીઓના જવાનો/અફસરો વિવિધ ઉપયોગોમાં લે છે. એક ઉપયોગ હેલિકોપ્ટરના ઉતરાણ માટે કામચલાઉ હેલિપેડ તૈયાર કરવાનો છે, તો બીજો કિચન, ડાઇનિંગ, સ્લીપિંગ વગેરે ટેન્ટમાં પાટિયાંને 'ફ્લોરિંગ' તરીકે બિછાવવાનો છે.



● એર-ડ્રોપ : ખાધાખોરાકીનો પુરવઠો લઈને આવેલું વાયુસેનાનું AN-32 વિમાન

ચોકીઓને કેરોસિનનો આવશ્યક સપ્લાય વાયુસેનાના Mi-17 થકી પહોંચતો કરાય છે. પર્તાપુરથી આવું હેલિકોપ્ટર ફાલકામાં કેરોસિનના સંખ્યાબંધ પીપડાં ભરીને ઉડાન લે છે. સિઆચેનની જે તે પહાડી ચોકીએ Mi-17 પહોંચે ત્યારે પાઇલટ ફાલકાનો પાછલો દરવાજો ખોલી નાખે છે. ફાલકામાં હાજર કર્મચારીઓ પીપડાંને એર-ડ્રોપ કરી દે છે. પીપડામાંહ્યલું કેરોસિન હેન્ડપમ્પ વડે ઉલેચી લીધા પછી બાકી રહેતાં ખાલી પીપડાંને હેલિપેડ તૈયાર કરવાથી માંડી ચોકીને ટેકા આપવા સુધીનાં કાર્યોમાં લેવાય છે. કોઇ નકામી જણાતી ચીજને આપણે બહુ સહજ રીતે ભંગારમાં નાખી દઇએ, પણ અહીં સિઆચેનમાં તો જાણે કોઇ ચીજ નકામી છે જ નહિ. 'બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ' સૂત્રને આપણા જવાનો/અફસરોએ શબ્દશઃ અમલમાં મૂક્યું છે.

■

'હેલિકોપ્ટર અમારા સૌ માટે જીવાદોરી છે.' મેજર સિંહ જોડે હેલિપેડ વિશેની ચર્ચા આગળ ચાલી. 'ખાધાખોરાકીનો તેમજ કેરોસિનનો પુરવઠો તે અમને પહોંચતો કરે છે. અમારા પરિવાર-મિત્રોએ મોકલેલા પત્રો તેમજ પાર્સલો પણ લઈને આવે છે. પરિણામે હેલિપેડ તો હંમેશાં ટીપ-ટોપ કન્ડિશનમાં રાખવું જોઇએ--અને રહે એ જોવાની જવાબદારી ચોકીના કમાન્ડરની અર્થાત્ મારા અને મેજર ધીર જેવા અફસરોની છે.'

'આપણી ચોકીઓ તો સેંકડોની સંખ્યામાં છે...' મેં કહ્યું. '...એ તમામમાં તો હેલિકોપ્ટરના ઉતરાણની વ્યવસ્થા કદાચ નહિ હોય.'

'ના, નથી.' મેજર ધીર બોલ્યા. 'જેમ કે મેજર સિંહની ચોકીએ સમતળ સપાટીના અભાવે

હેલિપેડ તૈયાર કરી શકાય એવી સંભાવના જ નથી.'

'તો માલસામાનનો પુરવઠો તેમની ચોકી સુધી કેવી રીતે પહોંચતો કરવામાં આવતો ?'

'મેજર સિંહની ઉત્તુંગ ચોકીની પહેલાં કેટલાક હજાર ફીટ નીચેની પોસ્ટમાં હેલિપેડની સુવિધા હતી.' મેજર ધીરે કહ્યું. 'અહીં જે સામાન ઉતરે તેને હાફ-લિન્ક કરીને મેજર ધીરની ઉપરના સ્થાને આવેલી પોસ્ટ પર પહોંચાડી દેવાતો.'

'હાફ-લિન્ક ?'

'બે ચોકીઓ વચ્ચે માલસામાનની આપ-લે કરવાની પદ્ધતિને અમે હાફ-લિન્ક કહીએ.' મેજર ધીરે ખુલાસો આપ્યો. 'એક ચોકીના જવાનો સામાન લઇને આરોહણ કરે, બીજી ચોકીના જવાનો અવરોહણ કરીને નીચે આવે, અધવચ્ચે એક ચોક્કસ સ્થળે તેઓ ભેગા મળી સામાનની આપ-લે કરે અને પછી પોતપોતાની પોસ્ટ પર પાછા ફરે. આને હાફ-લિન્ક કહેવાય.'

'આ રીતે સામાન ઊંચકીને પર્વતારોહણ કરવું તો ખૂબ જ કઠિન છે.'

'હા, મિ. પુષ્કર્ણા ! તમે ધારી પણ ન શકો એટલું કઠિન !'

આ કઠિનાઇ ધારવાનું મારા માટે ખાસ મુશ્કેલ ન હતું, કારણ કે તેનો (ભલે નજીવો તો નજીવો) જાતઅનુભવ મેં જૂન, ૨૦૧૬માં સ્તોક કાંગડી પરના આરોહણ વખતે કર્યો હતો. મારી પીઠે ત્યારે થેલો ભરાવ્યો હતો, જેમાં કપડાં, કેટલીક ખાદ્યચીજો અને વજનદાર કેમેરા પણ હતો. વજન બારેક કિલોગ્રામ કરતાં વધારે નહોતું, પણ આરોહણ કરી જેમ વધુ ઊંચાઇએ હું પહોંચ્યો તેમ થેલો મને સખત વજનદાર જણાવા લાગ્યો. આખરે થેલાને મેં છેલ્લા પડાવ ખાતેના મારા સ્લીપિંગ ટેન્ટમાં મૂકી દીધો અને સ્તોક કાંગડીના શિખર સુધીનું ફાઇનલ આરોહણ કોઇપણ જાતનો સામાન સાથે રાખ્યા વિના કર્યું.

■

બે ચોકીઓ વચ્ચે ખાધાખોરાકીના સામાનની તેમજ કેરોસિનની આપ-લે (મેજર ધીરના શબ્દોમાં 'હાફ-લિન્ક') ઘણે ભાગે ચોકીઓમાં સ્થિત જવાનો તેમજ લદ્દાખી પોર્ટર્સ કરતા હોય. પરંતુ એ કડાકૂટને બાયપાસ કરતો સહેલો તરીકો પણ ક્યારેક અપનાવવામાં આવે. જેમ કે મેજર ધીરે તેમની ગગનચુંબી ઊંચાઇએ આવેલી ચોકીએથી સેંકડો મીટર નીચે આવેલી બીજી પહાડી પોસ્ટ વચ્ચે નાયલોનનું દોરડું લંબાવ્યું હતું. બેઉ તરફ

• સ્કેટબોર્ડ : સામાનના એર-ડ્રોપમાં વપરાતાં લક્કડિયાં પાટિયાં, જેમને અનેકવિધ ઉપયોગોમાં લેવાય છે




પુલી અર્થાત્ ગરગડી ફિટ કરેલી હતી, જેના પર દોરડું મુક્ત રીતે સરકી શકતું હતું. નીચેની ચોકીના જવાનો માલસામાનનો જથ્થો દોરડા સાથે બાંધી દે, એટલે ઉપલા લેવલે મેજર ધીરની પોસ્ટના જવાનો દોરડાને આસ્તે આસ્તે ખેંચવા માંડે. આ રીતે દિવસમાં અનેક વાર નાનો-મોટો સામાન બે ચોકીઓ વચ્ચે આપ-લે કરાતો. જવાનો તેમજ પોર્ટર્સે ધક્કો ખાવો પડતો નહિ.

પૂરા સોળ કલાકની કસોટીજનક 'દોરડાખેંચ'

'હાફ-લિન્ક'ના ફેરા ટાળવા મેજર હરસુખચૈન સિંહે પણ તેમની ૧૮,૯૦૦ ફીટ ઊંચેની ચોકી સુધી દોરડું લંબાવ્યું હતું. એ વાત જુદી કે દોરડું નાયલોનનું નહિ, બલકે સ્ટીલનું હતું. નીચેની ચોકીથી મેજર સિંહની પોસ્ટનું અત્યંત તીવ્ર (આશરે ૭૦°નું) ચઢાણ જોતાં નાયલોનનું દોરડું સામાનના બોજાથી વહેલુંમોડું તૂટી જાય અગર તો તેમાં ઝોલ પડી જાય એવું મેજર સિંહને જણાતાં બેઝ કેમ્પથી તેમણે ૮ મિલિમીટર જાડું સ્ટીલનું ૧,૫૦૦ મીટર લાંબું દોરડું મંગાવ્યું. હેલિકોપ્ટર મારફત તે દોરડું સીધું તેમની ચોકીને પહોંચાડી શકાય તેમ નહોતું, કેમ કે ત્યાં હેલિપેડ રચવા માટે સમતળ જગ્યા હતી જ નહિ. હેલિપેડ અનેક મીટર નીચેની પોસ્ટ ખાતે હતું, માટે હેલિકોપ્ટરે સ્ટીલનું દોરડું ત્યાં પહોંચતું કર્યું. એ પછી તેનો બીજો છેડો ઉપર સુધી કેવી રીતે લાવવામાં આવ્યો તેનું મેજર હરસુખચૈન સિંહે કરેલું બયાન :

'બેઝ કેમ્પથી મંગાવેલો સ્ટીલનો કેબલ નીચેની ચોકીએ પહોંચ્યો, એટલે મારી ચોકીના તેમજ મદદ માટે બોલાવી રાખેલા નીચેની ચોકીના સૌ જવાનોને મિશન ઈમ્પોસિબલ જેવું કામ પાર પાડવા મેં સખત પ્રોત્સાહિત કર્યા. જોશ અને જુસ્સો આપ્યો કે ગમે તે થાય, પણ આપણે હાથમાં લીધેલા કાર્યને પૂરું કર્યા વિના જંપશું નહિ. સૌએ ઉત્સાહપૂર્વક તૈયારી બતાવી. બીજે દિવસે સવારે ૬:૦૦ના ટકોરે 'બોલે સો નિહાલ... સત્ શ્રી અકાલ'ના બુલંદ પોકારો સાથે કામ શરૂ થયું. લગભગ ઓગણીસ હજાર ફીટે આવેલી મારી પોસ્ટ તથા નીચેની ચોકી વચ્ચે બધા જવાનો લાઈનસર ગોઠવાયા. આઠ



• હાફ-લિન્કનો શ્રમ બચાવવા મેજર ધીરની ચોકીએ ફિટ કરાયેલી પુલી (ઈનસેટ તસવીર) અને તેના દોરડા પર લટકતું 'પાર્સલ'

મિલિમીટરનો કેબલ હાથ વડે ખેંચીને છેક ઉપર (૧૮,૯૦૦ ફીટે) લાવવાનો હતો. બે ચોકીઓ વચ્ચે ઊંચાઈફરક તો જાણે ખાસ્સો, પણ વધુમાં ખૂણો અત્યંત તીવ્ર હતો. 'દમ લગા કે'ના ધોરણે સૌએ કેબલ ખેંચવાનું શરૂ કર્યું... આ રીતે, જુઓ...'

આટલું કહીને મેજર હરસુખચૈન સિંહે તરત જ તેમના લેપટોપમાં 'દોરડાખેંચ'માં જોતરાયેલા જવાનો તથા લદાખી પોર્ટરોની વિડિઓ પ્લે કરી. મેં જોયું કે સૌ અત્યંત બળપૂર્વક દોરડાને ખેંચી રહ્યા હતા. જોર લડાવવા જતાં સૌના મોઢામાંથી 'ખીંચો...', 'જોર સે...', 'આ..આ...હ...' જેવા ઉત્તેજનાસૂચક ઉદ્‌ગારો નીકળી રહ્યા હતા. મેજર હરસુખચૈન સિંહ 'ચલો, ચલો...', 'ઔર દમ લગાઓ...' જેવી હાક વડે સૌને પાનો ચડાવતા હતા.

'કામ ધાર્યા કરતાં અઘરું સાબિત થયું. કેબલ જેમ ઉપર ચડતો ગયો તેમ મારા સાથીઓને જણાતું તેનું વજન બેહિસાબ વધતું ગયું. મને એ વાતની સતત બીક હતી કે ભૂલેચૂકે જો કેબલ સૌના હાથમાંથી સરકી ગયો તો બધી મહેનત પાણીમાં જશે. મુક્તપણે ફંગોળાઈને નીચે પડતો કેબલ માર્ગમાં ઉભેલા જવાનોને તેમજ પોર્ટરોને ભયંકર હદે જખમી કરે એ તો સૌથી મોટો ડર હતો. વાહે ગુરુને વારંવાર યાદ કરતાં મેં કામ ચાલુ રખાવ્યું. કામ સવારે ૬:૦૦ વાગ્યે શરૂ થયેલું. દસ વાગ્યા, બાર, બપોરનો એક થયો, બે વાગ્યા... કેબલ હજી તો અધવચ્ચેય પહોંચ્યો નહોતો. થાક્યાપાક્યા સાથીઓને મેં વન બાય વન કરીને બ્રેક આપ્યો. સૌએ વારા અનુસાર ભોજન લીધું. કેટલોક સમય આરામ કર્યો.'

આ તમામ દૃશ્યો મેજર હરસુખચૈન સિંહે તેમના લેપટોપ પર પ્લે થઈ રહેલી વિડિઓમાં બતાડ્યાં. હું સ્તબ્ધ બની જોતો રહી ગયો. આ મેજરના દૃઢ સંકલ્પ માટે, તીવ્ર ઈચ્છાશક્તિ માટે અને બુલંદ જુસ્સા માટે શું કહેવું ? આટલી ઊંચાઈએ ચોતરફ હિમના ઢગ વચ્ચે તેમજ હાડ ગાળી નાખતી ઠંડી વચ્ચે થકવી દેનારો પરિશ્રમ કરનાર તેમની ટીમનાં તો વખાણ કરો તેટલાં ઓછાં !



• સ્ટીલનો કેબલ જેની સાથે બાંધવામાં આવેલો તે નાયલોનનું દોરડું ખેંચી રહેલી મેજર સિંહની ટીમ

'બપોર પછી હવામાનમાં એકાએક પલટો આવ્યો. ખુલ્લું, ભૂરું આકાશ વાદળોથી ઢંકાઈ ગયું. સૂર્ય તેમની ઓથે ઓઝલ થતા સખત ઠંડી જણાવા લાગી. મારી ટીમ છતાં પણ જુટેલી રહી. હું પણ ખડેપગે હાજર હતો. સીનિઅર અફસર તરીકે હું ધારત તો મારા ટેન્ટમાં આરામપૂર્વક ગરમ ચાના ઘૂંટડા ભરતો બેઠો રહી શકત. કોઈ મને એમ કરતાં રોકી ન શકે. પરંતુ મેં ખુદ મારી જાતને રોકી. મારા સાથીઓ આટલી મહેનત કરતા હોય અને હું નિરાંતે બેઠો રહું એ કેમ ચાલે ? મારી હાજરીથી તેમને જુસ્સો મળતો હતો, કામ કરવાની પ્રેરણા મળતી હતી. પરિણામે સવારથી હું તેમની આસપાસ જ ઊભો હતો.'

આને કહેવાય કાર્યશિસ્ત ! આનું નામ ટીમવર્ક ! આ બેય સદ્‌ગુણોની મેજર હરસુખચૈને મારા મન પર ગહેરી છાપ ઉપસાવી દીધી.

'સવારથી એકધારો પરિશ્રમ કરીને સૌ થાક્યા હતા, છતાં કામ ચાલુ હતું. મારી ગણતરી અંધારું થતાં પહેલાં કેબલને (૧૮,૯૦૦ ફીટ) ઉપર સુધી પહોંચાડી દેવાની હતી. ગણતરી જો કે ખોટી પડી. મોડી સાંજે હિમવર્ષા શરૂ થઈ.'



● મેજર સિંહની પોસ્ટ કરતાં નીચેવાળી ચોકી ખરેખર કેટલી નીચે હતી તેનો ખ્યાલ પ્રસ્તુત તસવીરમાં મળે છે

'અરે ભગવાન !' હું બોલી પડ્યો. 'પછી ?'

'પછી શું ?' મેજરે કહ્યું. 'થઈ તો ભલે થઈ ! મેં કામ ચાલુ રખાવ્યું. એક તરફ હિમવર્ષા જોડે આઈસ કોલ્ડ પવનો ફૂંકાતા હતા, તો બીજી બાજુ મારા સાથીઓ સખત મહેનત કરીને પસીનો પાડી રહ્યા હતા. હું જાણતો હતો કે તેઓ શારીરિક શક્તિનું એકેક ટીપું નીચોવી રહ્યા છે, પણ હું લાચાર હતો. કેબલ ખેંચવાનું કામ કોઈ પણ સંજોગોમાં અધૂરું મૂકી શકાય તેમ નહોતું. ગર્વ છે મને મારા સાથીદારો પર કે કોઈએ થાકી ગયાની કે કંટાળી ગયાની ફરિયાદ સુધ્ધાં ન કરી.'

મેજર સિંહના લેપટોપ સ્ક્રીન પર મારી નજર સ્થિર હતી. વિડિઓમાં મેં જોયું કે બાવડાનું શક્ય એટલું જોર લડાવીને સ્ટીલનું દોરડું ખેંચી રહેલા જવાનોને તથા પોર્ટરોને હિમવર્ષા બાધારૂપ લાગતી હતી. હવામાં ઝળૂંબાતી હિમપાંખડીઓ પૈકી અમુક તેમના ચહેરા પર આવીને ચોંટતી હતી, જેને તત્કાળ ખંખેરી કાઢવા માટે બિચારાઓને પૂરતો સમય મળતો નહોતો. બેઉ હાથ રોકાયેલા હતા. અમુક જણા પોતાની ગરદનને જરા જોશપૂર્વક ઝાટકો મારી મોં પર બાઝેલા હિમથી છૂટકારો મેળવવાનો પ્રયાસ કરતા હતા, જે સરવાળે તો વ્યર્થ સાબિત થતો હતો. વિડિઓ આગળ ચાલી. હવે તેમાં રાત્રિનાં દૃશ્યો દેખાવાં લાગ્યાં.

'હિમવર્ષામાંથી છૂટકારો થયો ત્યાં રાત્રિના અંધકારે અમને સૌને ઘેરી લીધા. દરેક જણે પોતપોતાની ટોર્ચલાઈટ ઓન કરી. 'દમ લગા કે...'ના ધોરણે કેબલ ખેંચવાનું કાર્ય બીજા અમુક કલાક ચાલ્યું અને આખરે પૂરું થયું રાત્રિના દસેક વાગ્યે ! પૂરા સોળ કલાકે બેઉ ચોકીઓ વચ્ચે

કેબલનું જોડાણ સ્થપાયું. કાર્ય જેવું તેવું નહોતું, માટે સફળતા પણ જેવી તેવી ન ગણાય. શારીરિક શક્તિના નામે સૌનામાં હવે જે કંઈ બચેલું તેને તેમણે બુલંદ હર્ષનાદોમાં ઠાલવી દીધું. આખરે રાત્રિભોજન લઈને સૌ સૂવા ભેગા થયા. હું પણ મારા ટેન્ટમાં આરામ કરવા ગયો. બીજે દિવસે સવારે સૌ પોતપોતાના ટેન્ટમાંથી બહાર આવ્યા. સૌની નજર સ્વાભાવિક રીતે સ્ટીલના કેબલ પર પડી અને તેને જોતાવેંત સૌ ચોંકી ગયા. કેબલ અમુક મીટર સુધી સલામત હતો, પણ પછી...'



• આખરે રાત્રિના ૧૦ વાગ્યે તારનું જોડાણ સ્થપાયું !

'પછી શું, મેજર ?' મારી ઉત્સુકતાને સીમા ન રહી. 'શું અધવચ્ચેથી તૂટી ગયો ?'

'પહેલાં અમને પણ એવું જ લાગ્યું, પણ વાહે ગુરુની કૃપા કે એવું નહોતું બન્યું. રાત્રે એટલી બધી હિમવર્ષા થઈ કે અમારી ચોકીની આસપાસ બધે જ હિમના ઊંચા ઢગલા ખડકાઈ ચૂક્યા હતા. સ્ટીલનો કેબલ એક ઢગલા ઓથે દટાઈ ગયો હતો, એટલે તૂટી ગયાનો આભાસ થતો હતો. પાવડા લઈને સૌએ જોતજોતામાં બધો બરફ હટાવી દીધો. હવે સ્ટીલોનો કેબલ છેક નીચે સુધી દેખાતો હતો. સૌની ખુશાલીને સીમા ન રહી--અને તેમાં ઓર વધારો ત્યારે થયો કે જ્યારે મેં ટી-પાર્ટીની ઘોષણા કરી. એ બપોરે અમે સૌએ સાથે ચા-નાસ્તાની મઝા માણી. ગીત-સંગીત વગાડ્યું અને ભાંગડા ડાન્સ પણ કર્યો !'

■

મેજર હરસુખચૈન સિંહના લેપટોપ પર એ ડાન્સનાં દૃશ્યો જોઈ મને અનહદ આનંદની લાગણી થઈ. આશરે ઓગણીસ હજાર ફીટ ઊંચેના બર્ફસ્તાનમાં પરિવારથી દૂર એકલાઅટુલા રહેતા જવાનોના ખીલેલા ચહેરા જોઈને બહુ સારું લાગ્યું. વિચાર આવ્યો કે હસવું, ખીલવું, આનંદપ્રમોદ, જિંદાદિલી, રમ્યતા, હરખ વગેરે જેવાં લાગણીસૂચક વિશેષણો એ જવાનો કદાચ આપણા કરતાં વધુ સારી રીતે જાણે છે. બીજી તરફ આપણે અનેક પ્રકારની સગવડોમાં (ફરી પેલો બંધબેસતો શબ્દ વાપરીને કહો તો 'કમ્ફર્ટ ઝોન'માં) રહેતા હોવા છતાં આનંદની નાની અમસ્તી પળ સુધ્ધાં ઘણી વાર શોધીને માણી શકતા નથી. આવી પળો આપણી ઈર્દગિર્દ જ હોય

• મેજર હરસુખચૈન : જવાનો સાથે ટી-પાર્ટી વખતે



• ચોકીના અફસર કમાન્ડરની આગેવાની હેઠળ દેશના સીમાડાનું રખોપું કરવામાં આપણા હિમપ્રહરીઓ કેવાં જોખમો લે છે તેનો ખ્યાલ અહીંની તસવીરોમાં મળે છે



આગેવાની હેઠળ દેશના
સીમાડાનું રખોપું કરવામાં
આપણા હિમપ્રહરીઓ કેવાં
જોખમો લે છે તેનો ખ્યાલ
અહીંની તસવીરોમાં મળે છે

છે, છતાં તે દેખાતી નથી. સંભવતઃ એટલા માટે મન હંમેશાં 'ફલાણું નથી...', 'ઢીંકણું કેમ છે?...' જેવા સેંકડો પ્રકારના ફરિયાદસૂચક પ્રશ્નો જોડે કુસ્તી લડતું હોય છે. ખરું જોતાં આવાં ફરિયાદસૂચક પ્રશ્નો તો સિઆચેનની પહાડી ચોકીઓમાં ફરજ બજાવતા આપણા પ્રહરીઓને થવાં જોઇએ, કેમ કે સાધનસગવડના નામે ત્યાં કંઇ કરતાં કંઇ નથી. છતાં એ કર્મયોગીઓ complain mode/ ફરિયાદ અવસ્થામાં જીવતા નથી. બલકે, સમસ્યાના નિરાકરણનો માર્ગ તેમણે અપનાવ્યો છે. આનો પુરાવો આમ તો મેજર હરસુખચૈન સિંહના ઉપરોક્ત પ્રસંગમાં મળી રહે છે, પરંતુ સાબિતી ખાતર વધુ એક પ્રસંગ ટાંકવા જેવો છે. પ્રસંગના કેંદ્રસ્થાને ફરી વાર મેજર હરસુખચૈન સિંહ અને તેમના કર્મયોગી જવાનો છે.

સ્વચ્છ ભારત અભિયાન : ૧૯,૦૦૦ ફીટની ઊંચાઇએ !

'જૂન, ૨૦૧૬માં હું સૈનિકટુકડી સાથે ૧૮,૯૦૦ ફીટની મારી ચોકીએ પહોંચ્યો.' મેજર હરસુખચૈન સિંહે લેપટોપ પર તસવીર દેખાડતા કહ્યું. 'કેટલાક મહિના એ ચોકીનો હવાલો સંભાળી ચૂકેલા અફસરને તેમજ જવાનોને અમે ફરજમુક્ત કર્યા, એટલે તેમણે બેઝ કેમ્પ તરફ પ્રયાણ કર્યું. હવે ચોકી અમારા હસ્તક હતી. કમાન્ડર તરીકે મારી નૈતિક ફરજ કે ચોકીની પૂરતી સારસંભાળ લેવાય એટલું જ નહિ, પણ તે સાફસૂથરી રહે.'

'એ તો ખરું !' મેં કહ્યું. 'મહિનાઓ સુધી જ્યાં રહેવાનું હોય તે જગ્યા અસ્તવ્યસ્ત તથા અસ્વચ્છ રહે તો નજરને સતત ડંખ્યા કરે.'

'બટ નેચરલ !' મેજર બોલ્યા. 'પહેલું કામ મેં એટલે જ ચોકીનું સફાઇ અભિયાન હાથ ધરવાનું કર્યું. મારા જવાનોનો સાથ માગ્યો, જે તેમણે આપ્યો. વારાફરતી અકેક કેબિનની તેમજ ટેન્ટની સફાઇનો કાર્યક્રમ શરૂ થયો. ઘઉં, આટો, દાળ, ખાદ્યતેલ, બટર વગેરે ખાદ્યસામગ્રીનો જથ્થો જ્યાં મૂકવામાં આવેલો તે સ્ટોરહાઉસના ટેન્ટની સફાઇ સૌ પ્રથમ હાથ ધરવામાં આવી. અનાજની બોરીઓ એક પછી એક મેં બહાર કઢાવી સલામત સ્થળે મૂકાવી. સ્ટોરહાઉસમાં બોરીઓનો થપ્પો જેના પર કરવામાં આવેલો તે કેરોસિનનાં ખાલી ડબ્બા તેમજ ડબ્બા ઉપર ગોઠવેલાં પાટિયાં (સ્કેટબોર્ડ) પણ કઢાવી લીધાં.' મેજરે મને એ તસવીરો પણ દેખાડતા કહ્યું.

'પછી, મેજર ?'

'પછી સ્ટોરહાઉસનો ડાઘાડૂઘીવાળો ટેન્ટ ઉતરાવી લીધો. મારા જવાનોએ પાવડા વડે બર્ફીલી સપાટીને સમતળ બનાવી એ પછી ટેન્ટને ફરી ઊભો કરાયો. ટેન્ટ પર પડેલાં ડાઘાં તો સાફ ન થઇ શકે, એટલે તેમનાથી છૂટકારો મેળવવા મેં જુદો નુસખો અજમાવ્યો. પેરેશૂટનું સફેદ દૂધ જેવું (ચોખ્ખું) કપડું મેં ટેન્ટની આંતરિક સપાટીએ લગાવડાવ્યું. આમ કર્યા પછી ટેન્ટ એકદમ સાફસૂથરો દેખાવા લાગ્યો. બીજી પેરેશૂટનું લેયર મેં ટેન્ટની બાહ્ય સપાટીએ પણ ચડાવી દીધું, એટલે બહારથી પણ ટેન્ટ બ્રાન્ડ-ન્યૂ દેખાવા લાગ્યો. ટેન્ટમાં કેરોસિનનાં ખાલી ડબ્બાંની નવેસરથી બિછાત કરવામાં આવી, સ્કેટબોર્ડનાં પાટિયાં એ બિછાત પર મૂકવામાં આવ્યાં, પાટિયાં પર બીજી પેરેશૂટ ચાદરની જેમ પાથરી દેવાઇ અને પછી તમામ ખાદ્યસામગ્રી વ્યવસ્થિત રીતે ગોઠવી દેવામાં આવી. હવે અમારું સ્ટોરહાઉસ સ્વચ્છ જ નહિ, વોટરપ્રૂફ પણ બન્યું. કારણ કે નીચલી સપાટીએ પેરેશૂટનું વોટરપ્રૂફ મટીરિઅલ આવી ગયા પછી અનાજની તેમજ ખાંડની બોરીઓને સપાટીના હિમનું પાણી લાગવાનો સવાલ નહોતો.'

મેજર સિંહનો નુસખો કેટલો સિમ્પલ હતો--અને છતાં કેટલો કારગત !

'બીજે દિવસે કિચન ટેન્ટનો વારો કાઢ્યો. સૌ જવાનો સવારથી મચી પડ્યા અને સાંજ સુધીમાં એ ટેન્ટનાંય રૂપરંગ બદલી નાખ્યાં. નીચેની ચોકીએથી મેં વધુ કેટલીક પેરેશૂટ મંગાવી લીધી. જવાનોના આવાસી તંબૂ, બાથરૂમનો તંબૂ અને છેલ્લે મારો આવાસી તંબૂ એમ એક કે બાદ એક કરીને આખી ચોકીની સૂરત બદલી...'

'... તેને ખૂબસૂરત બનાવી દીધી !' મેજરના લેપટોપ પર તસવીરો જોતાં મેં અધવચ્ચે જ કહ્યું. મેજર હરસુખચૈન સિંહ તથા તેમના જવાનોએ હાથ ધરેલા સફાઇ અભિયાન પૂર્વે અને પશ્ચાત લેવાયેલી ચોકીઓની તસવીરોમાં દેખીતો ફરક પડી ગયો હતો. ફરક આંખો ઠારે તેવો હતો. 'સ્વચ્છ ભારત અભિયાન' દેશમાં બીજે ક્યાંય રંગેચંગે ચાલ્યું હતું કે નહિ એ તો કોને ખબર, પણ અહીં આશરે ઓગણીસ હજાર ફીટની ઊંચાઇએ મેજર હરસુખચૈન સિંહ અને તેમના જવાનોએ ચોક્કસપણે તે મિશન ચલાવ્યું હતું. અહીં મને ફરી પેલો ઇચ્છાશક્તિવાળો મુદ્દો યાદ આવ્યો. માણસને જો કામ કરવું જ હોય તો તેને સ્થિતિસંજોગોનો બાધ નડતો નથી. પરંતુ ઇચ્છાશક્તિ જ જ્યારે લોખંડીને બદલે લકવાગ્રસ્ત હોય ત્યારે કામ ન કરવાનાં લાખ બહાનાં સૂઝી આવે.

'ચોકીની કાયાપલટ થઇ...' મેજર સિંહે વાત આગળ ચલાવી. '...નવું ગતકડું મેં ત્યાર પછી લડાવ્યું. એક સ્થળે જરા સમતળ જગ્યા હતી. મારા જવાનોએ પાવડા વડે ત્યાં બરફને થાબી સહેજ



• *ઓપન-એર વરંડો, જેને પ્રાર્થનાથી માંડીને પાર્ટી સુધીના વિવિધ ઉપયોગોમાં લેવાતો હતો*

નક્કર બનાવ્યો. વચ્ચોવચ મેં પાઇપ ખોડાવ્યો અને તેના ટેકે પેરેશૂટ બાંધી મોટું છત્ર રચી દીધું. બસ, પછી તો અમારી લાઉન્જ (વરંડો) તૈયાર ! નવરાશની પળોમાં અહીં ઘણી વાર હું બેસતો અને મારી ચોકીના જવાનો જોડે સુખદુઃખની વાતો કરતો. જવાનોની જિંદાદિલી ટકાવી રાખવા અહીં દર થોડા વખતે નાસ્તા-પાણીની પાર્ટી કરાતી. લાઉન્જ ત્યારે અમારા સૌ માટે પાર્ટી હોલ ! રક્ષાબંધનનો તહેવાર પણ અમે ત્યાં જ મનાવ્યો.'

'એના વિશે પણ થોડીક વાત કરો, મેજર !'

મેજર સિંહે ઘડિયાળ સામે જોયું. બપોરના ૧:૦૦ વાગી ચૂક્યા હતા. લન્ચ ટાઇમ થયો હતો, એટલે તેમણે મને પૂછ્યું, 'તમને ભૂખ નથી લાગી ?'

'નહિ, નહિ !' મેં તરત જ કહ્યું. મેજર સિંહ અને મેજર ધીર મારી જ્ઞાનભૂખ મિટાવી રહ્યા હતા, એટલે પેટનો ખાડો મોડેથી પૂરાય અથવા પૂરાય નહિ તોય મને વાંધો નહોતો. મેજરને મેં કહ્યું, 'તમે ચાહો તો વાર્તાલાપ અટકાવીએ. તમે ભોજન લઇ લો ત્યાર પછી હું પાછો આવીશ.'

'અરે નહિ !' મેજર સિંહ બોલ્યા. 'આપણે સાથે જઇશું ભોજન માટે...'

'હા, મિ. પુષ્કર્ણા !' મેજર પ્રવલ ધીરે કહ્યું. 'કોઇ ઉતાવળ નથી... તમે વાતચીત ચાલુ રાખો. દરમ્યાન હું પણ મારું કામ આટોપી લઉં.'

'થેન્ક યૂ, સર !' મેં કહ્યું. 'હા, તો મેજર સિંહ... આપણે રક્ષાબંધનની વાત કરી રહ્યા હતા.'

'રક્ષાબંધનના કેટલાક દિવસ પહેલાં બેઝ કેમ્પથી 'ચિત્તા' હેલિકોપ્ટર મારફત અમારી નીચલી ચોકીએ રાખડીની ટપાલો આવવા લાગી હતી.' મેજર સિંહે વિવરણ શરૂ કર્યું. 'રોજિંદા ધોરણે રાખડીનાં પરબીડિયાં અમારી ચોકીએ પહોંચતાં કરાતાં. રક્ષાબંધનના દિવસે અમારા રસોઇયાએ નાસ્તામાં પંજાબી સમોસા બનાવ્યાં હતાં. બીજી પણ બે-ત્રણ આઇટમ્સ હતી. ખુશાલીનો દિવસ હતો, એટલે સૌનું મોં મીઠું કરાવવા મેં રસગુલ્લાના ટિન પણ ખોલાવ્યા. બધી ખાદ્યસામગ્રી પેલા વરંડામાં (લાઉન્જમાં) ટેબલ પર ગોઠવવામાં આવી. ચોકીના જવાનોને મેં ત્યાં એકત્રિત કર્યા અને નાનકડા વક્તવ્ય સાથે રક્ષાબંધનની શુભેચ્છાઓ આપી. અમુક જવાનોને રાખડીની ટપાલ સમયસર મળી નહોતી, એટલે તેઓ જરા ઉદાસ દેખાતા હતા. મેં તેમની ગમગીની દૂર કરવા ઉપાય અજમાવ્યો. ચોકી પર આવેલી બધી જ રાખડી મેં એકઠી કરી. કેટલાકને એક કરતાં વધુ રાખડી મળી હતી, એટલે કુલ સંખ્યાનો આંકડો જરા મોટો થયો. ચોકીએ ઉપસ્થિત જવાનોની સંખ્યા મુજબ રાખડીના મેં ભાગ પાડ્યા અને પછી દરેકેદરેકને મેં મારા હસ્તે સૌને રાખડી બાંધવાનું શરૂ કર્યું.'

'તમે પોતે ?' હું નવાઇ પામી ગયો.

'હા...' મેજર હસીને બોલ્યા. 'અહીં આટલા ઊંચા પહાડોમાં અમને કોણ રાખડી બાંધવા માટે આવવાનું હતું ? એટલે તે જવાબદારી મેં ઉપાડી. રાખડી ન મળવાથી હતોત્સાહ થયેલા જવાનો મારી એ હરકતથી મૂડમાં આવ્યા. અડધો કલાક પછી દરેકેદરેક જવાનના કાંડા પર રાખડી શોભતી હતી. મેં પણ એક જવાન પાસે રાખડી બંધાવી. સૌએ એકબીજાને મીઠાઇઓ ખવડાવી. અડધો-પોણો કલાક પહેલાં પરિવારોની યાદમાં ખોવાઇને જરા ગમગીન બનેલા સૌ જવાનોની ઉદાસી પછી તો ગીત-સંગીતમાં, નૃત્યમાં અને ખાણીપાણીમાં ઓગળી ગઇ.'

'કહેવું પડે મેજર તમારી જિંદાદિલીને !' મેં અભિનંદન આપતા કહ્યું.

'જિંદાદિલી રાખવી જ પડે, મિ. પુષ્કર્ણા ! ઊંચા બર્ફસ્તાનમાં ચાર-પાંચ માસ કાઢવાના છે



એ નક્કર હકીકતથી મોં ફેરવી લેવાનો મતલબ નથી. હકીકતનો જો સામનો કરવાનો જ છે, તો પછી હસતા મોઢે કેમ નહિ ?'

વાત સાચી હતી. સિઆચેનની ઉત્તુંગ પહાડી ચોકીઓમાં પોસ્ટિંગ લીધા પછી જવાનો/અફસરોને મહિનાઓ સુધી એકલતા કોરી ખાતી હોય છે. આ એકલતાના દુ:ખમાં તેઓ ઘેરાય તો સમજો કે depression/ ગમગીનીના બ્લેક હોલમાં સપડાયા, જ્યાંથી તેમને બહાર કાઢવાનું ઘણી વાર અશક્યની હદે મુશ્કેલ બને. ચોકીના કમાન્ડર અફસર એટલે જ વિદ્યુત ડાયનેમો જેવા હોવા જોઈએ--પોતાની 'ઊર્જા'થી જવાનોના નૈતિક બળનું સતત 'ચાર્જિંગ' કરતા રહે તેવા ! સ્વાભાવિક વાત કે તે માટે અફસરે પોતે ચાર્જ્ડ રહેવું જરૂરી બને. ખુદનો તેમજ જવાનોનો જોમ-જુસ્સો કાયમ રાખવા તેઓ વિવિધ તરીકા અજમાવે છે. જેમ કે--

- મેજર પ્રવલ ધીરે તેમની પોસ્ટમાં જવાનોની ટુકડી સાથે પાંચેક મહિના વીતાવ્યા, જે દરમ્યાન જવાનોના હાથ-પગ તેમજ દિમાગ અનુક્રમે ઠંડી અને એકલતાને લીધે નબળાં પડી ન જાય એ ખાતર લગભગ દરરોજ તેઓ સૌની પાસે નાનુંમોટું કામ લેતા હતા. માલસામાનની પેલી 'હાફ-લિન્ક'ની રોજિંદી પળોજણથી છૂટકારો મેળવવા તેમણે એક ઊંચા સ્થળે પુલી લગાવડાવી હતી. (જુઓ, નીચેની તસવીર). આ અફસર તેમની ચોકીથી કેટલાક કિલોમીટર આગળ આવેલી આપણી એક ભૂતપૂર્વ (હવે વપરાશમાં ન આવતી) ચોકીને ફરી 'જીવતી' કરી શકાય કે તેની સંભાવનાઓ તપાસવા કેટલાક જવાનોને લઈને ત્યાં પહોંચ્યા. આરોહણ અત્યંત કપરું હતું એટલું જ નહિ, પણ જોખમી હતું. મેજર ધીર અને તેમના બાહોશ સાથીઓએ સફળતાપૂર્વક આખું મિશન પાર પાડ્યું. સૌનો આત્મવિશ્વાસ નવી બુલંદીએ પ્રસ્થાપિત થયો. કંઈક કરી દેખાડ્યાની લાગણીએ તેમના જુસ્સાની આગમાં નવું બળતણ ઉમેર્યું.



● સિઆચેનની પહાડી ચોકીમાં ફરજ બજાવી ચૂકેલા લદાખ સ્કાઉટ બટાલિઅનના એક મેજર તેમના મગજને તરોતાજા રાખવા માટે ચોકી પર પડેલાં પુરાણાં છાપાં તેમજ સામયિકો વાંચતા હતા. આ વાંચનસામગ્રી પૂરી થઇ, એટલે તેમણે પોતાની ફાઇબર કેબિનની દીવાલો પર (અગાઉના ચોકી કમાન્ડરોએ) ચિપકાવેલા સિઆચેન વિશેના અખબારી રિપોર્ટ વાંચવાનું શરૂ કર્યું. કેટલાક દિવસમાં એ પણ વંચાઇ ગયા, એટલે મેજરે વધુ વાંચનસામગ્રી શોધવા માટે આખી ચોકીને ફંફોસી કાઢી. સદ્નસીબે એક તંબૂમાંથી આધ્યાત્મિક પુસ્તક 'ગીતા' મળી આવ્યું. મેજરને ત્યારે લોટરી લાગ્યાનો અહેસાસ થયો. બાકીના તમામ દિવસો તેમણે 'ગીતા'પઠન વડે મગજને તરોતાજા રાખ્યું. મેજર પોતે તરોતાજા રહ્યા, એટલે ચોકીના સૌ જવાનોનો સ્પિરિટ ટકાવી શક્યા.

● રાજપૂત રેજિમેન્ટના એક અફસરનો દાખલો લઇએ, જેઓ પોતાની પોસ્ટમાં ફરજ બજાવી રહ્યા હતા ત્યારે લાગલગાટ ૨૨ દિવસ સુધી હવામાન ખરાબ રહ્યું. હિમઝંઝાવાતે 'વ્હાઇટ આઉટ' સર્જી દીધો હતો--એટલે કે હવામાં ઝળૂંબતા હિમકણોએ ચોતરફ ધૂંધળાપણું અને સફેદી સર્જી હતી. અમુક મીટર છેટેનાં દૃશ્યો પણ સ્પષ્ટ દેખાતાં ન હતાં. આવું તોફાની વાતાવરણ સતત બાવીસ દિવસ રહ્યું, જે દરમ્યાન ચોકીના કમાન્ડર અફસરે તથા તેમના સાથીઓએ ફરજિયાત પોતાના તંબૂઓમાં તેમજ ફાઇબર કેબિનમાં રહેવું પડ્યું. નવરાબેઠા મગજને આડે પાટે ચડતું રોકવા અફસરે વાંચનમાં જીવ પરોવ્યો. ચોકીએ ઉપલબ્ધ છાપાં-સામયિકોનું વાંચન કર્યું. આ 'સ્ટોક' પૂરો થઇ ગયા પછી તેમણે સાબુનાં રેપર, ટૂથ પેસ્ટનાં ખોખાં, શેમ્પૂની બોટલ, બિસ્કિટનાં પડીકાં વગેરે ચીજવસ્તુઓ પર લખેલાં ingredients/ ઘટકો વાંચવાનું શરૂ કર્યું. અહીં સવાલ શું વંચાઇ રહ્યું છે તેનો લગીરે નહોતો, બલકે મુખ્ય તકાદો એ હતો કે મગજ અને મન વાંચનમાં

● 'વ્હાઇટ આઉટ'માં ઓઝલ બનેલા હિમપહાડો



પરોવાયેલું રહે તો બિનજરૂરી તેમજ નબળા વિચારોનો હુમલો એ દરમ્યાન થવાનું જોખમ નહિ.

● લેફ્ટનન્ટ-કર્નલની કક્ષાના (મેજર કરતાં એક રેન્ક સીનિઅર) અફસરે તેમના દિમાગને તાજગીનો રોજિંદો ડોઝ આપવા માટે સહેજ જુદો તરીકો અપનાવ્યો હતો. રાંધણકળા પર તેમણે જિંદગીમાં પહેલી વાર હાથ અજમાવ્યો. કિચન ટેન્ટમાં રસોઈયા ભેગા તેઓ કંઈક નવી આઈટમ બનાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા. અવનવા અખતરા કરતા એક દિવસ તેમણે 'સિઆચેન પુડિંગ'નો આવિષ્કાર કર્યો ! પુડિંગની એ લેફ્ટનન્ટ-કર્નલે નક્કી કરેલી રેસીપિ સિમ્પલ હતીઃ ચોકલેટ્સ, બિસ્કિટ, મિલ્ક પાઉડર, કન્ડેન્સ્ડ મિલ્ક (મિલ્કમેઈડ) અને ચોકીમાં ઉપલબ્ધ બીજી કોઈ પણ ગળી ખાદ્યચીજો એકઠી કરો, મરજી મુજબના પ્રમાણમાપે એ સૌની મિલાવટ કરો, ઈતિ સિદ્ધમ્ ! 'સિઆચેન પુડિંગ' તૈયાર !

● એક ચોકીના કમાન્ડરે (મેજરે) દરરોજ અમુક કલાકો પોતાના જવાનો સાથે વાતચીતમાં પસાર કરવાનો નિયમ બનાવ્યો હતો. વિવિધ વિષયો પર તેઓ ચર્ચા કરતા હતા. એ વાત જુદી કે શરૂઆતમાં તેમના એ કીમિયાને ખાસ પ્રતિસાદ ન મળ્યો. એકેય જવાન ચર્ચામાં સક્રિય ભાગ લેતો ન હતો. હકારમાં યા નકારમાં ડોકું ધૂણાવ્યા સિવાય બીજી વાત નહિ. મેજરે છતાં પણ પ્રયાસો ચાલુ રાખ્યા, જેમાં આગળ જતાં સફળતા મળી.

આ બધાં ઉદાહરણોનો નિષ્કર્ષ એ કે જવાનોનું જોમ, જુસ્સો તેમજ મનોબળ ટકાવી રાખવાનું અત્યંત જિમ્મેદારીભર્યું કામ નિભાવવા જતાં ખુદ અફસર પોતાની જાતને કેટલી હદે પ્રવૃત્ત રાખે છે ! આ કાર્ય પહેલી નજરે સામાન્ય જણાય, પરંતુ હજારો ફીટની ઊંચાઈએ બર્ફીલા કેદખાનામાં ડ્યૂટી બજાવતા અફસર માટે તે રોજિંદા પડકારથી ઓછું નથી.

■

ખરું પૂછો તો સિઆચેનના જવાનો/અફસરો માટે પડકારોનું લિસ્ટ એટલું મોટું છે કે કયા પડકારને તેમાં ટોચનો ક્રમ આપવો તે પોતે વળી આપણા જેવા માટે પડકાર છે. આમ છતાં મેજર હરસુખચૈન સિંહ તથા મેજર પ્રવલ ધીર જોડેના વાર્તાલાપથી મને એટલું જણાયું કે સૌથી અઘરાં દસ કાર્યોનું લિસ્ટ બનાવો તો તેમાં પેટ્રોલિંગને નિઃસંદેહ અગ્રસ્થાન આપવું પડે. સિઆચેન ક્ષેત્રે આવેલી સેંકડો ચોકીઓમાં સ્થિત આપણા જવાનો/અફસરોની જવાબદારી માત્ર પોતપોતાની પોસ્ટનું રખોપું કરવા પૂરતી સીમિત નથી. બલકે પોસ્ટની આસપાસનો અમુક કિલોમીટર સુધીનો પ્રદેશ તેમણે સુરક્ષિત રાખવો પડે છે. દુશ્મન એ પ્રદેશમાં આવી ન ચડે તેની કાળજી રાખવી પડે છે. આ માટે ચોકીના કમાન્ડર તેમના કેટલાક હથિયારબંધ સૈનિકો સાથે પેટ્રોલિંગમાં નીકળે છે. પોચા હિમને (ઘણી વાર તો કમર સુધી ખૂંપી જવાય એટલા હિમને) ખૂંદતા તેઓ ચોક્કસ વિસ્તાર સુધી પગપાળા પ્રવાસ કરી સાંજ સુધીમાં ચોકીએ પરત ફરે છે. આવા પેટ્રોલિંગનો હેતુ દુશ્મનને એ મતલબનો સ્પષ્ટ મેસેજ આપવાનો હોય છે કે સિઆચેન હિમનદીનો પ્રદેશ નધણિયાતો નથી. બલકે, તે ભારતીય સેનાના આધિપત્ય નીચે છે.

અગાઉ પ્રકરણ નં.૩માં નોંધ્યું તેમ પેટ્રોલિંગમાં જોખમોનો પાર નથી. હિમઝંઝાવાતથી માંડીને હિમપ્રપાત સુધીની મુસીબતો આપણા જવાનો/અફસરોએ વેઠવી પડે છે. બરફની ચાદર ઓથે ઢંકાયેલી અનેક મીટર ઊંડી crevasses/ કોતરો તો મોતના જડબા જેવી છે. કઈ ઘડીએ તે આપણા ફૌજીને ગળી જાય તેનો ધડો નહિ. પેટ્રોલિંગ માટે નીકળતી ટુકડી એટલે જ હંમેશાં એકની પાછળ એક સલામત અંતરે રહીને કતારબંધ ચાલે છે. ટુકડીના દરેક ફૌજીએ પોતાની કમરે નાયલોનની

● પેટ્રોલિંગમાં નીકળેલી ટુકડી માટે સૌથી મોટું જોખમ કોતરોનું છે. અમુક કોતરો (ચિત્રમાં દેખાય છે તેમ) સપાટી પર જોવા મળે, પરંતુ ઘણીખરી હિમના થર નીચે 'સંતાયેલી' હોય છે



• મોતનું જડબું ફાડીને બેઠેલી કોતરને પાર કરવા માટે તૈયાર કરાયેલો પુલ

રસ્સી બાંધેલી હોય છે. મોખરાનો અફસર યા જવાન ચાલતી વખતે રખે કોતરમાં પેસી જાય તો તેને હેમખેમ બહાર કાઢવામાં એ રસ્સી કામ લાગે છે. આ પ્રકારની તકેદારી લેવા છતાં આજ દિન સુધીમાં આપણા અનેક શેરદિલોને સિચાએન હિમનદીની કાળમુખી કોતરો ગળી ચૂકી છે. વાયુસેનાનાં એન્તોનોવ/ AN-32 જેવાં વાહતુક વિમાનો દ્વારા એર-ડ્રોપ કરાતો ખાદ્યસામગ્રીનો અડધોઅડધ પુરવઠો પણ આવી હજારો કોતરોમાં જઈ પડે છે, જ્યાંથી તેને કાઢવાનું અસંભવ છે. આજ દિન સુધીમાં એવી કેટલા ટન સામગ્રી પરબારી કોતરોમાં સ્વાહા થઈ હશે તેની તો કલ્પના કરવી પણ નકામી !

■

શીખ બટાલિઅનના મેજર હરસુખચૈન સિંહ તથા મેજર પ્રવલ ધીર જોડે રસપ્રદ ચર્ચા કરવામાં બપોરના અઢી વાગ્યા. હવે ભોજન માટે ઓફિસર્સ મેસ તરફ પ્રયાણ કરવું જરૂરી હતું. નહિતર ત્રણેક વાગ્યે મેસ બંધ થઈ ગયા પછી મારે તો ઠીક, પણ મારા વાંકે બેઉ અફસરોને એકટાણું કરવાનો વારો આવે. આ સ્થિતિ ટાળવા મેં મારી ડાયરી બંધ કરી ખિસ્સામાં મૂકી દીધી. ટેબલ પર મૂકેલાં હાથમોજાં અને વૂલન ટોપી લઈ લીધાં અને ત્યાંથી વિદાય લેવાની તૈયારી કરી.

'મિ. પુષ્કર્ણા, ઊભા રહો !' મેજર પ્રવલ ધીરે મને અટકાવ્યો. 'ભોજન માટે તમે અમારી સાથે જ આવો.'

યુનિફોર્મસજ્જ લશ્કરી અફસરો જોડે બેસીને ભોજન લેવાની સંકોચભરી સ્થિતિ ન આવે તે માટે મેં મેજર ધીરને આડકતરી રીતે ટાળવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તેઓ ન માન્યા. ભારે સંકોચ સાથે હું તેમની સાથે ઓફિસર્સ મેસ ગયો. અંદર પ્રવેશતાવેંત પંજાબી સ્ટાઈલના ગીતોનું બુલંદ સંગીત સંભળાવા લાગ્યું. ડાઈનિંગ રૂમમાં કેટલાક અફસરો ભોજન લઈ રહ્યા હતા, તો બાજુના મ્યૂઝિક-કમ-સ્પોર્ટ્સ રૂમમાં અમુક અફસરો બિલિયર્ડની અને ટેબલ ટેનિસની રમત સાથે સંગીતનો આનંદ માણી રહ્યા હતા. મેજર હરસુખચૈન સિંહ તથા મેજર પ્રવલ ધીર એ રૂમમાં મને લઈ ગયા. અહીં ઉપસ્થિત અફસરો જોડે મારી ઓળખાણ કરાવી. એક અફસર કેપ્ટન રાહુલ ગર્ગ હતા, જેઓ બેઝ કેમ્પમાં ડોક્ટર તરીકે ડ્યૂટી બજાવી રહ્યા હતા. વાતચીત દરમ્યાન જાણવા મળ્યું કે એ તબીબ એક નહિ, પણ બબ્બે વાર સિઆચેનની ઉત્તુંગ પહાડી ચોકીઓમાં તબીબી સેવા આપી ચૂક્યા છે. સિઆચેનના વિષમ હવામાનની આપણા જવાનો/અફસરોના શરીર પર કયા પ્રકારની વિપરિત અસરો પડે છે તે અંગે મેં કેટલાક સવાલો પૂછ્યા. અમુકના તેમણે ટૂંકેથી જવાબ આપ્યા અને પછી કહ્યું, 'તમારે જાણવું છે, આપણા જવાનો અહીં કેવી શારીરિક તકલીફો વેઠે છે?'

'હા,' મેં કહ્યું. 'એ

● *ઓફિસર્સ મેસનો સ્પોર્ટ્સ રૂમ : દિવસભરનો માનસિક થાક અહીં ઊતરે*



તસવીર : હર્ષલ પુષ્કર્ણા

જાણવા માટે જ તો હું અહીં આવ્યો છું.'

'તો આવતી કાલે સવારે ૧૦:૩૦ વાગ્યે તમે ADS આવજો.'

'ADS?'

'Advance Dressing Station' કેપ્ટન ગર્ગે ફોડ પાડ્યો. 'ત્યાં ગેટ પર આવીને મારું નામ આપજો, એટલે તમને અંદર આવવા દેશે.'

'ખૂબ ખૂબ આભાર તમારો.'

'મિ. પુષ્કર્ણા, તમને એક વાત જણાવી દઉં કે ADSમાં તમને કદાચ એવાં દૃશ્યો જોવા મળી શકે કે જે તમને ડિસ્ટર્બ કરી મૂકે, એટલે મન કઠણ રાખીને આવજો.'

મેં ડોકું ધૂણાવ્યું. કેપ્ટન ગર્ગની ચેતવણીનું તાત્પર્ય હું સમજી ગયો. આ ડોક્ટરનો ઇશારો આપણા એ જવાનો તરફ હતો કે જેઓ ફરજ દરમ્યાન હિમડંખનો અગર તો અકસ્માતનો બૂરી રીતે ભોગ બન્યા હતા.

કેપ્ટન ગર્ગ જોડેનો ટૂંકો વાર્તાલાપ પૂરો થયો અને ટેબલ ટેનિસની ગેમ શરૂ થઇ. ઘણાં વર્ષે ટેબલ ટેનિસનું રેકેટ મેં હાથમાં પકડ્યું હતું, હાથ બેસાડવામાં દસેક મિનિટ નીકળી. પ્રેક્ટિસ બાદ રસાકસી ક્રમશઃ વધતી છેવટે પરાકાષ્ટાએ પહોંચી ત્યારે કેટલાક અફસરો અમારી ગેમ જોવા માટે ઊભા રહી ગયા. કેપ્ટન ગર્ગે પાંચેક પોઇન્ટના માર્જિનથી મને પરાજય આપ્યો. ગેમના અંતે મેં તેમને કહ્યું, 'તમે ખૂબ સારું રમો છો, કેપ્ટન !'

'મેં ધાર્યું નહોતું કે તમે આટલી લડત આપશો, મિ. પુષ્કર્ણા !' કેપ્ટને હાથ મિલાવતા કહ્યું. 'મજા પડી. રાત્રે તમે અહીં જ આવવાના છો, ભોજન માટે ?'

'હા.'

'સરસ ! રાત્રે પાછા રમીશું. અત્યારે ભોજન પતાવીએ ?'

'ઓ.કે. કેપ્ટન !'

કેપ્ટન રાહુલ ગર્ગ, મેજર પ્રવલ ધીર, મેજર હરસુખચૈન સિંહ તેમજ બીજા લશ્કરી અફસરો જોડે હું ભોજનકક્ષે ગયો. હું ત્યારે શું જમ્યો એ તો ખબર નથી, પણ ઓછું જમી શક્યો એ ચોક્કસપણે યાદ છે. બે કારણો હતાં : (૧) જમતી વખતે અફસરો જોડે સિઆચેન અંગે વાર્તાલાપમાં મારું ધ્યાન વધારે હતું; (૨) લશ્કરી અફસરો તેમનું ભોજન બહુ ઝપાટાબંધ લેતા હતા.

આ બીજા કારણને લીધે બેઝ કેમ્પમાં મારા રોકાણ દરમ્યાન ઓફિસર્સ મેસમાં સવારનો નાસ્તો, બપોરનું તેમજ રાત્રિનું ભોજન હું ભરપેટ ક્યારેય લઇ શકવાનો ન હતો. લશ્કરી શિરસ્તા મુજબ અફસરો સાથે મળીને જમતા હોય ત્યારે બધામાં સૌથી જૂનિઅર અફસર જ્યાં લગી પોતાનું ભોજન ન પતાવે ત્યાં સુધી બાકીના સૌ પોતપોતાની ખુરશીમાંથી ઊભા ન થાય. જૂનિઅર જમી રહે ત્યારે તેની અનુમતિ લીધા પછી જ અફસરો ખડા થાય એ પ્રકારની ઔપચારિકતાનું (ટેબલ મેનર્સનું) ચુસ્ત પાલન થતું હતું.

અફસરોમાં સૌથી નીચી પાયરી લેફ્ટનન્ટની ગણાય, પરંતુ અહીં તો civilian/ આમ આદમી હોવાના નાતે હું જૂનિઅર હતો. પરિણામે મારું ભોજન હું આટોપી ન લઉં ત્યાં સુધી લેફ્ટનન્ટ, કેપ્ટન, મેજર, લેફ્ટનન્ટ-કર્નલ વગેરે જેવા અધિકારીઓ ટેબલ છોડીને વિદાય ન થઇ શકે. આ પરિસ્થિતિ વિકટ હતી, કેમ કે હું નોર્મલ ગતિએ જમતો હોઉં એ દરમ્યાન તમામ અફસરો ઝપાટાબંધ તેમનું ખાણું પતાવીને પ્લેટમાં ૪૫°ના ખૂણે ચમચી મૂકી તેના પર ૧૩૫°ના ખૂણે

ઊંધા કાંટા ચમચી ગોઠવી દે. આનો સૂચિતાર્થ એ કે, 'મેં જમી લીધું. હવે તમારું ભોજન આટોપાય તેની રાહ જોવાય છે.' આ સાંકેતિક ભાષા હતી. હું તેનાથી પરિચિત હતો, એટલે પામી જતો કે અફસરો હવે મારા ખાતર થઇને ખુરશીમાં બેસી રહ્યા છે. ફૌજીઓને આવી રીતે રાહ જોતા બેસાડી રાખવાનું મને અનૈતિક લાગતું. ગ્લાનિ થતી, એટલે ભૂખ હોવા છતાં વધુ ખાદ્યસામગ્રી લેતો ન હતો. ભાણામાં જે કંઇ હોય તેને બનતી ત્વરાએ આરોગી જતો હતો. ચોખ્ખી થયેલી પ્લેટ જોઇ સૌથી સીનિઅર અફસર મને તરત જ પૂછે, 'Done ?'


ભોજનસમાપ્તિનો ઇંતેજાર ભોજન સમાપ્ત

હકારમાં જવાબ મળે, એટલે બીજી જ ક્ષણે સૌ અફસરો પોતપોતાની પ્લેટમાં ત્રાંસી ગોઠવેલી ચમચીને તથા કાંટા ચમચીને ડાબા-જમણા હાથે પકડી સીધી લીટીમાં મૂકે દે. આ સંજ્ઞાનો મતલબ એ કે 'ભોજન સમાપ્ત ! હવે ડાઇનિંગ ટેબલ ખાલી કરી દેવું જોઇએ.' ત્રીજી જ ક્ષણે સૌ એકસાથે ઊભા થઇ જાય--અને તે સાથે ભોજનની ઓફિશ્યલ પૂર્ણાહુતિ !

■

આ રીતે જરાતરા ભોજન પતાવીને લગભગ સાડા ત્રણ વાગ્યે હું મારા ગેસ્ટ રૂમે ગયો. હવે સાંજના છ વાગ્યા સુધી કંઇ કામ નહોતું, કેમ કે બેઝ કેમ્પમાં ઉથી ૬નો સમયગાળો રિસેસનો હોય. વહેલી સવારે ડ્યૂટીએ લાગેલા જવાનો/અફસરો એ સમય દરમ્યાન આડેપડખે થતા હતા અને સાંજે છ વાગ્યે ફરી કામકાજમાં પરોવાઇ જતા હતા. મેજર હરસુખચૈન સિંહે અને મેજર પ્રવલ ધીરે સાંજે ૬ વાગ્યે મને તેમના કાર્યાલયે ફરી બોલાવ્યો હતો : સિઆચેનની પહાડી ચોકીઓમાં ફરજ બજાવીને પરત આવેલા જવાનોનો ઇન્ટરવ્યૂ કરવા માટે ! ●



આવી હોય છે જવાનોની જિંદગી

સાંજે બરાબર છ વાગ્યે શીખ બટાલિઅનના મેજર પ્રવલ ધીરની ઓફિસે પહોંચ્યો. મેજર હજી આવ્યા નહોતા, માટે તેમના આગમનની રાહ જોતો બહાર ઊભો રહ્યો. સૂરજ આથમી ગયા પછી બેઝ કેમ્પમાં તાપમાન શૂન્ય નીચે ખાસ્સું દસેક ડિગ્રીએ પહોંચતું હતું. રાત્રે તો તેમાં હજી બે-ત્રણ અંશનો ઘટાડો થતો હતો. મને બહાર ઠંડીમાં ઊભેલો જોઇ કેટલાક જવાનોએ મેજર ધીરની કેબિનમાં બેસવા માટે કહ્યું. આ વખતે પેલા રૂમ હીટરની બાજુવાળી ખુરશી પર જ જઇને બેસી ગયો અને ઠરી ગયેલા હાથે-પગે શેક મેળવવા લાગ્યો. થોડી વારમાં મેજર ધીર આવ્યા.

'Good Evening, Mr. Pushkarna!' મેજરે દાખલ થતાવેંત અભિવાદન કર્યું. ખુરશીમાંથી સફાળા ઊભા થઇને મેં પણ ગુડ ઇવનિંગ કહ્યું.

'આરામ કર્યો ?' મેજરે પૂછ્યું. 'ગેસ્ટરૂમમાં કોઇ વાતે તકલીફ તો નથી ને ?'

'બિલકુલ નહિ !'

'સારી વાત છે. અમે તો અહીંની કામચલાઉ સગવડોથી ટેવાયેલા છીએ. તમને એવી આદત ન હોય, એટલે કદાચ અગવડ જણાય.'

'એ ખરું, પણ અગવડો ન ઉઠાવીએ ત્યાં સુધી સગવડની કિંમત ક્યાંથી સમજાય ?'

'હા, એ પણ ખરું !' મેજર હસી પડ્યા. '...તો મિ. પુષ્કર્ણા, તમારો નેક્સ્ટ અજેન્ડા શું છે ?'

'સર, આજે તમારા અને મેજર હરસુખચૈન સિંહ સાથેના લાંબા ઇન્ટરવ્યૂ દરમ્યાન સિઆચેનમાં અફસરોની જિંદગી અને જિમ્મેદારી વિશે સંતોષકારક માહિતી મળી. હવે મારે એ જવાનો જોડે વાત કરવી છે જેઓ એકાદ ચોકીએ લાંબું રોકાણ કરીને તાજેતરમાં જ બેઝ કેમ્પ પરત ફર્યા છે.'

'ઓ. કે., મિ. પુષ્કર્ણા !' મેજરે તરત જ તેમના મદદનીશને બોલાવ્યો.

'સત્ શ્રી અકાલ, સા..આ...આ...બ !' પંજાબી લહેકા સાથે સલામ કરતો એક પડછંદ શીખ જવાન અંદર આવ્યો. મેજર ધીર એક પછી એક અડધો ડઝન શીખ જવાનોનાં નામ બોલી ગયા અને એ નામોવાળાં સૌને અહીં લેતા આવવાનું પેલા મદદનીશને જણાવ્યું.

થોડી વારમાં તો છએક શીખ સૈનિકો વારાફરતી 'સત્ શ્રી અકાલ !' કહેતા મેજર ધીરની

ઓફિસમાં પ્રવેશ્યા અને ત્રણ-ત્રણના જૂથમાં કતારબંધ ખડા રહી ગયા. મેજરે એ સૌને મારી ઓળખાણ આપી, એટલે તેમણે 'સત્ શ્રી અકાલ' વડે અભિવાદન કર્યું. મેં પણ એ જ રીતે સામું અભિવાદન કર્યું.

'આમાંના અમુક જવાનો મારી સાથે પોસ્ટમાં હતા. કેટલાક બીજી ચોકીએ ફરજમાં હતા. પાંચ મહિના તેમણે પણ સિઆચેન ક્ષેત્રમાં વીતાવ્યા છે.' મેજર ધીરે કહ્યું. 'તમે એમને સવાલ પૂછો... હું એ દરમ્યાન મારું કામ પતાવું છું. પણ ચિંતા નહિ કરતા, હું અહીં જ છું અને વચ્ચે વચ્ચે સૂર પૂરાવતો રહીશ.'

મેજરનો આભાર માની જવાનોનો ઇન્ટરવ્યૂ શરૂ કર્યો. 'આપ સબ કો ફિર સે સત્ શ્રી અકાલ ઔર જય હિંદ ! કુછ સવાલ પૂછના ચાહતા હૂઁ. આપ મેં સે કોઇ ભી ઉનકે જવાબ દે સકતા હૈ.'

'જી, સા'બ.' આગલી હરોળમાં ઊભેલા નિશાન સિંહ નામના જવાને ડોકું ધૂણાવ્યું.

'કિતને દિન હુએ આપ સબ કો પોસ્ટ સે લૌટે હુએ ?'

'પાંચ-સાત દિન.'


'લૌટ કર કૈસા લગ રહા હૈ ?'

'જી... અચ્છા લગતા હૈ.'

'અબ તો જલ્દ સે જલ્દ ઘર જાને કા ઇંતજાર કરતે હોંગે, હૈ ના ?'

'જી...'

• આવા સમયે જવાનનું શારીરિક ઉપરાંત માનસિક સંતુલન પણ કસોટીએ મૂકાય છે, જેમાં તેણે પાસ થવું જ રહ્યું



મારા આવા સામાન્ય સવાલોના જવાબો પણ બધા જવાનો જરા ખંચકાટપૂર્વક આપી રહ્યા હતા. એક તો તેમને મારો બિલકુલ પરિચય નહિ, એટલે વાત કરવામાં સંકોચની લાગણી અનુભવી રહ્યા હતા. બીજું, તેમના સીનિઅર મેજર ધીર કેબિનમાં હાજર હતા. સવાલોના જવાબ આપવામાં રખે કંઇક ગોટાળો કરી ન બેસાય એ ચિંતા તેમને કદાચ મુક્ત રીતે બોલવામાં બાધારૂપ બનતી હતી. વાતાવરણ મૈત્રીભર્યું કરવાનું મેં નક્કી કર્યું, કેમ કે એ સિવાય વાર્તાલાપ આગળ ચાલી શકે તેમ નહોતો. ડાયરી અને પેન બાજુની ખુરશી પર મૂકી દીધા. સવાલો પૂછવાનું થોડી વાર પૂરતું માંડી વાળ્યું અને સામાન્ય વાતો શરૂ કરી.

'આપ કિસ ગાઁવ સે હૈ, નિશાન સિંહજી ?' મેં સવાલ કર્યો. નિશાન સિંહના મોં પર તરત જ મુસ્કુરાહટ આવી. ગામનું નામ તેમણે હોંશે હોંશે જણાવ્યું.

'ઔર તુમ ? લખવિન્દર સિંહ ?' આશરે બાવીસેક વર્ષના જુવાનિયાને મેં સવાલ કર્યો. 'ક્યા મૈં તુમ્હેં લખી સિંહ પુકાર સકતા હૂઁ ?'

'હાઁ જી, હાઁ જી, સા'બ !' લખવિન્દરનો ચહેરો પણ ખીલી ઉઠ્યો. 'મુઝે સબ વહી નામ સે પુકારતેં હૈ.'

સૌએ પોતપોતાનાં ગામોનાં નામ કહ્યાં. અમુક નામો મને પરિચિત લાગ્યાં, કેમ કે વર્ષો પહેલાં પંજાબના પ્રવાસ વખતે ત્યાંથી હું પસાર થયો હતો. સૌને એ અંગે વાત કરી. પ્રવાસ દરમ્યાન પંજાબમાં કયાં કયાં ગામો-શહેરોની મુલાકાત લીધી હતી એ પણ જણાવ્યું. અમૃતસરના હરમંદિર સાહેબથી (ગોલ્ડન ટેમ્પલથી) લીધેલું અને મારા કાંડામાં પહેરેલું શીખોના પ્રતીક સમું કડું જેકેટની બાંય સહેજ ઊંચે ચડાવીને દેખાડ્યું. આ દૃશ્યએ તો જાણે ચમત્કાર કર્યો. બધા જવાનોને સુખદ આશ્ચર્ય થયું, કેમ કે શીખ ન હોવા છતાં મેં કડું ધારણ કર્યું હતું. ગુરુ ગોવિંદ સિંહ વિશે, ગુરુ તેગ બહાદુર વિશે તેમજ મહારાજા રણજીત સિંહના શાસનકાળ વખતે શીખોના ગૌરવપૂર્ણ ઇતિહાસ વિશે મારા મોઢે અમુક વાતો સાંભળ્યા પછી તો તેમના આશ્ચર્યમાં ગુણાકાર થયો. સૌ એ બધું રસપૂર્વક સાંભળતા રહ્યા. શુષ્કતા ક્રમશઃ તાજગીમાં ફેરવાઇ. દસેક મિનિટમાં થોડીઘણી મૈત્રી સ્થપાઇ, એટલે મેં મારી ડાયરી-પેન હાથમાં લીધા અને ઇન્ટરવ્યૂ શરૂ કર્યો : 'આજ મેજર ધીર સે મેરી કાફી લંબી બાત હુઇ થી. ઉસ દૌરાન ઉન્હોંને બતાયા કિ ચૌકી કે જવાન સંત્રી કેબિન મેં ખડે રહ કર ઘંટો તક પહેરા દેતે હૈ. આપને ભી દિયા હોગા. કૈસા થા વહ અનુભવ ? કુછ ઉસકે બારે મેં બતાઇયે.'

જવાબ કોણ આપે તેના અવઢવમાં ચંદ સેકન્ડો વીતી. નિશાન સિંહ આખરે બોલ્યા, 'પૈર દુ:ખ જાતે થે, સા'બ !'

'દિન મેં તો જૈસે તૈસે કરકે સમય નીકલ જાતા થા.' પાછલી હરોળમાં ઊભેલા એક જવાને કહ્યું. 'રાતેં બડી લમ્બી લગતી થી.'

એ જ જવાનને મારો સવાલ : 'રાત કો ઠંડ ભી બહોત જ્યાદા લગતી હોગી ?'

'જી.'

'ઠંડ કા તો પૂછો હી મત, સા'બ !' હવે ત્રીજો જવાન પ્રશ્નોત્તરીમાં જોડાયો. 'ઐસા લગતા થા જૈસી કિસી ને ફ્રીજ કે ઉપરવાલે--જહાઁ હમ બર્ફ કી ટ્રે રખતે હૈ વહ--હિસ્સે મેં બૈઠા દિયા હો.' આ સાંભળી સૌ મલકી પડ્યા.

'તેજ હવાએં ચલતી થી તબ તો ઠંડ દુગની લગતી થી.' નિશાન સિંહ બોલ્યા. 'વૈસે તો ઠંડ

સે બચને કે લિયે ગરમ કપડે પહેને હુએ હોતે હૈ, ફિર ભી ન જાને કહાઁ સે ઠંડ બદન કે આરપાર નીકલતી થી ?'

મારો બીજો પ્રશ્ન : 'અમાવસ કે કુછ દિન પહેલે ઔર કુછ દિન બાદ આસમાન મેં ચાંદ નહીં હોતા... તબ દુશ્મન પર કૈસે નિગરાની રખતે થે ? નાઇટ વિઝન ગોગલ્સ સે ?'

'હાઁ.' જવાબ મળ્યો. 'લેકિન ઉસકે અલાવા હમ અપને કાનોં કા ભી ઇસ્તેમાલ કરતે થે.'

'મતલબ ?'

લખવિન્દર સિંહ ઉર્ફે લખીએ ફોડ પાડતા કહ્યું કે, 'રાત કો ઇતના સન્નાટા રહેતા થા કિ દૂર કહીં જરા સી આવાઝ હો તો ઉસે ભી હમ સુન પાતે થે.'

'કઇ બાર સર્ચ લાઇટ ચલા કે તસલ્લી કર લેતે થે કિ સબ ઠીક હૈ ?' નિશાન સિંહે કહ્યું.

'સર્ચ લાઇટ ?' મને આશ્ચર્ય થયું. 'લેકિન દુશ્મન ચોકી મેં તો સ્નાઇપર્સ અપની રાઇફલ તાકે બૈઠે હોતેં હૈ. ઐસે મેં સર્ચ લાઇટ ચલાના ખતરનાક નહીં ?'

'સામને સે ભી દુશ્મન તુરન્ત સર્ચ લાઇટ ફેંકતે થે.' નિશાન સિંહે જવાબ આપ્યો. 'યહ દિખાને કિ હમ ભી જાગ રહે હૈ ઔર પહેરા દે રહે હૈ.'

બીજો જવાન : 'હમ અપની પોસ્ટ સે થોડી દૂર જા કર લાઇટ ફૈંકતે હૈ, જિસસે રાત કે અંધેરે મેં દુશ્મન કો હમારી પોસ્ટ કા સ્થાન પતા ન ચલે.'

'ઔર દુશ્મન ભી ઐસા હી કરતે થે. આમને સામને એકદૂજે કો હમ ઐસે ગુમરાહ કરતે થે. ઔર દોનોં કો પતા થા કિ યહ એક ચાલ હૈ... ફિર ભી બુદ્ધૂ બનાતેં થે !' નિશાન સિંહનો આવો જવાબ સાંભળી હું હસી પડ્યો. સૌ જવાનો પણ હસ્યા.

'ચૌકી મેં આપ કા દિન કૈસે બીતતા થા ? મતલબ કૌન કૌન સે કામ કરતે થે ?' મેં પૂછ્યું. 'સુબહ કિતને બજે ઉઠતે થે ? રાત કો કિતને બજે સોતે થે ?'

'જી, સુબહ છે બજે ઉઠ જાતે થે. પિછલી રાત અગર બર્ફ ગીરી હો તો સબસે પહેલે ઉસે ટેન્ટ પર સે ઔર ટેન્ટ કે આપસાસ સે હટાતે થે. ફિર ફ્રેશ હો કર બ્રેકફાસ્ટ.'

'ક્યા લેતે થે બ્રેકફાસ્ટ મેં ?'

'વૈસે ખાને-પીને કે લિયે તો બહુત કુછ હોતા થા... પરાઠા, દહીં, ડ્રાયફ્રૂટ, જૂસ, ચોકલેટ્સ... લેકિન ભૂખ હી નહીં લગતી થી.' નિશાન સિંહે મારા સવાલનો જવાબ આપતા કહ્યું. 'ચૌકી મેં કુછ ખાને કી ઇચ્છા નહીં હોતી થી; ઔર જો કુછ ખાતેં થે ઉસકા સ્વાદ નહીં આતા થા.'

ભૂખ લાગે નહિ, ખાવાનું ભાવે નહિ

નિશાન સિંહની વાતમાં વૈજ્ઞાનિક વજૂદ હતું. સમુદ્રસપાટીથી છએક હજાર મીટરે હવામાં ઓક્સિજનની કમી હોય છે. પ્રત્યેક શ્વાસે શરીરમાં ઓક્સિજનનો જે મર્યાદિત પુરવઠો દાખલ થાય તેમાંનો ઘણોખરો મગજ વાપરી ખાય છે. પ્રાણવાયુનો શક્ય એટલો વધુ સપ્લાય આમેય મગજને મળવો જોઇએ, કેમ કે શરીરનું તે કન્ટ્રોલ સેન્ટર છે. બીજી તરફ પેટમાં ખોરાક પડ્યા પછી તેને પચાવવા માટે શરીરના પાચનતંત્રને ચાબૂક લાગે છે. લોહી મારફત ઓક્સિજનનો કેટલોક પુરવઠો પાચનતંત્ર ખેંચી જાય છે. અતિશય ઊંચાઇએ જ્યાં ઓક્સિજનનાં ફાંફાં હોય ત્યારે પ્રાણવાયુની આવી 'તફડંચી' મગજ કેવી રીતે સાંખી લે ? માટે ઓક્સિજનની ઉચાપત ટાળવા તે જુદો કીમિયો અજમાવે છે. ભૂખનાં લાગણીસૂચક સિગ્નલો જન્માવવાનું ગપચાવે છે. ભૂખ ન



તસવીર : રાજેશ ઢ...

લાગે તો ખોરાક હોજરીમાં નખાય નહિ અને ખોરાકરૂપી દળણું જ ન હોય ત્યાં પાચનતંત્રની 'ઘંટી' દળે શું ? આમ, પાચનતંત્રને આરામ અને મગજને ઓક્સિજનનો મહત્તમ પુરવઠો મળે છે. બીજી તરફ પ્રાણવાયુની કમીને લીધે જીભના સ્વાદકોષોની સંવેદનશીલતા ઘટી ચૂકી હોય છે. પરિણામે મોંમાં મૂકેલા કોળિયાનો સ્વાદ ખાસ પરખાતો નથી. સ્વાદ વિના ખાવાની ઇચ્છા પણ ક્યાંથી થાય ?

'ઐસી કોઇ ચીજ હૈ જિસે ખાને સે ટેસ્ટ કા અનુભવ હો ?' નિશાન સિંહ અને તેમના સાથીઓને સવાલ કર્યો.

'હરી મિર્ચ !' બે ત્રણ જવાનો એકસાથે બોલી ઊઠ્યા.

જવાનોનો ઇશારો તીખા તમતમતા સ્વાદ તરફ હતો, જે લીલા મરચાંમાં ભરપૂર માત્રામાં છે. મરચાંનો અર્ક કેપ્સેસિન તરીકે ઓળખાય છે. આપણો રોજબરોજનો પરિચિત શબ્દ કેપ્સિકમ તેના આધારે રચાયો છે. નાઇટ્રોજનના સંયોજન તરીકેનું સ્ફટિકમય કેપ્સેસિન મરચાના ભીતરી સફેદ ભાગમાં હોય છે. ઉપરાંત જીભને ઉત્તેજિત કરતાં બીજાં સંયોજનો પણ ખરાં, જેમને અપાયેલું સમૂહવાચક લેબલ કેપ્સેસિનોઇડ્સ છે. મરચું ખાઇએ ત્યારે આવાં સત્ત્વો જીભના લગભગ ૧૦,૦૦૦ જેટલા સ્વાદકોષો જોડે સંપર્કમાં આવે છે અને નટ-બોલ્ટ જેવું સચોટ જોડાણ રચે છે. પરિણામે જ્ઞાનતંતુ દ્વારા મગજને તીખાશનું સિગ્નલ પહોંચે છે, જેને કારણે જીભને, મોઢાની આંતરિક ત્વચાને તથા ગળાને એ સ્વાદનો અનુભવ થાય છે. ટૂંકમાં, મરચાંમાં રહેલું કેપ્સેસિન જીભના સુષુપ્ત સ્વાદકોષોને ઉત્તેજિત કરવામાં સહાયક બને છે. સિઆચેનના જવાનોને તેને કારણે સ્વાદની અનુભૂતિ થાય છે અને ખોરાક લેવાનું મન થાય છે.

'જિસ દિન હરી મિર્ચ ખાને કો મિલે, સમજો પાર્ટી હો ગયી !' લખવિન્દર (લખી) સિંહે કહ્યું.



• *લીલાં મરચાં : સિઆચેનની 'હોટ ફેવરિટ' ખાદ્યઆઇટમ*

તસવીર : રાજેશ ડાંગી

'જિસ દિન કા મતલબ ?' મેં પૂછ્યું. 'આલૂ, પ્યાજ ઔર દૂસરી તરકારી કે સાથ હરી મિર્ચ આપ કો નિયમિત રૂપ સે મિલતી નહીં થી ?'

'નહીં. હરી મિર્ચ કી યહાઁ હમેશા કમી રહેતી હૈ.' લખી સિંહે જવાબ દીધો. 'કભી કભાર મિર્ચ કી એકાદ બોરી હમારી નીચે વાલી પોસ્ટ પે હેલિકોપ્ટર સે આતી થી. ફિર વહાઁ સે બોરી જૈસે જૈસે ઉપર કી પોસ્ટ તક પહુઁચતી થી વૈસે વૈસે ઉસમેં સે વહ ચૌકી કે બંદે અપના 'કમિશન' નિકાલ લેતે થે. ઇસ તરહ દો-તીન પોસ્ટ હો કર આખિર મેં બોરી હમેં મિલતી તબ ઉસ મેં થોડી સી મિર્ચ રહ જાતી થી. હમ ઉસે બરાબર હિસ્સે મેં બાંટ લેતે થે.'

લખી સિંહની વાત કોમિક હતી તેમ ટ્રેજિક પણ હતી. અત્યારે જો કે તેને કોમિક ગણીને હું હસ્યો, સૌ જવાનો હસ્યા અને લખવિન્દર સિંહ એટલે કે લખીની રમૂજી વાત સાંભળી રહેલા મેજર ધીર પણ મલકાતા મલકાતા બોલ્યા, 'જોયું, મિ. પુષ્કર્ણા ? ચોકીએ હેલિપેડ ન હોવાના કેવા ગેરફાયદા છે ?' મેજરની ટિપ્પણીએ લાફ્ટરનો બીજો ડોઝ આપ્યો.

મેજર ધીરને મેં સવાલ કર્યો, 'અહીં લીલાં મરચાંની અછત છે, પણ જવાનો સ્વાદ માટે રોજિંદા ખોરાકમાં લાલ મરચું તો લેતા હશે ને ?'

'ખાસ નહિ. અહીં તબીબી કારણોસર લાલ મરચું અને નમક અલ્પ માત્રામાં વપરાય છે. નમકનો ઓવરડોઝ તો બહુ ખતરનાક છે. જવાનના બ્લડ પ્રેશરમાં તેને કારણે નાટકીય બદલાવ આવે છે--અને એવી સ્થિતિ ક્યારેય ન સર્જાવી જોઇએ.'

'રખે સર્જાય ત્યારે તકેદારીનાં કેવાં પગલાં લેવાય છે ?'

'જવાનનું બ્લડ પ્રેશર વધી જાય ત્યારે પહેલાં તો તેને નકમ વિનાનું સાવ સિમ્પલ ખાણું આપવામાં આવે. આ તકેદારી પછીયે જો બ્લડ પ્રેશર નોર્મલ ન બને તો તેને નીચલી ચોકીએ મોકલી દેવામાં આવે છે.'

મગજમાં બાયોલોજિકલ ફેરફાર આણતું હવામાન

શરીરમાં લોહીનું દબાણ વધારી મૂકવામાં અતિશય ઊંચેની મર્યાદિત ઓક્સિજનવાળી હવા પણ જવાબદાર નીવડે છે. કારણ કે શરીર ઓક્સિજનની અછત અનુભવતું હોય ત્યારે ચેત્તાતંત્ર ઓક્સિજનયુક્ત લોહીનો વધુ તથા એકધારો પુરવઠો સતત માગ્યા કરે છે. આ ડિમાન્ડને પહોંચી વળવા હૃદય તેના મિનિટદીઠ ધબકારા વધારી લોહીનું પમ્પિંગ વધારે છે. નતીજા ? હાઇ બ્લડ પ્રેશર ! લોહીનું વધુ પડતું દબાણ વેઠતી રક્તવાહિની જરાતરા ફૂલતાં સરવાળે ઊંચું બી.પી. નોંધાય છે. બેથી ત્રણ હજાર ફીટ નીચે ઊતરી આવ્યા બાદ લોહીદાબમાં થોડોક સુધારો થવો રહ્યો, કેમ કે ત્યાંની હવામાં ઓક્સિજનની માત્રા જરા વધુ હોય છે. ચિત્તાની માફક દોડતું હૃદય ત્યારે ફરી નોર્મલ ગતિ ધારણ કરે છે.

'અચ્છા, એક બાત બતાઓ...' નિશાન સિંહ એન્ડ કંપનીને ચર્ચાના ફોકસમાં લાવતા મેં કહ્યું. 'આપ કી પોસ્ટ મેં કિસી જવાન કો બ્લડ પ્રેશર કી યા ફિર કોઇ ઔર તકલીફ કા સામના કરના પડા થા ?'

'નહીં, સા'બ !' નિશાન સિંહ બોલ્યા. 'છોટી-મોટી તકલીફેં હોતી રહેતી થી.'

'જૈસે કી ?'

'જૈસે કભી કભી હમારા કોઇ બંદા અકેલેપન સે, ઠંડ સે, ઠીક સે ખા-પી ન સકને સે યા ફિર

કિસી ઔર કારન સે ચિડચિડા હો જાતા થા.' નિશાન સિંહે સમજાવ્યું. ' છોટી છોટી બાતોં કો લે કર ચૌકી કે દૂસરે સાથી પર ગુસ્સા હો જાતા થા. લેકિન સાથી બંદે અચ્છી તરહ સમજતે થે કિ ઉસકા ચિડચિડાપન કિસ કારન હૈ. ઇસલિયે સામને ગુસ્સા નહીં કરતે થે, બલ્કિ પ્યાર સે બાત કર કે ઉસે સંભાલ લેતે થે.'

'જી, સા'બ...' લખી સિંહે કહ્યું. 'ઉપર ચૌકી મેં હાલાત હી કુછ ઐસે હૈ કિ ચિડચિડાપન કભી ના કભી તો આ હી જાતા હૈ. દિલોદિમાગ પર ચાહે કિતના ભી કાબૂ રખ લો.'

'તુમ્હારી બાત બિલકુલ સહી હૈ, લખી સિંહ !' હું બોલી પડ્યો. 'આપ સબ કી મનોદશા મૈં મહેસૂસ તો નહીં કર સકતા, લેકિન અચ્છી તરહ સમજ સકતા હૂઁ.'

ઊંચા પર્વતોનું કેદખાનું, ચોતરફ સફેદ હિમ, લીલોતરીના નામે ઘાસનું તણખલું સુધ્ધાં નહિ, હાડ ગાળી નાખે તેવી ઠંડી, બાહ્ય જગત સાથે કોઇ પ્રકારનો સંપર્ક નહિ તેમ સંબંધ નહિ, મહિનાઓ સુધી પરિવારથી દૂર રહેવાની વ્યથા, અતિશય ઊંચાઇ અને ઓછા ઓક્સિજનને કારણે શરીરમાં અનેક જાતનાં બાયોલોજિકલ ફેરફારો વગેરે વગેરે. સિઆચેનની પહાડી ચોકીમાં ફરજ બજાવતા આપણા જવાનોને ઉગ્ર બનાવવાનાં કેટલાં બધાં કારણો છે !

'પોસ્ટના જવાનો સતત એકમેકની વર્તણૂક મોનિટર કરતા હોય...' મેજર ધીર ફરી ચર્ચામાં જોડાયા. 'કોઇ જવાન એકાએક તો ઉગ્ર ન બને. દિવસોદિવસ ક્રમશઃ તેનામાં બદલાવ આવતો

• બર્ફીલા પર્વતોના કેદખાનામાં જવાનોનો જુસ્સો અને જોમ ટકાવી રાખતું સૌથી મોટું પરિબળ તેમની વતનપરસ્તી છે



હોય, એટલે બીજા સાથીઓ તેને પહેલેથી જ સંભાળવાનું શરૂ કરી દે. ચીડિયાપણું દાખવી રહેલા જવાનની કોઇ વાત તેઓ પહેલી વારમાં ટાળી દેતા નથી. 'હા'માં હા અને 'ના'માં ના એમ સૂર પૂરાવે. પછી મોકો મળ્યે એકાંતમાં વાતચીત કરી તેને પોતાની ભૂલ સિફતપૂર્વક સમજાવે.'

'સારો નુસખો છે, મેજર ! આ બધી પ્રક્રિયા પ્રેશર કૂકરની વ્હીસલ જેવી છે. દર થોડા વખતે સહેજ વરાળ નીકળતી જાય, એટલે પછી ધડાકાનું જોખમ નહિ !'

'એક્ઝેક્ટલી, મિ. પુષ્કર્ણા ! પ્રેશર કૂકરની સીટી... સરસ ઉપમા આપી તમે !'

ચોકીમાં અનુભવાતા એકલાપણાના સંદર્ભે નિશાન સિંહે વધુ એક મજાની વાત કરી, 'કઇ બાર હમ અપની પોસ્ટ મેં જ્યાદા દિન બિતાને કે બાદ બોર હો જાતે થે. તબ જી બહેલાને કે વાસ્તે સા'બ લોગ કી પર્મિશન લે કર ઉપરવાલી યા ફિર નીચેવાલી પોસ્ટ મેં કુછ દિન બીતાને ચલે જાતે થે.'

'ક્યા બાત હૈ ?' મને ખૂબ જ અચંબો થયો. મગજને બિનજરૂરી વિચારોનો કાટ ન ચડે એ માટે કેવા કેવા કીમિયા લડાવે છે સિઆચેનના જવાનો ! 'લેકિન નિશાન સિંહજી, આપ દૂસરી પોસ્ટ ચલે જાતે થે તબ ખુદ આપ કી પોસ્ટ મેં જવાનોં કી કમી હોતી હોગી ?'

'નહીં, સા'બ !' નિશાન સિંહની પાછળ ઊભેલો જુવાનિયો તરત બોલ્યો. 'તબ દૂસરી પોસ્ટવાલે સૈનિક હમારી પોસ્ટ પે ઠહરને આતે થે. વહ યહાઁ આ કર અપના જી બહેલા લેતે થે, હમ વહાઁ જા કર અપના !'

■

મેજર ધીરની ઓફિસમાં અદબપૂર્વક ઊભેલા શીખ બટાલિઅનના છએ છ જવાનો હવે તો બરાબર ખીલ્યા હતા. વાતો કરવાની તેમને પણ એટલી જ મજા પડી રહી હતી જેટલી મને આવતી હતી. કંઇક નવી માહિતી આપી મને હેરતમાં મૂકી દેવાની ઇચ્છા તેમના ચહેરા પર જોઇ શકાતી હતી. તક મળ્યે તેઓ પોતાની એ ઇચ્છાને ન્યાય આપી દેતા હતા. એકલાપણું દૂર કરવા વિશેની વાતચીતમાં પરિવારનો ઉલ્લેખ થયો ત્યારે મેં તેમને પૂછ્યું, 'પરિવાર કો ચિઠ્ઠિયાઁ લિખતે થે ?'


જવાબ ધારણા બહારનો આવ્યો : 'નહીં !'

અચંબાનો જોરદાર આંચકો લાગ્યો, જે પામી ગયેલા એક જવાને ત્યારે કહ્યું, 'સા'બ, પરિવારવાલોં કે સાથ ટેલિફોન સે બાત હો જાતી થી... ફોન પર સબ કુછ જાન લેતે થે... ફિર ચિઠ્ઠી કૌન લિખેગા ? વૈસે કુછ બંદે થે જો ચિઠ્ઠિયાઁ લિખા કરતે થે.'

'ટેલિફોન સે ? ચૌકી પર ફોન કી સુવિધા હૈ ?'

આ પ્રશ્નનો જવાબ મેજર પ્રવલ ધીરે આપતા જણાવ્યું કે, 'સંખ્યાબંધ ચોકીઓ વચ્ચે એકાદ બે સેટેલાઇટ ફોન હોય છે. વારા પ્રમાણે ચોકીઓ વચ્ચે

• આપ્તજનો જોડે એક સમયે પત્ર દ્વારા જ સંપર્ક રહી શકતો. આજે સેટેલાઇટ ફોન મુખ્ય સંપર્કસેતુ બન્યો છે



તેની આપ-લે ચાલતી રહે છે. ધારો કે કોઈ પોસ્ટ પર સેટેલાઈટ ફોન આવતી કાલે સવારે દસ વાગ્યે પહોંચવાનો હોય તો એ ચોકીએ ફરજ બજાવી રહેલા જવાનોનાં પરિવારજનોને ચોક્કસ ટાઈમ આપી દેવામાં આવ્યો હોય છે. નિર્ધારિત સમયે જ તેઓ સામેથી ફોન કરે. તમે તો જાણતા હશો કે સેટેલાઈટ ફોનનો દરેક કોલ મોંઘો પડે છે. આઉટગોઈંગ કોલ કરતાં ઈનકમિંગ કોલનું બિલ ઓછું ચડે, એટલે અમે જે તે જવાનના પરિવાર પાસે જ ફોન કરાવવાનો આગ્રહ રાખીએ છીએ. ઈનકમિંગ કોલ આવવાના શરૂ થાય, એટલે બધા જવાનો કતારબંધ ગોઠવાઈ જાય અને ફોન આવતા રહે તે પ્રમાણે પોતાનાં પરિવારજનો સાથે દુઃખ-સુખની વાત કરી લે. આ રીતે જવાનને ફોન પર વાત કરતો સાંભળવાથી એની નાની-મોટી તકલીફો વિશે અમને જાણકારી મળી જાય છે. તકલીફ દૂર કરવાના બનતા પ્રયત્નો અમે ત્યાર પછી કરીએ.'

'સા'બ, હમારે સાથી કા દુઃખ હમ સે બર્દાશ્ત નહીં હો સકતા થા.' લખવિન્દર (લખી) સિંહે લાંબા વિરામ પછી ચર્ચામાં ભાગ લીધો. 'ફોન પર અગર હમ સુન લેતે કિ ઈસ બંદે કી માતાજી બીમાર હૈ, યા ઉસ બંદે કા કોઈ નજીદીકી રિશ્તેદાર ચલ બસા હૈ... તો બડા દુઃખ પહુઁચતા થા.'

'હાઁ જી, સા'બ !' બીજા જવાને કહ્યું. 'વાહે ગુરુ સે હમ યહી કહતે થે કિ સભી કા ખ્યાલ રખે. સબ કો હમેશા સલામત રખે.'

'સબ સે જ્યાદા દુઃખ કિસ બાત સે પહુઁચતા થા ?' મેં પૂછ્યું.

'જબ હમારા સાથી બિમાર પડે, યા ઉસકો જરા સી ચોટ ભી આયે તો હમેં બહુત તકલીફ હોતી થી.' લખી સિંહે કહ્યું. 'કિસી જવાન કે સાથ બૂરા હાદસા હો જાયે તબ તો કઈ દિનોં તક હમારા ખાના-પીના હરામ હો જાતા હૈ.'

'અચ્છા ચલો,' મેં સમયસર ટોપિક બદલવા માટે કહ્યું. 'દુઃખ કી બાત છોડો... સબ સે જ્યાદા ખુશી કબ મિલતી થી ?'

નિશાન સિંહ તરત જ બોલ્યા, 'જબ પરિવાર સે ટેલિફોન પર બાત હો જાયે.'

'વહ તો સ્વાભાવિક હૈ, નિશાન સિંહજી ! ઉસ કે અલાવા ખુશી કા કોઈ એક પલ તો હોગા ?'

'સા'બ...' નિશાન સિંહે થોડોક વિરામ લીધો, મેજર ધીર તરફ એક નજર કરી લીધી, થોડું શરમાયા અને પછી બોલ્યા, '... જબ પોસ્ટ પે લડ્ડુ ઔર જલેબી આતે થે તબ !'

નિશાન સિંહની વાતમાં બધાએ એકસાથે સૂર પૂરાવ્યો. દરેકનો ચહેરો જાણે એકાદ લાડુ યા જલેબી ખાધા પછીનો લાગણીસૂચક હાવભાવ દર્શાવતો હતો. સરેરાશ ૬,૦૦૦ મીટરની ઊંચાઈએ બર્ફીલા પહાડો વચ્ચે લાડુ અને જલેબી ખાવા માટે જવાનો કેવા તલસ્યા હશે તેનો અણસાર તેમના ચહેરાના હાવભાવથી મળતો હતો.

■

જવાનોની દિનચર્યાના સવાલમાંથી બ્રેકફાસ્ટની વાત નીકળી, એમાંથી ભોજનની અરુચિનો મુદ્દો છેડાયો, પછી બેસ્વાદપણું, ચીડિયાપણું, પરિવાર... એમ કરતાં વાતોનાં નવાં છેડાં ખૂલતાં ગયાં. માહિતી બેશક મળી, પણ મૂળ સવાલ બાજુએ રહી ગયો હતો. ફરી તેને ચર્ચાના ફોકસમાં લાવવા મેં કહ્યું, 'હમારી બાત બ્રેકફાસ્ટ પે રુકી થી. અબ ઉસે આગે બઢાતે હૈ. નાશ્તા કરને કે બાદ ક્યા કરતે થે ?'

'રોજ કોઈ કામ હોતા થા.' નિશાન સિંહે જવાબ આપ્યો. 'ધીર સા'બ હમ સે કુછના કુછ કરવાતે થે. પોસ્ટ મેં મેન્ટનન્સ કા કામ, કભી હાફ-લિન્ક કે લિયે આના-જાના, એર-ડ્રોપ સે આયા

હુઆ સામાન પૈદલ ચલ કર યા ફિર સ્નો સ્કૂટર પે લે આના, ચૌકી મેં પહેરા દેના, પેટ્રોલિંગ કે લિયે જાના, બર્ફ લા કર ઉસકા પાની બનાના...હમેં કામ કરના અચ્છા લગતા થા, ક્યૂં કિ બૈઠે બૈઠે તો બદન અકડ જાતા થા.'

મને સવાલ થયો : 'બર્ફ તો પોસ્ટ કે હર તરફ હોતી હોગી... તો ફિર પાની કે લિયે બર્ફ લાને ક્યું જાના પડતા થા ?'

'હું સમજાવું...' મેજર ધીરે જવાબ દીધો. 'ચોકીની આસપાસના એરિઆમાં અમે સતત આંટાફેરા કરતા હોઈએ, એટલે ત્યાંનો બરફ ચોખ્ખો રહ્યો ન હોય. આવા બરફનું પાણી બનાવી તેને પીવાના ઉપયોગમાં લઈએ તો ઈન્ફેક્શનને લીધે માંદા પડવાનો ભય રહે. પરિણામે ચોકીથી કેટલેક છેટે જઈને પાવડા વડે બરફ ખોદીને લવાતો હતો.'

'શેમાં ?'

'ખાંડની ખાલી થયેલી ગુણોમાં !' મેજરે કહ્યું. 'બરફ ભરેલી આવી ગુણ ૩૫ કિલોગ્રામની હોય, જેને જવાનો પોતાની પીઠે નાખીને લેતા આવે. આ રોજિંદું કામ છે. વળી દિવસમાં અનેક વાર કરવું પડે, કારણ કે બરફ ઓગાળતાં હાથ લાગતો પાણીનો જથ્થો નજીવો હોય.'

'નજીવો એટલે અંદાજે કેટલો, મેજર ?'

આનો જવાબ નિશાન સિંહે તેમના સાથીઓનો ઓપિનિઅન લઈને આપ્યો, જે આમ હતોઃ એક બાલદી પાણી જોઈતું હોય તો ચાર છલોછલ બાલદી ભરાય એટલો બરફ કેરોસીન સ્ટવ પર પીગાળવો પડે !

સિઆચેનમાં પાણી માટે આપણા જવાનો દરરોજ કેવું 'પાણીપત' ખેલે છે તે જાણીને દંગ રહી જવાયું. ચોકીથી થોડેક દૂરના સ્થળે ચોખ્ખો બરફ લેવા જાવ, પાવડા વડે બરફ ઉલેચો, પછી તેને ગુણોમાં ભરો, એક પછી એક ગુણો ચોકીએ લાવો, જામી ગયેલા બરફને ice axe/ હિમકુહાડી

• *ચોકીના મેન્ટનન્સમાં જોતરાયેલા જવાનો*





● એક જવાન તેના સ્નો સ્કૂટરની પાછલી સીટે કેરોસિનનું પીપડું લઈને આવ્યો છે. સિઆચેનની બધી ચોકીઓમાં સ્નો સ્કૂટરની વ્યવસ્થા નથી

વડે તોડીને ટુકડા કરો, કેરોસીન સ્ટવ પર મૂકેલા પીપડામાં ઠાલવો, સ્ટવની ગરમી હેઠળ બરફ પીગળે તેની રાહ જુઓ ત્યારે માંડ પાણી મળે... કેટકેટલી પળોજણો ! અને તે બધી પાછી ગાત્રો શિથિલ કરી દેતી કડકડતી ઠંડીમાં કરવાની--રોજેરોજ !

■

રાત્રિના આઠ વાગી રહ્યા હતા. નિશાન સિંહ એન્ડ કંપની જોડે મજેદાર વાતોમાં સમયનો પ્રવાહ એટલો ઝડપથી વહી ગયો કે બે કલાક ક્યાં વીતી ગયા તે ખબર જ ન પડી. આ જવાનોને રાત્રિભોજનમાં મોડું થતું હોવાનું ધારી મેં આગામી સવાલો ઝડપભેર પૂછ્યા. જેમ કે--

'દિનભર ઇતના કુછ કરને કે બાદ ફ્રી ટાઇમ મિલતા થા ?'

'મિલતા થા, જી.'

'તો ક્યા કરતે થે ઉસ દૌરાન ?'

'ટેન્ટ મેં હીટર કે સામને બૈઠતે થે. હાથ-પૈર સેકતે થે. બાતેં કરતેં થે... ઘર કી, ગાઁવ કી, યાર-દોસ્તોં કી... ખુદ કી... અબ તો હમ સબ એક દૂસરે કે બારે મેં સબ કુછ જાન ચૂકે હૈ.'



• ચઢાણ તીવ્ર હોય કે સાધારણ, મર્યાદિત પ્રાણવાયુવાળી પાતળી હવા જવાનને દર થોડાં ડગલે હંફાવી દે છે

'વૈસે તો આપ સબ શેરદિલ હૈ, ઔર ફિર શીખ ભી હૈ, ઇસલિયે આપકી રગોં મેં વીરતા કુછ જ્યાદા હી હોગી. ફિર ભી એક સવાલ પૂછના ચાહતા હૂઁ...'

'હાઁ જી, હાઁ જી, સા'બ !' નિશાન સિંહ તરત જ બોલી ઊઠ્યા.

'પોસ્ટ મેં ડ્યૂટી કરતે સમય સબ સે જ્યાદા ડર, ચિંતા યા ફિકર કિસ બાત કી સતાતી થી આપ સબ કો ?'

'બ્લડ પ્રેશર.' એક જવાને કહ્યું.

'ફ્રોસ્ટ બાઇટ.' બીજાએ કહ્યું.

'ફેફડે કી બિમારી.' વધુ એક જવાબ આવ્યો.

આ બધી શારીરિક તકલીફોને લગતી ચિંતા સકારણ હતી. પોસ્ટમાં ડ્યૂટી વખતે કોઇ પણ પ્રકારની શારીરિક સમસ્યા ઊભી ન થાય એવું દરેકેદરેક જવાન ઇચ્છતો હોય, કારણ કે શારીરિક ગરબડ થાય અને તેમાં સુધારો ન આવે તો તેને નીચેની ચોકીએ મોકલી દેવામાં આવે. અહીં પણ તબિયતનું ઠેકાણું ન પડ્યું તો તેણે બેઝ કેમ્પ પાછા ફરવું રહ્યું. આ રીતે ડ્યૂટી અધૂરી મૂકી આવવાનો ડંખ પછી તો એ જવાનને કાંટાની જેમ હૃદયમાં લાગતો રહે.

જવાનોને આગામી સવાલ : 'આપ સબ અચ્છી તરહ સે અપની અપની ડ્યૂટી કર કે લૌટે હૈ. કૈસા લગ રહા હૈ આપ કો ? ઔર સુનો, '*અચ્છા લગતા હૈ*' ઐસા જવાબ ફિર સે મત દેના. ઇસ બાર કુછ અલગ કહેના હોગા.'

વાર્તાલાપના આરંભે મારા ઉપરોક્ત સવાલનો '*અચ્છા લગતા હૈ*'નો ટેલિગ્રાફિક સંદેશાછાપ ઉત્તર આપનાર નિશાન સિંહ છોભીલા પડ્યા. પછી મરક મરક થતા બોલ્યા, 'સા'બ, હમેં લગતા હૈ કિ હમને કુછ કર દિખાયા. કુછ ઐસા જો નામુમકિન કે બરાબર થા. આપ સિઆચેન પે કિતાબ લિખ રહે હૈ ના ?'

'જી, લિખ રહા હૂઁ...' મેં નિશાન સિંહને કહ્યું. '...ઉસ મેં આપ સબ કા જિક્ર કરને વાલા હૂઁ.'

'તો ફિર સા'બ,' નિશાન સિંહે તેમની વાત આગળ ચલાવી. 'કુછ ઐસા લિખિયે કિ જિસે પઢ કર હમારે ઘર વાલે, ગાઁવ વાલે હર કોઇ જાન સકેં કિ આખિર હમ કરતેં ક્યા હૈ ?'

'હાઁ, સા'બ !' પાછલી હરોળમાં ઊભેલો લખવિન્દર સિંહ (લખી) તેનું ડોકું ઊંચું કરતો બોલ્યો. 'હમારે પરિવાર વાલે હમારે કામકાજ કે બારે મેં કુછ ખાસ જાનતે નહીં. ઉન્હેં તો ઇતના પતા હૈ કિ હમ ફૌજી હૈ, બંદૂકે લિયે ફિરતેં હૈ...બસ ! આપકી કિતાબ મેં અગર આપ હમારે બારે મેં દો શબ્દ લિખેંગે તો ઉનકો હમ કહેંગે કિ દેખો, હમ યહ સબ કામ કરતેં હૈ !'

લખી સિંહની વાતમાં દમ હતો. સિઆચેનની ઉત્તુંગ પહાડી ચોકીમાં કડકડતી ઠંડીમાં જાનના જોખમે ત્રણથી પાંચેક મહિના વીતાવનાર જવાનનાં માતા-પિતા દૂર બેઠાં શું ખરેખર જાણતાં હશે કે તેમણે કેવો સપૂત જણ્યો છે ? અનેકવિધ શારીરિક તેમજ માનસિક હાડમારીઓ વેઠવા છતાં ફરજપાલનના અને વતનપરસ્તીના કેવા દાખલા એ સપૂતે બેસાડ્યા એની તેમને પૂરેપૂરી જાણકારી હશે ?

કોણ જાણે ! પણ આજે એ સપૂતોને રૂબરૂ મળીને હું ધન્ય થઇ ગયો. ભારતીય ખુશ્કીદળ આવા કર્મયોગીઓથી શોભે છે એનો તાદૃશ દાખલો જોઇને મસ્તક ગર્વથી ઊંચું થઇ ગયું. હવે તેમનાથી છૂટા પડવાનો વખત આવ્યો ત્યારે હૃદય ભારે થવા લાગ્યું. ઉંમરમાં છએ છ જણા મારાથી ક્યાંય નાના હતા, છતાં તેમને હાથ જોડીને મેં વંદન કર્યાં. 'આપ સબ કો મૈં ઉન સભી દેશવાસીયોં

કિ ઔર સે નમન કરતા હૂઁ જો જાનતે નહીં કિ આપને કિતની મુશ્કિલેં ઝેલ કર યહાઁ--દુનિયા કી સબસે કઠિન ઔર સબસે ઊંચી યુદ્ધભૂમિ મેં--અપના ફર્ઝ નિભાયા હૈ !'

મારી લાગણી પામી ગયેલા નિહાલ સિંહ ભાવુક થઈને બોલ્યા, 'સા'બ, આપ સે મિલ કર બહુત અચ્છા લગા. આપ ઈતની દૂર સે હમ સબ કે લિયે આયે. ઈતની ઠંડ મેં આને કી આપ ને તકલીફ ઉઠાયી...'

'જૈસે આપ સબ અપના ફર્ઝ નિભાતે હૈ, વૈસે મૈંને અપના કર્તવ્ય નિભાયા.' મેં કહ્યું.

'સત્ શ્રી અકાલ, સા'બ !' સૌ જવાનો વારાફરતી મારી સાથે હાથ મિલાવવા આવ્યા.

'અરે, ઐસે નહીં... ગલે મિલ કર જાઓ !' કહીને હું વારાફરતી સૌને ભેટ્યો. સૌનો આભાર માન્યો અને આગામી સાહસો માટે શુભેચ્છાઓ આપી. છેલ્લી વાર 'સત્ શ્રી અકાલ' કહીને નિહાલ સિંહ એન્ડ કંપનીએ વિદાય લીધી.

■

વાતચીતમાં બીજો થોડોક સમય વીતી ગયો. મેજર પ્રવલ ધીર તેમના કામકાજમાંથી પરવારી ગયા હતા. 'તો... મિ. પુષ્કર્ણા, ઈન્ટરવ્યૂ ધાર્યા મુજબનો રહ્યો ?'

'નહિ, ધાર્યા કરતાં વિશેષ રહ્યો.'

'વેરી ગુડ ! તો ચાલો, હવે ડિનર માટે જઈએ ?'

'નો પ્રોબ્લેમ, સર !'

શીખ બટાલિઅનની ઓફિસર્સ મેસમાં અમે બેઉ જણા પહોંચ્યા. ફરી પાછો એ જ માહોલ કે જે બપોરના ભોજન સમયે હતો. પંજાબી સ્ટાઈલનું લાઉડ મ્યૂઝિક... વાતોએ તથા મજાકમસ્તીએ ચડેલા અફસરો... ટેબલ ટેનિસ અને બિલિઅર્ડની રમતમાં પરોવાઈને દિવસભરની માનસિક થકાવટમાંથી મુક્તિ મેળવી રહેલા રમતશોખીનો...

આજે સ્પોર્ટ્સ-કમ-મ્યૂઝિક રૂમમાં હું વિના સંકોચે ગયો. આગલા દિવસે જેમનો ભેટો થયો હતો તે ગુરખા રેજિમેન્ટના પેલા બે જુવાનિયા કેપ્ટન ટેબલ ટેનિસ રમવામાં વ્યસ્ત હતા. આ તરફ મેજર હરસુખચૈન સિંહ બેઝ કેમ્પના તબીબ કેપ્ટન રાહુલ ગર્ગ જોડે બિલિઅર્ડનો આનંદ લઈ રહ્યા હતા. હું બેઉ જણાને મળવા ગયો. થોડી વાતચીત કરી અને પછી સોફા પર બેસી ડાયરીમાં આજના અનુભવો નોંધવા લાગ્યો.

ચંદ મિનિટો બાદ કેપ્ટન ગર્ગ આવ્યા, 'મિ. પુષ્કર્ણા, ટેબલ ટેનિસ ?'

'ઓહ, શ્યોર !' ડાયરી ખિસ્સામાં મૂકી હું ઊભો થઈ ગયો.

બપોરનો અધૂરો હિસાબ ચૂકતે કરવાના સંકલ્પ સાથે કેપ્ટન રાહુલ ગર્ગ જોડે ટેબલ ટેનિસની ગેમ શરૂ કરી. પરંતુ ડોક્ટર સાહેબે ફરી મને મહાત આપી.

'બીજી ગેમ ?' ડોક્ટરને મેં પૂછ્યું અને તેઓ તરત રાજી થયા.

આ વખતે ગેમ પર મારું પ્રભુત્વ રહ્યું. ડોક્ટર નજીવા માર્જિનથી હાર્યા.

હિસાબ સરભર થયો ? ના, ડોક્ટર હજી મારાથી એક ગેમ આગળ હતા, કેમ કે બપોરે પહેલી જ ગેમ તેમણે પોતાના નામે કરી લીધી હતી. વધુ એક મેચ રમવાની બેઉ જણાને ઈચ્છા હતી, પણ રાત્રિના સવા નવ થવા આવ્યા હતા. ભોજન માટે મેજર ધીર તથા મેજર હરસુખચૈન સમેત સૌ અફસરો જઈ રહ્યા હતા, એટલે અમે બેઉ પણ ગયા.

લશ્કરી અફસરોની સાથે બેસીને ભોજન કરવાનો અને ભોજન દરમ્યાન વાર્તાલાપ કરવાનો

લાખો મેં એક જેવો મોકો ફરી વાર સાંપડ્યો. મારું એ અહોભાગ્ય હતું, પણ તે ફિલ ગૂડ ઇફેક્ટની એક સાઇડ ઇફેક્ટ હતી : અગાઉ જણાવ્યું તેમ ઓફિસર્સ મેસમાં ભોજન ગ્રહણ કરવામાં અફસરોની સુપરફાસ્ટ ગતિને કારણે હું ભરપેટ જમી શકતો ન હતો. બપોરે એવું બન્યું હતું--અને હવે રાત્રે પણ !

ભોજન પશ્ચાત સૌ અફસરોથી વિદાય લેતી વખતે કેપ્ટન રાહુલ ગર્ગ જોડે એકાદ બે મિનિટ વાતો થઇ. છૂટા પડતી વખતે કેપ્ટને પૂછ્યું, 'કાલે સવારે આવો છો ને ADS પર ?'

'હા, તમે જણાવેલું તેમ સાડા દસ વાગ્યે !'

કોલ્ડ સ્ટોરેજ જેવા સિઆચેનના વિષમ કુદરતી સંજોગોના હોરર સ્વરૂપનો સાક્ષાત્કાર પામેલા હતભાગી જવાનોને આવતી કાલે ADS/ Advanced Dressing Station પર મળવાનું હતું. આ ઉત્સુકતા સાથે હું ગેસ્ટરૂમે ગયો અને રાત્રિના અગિયારેક વાગ્યે એકની ઉપર બીજી અને તેના પર ત્રીજી રજાઇ ઓઢીને લંબાવ્યું. ●





ડૉક્ટર્સ : સીમારક્ષકોના સ્વાસ્થ્યરક્ષકો

સવારે સાડા છ વાગ્યે મદદનીશ ગુલઝાર સિંહ 'ઉસ્તાદજી...'ના ઉદ્‍ગાર સાથે રાબેતા મુજબ ગરમ પાણીની બાલદી લઇને પ્રગટ થયો. કલાકેકમાં તો નહાઇ-ધોઇને પરવારી ગયા પછી ઓફિસર્સ મેસમાં કેરોસિન હીટરની બાજુમાં બેસી ગરમાવો લેવા માટે હું પહોંચ્યો. લેફ્ટનન્ટ-કર્નલ રેન્કના એક તબીબ ત્યાં સવારનો નાસ્તો લેવા આવ્યા હતા. વાતચીત દરમ્યાન જાણવા મળ્યું કે તેઓ અહીં બેઝ કેમ્પમાં ડેન્ટિસ્ટ તરીકે સેવા આપી રહ્યા હતા. સિઆચેનમાં ફરજ બજાવતા આપણા જવાનોને તેમજ અફસરોને દાંતની અમુક તકલીફો થયા કરતી હોય છે. ખાસ તો અતિશય ઠંડીને કારણે પેઢાંમાં દુખાવાની ફરિયાદ રહે છે.

આપણાં પેઢાં નોર્મલ શારીરિક તાપમાન સહેવાને ટેવાયેલાં હોય છે. વધુ પડતી ઠંડીમાં (શ્રમને લીધે) ખુલ્લા મોઢે શ્વાસ લેવાય ત્યારે મોંમાં પ્રવેશતી ઠંડીગાર હવા પેઢાંને જરાતરા સંકોચે છે. શ્વાસોચ્છ્‌વાસ ફરી નોર્મલ બને અર્થાત્ મોં વાટે નહિ, પણ નસકોરાં વડે શ્વાસ લેવામાં આવે ત્યારે જડબું ફરી બંધ થતાં મોઢામાં પાછું નોર્મલ ટેમ્પ્રેચર સ્થપાય છે. અગાઉ ઠંડી હેઠળ સંકોચાયેલાં પેઢાંને નોર્મલ (ઉષ્માયુક્ત) વાતાવરણ મળતાં ફરી મૂળ સ્થિતિ ધારણ કરવા લાગે છે. તાપમાનના આવા તફાવતને કારણે સંકોચન-વિસ્તરણ પામ્યા કરતાં પેઢાંમાં ઘણી વાર કળતર પેદા થાય છે. દાંતની cavity/ સડાને લીધે થયેલા પોલાણમાં પૂરેલી ચાંદીમાં તાપમાનના આવા ફરકને લીધે તિરાડ પડી શકે છે.

સિઆચેનમાં ફરજ બજાવતા જવાનો/અફસરોને થતી દાંતની આવી વિવિધ ફરિયાદોના નિવારણ માટે બેઝ કેમ્પમાં દાંતનું દવાખાનું ઊભું કરાયું છે. મારી મુલાકાત જે લેફ્ટનન્ટ-કર્નલ તબીબ જોડે થઇ તેઓ એ ડેન્ટલ ક્લિનિકના ઇન-ચાર્જ હતા. પહાડી ચોકીએથી ફરજ બજાવીને આવેલા તથા ફરજ બજાવવા માટે જઇ રહેલા પેશન્ટોને કયા કયા પ્રકારની સારવાર આપવામાં આવે છે એ તેમણે સમજાવ્યું. એકાદ કલાક તેમની જોડે વાતો કરવામાં નીકળી ગયો. સાડા નવની આસપાસ તેમણે પોતાની ડ્યૂટી સંભાળવા માટે ઓફિસર્સ મેસથી વિદાય લીધી.

મેસમાં હવે કોઇ નહોતું. કેપ્ટન રાહુલ ગર્ગને ADS/ Advanced Dressing Station

ખાતે મળવામાં હજી તો એક કલાક બાકી હતો. એકાંતનો તથા સમયનો સદુપયોગ કરવા હું મારી ડાયરી લઈને હીટરની બાજુમાં બેઠો અને કેપ્ટન ગર્ગને પૂછવાલાયક સવાલો તેમાં નોંધવા લાગ્યો. મને એકલો બેઠેલો જોઈ ઓફિસર્સ મેસના રસોડામાંથી ગુલઝાર સિંહ ઉપસ્થિત થયો.

'ઉસ્તાદજી, કુછ ચાહિયે ?'

'ગરમ કોફી મિલેગી ?'

'હાઁ, જી ! પિલા દેંગે !'

સખત ઠંડીમાં હીટરની તેમજ કોફીની ગરમીથી શરીરને અનુક્રમે બહારથી અને અંદરથી બેઉ રીતે સારું લાગ્યું. સવા દસ થયા હતા. ગુલઝાર સિંહ પાછો દેખાયો એટલે મેં તેને પૂછ્યું, 'યહાઁ જો અસ્પતાલ હૈ, ADS, વો કિતની દૂરી પે હૈ ?'

'પાંચ સાત મિનટ કા રાસ્તા હૈ, જી !'

હું તરત જ નીકળી પડ્યો અને પગપાળા ચાલીને ADS/ Advanced Dressing Station પહોંચ્યો. પતરાંના બે-ત્રણ શેડ અડખેપડખે બનાવવામાં આવ્યા હતા. એક શેડમાં મેડિકલ સ્ટોર હતો. બીજા પર એક્સ-રે રૂમ લખેલું હતું. સૌથી મોટા શેડનો દરવાજો ખોલીને અંદર પ્રવેશ્યો. કેટલાક જવાનો ત્યાં ખુરશીઓ તથા પાટલીઓ પર બેઠા હતા. અહીં કોઈ civilian/ આમ આદમી તો આવે નહિ, એટલે મને કો'ક સીનિઅર લશ્કરી અફસર ધારીને આગલી હરોળમાં બેઠેલા અમુક જવાનો ખુરશીમાંથી હજી અધૂકડા ઊભા થયા ત્યાં જ મેં મારા ડાબા હાથનો પંજો તેમની તરફ ઊંચો કરીને કહ્યું, 'સિવિલિઅન !'

• એડવાન્સ્ડ ડ્રેસિંગ સ્ટેશન/ ADSના પ્રતીક્ષા કક્ષમાં બેઠેલા પેશન્ટ ફૌજીઓ



બન્ને તસવીરો : હર્ષલ પુષ્કર્ણા

'રામ રામ, સા'બ !' કહીને તેઓ પોતપોતાની ખુરશીમાં બેસી ગયા.

આ ખંડમાં એક દરવાજા પાસે ટેબલ નાખીને બેઠેલા જવાનને મેં કેપ્ટન ગર્ગને મળવા આવ્યો હોવાનું જણાવ્યું અને શા કારણસર મળવું છે તે પણ કહ્યું કે તરત તેણે પરવાનગી આપી, 'યહાઁ સે જાઇએ... સામને વાલી કેબિન મેં રાહુલ સા'બ બૈઠે હૈ.'

કેબિન તરફ ગયો, દરવાજે ટકોરા માર્યા અને અંદર આવવાની રજા મળતાં દરવાજો ખોલીને કેબિનમાં પ્રવેશ્યો. કેપ્ટન ગર્ગ ત્યારે એક પેશન્ટને (જવાનને) તપાસી રહ્યા હતા. ગુડ મોર્નિંગ કહીને અમે એકબીજાનું અભિવાદન કર્યું. હાથ વડે ઈશારો કરી તેમણે મને બેસવા કહ્યું, એટલે હું તેમની સામેવાળી ખુરશીમાં બેઠો. કેપ્ટન ગર્ગે તેમના પેશન્ટને તપાસવાનું કામ ચાલુ રાખ્યું, 'ક્યા ફરિયાદ હૈ ?'



• AMC/Army Medical Corps કહેવાતી લશ્કરની તબીબી કોરના ડોક્ટર : કેપ્ટન રાહુલ ગર્ગ

'સા 'બ... સર્દી-જુકામ હૈ ઔર બદન ભી દર્દ કરતા હૈ.' દરદી જવાને કહ્યું.

'ખાઁસી ભી હૈ ?' કેપ્ટન ગર્ગે ટોર્ચ વડે જવાનનું ગળું તપાસતા પૂછ્યું.

'હાઁ, સા'બ !'

'ચિંતા મત કરો. દવાઇ લિખ દેતા હૂઁ. જલદી ઠીક હો જાઓગે.'

ડોક્ટર સાહેબે પ્રિસ્ક્રિપ્શન લખી આપ્યું એટલે જવાન ઊભો થઇ ગયો. 'જીતેંગે સા'બ !' કહીને કેબિનની બહાર નીકળી ગયો. ('જીતેંગે !' એ શૌર્યનારો હતો, જે બોલવાનો અહીં ધારો હતો). કેબિનનું બારણું ખૂલ્યું. બંધ થયું અને ફરી પાછું ખૂલ્યું. 'જય હિંદ, સા'બ !' કહીને બીજો દરદી દાખલ થયો અને કેપ્ટન રાહુલની સામે બેઠો.

'અબ કૈસા લગ રહા હૈ ?' કેપ્ટન ગર્ગે પૂછ્યું. 'મુઁહ ખોલો... ખાઁસી કમ હુઇ ?'

'જી, સા'બ ! પહેલે સે કમ હૈ. બદન દર્દ અભી ભી હૈ.'

'એક દો દિન મેં ઠીક હો જાયેગા. દવાઇ ચાલુ રખના.'

'અચ્છા સા'બ ! જીતેંગે !'

કેપ્ટન ગર્ગ : 'જીતેંગે !'

પાંચેક સેકન્ડ માંડ વીતી ત્યાં 'જય હિંદ, સા'બ!' કહીને નવો પેશન્ટ આવ્યો. આ જવાનને તપાસવાનું ચાલુ રાખીને કેપ્ટન ગર્ગે મને કહ્યું, 'માફ કરજો, પણ અહીં પેશન્ટો એક પછી એક ચાલુ જ રહેશે. વચ્ચે સમય કાઢીને હું તમારા પ્રશ્નોના જવાબ આપતો રહીશ.'

'નો પ્રોબ્લેમ ! તમે તમારું કામ ચાલુ રાખો. હું નથી ઈચ્છતો કે મારા કારણે તેમાં વિક્ષેપ પડે.'

'નહીં પડે... Don't worry!'

'કેપ્ટન, આવતી વેળા મેં જોયું કે બહાર પ્રતીક્ષાલયમાં ઘણા પેશન્ટ્સ બેઠા હતા. દરરોજ



અંદાજે તમે કેટલા દરદીઓને તપાસો છો ?'

કેપ્ટન ગર્ગ : '૩૦થી ૪૦ તો ખરા. મોટા ભાગના કેસ વાઈરલ ઇન્ફેક્શનના તેમજ ગળાના સોજાના હોય.'

'હમણાં તમે તપાસેલા બેઉ પેશન્ટો એના જ શિકાર બન્યા હતા, નહિ ?'

'હા. અહીં તે બીમારી સૌથી કોમન છે.'

'કોઈ ખાસ કારણ ?'

'એક મિનિટ આપો ! આ દરદીને પ્રિસ્ક્રિપ્શન લખી દઉં... પછી સમજાવું તમને.'



● દર્દીનું વિષાણુગ્રસ્ત ગળું તપાસી રહેલા કેપ્ટન ગર્ગના મદદનીશ તબીબ

'જીતેંગે સા'બ !' અગાઉના જવાનોની માફક આવા શબ્દો બોલીને દરદીએ વિદાય લીધી. વળી પાછો નવો પેશન્ટ 'જય હિંદ, સા'બ !' કહીને હાજર થયો. કેપ્ટન ગર્ગે તેને તપાસવાનું ચાલુ રાખી અધૂરી વાત આગળ ચલાવતા કહ્યું કે સિઆચેનની પહાડી ચોકીઓ ખૂબ જ ઊંચાઇએ આવેલી છે. અતિશય ઊંચાઇના વાતાવરણમાં વાઇરસ તેમજ બેક્ટીરિઆ ન હોય. જીવાણુમુક્ત હવામાં જવાનો તથા અફસરો અમુક મહિનાઓ વીતાવે, જે દરમ્યાન તેમની immune system/ રોગપ્રતિકારક શક્તિ કુદરતી રીતે ઘટવા લાગે છે. આસ્તે આસ્તે સુષુપ્તાવસ્થામાં સરી જાય છે. પોસ્ટ પર લાંબો સમય વીતાવીને જ્યારે અફસરો/જવાનો નીચે બેઝ કેમ્પ ખાતે પાછા ફરે ત્યારે મામલો જુદો હોય છે. બેઝ કેમ્પની હવા સો ટકા જીવાણુમુક્ત નથી. પરિણામે પોસ્ટથી આવેલા જવાનો/અફસરોને થોડા જ દિવસમાં જીવાણુનો ચેપ લાગે છે. શરીદી, ખાંસી, ગળામાં સોજો, સાધારણ તાવ, શરીરમાં કળતર-અશક્તિ વગેરે જેવી નાની મોટી તકલીફોનો તેઓ શિકાર બને છે. સુષુપ્ત બનેલું રોગપ્રતિકારક તંત્ર થોડા દિવસમાં પાછું સક્રિય બનવા લાગે, એટલે શરીર બિમારીઓ સામે ઝઝૂમવા માંડે છે. દરમ્યાન એન્ટિ-બાયોટિક તેમજ એન્ટિ-વાઈરલ દવાઓ વડે કામ ચલાવવું રહ્યું.

■

'સરદર્દ કિતને દિનોં સે હૈ ?' નવા આવેલા પેશન્ટને કેપ્ટન ગર્ગે પૂછ્યું.

'યહી કુછ ચાર-પાંચ દિન સે.' જવાને કહ્યું.

'પોસ્ટ સે કબ લૌટે ?'

'એક હફ્તા હુઆ, સા'બ.'

'ઠીક હૈ. કૌન સી પોસ્ટ ગયે થે ? કિતને દિન ? પરિવાર મેં કૌન કૌન હૈ ? ATM કાર્ડ કા પિન નંબર યાદ હૈ ?' કેપ્ટન ગર્ગે વારાફરતી સંખ્યાબંધ પ્રશ્નો પૂછ્યા. જવાને બધાના યોગ્ય જવાબો આપ્યા. કેપ્ટન કદાચ એ જોવા માગતા હતા કે ઉત્તુંગ પોસ્ટ પર રહીને આવેલા જવાનને મગજ પર સોજો તો નથી ચડ્યો અને તેને કારણે સ્મૃતિભ્રંશ તો નથી થયો ? નસીબનો પાડ કે પેશન્ટને એવી તકલીફ ન હતી.



પરંતુ સિઆચેનમાં ફરજ બજાવનાર જવાનોને તથા અફસરોને ક્યારેક તેમનું નસીબ સાથ આપતું નથી. જેમ કે પહાડી ચોકીમાં ફરજ બજાવવા ગયેલા એક કેપ્ટનને તેમના નસીબે બૂરી રીતે દગો દીધો હતો. આ અફસરને ફરજપાલન દરમ્યાન મગજમાં સોજો ચડ્યો. દુખાવો ક્રમશઃ વધતો બેસુમાર હદે પહોંચ્યો ત્યારે તેમને હેલિકોપ્ટર મારફત નીચે બેઝ કેમ્પ લાવવામાં આવ્યા. અહીં ADS/ Advanced Dressing Stationમાં પ્રાથમિક નિદાન નીકળ્યું કે મગજના કોષોને નુકસાન થવાને કારણે કેપ્ટનની યાદશક્તિ કમજોર બની છે. મેમરી લોસનો કેસ હતો. મર્યાદિત તબીબી સુવિધાઓવાળા ADS ખાતે કેપ્ટનની સારવાર થઇ શકે તેમ નહોતી, એટલે વાયા થોઇસ વિમાન મારફત તેમને દિલ્લીની Research and Referral હોસ્પિટલે લઇ જવામાં આવ્યા. અહીં સારવાર દરમ્યાન કેપ્ટનનાં માતા-પિતા તેમને રૂબરૂ મળવા આવ્યા ત્યારે બિચારા કેપ્ટન બેમાંથી એકેયને ઓળખી ન શક્યા. સ્મૃતિપટ પરથી મા-બાપની તસવીર ભૂંસાઇ ચૂકી હતી. માતા-પિતા પર એ સમયે શું વીત્યું હશે તેની આપણે તો કલ્પના સુધ્ધાં કરી ન શકીએ.

સિઆચેનમાં આવા મેમરી લોસના કેસ જવલ્લે જ બને, પણ તે બનવા પાછળનું કારણ વૈજ્ઞાનિક દષ્ટિએ સમજવા જેવું છે. સરેરાશ ૬,૦૦૦ મીટરની ઊંચાઇએ આવેલી આપણી ચોકીઓમાં રહેતા જવાનો/અફસરોને પ્રત્યેક શ્વાસે ઓક્સિજનનો મર્યાદિત પુરવઠો મળતો હોય છે. આ લિમિટેડ પુરવઠાનો ઘણોખરો ભાગ મગજને મળે, છતાં ક્યારેક એ પણ જરૂર કરતાં ઓછો જણાય છે. આવા વખતે મગજના કોષોને નુકસાન પહોંચી શકે છે. કોષો જો યાદશક્તિનું સંચાલન કરતા હિસ્સાના હોય તો દરદીને મેમરી લોસ થવાનું જોખમ ખરું ! મગજના અન્ય કોઇ હિસ્સાના કોષો અસરગ્રસ્ત બન્યા હોય તો પીડિતની વાચા, સમજશક્તિ, નિર્ણયશક્તિ, સંવેદના વગેરે પૈકી એકાદ અગર તો એક કરતાં વધુ શક્તિ જોખમાયા વિના ન રહે.



• *નવી દિલ્લીની આર્મી રિસર્ચ એન્ડ રેફરલ હોસ્પિટલ : સિઆચેનના વિષમ વાતાવરણનો ગંભીર રીતે ભોગ બનેલા દરદીઓને અહીં સારવાર અપાય છે*

તસવીર સૌજન્ય : Ministry of Defence

મગજ માટે બીજું જોખમ હાઈ બ્લડ પ્રેશરનું છે. લોહીનું દબાણ અતિશય વધી જાય તો મગજની સૂક્ષ્મ રક્તવાહિનીઓ હદપાર ફૂલ્યા પછી ક્યારેક ફાટી પડે છે. મગજમાં ત્યારે આંતરિક રક્તસ્રાવ થયા કરે છે. આ ગંભીર સમસ્યાનું બીજું નામ બ્રેઇન હેમરેજ !

ઘણી વાર લોહીનું વધી ગયેલું દબાણ આંખની બારીક રક્તવાહિનીઓ પર આવે છે. પ્રેશરને કારણે સંકોચાતા ડોળા નજર સામેનું દૃશ્ય સ્પષ્ટ દેખી શકતા નથી. દૃશ્યો ધૂંધળાં દેખાય છે અને નજર સમક્ષ લાલ-ભૂરાં કુંડાળાં રચાય છે. ડોળાની રક્તવાહિનીઓ ફાટી પડે તો આંખો લાલઘૂમ બને છે. આ સ્થિતિને તબીબી ભાષામાં રેટિનલ (નેત્રપટલનું) હેમરેજ થયું કહેવાય.

■

કેપ્ટન રાહુલ ગર્ગે પેલા જવાનનું તબીબી નિદાન પૂરું કર્યું એ પછી 'જીતેંગે !'નો શૌર્યનારો લગાવીને એ જવાન પણ રવાના થયો. હવે બીજાનો વારો આવ્યો.

'જુઓ, મિ. પુષ્કર્ણા...' કેપ્ટન ગર્ગે મને એ દરદીની નજીક બોલાવ્યો. 'આ ફ્રોસ્ટબાઇટનો કેસ છે.'

મેં જોયું કે ફ્રોસ્ટબાઇટથી એટલે કે હિમડંખથી જવાનના કાનની બુટ, નાકનું ટેરવું તથા આંગળાંનાં ટેરવાં એકદમ રતાશ પડતાં થઇ ગયાં હતાં. આ તમામ જગ્યાએ બળતરા થતી હોવાની કેપ્ટન ગર્ગને તેણે ફરિયાદ કરી ત્યારે કેપ્ટને તેને પૂછ્યું, 'પોસ્ટ કાટ કે આયે હો ?'

કેપ્ટનના કહેવાનું તાત્પર્ય એ કે પહાડી ચોકીમાં ફરજ બજાવીને આવ્યો છે ? ચોકીએ ફરજ પૂરી કરવાને અહીં બેઝ કેમ્પમાં ફૌજીઓ 'પોસ્ટ કાટી' એવા શબ્દોથી ઓળખે છે.

'નહીં, સા'બ.' જવાને કહ્યું. 'ટ્રેનિંગ ચાલુ હૈ.'

'હાથ મેં ગ્લવ્ઝ પહનતા હૈ ?'

'હાઁ, સા'બ.'

'વૂલન કેપ ?'

'વો ભી પહનતા હૂઁ, સા'બ.'

'દિખા મુઝે...' કહીને કેપ્ટન ગર્ગે જવાનના હાથમાંથી તેની વૂલન કાનટોપી અને હાથમોજાં લીધાં. 'આજ સે યહ ગ્લવ્ઝ મત પહેના કર... દૂસરે વાલે હોંગે તેરે પાસ... દેખ યે વાલે...' કેપ્ટને પોતાના આર્મી ગ્લવ્ઝ બતાવતા કહ્યું. 'ઇસ મેં તેરે હાથ ગરમ રહેંગે. ઠંડ સે તેરી ઉંગલિયોં કો તુઝે બચાના હૈ, સમઝા ? નહીં તો ફ્રોસ્ટબાઇટ કી તકલીફ ઔર બઢ સકતી હૈ. વૂલન કેપ ઐસે પહના કર કી પૂરા કાન ઢક જાયે. હો સકે તો નાક પે વૂલન માસ્ક લગા કર રખ.'

'ઠીક હૈ, સા'બ !'

'ઔર સુન...' કેપ્ટને જવાનને અટકાવ્યો. 'એક દો દિન કી છુટ્ટી લે ટ્રેનિંગ સે... સુબહ કાફી ઠંડ હોતી હૈ.'

'છુટ્ટી નહીં, સા'બ !' જવાન તરત ઉત્તેજનાના સૂરમાં બોલી પડ્યો.

'અચ્છા ચલ, ઠીક હૈ.' કેપ્ટન ગર્ગને હસવું આવ્યું. મેં તેનું કારણ પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે અહીં સિઆચેન બેટલ સ્કૂલમાં દરેક જવાનને કુલ ત્રણ અઠવાડિયા ટ્રેનિંગ અપાય છે. ધારો કે તેણે સોમથી શુક્ર ટ્રેનિંગ લીધી અને શનિવારે તે અમુક કારણસર ગેરહાજર રહ્યો, તો ગયો કામથી ! કારણ કે એક દિવસની ગેરહાજરીને લીધે પાંચ દિવસની મહેનત પર પાણી ફરી વળે છે. સોમવારથી લઇને શુક્રવાર સુધી દરરોજ વહેલી સવારે તેણે ટ્રેનિંગમાં જે કંઇ કર્યું તેનું પુનરાવર્તન

કરવાનો વખત આવે છે. નવેસરથી એકડો ઘૂંટવો પડે છે. આ સ્થિતિ ટાળવા માટે અહીંનો દરેક જવાન ટ્રેનિંગનો એક પણ દિવસ ગપચાવતો નથી. તબિયત ખરાબ હોય તો બીજું કામ કરે કે ન કરે, પણ ટ્રેનિંગ અવશ્ય લે છે. પેલા જવાને 'છૂટ્ટી નહીં, સા'બ !' એવું ભારપૂર્વક કેમ કહી દીધું તેનું કેપ્ટન ગર્ગના મોઢે રહસ્ય જાણ્યા પછી હું પણ હસી પડ્યો.

■





• અહીં બન્ને ફોટામાં હિમડંખની ભયંકરતાનો ખ્યાલ મળે છે

અગાઉના એકાદ-બે પ્રકરણોમાં આમ તો હિમડંખ/frostbiteને લગતી માહિતી આપી છે. પરંતુ થોડું પુનરાવર્તન કરીને પણ અહીં હિમડંખની ભયાનકતા સમજવા જેવી છે. આ વ્યાધિ માટે હિમ શબ્દ વપરાતો હોવા છતાં હકીકત એ કે માત્ર હિમ વડે એ થાય તેવું જરૂરી નથી. મુખ્ય જવાબદાર પરિબળ ઠંડી છે. હવાનું ઉષ્ણતામાન 0° સેલ્શિઅસ કરતાં નીચું હોય ત્યારે શારીરિક ઉષ્મા લાંબો સમય ખુલ્લી રહેતી ત્વચા દ્વારા ઊડી જતાં સ્નાયુના ટિશ્યૂ થીજવા માંડે છે. કોષો વચ્ચેનું તેમજ અંદરનું પ્રવાહી દ્રવ્ય હિમકણીમાં ફેરવાય છે, માટે ત્યાં રક્તપ્રવાહ બરાબર વહી શકતો નથી. રક્તવાહિનીઓમાં લોહીના ગઠ્ઠા જામે છે. બેઝ કેમ્પમાં હિમડંખનો ભોગ બનેલા જવાનના ઉપર વર્ણવેલા કેસમાં બન્યું તેમ નાકનું ટેરવું, આંગળી તેમજ અંગૂઠા, કાન, હડપચી વગેરે અંગોને વહેલી અસર થાય, કેમ કે ગરમાટો જાળવતું રુધિરાભિસરણનું પ્રમાણ ત્યાં ઓછું હોય છે.

હિમડંખને તેની તીવ્રતા પ્રમાણે તબીબોએ ગ્રેડ-1થી ચડતા ક્રમે ગ્રેડ-5 સુધી વર્ગીકૃત કર્યા છે. હિમડંખના પ્રથમ ચિહ્ન તરીકે શરૂઆતમાં ત્વચા લાલાશ પકડે છે. કેપ્ટન ગર્ગ જેવા તબીબો આને ગ્રેડ-1 કહે છે. આ સ્થિતિએ દરદીને યોગ્ય સારવાર મળી જાય તો હિમડંખની તીવ્રતા વધવાનું

જોખમ ટળે છે. (કેપ્ટન ગર્ગે એટલે જ પેલા જવાનને વધુ હૂંફ આપે તેવાં હાથમોજાં પહેરવાની તેમજ કાન પૂરેપૂરા ઢંકાય એ રીતે ટોપી પહેરવાની સલાહ આપી). નહિતર લાલાશવાળો ત્વચાનો ભાગ ભૂરાશ પકડે છે. દરદી હિમડંખની તીવ્રતાના આગામી ગ્રેડમાં મૂકાય છે. સૌથી ભયાનક તબક્કો હોય તો ગ્રેડ-5નો, જેમાં હિમડંખથી અસરગ્રસ્ત થયેલો હિસ્સો કાળો પડી જાય છે. લોહીના અભાવે ટિશ્યૂમાં ચેતના જ રહેતી નથી. નિશ્ચેત ભાગ અંતે કાપી નાખવો પડે છે.

■

'ફ્રોસ્ટબાઇટના આવા અંદાજે કેટલા કેસ આવે તમારી પાસે ?' કેપ્ટન ગર્ગને મેં સવાલ કર્યો.

'બહુ મોટી સંખ્યામાં. અહીં બેઝ કેમ્પમાં તો ઠીક, ઉપર પહાડી ચોકીમાંય એવા કેસ મેં તપાસ્યા છે.'

'હજારો ફીટ ઊંચે તો આટલી પણ તબીબી સુવિધાઓ ન હોય. તો પછી હિમડંખના દરદીને કઇ રીતે સાજા કરો ? ગરમ પાણીનો શેક આપીને ?'

'હા...' કેપ્ટને કહ્યું. '...પણ તે સારવાર માત્ર પ્રાથમિક ગ્રેડના હિમડંખ પૂરતી કારગત નીવડે. વળી ગરમ પાણીનો શેક આપવાની ચોક્કસ પદ્ધતિ છે. ફ્રોસ્ટબાઇટનો ભોગ બનેલા અંગને દા.ત. હાથનાં આંગળાંને સીધા ગરમ પાણીમાં ઝબોળી દેવાતાં નથી.'

• આંગળાંને હિમડંખથી બચાવવા જવાને/અફસરે હાથ પર હંમેશાં ગ્લવ્ઝ ચડાવેલાં રાખવાં જોઇએ



'એમ કરવું તો ડેન્જરસ છે, ડોક્ટર!' હું બોલી પડ્યો. 'સંકોચાઇ ગયેલી રક્ત-વાહિનીઓ ગરમીમાં તત્કાળ ફૂલી જાય.'

'એકાએક વિસ્તરણ રક્તવાહિનીઓને જોખમ પહોંચાડી શકે--એટલે જ અમે પહેલાં જવાનની કોણીએ ગરમ પાણીની ધાર રેડીએ.' કેપ્ટન ગર્ગે જણાવ્યું. 'કોણીની ઉષ્મા આસ્તે આસ્તે આગળ વધતી આંગળાં સુધી પહોંચે ત્યાં સુધીમાં તેની માત્રા ઘટી ચૂકી હોય. થોડી વાર પછી કોણીથી સહેજ નીચેના ભાગમાં ગરમ પાણી નાખીએ. આ રીતે ધીમે ધીમે કરીને શેક આપવો પડે છે.'

'કોઇ જવાન યા અફસર માનો કે બહુ ખરાબ રીતે ફ્રોસ્ટબાઇટનો શિકાર બને ત્યારે તમે શું કરો ?'

'કંઇ જ નહિ... મિ. પુષ્કર્ણા ! લાચારી અનુભવવા સિવાય કશું જ નહિ.'

કેપ્ટન ગર્ગના અવાજમાં હતાશાનો સૂર હતો. પહેલાં મને થયું કે ખોટો સવાલ પૂછીને તેમની લાગણીને કદાચ મેં ઠેસ પહોંચાડી. પરંતુ સવાલ અર્થપૂર્ણ હતો. ન પૂછ્યો હોત તો તેને લગતી જવાબરૂપી માહિતી કેવી

રીતે મળે ? અને માહિતી મેળવવા માટે જ તો હું સિઆચેન ગયો હતો. મન મક્કમ કરીને મેં બીજો સવાલ કર્યો : 'આવા દરદીને તાત્કાલિક બેઝ કેમ્પ લાવવામાં આવતો હશે, નહિ ?'

'હા. હેલિકોપ્ટરમાં બેસાડીને બેઝ કેમ્પ લાવવામાં આવે.' કેપ્ટને જવાબ દીધો. 'પરંતુ તમે જાણો છો તેમ અહીં તબીબી સુવિધાઓ મર્યાદિત છે, એટલે દરદીને લેહની અથવા તો દિલ્હીની આર્મી હોસ્પિટલે મોકલી દેવાય છે. શરીરનો જે હિસ્સો ગ્રેડ-5ના ફ્રોસ્ટબાઇટનો ભોગ બની ગેંગ્રિનમાં પરિણમ્યો હોય તેને તબીબો સર્જરી કરીને કાપી નાખે છે. આ રીતે ઘણા અફસરોએ તથા જવાનોએ પોતાના હાથ, પગ, આંગળાં, નાકનું ટેરવું, હડપચી, કાનની બુટ વગેરે પૈકી કશાકનો હિમડંખના વાંકે ભોગ આપવો પડ્યો છે.'

મુશ્કિલ વક્ત, કમાન્ડો સખ્ત !

હિમડંખની ભયાનકતા સમજવા માટે ખુશ્કીદળની ૧૦મી ડોગરા રેજિમેન્ટના કેપ્ટન રાકેશ મહેતા નામના અફસરનો દાખલો અહીં નોંધવા જેવો છે. કમાન્ડોની ટ્રેનિંગ પામેલા કેપ્ટન મહેતાને ૨૦૦૫ની સાલના આરંભે ભર શિયાળે સિઆચેનમાં પોસ્ટિંગ મળ્યું. (યાદ રહે કે શિયાળામાં સિઆચેન ખાતે થર્મોમીટરનો પારો માઇનસ ૩૦થી ૫૫ અંશ સેલ્શિઅસે રહે છે). આશરે છ હજાર મીટરની ઊંચાઇએ આવેલી એક લશ્કરી ચોકીનો ચાર્જ કેપ્ટન મહેતાએ પોતાના હાથમાં લીધાને માંડ કેટલાક દિવસો વીત્યા ત્યાં નસીબે તેમનો સાથ છોડી દીધો. અકથ્ય ઠંડીને કારણે તેઓ હિમડંખના શિકાર બન્યા. તબીબી સારવાર માટે તેમને તત્કાળ બેઝ કેમ્પ મોકલી આપવા પડે તેમ હતા, પરંતુ નસીબનો જ ખેલ કે લાગલગાટ બે અઠવાડિયા સુધી સિઆચેનનું હવામાન ખરાબ રહ્યું. હિમઝંઝાવાતે ચોતરફ 'વ્હાઇટ આઉટ' સર્જી દીધો, એટલે બેઝ કેમ્પથી એકેય હેલિકોપ્ટર એ દરમ્યાન ઉડાન ભરી શક્યું નહિ.

અગિયારમા દિવસે આખરે કુદરતનો પ્રકોપ શમ્યો ત્યારે સહેજ પણ વખત બગાડ્યા વિના એક હેલિકોપ્ટર કેપ્ટન મહેતાને તેડવા માટે આવ્યું. બનતી ત્વરાએ તેમને પર્તાપુર, થોઇસ અને પછી દિલ્હીની Research and Referral કહેવાતી આર્મી હોસ્પિટલે પહોંચાડવામાં આવ્યા. પરંતુ બહુ મોડું થઇ ગયું. દસ દિવસમાં હિમડંખે કેપ્ટન મહેતાના હાથ-પગના ટિશ્યૂને અંદરથી ખલાસ કરી દીધા હતા. લોહી ન મળવાને લીધે ગેંગ્રિન થયું હતું. નિષ્પ્રાણ બનેલા અંગોને Research and Referralના તબીબોએ નછૂટકે કાપી નાખવા પડ્યા. પરિણામ ? કેપ્ટન મહેતાએ થાપાથી નીચેનો જમણો પગ, ઘૂંટણથી નીચેનો ડાબો પગ અને કોણીથી નીચેનો ડાબો હાથ હંમેશ માટે ગુમાવી દીધા. આવી પંગુતા કોઇ પણ માણસનું મનોબળ ચકનાચૂર કરી નાખે.

પરંતુ 'મુશ્કિલ વક્ત, કમાન્ડો

• કેપ્ટન રાકેશ મહેતા સાથે થયેલી દુર્ભાગ્યપૂર્ણ ઘટના અંગેનો અખબારી રિપોર્ટ

Siachen Captain loses three limbs

By Rahul Singh/TNN

Chandigarh: Doctors at the Army Research and Referral Hospital in New Delhi have amputated three gangrene-affected limbs of a 30-year-old army captain who could not be evacuated on time from a forward post on the 21,000-foot-high Siachen glacier after he developed severe high-altitude induced medical complications.

Capt. Rakesh Mehta from 10 Dogra regiment waited in vain for critical medical help in minus 30 degrees temperature for more than 10 days on the world's highest battleground. He could not be retrieved from his post as hostile weather crippled helicopter flights in the Siachen glacier sector for over two weeks in February.

Doctors at the RR hospital had to opt for extensive amputation to keep Capt Mehta alive. His right leg has been amputated from the hip, left leg from the knee and left arm from the elbow. Mehta is married and has a three-year-old son.

Capt Mehta's 90-day refrigerated combat stint on the glacier began on February 1. After Army Aviation resumed flying operations, the officer was airlifted to 403 Field Ambulance at Partapur where the Siachen Brigade is headquartered.

Army medics there referred him to Western Command Hospital, Chandimandir, where he arrived on February 18 in a dangerously ill stage — his body functions were paralysed due to acute brain infarction, frostbite had chewed its way through his limbs and he was suffering from pulmonary edema (lungs filled with water).

Within 24 hours, he was flown from Chandimandir to Army's RR hospital in a special IAF plane and admitted in the intensive care unit.

Capt Mehta and his men set out on foot from the base camp on January 2 after rigourous acclimatisation, followed by specialised training at the Siachen Battle School, to survive at the killer heights. Mehta reached his post after an arduous 24-day trek.

સખ્ત'નો શૌર્યનારો જેમનો જીવનમંત્ર હતો તે કેપ્ટન મહેતાએ તેમની જિજીવિષાનું મરણ થવા ન દીધું. બલકે, મુશ્કિલ વક્ત સામે સખ્તીથી લડ્યા. ચાર વર્ષ તબીબી સારવાર લીધી અને પછી artificial limbs/ કૃત્રિમ અંગો (હાથ-પગ) ધારણ કરીને ફૌજી જીવન નવેસરથી શરૂ કર્યું. ખુશ્કીદળે તેમને સેવાનિવૃત્ત કરી દેવાને બદલે પૂણે ખાતે પોસ્ટિંગ આપ્યું એટલું જ નહિ, વખત જતાં લેફ્ટનન્ટ-કર્નલ તરીકે બઢતી પણ આપી.

આ કમકમાટીજનક પ્રસંગમાં એક તરફ જ્યાં હિમડંખની ભયાનકતાનો ખ્યાલ મળે છે ત્યાં બીજી બાજુ આપણા હિમપ્રહરીઓના ફૌલાદી મનોબળનાં દર્શન થાય છે. આવા સપૂતોને તેમની શિસ્ત, ફરજપાલન, વતનપરસ્તી, મનોબળ બદલ માત્ર સલામ કરીએ તે પૂરતું નથી. બલકે, તેમના સદ્‌ગુણો અપનાવીને જીવનમાં ઉતારીએ એ જ ખરી સલામી છે.

■

કેપ્ટન રાહુલ ગર્ગને મેં આગામી સવાલ કર્યો, 'આપણી દરેક ચોકીએ તમારા જેવા તબીબો તૈનાત હોય છે ?'

'દરેક નહિ. અમુક ચોકીઓની વચ્ચે એક BFNA હોય છે.'

'BFNA?'

'.....' વધુ એક દરદીને તપાસવામાં લાગેલા ડોક્ટરે જવાબ ન દીધો. મેં ફરી પ્રશ્ન કર્યો પણ નહિ.

'BFNA એટલે BattleField Nursing Assistant'. એકાદ મિનિટ બાદ તેમણે કહ્યું.

'આ તબીબી હોદ્દાના નાતે ઉપર ચોકીમાં તમારી કઇ કઇ ફરજો હોય છે ?'

'જવાનોનું બ્લડ પ્રેશર ચેક કરવું, અતિશય ઊંચાઇએ થતી સરદર્દ, ચક્કર, ઉબકા જેવી નાની મોટી ફરિયાદો દૂર કરવી વગેરે નોર્મલ તબીબી સેવાઓ.'

આ વાર્તાલાપ ચાલતો હતો ત્યાં કેબિનનું બારણું ફરી ખૂલ્યું. સિઆચેનની (૧૮,૯૦૦ ફીટ ઊંચેની) ચોકીએ ફરજ બજાવી આવેલા શીખ બટાલિઅનના પેલા મેજર હરસુખચૈન સિંહ પધાર્યા. મને અહીં બેઠેલો જોઇને તરત બોલ્યા, 'તો તમે અહીં પણ ઇન્ટરવ્યૂ કરી રહ્યા છો, એમ ને ? કેવું ચાલી રહ્યું છે તમારું કામ ?'

'એકદમ સંતોષકારક.' મેં કહ્યું. 'પણ તમે અહીં ક્યાંથી ? કોઇ તકલીફ ?'

'એમને હવે રજા પર જવાનું છે, મિ. પુષ્કર્ણા !' કેપ્ટન ગર્ગ બોલ્યા. 'અને તેઓ જશે કે નહિ એ મારે નક્કી કરવાનું છે.'

'હા.. હા.. હા...!' મેજર હરસુખચૈન જોરમાં હસી પડ્યા. 'વાત તો બરાબર છે.'

મને મામલો જાણવામાં રસ પડ્યો, એટલે કેપ્ટન ગર્ગને મેં પૂછ્યું : 'કઇ રીતે ?'

કેપ્ટન ગર્ગનો પ્રત્યુત્તર : 'સિઆચેનમાં એકાદ ચોકીએ ફરજ બજાવીને પાછા ફરેલા જવાનને તથા અફસરને થોડા દિવસ રજા પર મોકલી દેવાનો ધારો છે.'

'કોઇ ખાસ કારણ ?'

'વિષમ વાતાવરણમાં શરીરે બહુ ત્રાસ વેઠ્યો હોય છે. ભૂખમરા જેવી સ્થિતિમાં પૂરતા પ્રોટીનના, ચરબીના તેમજ વિટામિનના અભાવે શારીરિક વજન ખાસ્સું ઘટી ગયું હોય છે.' કેપ્ટને ખુલાસો આપ્યો.

'અરે, મારું તો ૧૪ કિલોગ્રામ વજન ઘટી ગયું છે.' મેજર હરસુખચૈન સિંહે તરત જ કહ્યું.

'હવે ઘરે જઇ ખાઇ-પીને પાછું શરીર બનાવવું છે. બસ, ડોક્ટરસાહેબ રજા આપે એટલી વાર !'

ચોકીએથી પાછા ફરેલા જવાન/અફસરને છૂટ્ટીએ મોકલતા પહેલાં તેનું સંપૂર્ણ તબીબી પરીક્ષણ કરવામાં આવે છે. ADS/ Advanced Dressing Stationના તબીબ ફિટનેસ સર્ટિફિકેટ આપે નહિ ત્યાં સુધી જવાનથી તથા અફસરથી રજા પર જઇ શકાતું નથી. એક પહાડી પોસ્ટ પર પાંચ મહિના કાઢીને હવે રજા પર જવા માગતા મેજર હરસુખચૈન સિંહ એટલે જ કેપ્ટન રાહુલ ગર્ગ પાસે આવ્યા હતા. તબીબી કાગળિયાઓ પર કેપ્ટન ગર્ગની સહીઓ લીધા બાદ (અને ગરમ ચા સાથે ભજિયાંનો નાસ્તો કર્યા બાદ) મેજર હરસુખચૈન સિંહ રવાના થયા.

■

બપોરના બારેક વાગ્યાની આસપાસ કેપ્ટન ગર્ગની કેબિનમાં પેશન્ટોનો ધસારો શમી ગયો. કેપ્ટને ત્યારે કહ્યું, 'ચાલો, મિ. પુષ્કર્ણા... તમને અમારું દવાખાનું બતાવું.'

કેબિનની બાજુના ઓરડામાં તેઓ મને લઇ ગયા, જ્યાં ત્રણ-ચાર પલંગો પર લેટેલા જવાનો તબીબી સારવાર લઇ રહ્યા હતા. એક જવાનનો ડાબો ચહેરો તથા આંખ પાટાપીંડીથી ઢંકાયેલા હતા. કેપ્ટનને મેં પૂછ્યું, 'શું થયું આને ?'

'ક્યા હુઆ ? સા'બ કો બતાઓ જરા !' કેપ્ટને પેલા જવાનને કહ્યું.

'સ્ટવ ફટા થા, સા'બ !' એક આંખે જોવામાં તકલીફ અનુભવી રહેલા જવાને તેની ગરદન મારી તરફ ફેરવીને કહ્યું.

કેપ્ટને ખુલાસો આપતા સમજાવ્યું કે તેની બાજુમાં અકસ્માતે સ્ટવ ફાટ્યો હતો અને ચહેરાનો ડાબો હિસ્સો તેમાં બૂરી રીતે જખ્મી બન્યો હતો. ડાબી આંખને પણ નુકસાન પહોંચ્યું હતું. સારવાર માટે તેને અહીં ADS ખાતે લાવવામાં આવ્યો, જ્યાં તેની ટ્રીટમેન્ટ કેટલાક દિવસોથી ચાલી રહી હતી. અત્યારે ડ્રેસિંગ માટે એક મદદનીશ તબીબ તેનો પાટો ખોલી રહ્યો હતો.

સફેદ પાટો ખૂલ્યો. જવાનના ડાબા ચહેરા પર ઠેરઠેર કાળા ડાઘા દેખાતા હતા. દાઝવાના



• સ્ટવના ધડાકાએ જખ્મી કરેલા જવાનનું તબીબી પરીક્ષણ કરી રહેલા કેપ્ટન ગર્ગ

તસવીર : હર્ષલ પુષ્કર્ણા

કારણે ત્વચા કાળી પડી ગઇ હતી. આંખે પટ્ટી હજી મારેલી હતી. કેપ્ટન ગર્ગે તે પણ કઢાવી અને પછી જવાનની આંખ તપાસી. 'દાહિની આંખ બંધ કરો ઔર બાયીં આંખ સે દેખો... સામને કૌન ખડા હૈ ?'

'સા'બ ખડે હૈ... લેકિન ઉનકા ચહેરા ધુંધલા દિખતા હૈ.'

કેપ્ટને જણાવ્યું તેમ દોઢેક મીટર કરતાં છેટેનું દૃશ્ય એ જવાન સ્પષ્ટ રીતે જોઇ શકતો ન હતો. કેટલાક દિવસ અગાઉ સારવાર માટે તેને ADS લાવવામાં આવ્યો ત્યારે ડાબી આંખે તેને આટલું છેટેનુંય દેખાતું ન હતું. અહીં આરામમાં દિવસો વીતતા ગયા તેમ આંખોની રોશની આસ્તે આસ્તે પાછી આવવા લાગી હતી.

'અબ જલદી ઠીક હો જાઓ... ઔર જલદી સે ડ્યૂટી સંભાલો...' ઇજાગ્રસ્ત જવાનને મેં કહ્યું. 'ફૌજ કો તુમ્હારી જરૂરત હૈ.'

'જી, સા'બ ! મૈં ડ્યૂટી પર વાપસ જાના ચાહતા હૂઁ.' જવાનના અવાજમાં જોશ હતો. બૂરી રીતે ઇજાગ્રસ્ત થયા છતાં તેને પોતાની અધૂરી રહી ગયેલી ફરજે (પહાડી ચોકીએ) પાછા ફરવાની ઉત્કંઠા હતી. આને કહેવાય ખરા કર્મયોગી !

સારવાર કક્ષમાં આવા બીજા જવાનોને મળ્યા પછી બપોરે એકાદ વાગ્યે કેપ્ટન રાહુલ ગર્ગનો આભાર માની મેં તેમની રજા લીધી અને મારા ગેસ્ટરૂમે પહોંચ્યો. કેપ્ટન ગર્ગ જોડે થયેલી વાતચીતોના મુદ્દા વિસ્તારપૂર્વક ડાયરીમાં નોંધ્યા. દંતચિકિત્સાથી લઇને હિમડંખ સુધીની તબીબી સમસ્યાઓનું નિવારણ લાવતા સિઆચેનના ડોક્ટરોનું કામ કેટલું જવાબદારીભર્યું છે એનો પાકો ખ્યાલ આજે મને Advanced Dressing Stationની મુલાકાતથી મળ્યો. સિઆચેનનું વિષમ વાતાવરણ કોઇ જવાનને યા અફસરને અસાધ્ય બીમારી તરફ ધકેલી ન દે તેની સતત કાળજી રાખનાર કેપ્ટન ગર્ગ અને તેમના જેવા તબીબોને ધન્યવાદ આપીએ તેટલા ઓછા !

■

સિઆચેનને લગતાં ઘણાંબધાં પાસાં બેઝ કેમ્પમાં રોકાણ દરમ્યાન જવાનોને, અફસરોને તેમજ તબીબોને રૂબરૂ મળ્યા પછી જાણવા મળ્યાં હતાં. હવે નેક્સ્ટ અજેન્ડા પહાડી ચોકી વિશે અને તેમાં રહેતા જવાનો વિશે માહિતી મેળવવાનો હતો, જે માટે આગામી દિવસે મારે પગપાળા પ્રવાસ કરીને સિઆચેનની પહાડી ચોકીઓની રૂબરૂ મુલાકાતે જવાનું હતું. એકાદ વર્ષથી જે મંગળઘડીની પ્રતીક્ષા હતી તે આવવામાં હવે અમુક કલાકોની જ વાર હતી.

દિવસના બીજા પ્રહરમાં મારે કોઇને ઇન્ટરવ્યૂ અર્થે મળવાનું નહોતું. પરિણામે બપોર ગેસ્ટરૂમમાં વીતાવ્યા પછી સાંજે હું સિઆચેન હિમનદીના મુખ પાસે આવેલા ઓ. પી. બાબા ટેમ્પલ સુધી વોકિંગ-કમ-જોગિંગ માટે નીકળ્યો. ●



ઓ. પી. બાબા : સિઆચેનના સૌથી 'સીનિયર' અફસર

શીખ બટાલિઅનના ગેસ્ટરૂમથી આશરે બે-અઢી કિલોમીટરના અંતરે સિઆચેન હિમનદીનું મુખ આવેલું છે. બર્ફીલી ચાદર ત્યાં જળપ્રવાહમાં રૂપાંતર પામે છે. નદીના કાંઠા પાસે વિશાળ મંદિર બનાવવામાં આવ્યું છે. ઓ. પી. બાબા ટેમ્પલ તરીકે ઓળખાતું એ મંદિર સામાન્ય પ્રકારનું નથી, બલકે ખાસ છે. બે અસાધારણ બાબતો તેને ખાસ બનાવે છે : (૧) ઓ. પી. બાબા ટેમ્પલ એવું ધાર્મિક સ્થળ છે કે જ્યાં તમામ ધર્મ-સંપ્રદાયોના જવાનો/અફસરો પોતપોતાની શ્રદ્ધા મુજબ પ્રાર્થના તેમજ બંદગી કરી શકે છે. ઓ. પી. બાબા મંદિર એ રીતે 'સર્વ ધર્મ સ્થલ' મતલબ કે ઓલ-ઈન-વન ધર્મસ્થાન છે. (૨) આ ધર્મસ્થાનને વિશેષ બનાવતી બીજી ખાસિયત તેના નામ 'ઓ. પી. બાબા'માં રહેલી છે. સિઆચેનમાં ડ્યૂટી માટે આવેલા જવાનો/અફસરો ચાહે ગમે તે ધર્મ-સંપ્રદાયના હોય, પણ ઓ. પી. બાબામાં તેમની શ્રદ્ધા અડગ છે એટલું જ નહિ, પણ બુલંદીએ છે. ઓ. પી. બાબાની મંજૂરી લીધા વિના કોઇ જવાન કે અફસર પહાડી ચોકીએ પોતાની ડ્યૂટી બજાવવા પ્રયાણ કરતો નથી. એ જ રીતે ચોકીએથી ડ્યૂટી બજાવીને પરત ફરેલા જવાનો/અફસરો બેઝ કેમ્પમાં પગ મૂકતાવેંત પહેલું કામ ઓ. પી. બાબાને સલામી આપવાનું કરે છે.

અહીં 'બાબા' શબ્દ વાંચ્યા પછી ધાર્મિક ચેનલો પર વ્યાખ્યાનો આપવા પ્રગટ થતા મહાનુભાવોની છાપ મગજમાં કદાચ ઉપસે, પરંતુ એને છાપભૂલ ગણવી રહી. કારણ કે 'બાબા' શબ્દ જરા ભ્રામક છે. ઓ. પી. બાબાનું અસલ નામ (શહીદ) ઓમ પ્રકાશ છે. ૧૯૮૦ના દસકા દરમ્યાન તેઓ સિઆચેનની 'માલૌન' ચોકીએ તોપચી ટુકડીના સૈનિક તરીકે ડ્યૂટીએ હતા. એક દિવસ 'માલૌન' પોસ્ટના સૌ જવાનોએ નીચેની ચોકીએ કોઇક કારણસર જવાનું થયું. 'માલૌન'ની સંપૂર્ણ જવાબદારી ઓમ પ્રકાશના શિરે આવી. યોગાનુયોગે એ જ દિવસે પાક સૈનિકોએ 'માલૌન' પર અણચિંતવ્યું આક્રમણ કરી દીધું. ઓમ પ્રકાશ એકલે હાથે ઝઝૂમ્યા અને શત્રુ સૈનિકોને ખદેડી મૂકવામાં સફળ થયા. ફાયરિંગની મુઠભેડમાં તેઓ કદાચ શત્રુની ગોળીનો શિકાર બની ઢળી પડ્યા અને સંભવતઃ કો'ક ઊંડી કોતરમાં સમાઇ ગયા. હકીકતે શું બન્યું એ તો કોને ખબર, પણ નીચેની ચોકીએ ગયેલા જવાનો તેમનું કાર્ય આટોપીને 'માલૌન' પાછા ફર્યા ત્યારે તેમને ઓમ પ્રકાશનાં



તસવીર : હર્ષલ પુષ્કર્ણા



● કુલ ૭૪.૬ કિલોમીટર લાંબી સિઆચેન હિમનદીનું મુખ, જેની પાસે ઓ. પી. બાબાનું મંદિર આવેલું છે

સગડ ન મળ્યાં. દિવસો સુધી તલાશી અભિયાન ચાલ્યું, પણ ઓમ પ્રકાશનો પત્તો ન ખાધો. આ જવાન ક્યાં લાપત્તા બન્યા તે રહસ્ય છેવટે રહસ્ય જ રહ્યું.

વધુ રહસ્યમય ઘટનાઓ ત્યાર પછી બની. 'માલૌન' તેમજ તેની આસપાસની આપણી ચોકીઓમાં ફરજ બજાવતા ઘણા જવાનોની કથની મુજબ ઓમ પ્રકાશ તેમનાં સ્વપ્નોમાં ઘણી વાર પ્રગટ થતા હતા અને સિઆચેન ક્ષેત્રમાં આવનારા કુદરતી જોખમો (દા.ત. હિમઝંઝાવાત યા હિમપ્રપાત) વિશે ચેતવણી આપતા હતા. આ જવાનોની વાત કેટલી સાચી (કે ખોટી) એ નક્કી કરવું મુશ્કેલ હતું, પણ તેમનું (અગર તો તેમના માધ્યમ થકી ચેતવણીનો ભયસૂચક અલાર્મ રિલે કરનાર ઓમ પ્રકાશનું) ભવિષ્યનિદાન ક્યારેક સાચું પડતું ત્યારે અનેક જણાને વાતમાં દમ જણાયો. ઓમ પ્રકાશની (કથિત) ભવિષ્યવાણી સાચી પડવી કદાચ સહજ યોગાનુયોગ હતો, પણ આવા યોગાનુયોગ દર થોડા વખતે બનવા લાગ્યા ત્યારે જવાનોને ઓમ પ્રકાશમાં આસ્તે આસ્તે વિશ્વાસ બેસવા લાગ્યો. વિશ્વાસ પછી તો ધાર્મિક શ્રદ્ધામાં પરિણમ્યો, જેણે ઓમ પ્રકાશને સામાન્ય સૈનિકમાંથી અસામાન્ય દૈવીપુરુષ *ઓ. પી. બાબા* બનાવી દીધા. સંખ્યાબંધ ચોકીઓમાં તેમનાં નાનાં અમસ્તાં મંદિરો બન્યાં. ૧૯૯૬માં બેઝ કેમ્પ ખાતે પણ બન્યું અને ઓ. પી. બાબામાં જવાનોની/અફસરોની શ્રદ્ધા વધતી ગઇ તેમ વર્ષોવર્ષ મંદિરનું કદ પણ વધ્યું.

આજે બેઝ કેમ્પ ખાતે સિઆચેન હિમનદીના મુખ નજીક આવેલું ઓ. પી. બાબાનું મંદિર મોટા વિસ્તારને આવરી લે છે. હિમનદી તરફ જઇ રહેલા તેમજ ત્યાંથી પાછા ફરી રહેલા ફૌજીઓ એ મંદિરની અચૂક મુલાકાત લે છે. ઓ. પી. બાબાની મૂર્તિ સમક્ષ ખડા રહીને આરતી ઊતારે છે,

• 'સર્વ ધર્મ સ્થલ' : ઓ.પી. બાબાનું મંદિર




બન્ને તસવીરો : હર્ષલ પુષ્કર્ણા

પછી સલ્યૂટ કરે છે અને લશ્કરી ઢબે ડ્યૂટી રિપોર્ટ પણ આપે છે. જવાનો/અફસરો જો હિમનદી તરફ આરોહણ શરૂ કરવાના હોય તો જતાં પહેલાં ઓ. પી. બાબાને કંઇક આવી પ્રાર્થના કરે છેઃ *ઓ. પી. બાબા ! અમે ફલાણી બટાલિઅનના જવાનો ફલાણા અફસરના નેતૃત્વ હેઠળ ફલાણી ચોકીએ ફરજ બજાવવા જઇ રહ્યા છીએ. અમને સૌને ફરજ પર જવા માટે પરવાનગી આપો. અમારા સૌનું ધ્યાન રાખજો. કુદરતી જોખમો સામે અમને ચેતવજો.*

બધા જવાનો તથા અફસરો ત્યાર પછી ઓ. પી. બાબાને સલ્યૂટ કરે, તેમની સમક્ષ શ્રીફળ વધેરે અને પ્રસાદ ચડાવી 'ઓ. પી. બાબા કી જય !'ના પોકારો કર્યા બાદ બેઝ કેમ્પથી પહાડી ચોકીનું આરોહણ શરૂ કરે.

ચોકીએ ફરજ બજાવીને પાછા આવેલા જવાનો/અફસરોએ ખરેખર તો સૌ પ્રથમ તેમની બટાલિઅનના કમાન્ડિંગ ઓફિસરને આવીને રિપોર્ટ કરવો જોઇએ, કારણ કે બેઝ કેમ્પમાં એ વડા અફસર કરતાં સીનિઅર હોદ્દો બીજા કોઇ અધિકારીનો નથી. ચોકીએથી આવેલા ફૌજીઓ જો કે પહેલાં ઓ. પી. બાબાને રિપોર્ટ કરે છે. અટેન્શનમાં તેમની મૂર્તિ સમક્ષ ઊભા રહીને જણાવે કે, *અમે ફલાણી તારીખે ફલાણી ચોકીએ તમારી મંજૂરી લઇને ગયા હતા. આજે સૌ હેમખેમ પરત ફર્યા છીએ. પહાડોમાં અમારું ધ્યાન રાખવા બદલ તમારો આભાર માનીએ છીએ.*



● *બેઝ કેમ્પના રસોડામાં બનતા ભોજનનો પહેલો ભોગ ઓ.પી. બાબાને ચડે*

આ બધું આપણને જરા અજૂગતું યા વધુ પડતું લાગે, પણ સિઆચેનમાં જવાનો તથા અફસરો માટે ઓ. પી. બાબા માનસિક સધિયારો છે. અહીં ઘણાખરાનું માનવું છે કે પહાડી ચોકીઓમાં ડ્યૂટી વખતે ઓ. પી. બાબાની દૃષ્ટિ તેમના પર સતત રહે છે અને વિષમ કુદરતી સંજોગોમાં એ દૈવીપુરુષ સૌને રક્ષણ આપે છે. ઓ. પી. બાબાની કથિત દૃષ્ટિ હંમેશાં રહે એ ખાતર તેમનો અનાદર કરવાની ભૂલ કોઇ કરતું નથી. માનો યા ન માનો, પણ ચોકીએ ગયેલા અમુક જવાનો ઓ. પી. બાબાની મંજૂરી લીધા વિના દાઢી-મૂંછ કરતા નથી. કેટલાક તો પોતાના નખ સુધ્ધાં કાપતા નથી. પર્મિશન વિના એમ કરવાથી ઓ. પી. બાબા નારાજ થાય એવી તેમને ભીતી હોય છે. આ કથિત દૈવીપુરુષ નારાજ થાય એનું પરિણામ શું આવે એ જાતનો સવાલ જ્યારે મેં ઓ. પી. બાબાના મંદિરે ઉપસ્થિત કેટલાક જવાનોને પૂછ્યો ત્યારે જવાબ મળ્યો, 'કુછ ભી હો સકતા હૈ, સા'બ ! બિગડા હુઆ મૌસમ જલદી ઠીક નહીં હોતા. જનરેટર ખરાબ હો જાતા હૈ. સ્નો સ્કૂટર સ્ટાર્ટ હોને સે મના કર દેતા હૈ.'

'કભી ઐસા હુઆ હૈ ?' મારા એ સવાલના જવાબમાં જવાનોએ કહ્યું કે, 'સા'બ, એક-દો બાર નહીં... કઇ બાર હુઆ હૈ ! ઓ. પી. બાબા મેં જો વિશ્વાસ નહીં રખતા ઉસકો કુછ ના કુછ મુશ્કિલેં ઝેલની પડી હૈ. ઇસ લિયે સારે જવાન ઓ. પી. બાબા કો દિલ સે માનતે હૈ. ઔર ફિર



હમારી ફૌજને ભી તો ઉનકો આદર-સમ્માન દિયા હૈ.'

'વો કૈસે ?' મને સવાલ થયો.

જવાનો મંદિરના પાછલા ભાગે આવેલી ઓરડી તરફ મને દોરી ગયા. એક નાની કેબિન હતી, જેના પર લખેલું હતું : 'ઓ. પી. બાબા કી જય !' આ કેબિનનો દરવાજો ખોલીને હું અંદર ગયો. એક તરફ પલંગ હતો, જેની ગાદી પર રજાઇ અને બ્લેન્કેટ વ્યવસ્થિત ગડી કરીને મૂકેલા હતા. પલંગની બાજુમાં એક પટારા પર કેપ્ટન ઓમ પ્રકાશ (ઉર્ફે ઓ. પી. બાબાનું) નામ લખેલું હતું. ભીંત પર એ જ નામવાળી લશ્કરી વર્દી લટકતી અને બાજુમાં તેમની ફોટોફ્રેમ હતી.

તસવીર : હર્ષલ પુષ્કર્ણા



• મંદિરની પાછળ આવેલી ઓ. પી. બાબાની કે

મારી સાથે આવેલા જવાનોએ જણાવ્યું તેમ કેપ્ટન ઓમ પ્રકાશ ૧૯૮૦ના દસકામાં શહીદ થયા, છતાં આપણા ખુશ્કીદળે તેમને હજી સેવાનિવૃત્ત કર્યા નથી. આ ફૌજીનો નિયમિત પગાર થાય છે, જે તેમના ઘરવાળાઓને મળે છે. આ સૈનિકે કર્મપાલન વખતે શહાદત વહોરી લીધી ત્યારે તેમનો લશ્કરી દરજ્જો સામાન્ય સિપાહીનો હતો. હવે આટલાં વર્ષે પ્રમોશન બાદ કેપ્ટનનો રેન્ક મળ્યો છે. (જો કે કેપ્ટનનો જૂનિઅર હોદ્દો હોવા છતાં સમગ્ર સિઆચેન ક્ષેત્રમાં તેમનાથી સીનિઅર કોઇ ગણાતું નથી. બેઝ કમાન્ડર નહિ તેમ બટાલિઅનના કમાન્ડિંગ ઓફિસર પણ નહિ). ભારતીય ખુશ્કીદળના ચોપડે કેપ્ટન ઓમ પ્રકાશ હજી ફરજ બજાવી રહ્યા છે. પરિણામે અન્ય સૌ જવાનો/અફસરોની માફક દર વર્ષે તેમને પણ અમુક દિવસોની રજા મળે છે. બે જવાનો ત્યારે કેપ્ટન ઓમ પ્રકાશનો યુનિફોર્મ તથા અન્ય સામાન પટારામાં ભરે છે અને 'તેમને' ઘર સુધી મૂકવા જાય છે. રજાઓ પૂરી થતા પાછા પણ લેતા આવે છે. બેઝ કેમ્પ ખાતે કેપ્ટન ઓમ પ્રકાશનું (ઉર્ફે ઓ. પી. બાબાનું) આવું ઔપચારિક પુનરાગમન થાય, એટલે ખુશ્કીદળના ચોપડે તેઓ ઓન-ડ્યૂટી હોવાનું અધિકૃત રીતે નોંધવામાં આવે છે. દરરોજ સવાર-સાંજ તેમને (બધા કરતાં પહેલાં) ભોજન પીરસવામાં આવે, રાત્રે તેમનું બિછાનું તૈયાર કરવામાં આવે અને સવારે સંકેલી લેવામાં આવે, જૂતાં પોલિશ કરવામાં આવે તથા દર થોડા વખતે યુનિફોર્મ ધોઇને ઇસ્ત્રી પણ કરવામાં આવે ! આમ કરવું કેપ્ટન ઓમ પ્રકાશના મદદનીશ જવાનની ડ્યૂટી છે, જેને તે પૂરી લગન સાથે કરે છે.

ઓ. પી. બાબા મંદિરે થોડો સમય પસાર કર્યા પછી મેં ગેસ્ટરૂમ તરફનો વોકિંગ-કમ-જોગિંગ પ્રવાસ આરંભ્યો. સાતેક વાગ્યાની આસપાસ બેઝ કમાન્ડર કર્નલ હરિહરનને હું તેમના કાર્યાલયે મળ્યો--આવતી કાલે પહાડી ચોકીએ જવા માટે માનસિક અને શારીરિક રીતે તૈયાર છું એ જણાવવા માટે ! •



ગરુડના પહાડી માળા જેવી પૉસ્ટ

ઊંચા પર્વતમાં આવેલી આપણી લશ્કરી ચોકીઓ વિશે મેજર હરસુખચૈન સિંહ અને મેજર પ્રવલ ધીર જેવા અફસરો પાસેથી તથા નિશાન સિંહ અને લખવિન્દર સિંહ જેવા સિપાહીઓ પાસેથી જે કંઇ સાંભળ્યું હતું તેમાંનું કેટલુંક નજરે જોવાનો લાખોમાં નહિ, કરોડોમાં એક જેવો અવસર મળ્યાની ખુશાલીએ, ઉત્તેજનાએ તેમજ ઉચાટે મને રાતભર ચેનથી ઊંઘવા ન દીધો. આ ખરેખર એ જ અવસર કે જેની છેલ્લા એકાદ વર્ષથી હું પ્રતીક્ષા કરતો હતો ? જેને માટે મેં જાન્યુઆરી, ૨૦૧૬માં લદાખની બર્ફીલી ઝંસ્કાર નદી પર ચાદર ટ્રેકનો (પ્રકરણ ૬) અને પછી ૨૦૧૬માં લદાખમાં જ ૬,૧૫૩ મીટર (૨૦,૧૮૭ ફીટ) ઊંચા સ્તોક કાંગડી શિખરને સર કર્યાનો (પ્રકરણ ૭) અનુભવ લીધો હતો ? જેના માટે મેં સિઆચેન સિવિલિઅન ટ્રેકમાં અરજી કરી હતી (પ્રકરણ ૮) અને તે નામંજૂર થતાં ખુશ્કીદળનો પરબારો સંપર્ક કર્યા પછી પ્રત્યત્તુરનો ‘કભી હાઁ અને કભી ના’ જેવો નાટકીય ઘટનાક્રમ જોયો ? આવા બધા વિચારો મનમાં સતત ઉઠતા રહ્યા અને તે દરેકના સંદર્ભે છેલ્લા એક વર્ષની પ્રસંગાવલિ મગજના સ્મૃતિપટ પર વારાફરતી રજૂ થઇ રહી હતી.

મદદનીશ ગુલઝાર સિંહના પેલા ‘ઉસ્તાદજી...’વાળા રોજિંદા મોર્નિંગ અલાર્મની રાહ જોયા વિના હું સાડા છ વાગ્યે રજાઇની હૂંફ છોડીને ઊભો થઇ ગયો. થોડી વારમાં ગુલઝાર સિંહ ગરમ પાણીની બાલદી લઇને આવ્યો. મને ડાયરીમાં કશુંક લખતો જોઇને તે નવાઇ પામી ગયો. ‘ઉસ્તાદજી...જલદી ઉઠ ગયે ?’

‘જલદી કહાઁ ? આજ તુમ દેર સે આયે હો.’ મેં મજાક કરી.

‘મૈંને સોચા આજ દેર સે ઉઠેંગે... આજ રવિવાર હૈ ઇસલિયે.’

કોણ જાણે કેમ, પણ ગુલઝાર સિંહના એ વાક્યે મને અહીં આવ્યા પછી પહેલી વખત પ્રતીતિ કરાવી કે તારીખ-વાર જેવું પણ કંઇક હોય છે ! બાકી તો દુનિયાથી સાવ અલિપ્ત એવી બેઝ કેમ્પની દુનિયામાં મને એ બાબતનું લગીરે ભાન રહ્યું ન હતું. વર્તમાનપત્રો અહીં આવતાં નથી, એટલે બાહ્ય જગતમાં શું બનતું હતું અગર તો બની રહ્યું હતું તેનાથી હું તદ્દન અજાણ હતો.

'આજ કિસસે મિલના હૈ આપકો ઇન્ટરવ્યૂ કે લિયે ?' ગુલઝાર સિંહે જતી વખતે પૂછ્યું.
'આજ તો પોસ્ટ પર જા રહા હૂઁ.'
'પોસ્ટ ?' ગુલઝાર સિંહ ડઘાઈ ગયો. 'કૈસે ? હેલિકોપ્ટર સે ?'
'નહીં, નહીં... પૈદલ, પહાડ ચઢ કર.'
આ સાંભળી ગુલઝાર સિંહ હસી પડ્યો. 'બહુત મુશ્કિલ હૈ, ઉસ્તાદજી ! કૈસે કર પાઓગે ?'
'ક્યોં નહીં ? વાપસ આ કર તુમ્હેં બતાઉંગા કિ મૈંને કૈસે કર દિખાયા.' મેં કહ્યું. 'અચ્છા, ચાય



• સિઆચેન ક્ષેત્રનાં હિમાચ્છાદિત શિખરો, જેમની વચ્ચે જુદી જુદી ઊંચાઈએ આપણી લશ્કરી ચોકીઓ આવેલી છે

તસવીર : હર્ષલ પુષ્કર્ણા

વખતે પૂછ્યું.

કર પાઓગે ?'
'અચ્છા, ચાય

ઔર નાસ્તા આજ જરા જલદી મિલ સકતા હૈ ?'

'હાઁ જી, ચાય પિલા દેંગે. નાસ્તા તો નહીં બનેગા આજ... સીધા બ્રન્ચ !'

રવિવારે બેઝ કેમ્પમાં અફસરોને અઠવાડિક રજા હોય, એટલે તેઓ સવારે નિરાંતે ઊઠે અને પછી બપોરે બારેક વાગ્યે ભોજનાલયમાં (મેસમાં) breakfastlunch/ brunch માટે ભેગા થાય. પરવારીને હું ત્યાં ગયો. ગુલઝાર સિંહે ચા પીવડાવી પછી ચોકીએ જવાનું તેડું આવે તેની રાહ જોતો હીટરની બાજુમાં બેસી રહ્યો. વીસેક મિનિટમાં તેડું આવ્યું. 'ઉસ્તાદજી... ચલિયે ! આપકો



તસવીર : હર્ષલ પુષ્કર્ણા

લેને કે લિયે ગાડી આયી હૈ.'

મારા શરીરમાં વીજળી ફરી વળી હોય એમ હું સફાળો ઊભો થઇ ગયો. ઓફિસર્સ મેસની બહાર નીકળ્યો. સામે ખુશ્કીદળની મારુતિ જિપ્સી હતી. હું એ તરફ ગયો.

'સત્ શ્રી અકાલ, સા'બ !' જિપ્સીના લશ્કરી યુનિફોર્મધારી ડ્રાઇવરે અભિવાદન કર્યું.


'સત્ શ્રી અકાલ !'

'આપ પત્રકાર હૈ ? પોસ્ટ પે જાયેંગે ? પહાડ કે રાસ્તે ?'

'જી.'

'ચલો, ઠીક હૈ !' કહીને ડ્રાઇવરે ગાડી હંકારવાનું શરૂ કર્યું. રસ્તામાં તેણે મારા અહીં આવવાના પ્રયોજન અંગે સંખ્યાબંધ સવાલો પૂછ્યા. એકાદ કિલોમીટર જેટલું અંતર કાપ્યા પછી જિપ્સી થોભી. પાછલો દરવાજો ખોલીને બે જવાનો અને તેમની સાથે એક લદાખી પોર્ટર સીટ પર ગોઠવાયા. મેં તેમને અનુક્રમે 'સત્ શ્રી અકાલ !' અને 'જુલે!' કહ્યું. (જુલે = નમસ્કાર).

• *જતાં પહેલાં ઓ. પી. બાબાને તેમજ શહીદોને સલામ !*



તસવીર : હર્ષલ પુષ્કર્ણા

'સત્ શ્રી અકાલ, સા'બ ! મુઝે પહેચાના ?' એક જવાન બોલ્યો.

ગરદન ઘૂમાવીને મેં પાછળ જોયું તો લખવિન્દર સિંહ !

'અરે, લખી સિંહ, તુમ ?' હું ખુશાલીથી બોલી પડ્યો. આ તો એ જ જુવાનિયો ફૌજી જેને બે દિવસ પહેલાં મેજર પ્રવલ ધીરની ઓફિસે મળવાનું થયું હતું. સિઆચેનની ઉત્તુંગ ચોકીઓએ પાંચેક મહિનાનું રોકાણ કરીને આવેલા પેલા છ જવાનોમાં એક લખવિન્દર સિંહ ઉર્ફે લખી સિંહ પણ હતો.

'તુમ ચલ રહે હો મેરે સાથ... ઉપર ચૌકી તક ?' મેં તેને પૂછ્યું.

'હાઁ જી, હાઁ જી, સા'બ !' લખી સિંહે કહ્યું. 'સાથ મેં યહ ભી આયેંગે.'

'આપ કા નામ ?' મેં બીજા જવાનને પૂછ્યું.

'કરમજીત સિંહ.'

'આપ ભી પોસ્ટ કાટ કે આયે હૈ ?'

'હાઁ જી, સા'બ !'

બીજું દોઢ-બે કિલોમીટરનું અંતર કાપ્યા પછી એક સ્થળે ડ્રાઇવરે જિપ્સી ઊભી રાખી. હું, લખી સિંહ, કરમજીત સિંહ અને લદાખી પોર્ટર ઊતરી ગયા. હવે અહીંથી પગપાળા પ્રવાસ કરવાનો હતો. નજર સામે ગગનચુંબી પહાડો હતા, જેના પર આરોહણ આરંભતા પહેલાં સાંકડી ખીણ પાર કરવાની હતી.

'અચ્છા જી !' ડ્રાઇવરે મારી જોડે હાથ મિલાવતા કહ્યું.

'આપ આરામ સે ચૌકી હો કર આયીએ. અપના ધ્યાન રખના, સા'બ ! સત્ શ્રી અકાલ !'

'ધન્યવાદ ! ફિર મિલેંગે... સત્ શ્રી અકાલ !'

આરોહણ આરંભતા પહેલાં કરમજીત સિંહ એક નાનકડા મંદિર પાસે ગયા. મંદિર પરની એક ધજા પર 'ઓ. પી. બાબા કી જય !' લખેલું હતું. મંદિર તરફ મોં રહે એ રીતે શિસ્તબદ્ધ ટટ્ટાર પોઝમાં ખડા રહીને તેમણે સલ્યૂટ કરી. ચોકીએ જવા માટે ઓ. પી. બાબાની પરવાનગી લીધી અને પછી કહ્યું, 'ચલિયે સા'બ, અબ હમ જા સકતેં હૈ.'

■

સૌથી આગળ લદાખી પોર્ટર, પછી લખી સિંહ, ત્રીજા ક્રમે હું અને મારી પાછળ કરમજીત સિંહ એ રીતે કતાર રચીને અમે ચાલવાનું શરૂ કર્યું. રસ્તો અત્યંત ખડકાળ હતો, એટલે ગતિ નોર્મલ કરતાં સહેજ ઓછી હતી. આમ છતાં હવામાં ઓક્સિજનની કમીને લીધે શ્વાસોચ્છ્વાસમાં ફેફસાંએ સહેજ વધુ જોર લડાવવું પડતું હતું. ઊંચા પર્વતોની વચ્ચે સાંકડી ખીણમાં સૂર્યનાં કિરણો પહોંચી શકતાં ન હોવાથી વાતાવરણની પ્રખર ઠંડી વરતાઇ રહી હતી. અલબત્ત, વીસ-પચ્ચીસ મિનિટ ચાલ્યા પછી શરીરમાં ગરમી આવી ગઇ. વધુ થોડો વખત વીત્યા પછી તો પસીનો વળવાનું જ શરૂ થવાનું હતું.

સિઆચેન હિમનદીના પીગળેલા બરફનું પાણી ઝરણાંરૂપે ખીણની વચ્ચોવચથી વહેતું હતું. આ ઝરણાની ઉપર બનેલા કામચલાઉ સસ્પેન્શન બ્રિજને પાર કરીને અમે ચારેય સામા કાંઠે પહોંચ્યા. અહીંથી આરોહણનો આરંભ થવાનો હતો, માટે ઘડીભર પોરો લેવા માટે અમે ઊભા. પાણી પીધું--અને તે પીવું જરૂરી નહિ, અનિવાર્ય હતું. અગાઉ સ્તોક કાંગડી શિખરનું આરોહણ કરતી વખતે સ્વાનુભવે મને જણાયેલું કે ઠંડા વાતાવરણમાં પર્વતારોહણ વખતે ડિહાઇડ્રેશનથી બચવા પાણી પુષ્કળ માત્રામાં પીવું જોઇએ. ઉચ્છ્વાસ વાટે ભેજરૂપે નીકળી ગયેલા તેમજ પસીનાના સ્વરૂપે વ્યય પામેલા શારીરિક પાણીની ખાધ એમ કરવાથી પૂરાઇ જાય છે. લખવિન્દર



• રોજિંદી ડ્યૂટીએ નીકળેલું ખુશ્કીદળનું 'ચિત્તા'

તસવીર : હર્ષલ પુષ્કર્ણા

(લખી) સિંહે પાણીના થર્મસ ઉપરાંત ફ્રૂટ જૂસના કેટલાક ટેટ્રા પેક પણ સાથે રાખ્યા હતા. સવારથી કશું સોલિડ ફૂડ ખાધું ન હતું, એટલે ઇન્સ્ટન્ટ એનર્જી માટે થોડો જૂસ પીધો.

આરોહણનો તબક્કો શરૂ!

ખડકાળ, ધૂળિયા અને ક્યાંક લપસણા રસ્તે ચારેય જણા એકની પાછળ એક ચાલવા લાગ્યા. શાંત વાતાવરણમાં ઝરણાના ખળખળ વહેવા સિવાય બીજો કોઇ અવાજ ન હતો. થોડી જ વારમાં એક 'ચિત્તા' હેલિકોપ્ટર શાંતિભંગ કરતું આકાશમાં ચડી આવ્યું.

'યે ઉપર વાલી ચૌકી પે જા રહા હે... સામાન પહુઁચાને !' મારી પાછળ આવી રહેલા કરમજીત સિંહે કહ્યું. 'થોડી દેર મેં એક ઔર આયેગા...'

બીજું 'ચિત્તા' ખરેખર જ થોડી વારમાં એ જ આકાશી માર્ગે પસાર થયું. કરમજીત સિંહને મેં તરત પૂછ્યું, 'આપને કૈસે જાના કિ દૂસરા ભી થોડી દેર મેં યહીં સે ગુજરેગા ?'

'મેરા પોસ્ટિંગ યહીં પર થા, ઇસલિયે.' કરમજીત સિંહે ફોડ પાડ્યો. 'બહુત દિન યહાઁ પર બિતાયેં હૈ. એક બડા જહાજ (હેલિકોપ્ટર) ભી આતા હૈ. લેકિન વો રુકતા નહીં. જ્યાદાતર કેરોસિન જૈસા સામાન ડાલ કર લૌટ જાતા હૈ.'

કરમજીત સિંહ આપણી વાયુસેનાના Mi-17 હેલિકોપ્ટરની વાત કરી રહ્યા હતા. બેઝ કેમ્પથી છેટે આવેલા પર્તાપુરથી (જુઓ, ૮મે પાને નકશો) એ મહાકાય હેલિકોપ્ટર વિવિધ સરંજામ લઇ ચોકીઓને પહોંચતો કરે છે.

'આપ જિસ ચૌકી પે થે વહાઁ પર હેલિપેડ થા ?'

'હાઁ જી, થા.' કરમજીત સિંહે કહ્યું. 'હેલિકોપ્ટર સે સામાન આતા થા. કુછ હમારે લિયે, કુછ ઉપરવાલી ચોકી કે લિયે.'

'ઉપર કી ચૌકી કા સામાન કૈસે પહુઁચાતે થે ? પોર્ટર કે સાથ ?'

'હાઁ જી... લદાખી પોર્ટર કે સાથ હમારે કુછ બંદે ભી ચલે જાતે થે.' કરમજીત સિંહે કહ્યું. 'પીઠ પર સામાન ડાલ કર ચઢના બહુત મુશ્કિલ કામ હૈ. હમારે જૈસે ફૌજી ભી થક જાતેં હૈ. લેકિન યહાઁ કે પોર્ટર કી તાકત જ્યાદા હૈ. જલદી નહીં થકતે.'

વાત સાચી. લદાખના ઓછા ઓક્સિજનવાળા હવામાનમાં નાનપણથી જ રહેલા લદાખીઓનું શારીરિક જોમ આપણા જેવા મેદાની પ્રદેશમાં રહેતા લોકો કરતાં અનેકગણું વધારે હોય છે. આનું બાયોલોજિકલ કારણ છે. મેદાનોમાં વસતા સામાન્ય લોકો કરતાં પહાડી લદાખીઓનાં ફેફસાં સહેજ મોટાં હોય છે. તદુપરાંત તેમના શરીરમાં લોહી પણ સરેરાશ કરતાં ૧.૫ લીટર જેટલું વધારે અને તે લોહીમાં રક્તકણો વળી સરેરાશ કરતાં ક્યાંય વધારે ! ત્રીજી ખૂબી એ કે લોહીને આખા શરીરમાં ધકેલતું હૃદય આપણાં કરતાં ૨૦% પાવરફુલ છે. આ ખાસિયતોનો ટૂંકસાર એટલો જ કે સરેરાશ ૩,૭૦૦ મીટરના (બારેક હજાર ફીટના) લદાખમાં હવા અત્યંત પાતળી હોવા છતાં સ્થાનિક લોકો તેમનાં મોટાં ફેફસાંમાં દરેક શ્વાસે વધુ હવાને સમાવે અને ફેફસાંએ ખેંચેલા શ્વાસમાં ઓક્સિજનનું પ્રમાણ ઓછું હોવા છતાં લોહીના થોકબંધ રક્તકણો વધુ ઓક્સિજન શોષીને O_2 ની કમીનું સાટું વાળી દે. એ પછી બાકી રહેતું કામ બળવાન હૃદયનું કે જે દરેક ધબકારે ઓક્સિજનયુક્ત લોહીને આખા શરીરમાં ફરતું કરી દે.

અમારી સાથે આવેલા અને સૌથી મોખરે ચાલી રહેલા લદાખી પોર્ટરની બગીચામાં લટાર

મારવા નીકળ્યા જેવી ચાલનું એ જ રહસ્ય હતું. પીઠે પાણીના થર્મસનો, ફ્રૂટ જૂસના ત્રણ-ચાર પેકેટનો, બિસ્કિટ તેમજ ડ્રાયફ્રૂટ જેવી કેટલીક ખાદ્યચીજોનો બોજો લાદેલો હોવા છતાં એ મસ્તીથી ચાલી રહ્યો હતો. સિઆચેનના સુખરૂપ સંચાલનમાં ત્રણ મહત્ત્વનાં પરિબળો માટે ત્યાંના જવાનો/અફસરો એ રચેલું સૂત્ર 'હેપ્ટર્સ, ડોક્ટર્સ એન્ડ પોર્ટર્સ' અનેક વાર કાને પડ્યું હતું. આ સૂત્ર પૈકી હેલિકોપ્ટરના અને ડોક્ટરના રોલનો તો મને પરિચય થઇ ચૂક્યો હતો. હવે પોર્ટર નામનું ત્રીજું પરિબળ બાકી હતું, જે માટે એકાદ લદાખી પોર્ટર જોડે વાર્તાલાપ કરવો જરૂરી હતો. અમારી સાથે આવેલા પોર્ટર જોડે વાતચીત થઇ શકી હોત, પણ તેની દ્રુતગતિને આંબવું મારાથી તો ઠીક લખી સિંહ તથા કરમજીત સિંહ માટેય પોસિબલ ન હતું.

■

પહાડના ઉબડખાબડ માર્ગે ચાલીને તેમજ સતત ચડતા રહીને (અને રસ્તામાં પાણી પીવા માટે અને થાક ખાવા માટે પાંચેક મિનિટની રિસેસ લેતા રહીને) આખરે દૂર એક સફેદ ટેન્ટ દેખાયો. કરમજીત સિંહને મેં પૂછ્યું, 'પહુઁચ ગયે હમ ?'

'નહીં સા'બ ! અભી તો હમનેં આધી મંઝિલ તય કી હૈ. ઔર આગે જાના હૈ.'


'તો ફિર યહાઁ ટેન્ટ ક્યું લગાયા હૈ ?' મેં સવાલ કર્યો.

'વો હાફ-લિન્ક હૈ, સા'બ !' લખી સિંહે કહ્યું.

તાત્પર્ય એ કે બેઝ કેમ્પથી અગર તો બીજી ચોકીથી પોર્ટરો પોતાના ખભે સામાન ઊંચકીને અહીં ઉપર સુધી આવે. બીજી તરફ ચોકીએથી જવાનો તથા પોર્ટરો નીચે ઊતરીને અહીં તે સામાન લેવા માટે આવે. આ રીતે બેઉ ચોકી વચ્ચે માલસામાનની આપ-લે માટે હાફ-લિન્ક સ્થપાય--અને તે ક્યાં સ્થપાય તેનું ચોક્કસ સ્થળ સૂચવવા પેરેશૂટના કાપડમાંથી અહીં કામચલાઉ ટેન્ટ ઊભો કરાયો હતો.

હાફ-લિન્ક પોઇન્ટ વટાવ્યા પછી હજી અડધોઅડધ પ્રવાસ બાકી હતો. ચોકી તરફ આગળ વધતા ગયા તેમ ઝરણાની સાઇઝ અને સ્પીડ ઉત્તરોત્તર વધતી હતી.

'વો દેખિયે, સા'બ !' કરમજીત સિંહે દૂરના એક પર્વત તરફ આંગળી ચીંધતા



તસવીર : હર્ષલ પુષ્કર્ણા

● *સહયાત્રીઓ : કરમજીત સિંહ (આગળ) અને લખવિન્દર ઉર્ફે લખી સિંહ*

કહ્યું. 'ઉસ પહાડ કે પીછે સે પાકિસ્તાન કા ઇલાકા શુરૂ હોતા હૈ.'

આનો સૂચિતાર્થ એ કે પર્વતની પાછલી તરફ જો પાકિસ્તાન હસ્તકનો પ્રદેશ હોય તો આગલી બાજુએ તેના લશ્કરની પહાડી ચોકીઓ હોવી જ જોઇએ. આપણી જેમ તેમની ચોકીઓ પણ તંબૂઓની તેમજ ફાઇબર રિઇન્ફોર્સ્ડ પ્લાસ્ટિક FRP મટીરિઅલની prefabricated/ પૂર્વઘડિત કેબિનોની બનેલી છે. ફરક એટલો કે આપણી ચોકીઓ શત્રુ પોસ્ટ કરતાં સહેજ ઊંચેના લેવલે છે. તફાવત અમુક સો મીટરનો છે, પણ વ્યૂહાત્મક દૃષ્ટિએ એ નજીવો જણાતો તફાવત પણ મહત્ત્વનો છે. મહત્ત્વનો એ રીતે કે 'નીચલા માળે' બેઠેલા પાક સૈનિકોને લક્ષ્યાંક બનાવવાનું 'ઉપલા માળ'ના આપણા જવાનોને સુગમ પડે છે. નીચે રહીને ઉપર તરફ ગોળી દાગવાનું કામ જરા મુશ્કેલ છે.

કરમજીત સિંહ સાથે સિઆચેન વિશે કેટલીક વાત થયા બાદ મેં ટોપિક બદલ્યો અને તેમને અહીં થયેલા અનુભવોની જાણકારી મેળવવા પૂછ્યું, 'યહાઁ આપ કા પોસ્ટિંગ કબ હુઆ થા ?'

'ફેબ્રુઆરી, ૨૦૧૬ મેં બેઝ કેમ્પ આયા થા.' કરમજીત સિંહે કહ્યું. 'ફિર ટ્રેનિંગ લે કર જુલાઇ મેં ચૌકી પે ગયા... કુછ દિન પહેલે હી બેઝ કેમ્પ વાપસ લૌટા હૂઁ. ઔર દેખિયે, આજ ફિર સે આપ કે સાથ ચૌકી જા રહા હૂઁ...'

'અબ તો ઘર કી બહુત યાદ આતી હોગી ?' મેં પૂછ્યું.

'આતી તો હૈ, સા'બ !' કરમજીત સિંહે નરમ અવાજે કહ્યું. 'ગ્યારહ મહિનોં સે ઘર નહીં ગયા હૂઁ. મેરા બેટા રોજ અપની માઁ સે પૂછતા હૈ, કિ પાપા કબ આયેંગે? ગુસ્સે મેં ઉસને ખાના-પીના છોડ દિયા હૈ... કહેતા હૈ કિ પાપા આયેંગે તબ હી ઉન કે સાથ બૈઠ કર ઉન કે હાથોં સે ખાના ખાઉંગા... જિદ્દ પકડ કે બૈઠા હૈ... ઠીક સે ન ખાને કી વજહ સે ઉસકા વજન કમ હો ગયા હૈ.'

હું સાંભળતો રહી ગયો. કરમજીત સિંહને દિલાસો આપવાના બે શબ્દો પણ ત્યારે સૂઝ્યા નહિ. આ શીખ જવાનની વેદના મને ઊંડે સુધી સ્પર્શી ગઇ. પરિવારથી દૂર રહેતા આપણા ઘણાખરા ફૌજીઓ પણ કરમજીત સિંહની માફક જ વિરહની આવી વેદનાઓથી ઘેરાયેલા હોય છે. આમ છતાં ફરજપાલન સામે તેમની લાગણીઓ, સમસ્યાઓ યા તકલીફો ગૌણ બની જાય છે.


■

ખડકાળ, ધૂળિયા રસ્તે ચાલતા-ચાલતા હવે એક સ્થળે ઊંચું ચઢાણ આવ્યું. વળી તે એટલું તીવ્ર કે આરોહણ કરવામાં (તેમજ અવરોહણ કરવામાં) શરીર કેમેય કરીને સંતુલિત રહી ન શકે. પરિણામે ફૌજીઓએ ઊંચા ખડક જોડે નાયલોનનું દોરડું બાંધી રાખી તેને નીચે સુધી લટકતું રાખ્યું હતું. ચડતી-ઊતરતી વખતે એ દોરડાનો સહારો લેવો અનિવાર્ય હતો.

'સા'બ, ચઢ પાઓગે ?' લખવિન્દર સિંહે મને પૂછ્યું.

'ક્યોં નહીં ? જરૂર ચઢૂંગા.' મેં જવાબ દીધો. 'થોડા જૂસ પિલા દો. ફિર ચઢાઇ શુરૂ કરતેં હૈ.'

• ઊંચી કરાડ પર આરોહણ પહેલાં ! (મારી પાછળ કરમજીત સિંહ ઊભા છે)



તસવીર : લખવિન્દર સિંહ



'હાઁ જી, હાઁ જી !' લખવિન્દરે તરત જ પેલા પોર્ટરની પીઠેથી થેલો ઉતાર્યો અને થર્મસના ગ્લાસમાં જૂસ કાઢીને આપ્યો. પોતે પણ પીધો અને કરમજીત સિંહને પણ પાયો. લદ્દાખી પોર્ટર તરફ ગ્લાસ ધર્યો ત્યારે એણે હાથનો ઈશારો કરીને ના પાડી.

મેં ત્યારે એની પીઠે હાથ મૂકતા પૂછ્યું, 'ના તુમ રુકતે હો, ના થકતે હો, ના તુમ્હારી સાંસ ફુલતી હૈ, ના તુમ્હેં પ્યાસ લગતી હૈ... કિસ મિટ્ટી સે બને હો તુમ ?'

આ સાંભળી સૌ હસી પડ્યા. લદ્દાખી પોર્ટરને હસતો જોઈને મેં બીજી ટીખળ કરી, 'અરે, તુમ તો હઁસ ભી સકતે હો. મુસ્કુરાયા કરો, દોસ્ત ! અચ્છે લગતે હો !'

પોર્ટરનો ટૂંકો ને ટચ જવાબ : 'ઠીક હૈ, સર !'

લગભગ બારેક મીટર (ચાલીસેક ફીટ) ઊંચું ચઢાણ સૌ પહેલાં લદ્દાખી પોર્ટર ખભાથેલા સાથે દોરડાના સહારે ચડી ગયો. લખવિન્દર સિંહ ત્યાર પછી સહેજ ઊંચે ગયો, મારા મોબાઈલ ફોનથી કેટલીક તસવીરો લીધી અને પછી છેક ઉપર જઈને મારા તરફ નજર નાખતો ઊભો રહ્યો. નાયલોનનું દોરડું મેં હાથમાં કસીને પકડ્યું અને પર્વતની સપાટી પર પગ વડે પકડ જમાવી આરોહણ શરૂ કર્યું. અમદાવાદમાં રાવ હેલ્થ સેન્ટરના કર્તાહર્તા સૌમિક રાવે મને આપેલી High pulley rope pull down કહેવાતી ટ્રેનિંગ અહીં કામ લાગી. આ કસરતે મારા બાવડાં મજબૂત બનાવેલાં, એટલે શરીરનું વજન તે ખમી શકે તેમ હતાં. આસ્તે આસ્તે કરીને હું ઉપર પહોંચ્યો પછી કરમજીત સિંહ પણ આવી ગયા. ચારેયનો પ્રવાસ વળી પાછો આગળ વધ્યો. કેટલુંક અંતર તય કર્યા પછી આખરે દૂર આપણી લશ્કરી ચોકી જોવા મળી.

વાહ ! આ એ જ નજારો કે જેને રૂબરૂ જોવા માટે છેલ્લા ૧ વર્ષથી અથાક પ્રયત્નો કર્યાં હતાં. આ દશ્યે શરીરમાં જાણે શક્તિનો નાયાગરા ધોધ વહેતો કરી દીધો હોય તેમ પગ સટાસટ ચાલવા માંડ્યા. ચોકીથી લગભગ સોએક મીટરનું અંતર રહ્યું ત્યાં એક યુનિફોર્મધારી શીખ ફૌજી સામેથી આવતા દેખાયા. કદાચ તેઓ મારા સ્વાગતાર્થે આવી રહ્યા હતા--કે પછી એક civilian/ આમ આદમીને અહીં જોયા પછી અને જોઈને હેરત પામ્યા પછી મળવાની અદમ્ય ઇચ્છા તેમને ખેંચી લાવી હતી ? ખબર નહિ, પણ તેમના ચહેરા પર છવાયેલો આનંદ જોઈ શકાતો હતો.

• બેઝ કેમ્પને ફોન વડે અમારા આગમનની જાણ કરી રહેલા ચોકી કમાન્ડર



આ તસવીર ચોકીના એક જવાને લીધી છે

તસવીર : હર્ષલ પુષ્કર્ણા



● ચોકીના રસોઇયાએ પીરસેલું મજેદાર ખાણું

'સત્ શ્રી અકાલ, સા'બ ! વેલકમ ટુ ધ પોસ્ટ!' મારી સાથે જોશપૂર્વક હાથ મિલાવતા બોલ્યા.

'સત્ શ્રી અકાલ !' મેં કહ્યું.

'તો આખિર આપ પહૂઁચ હી ગયે... મુઝે બેઝ કેમ્પ સે મેસેજ આયા થા કિ કોઇ પત્રકાર સા'બ આ રહે હે... કોઇ તકલીફ તો નહીં હુઇ ?'

'નહીં, બિલકુલ નહીં.' મેં જવાબ આપ્યો.

પંજાબી લહેકામાં 'અચ્છા જી...' કહીને તેઓ અમને ઉષ્માભેર ચોકીએ લઇ ગયા. અહીં ઉપસ્થિત સૌ જવાનોએ પણ 'સત્ શ્રી અકાલ' કહીને સ્વાગત કર્યું. પથ્થરોને એક પર એક ગોઠવીને તેના પર પાથરેલી સુતરાઉ ચાદરવાળા 'સોફા' પર મને બેસાડ્યો અને સિઆચેન હિમનદીનું મધુર જળ પાયું. પથ્થરોની જમાવટ કરીને જ તૈયાર કરેલા 'ડાઇનિંગ ટેબલ' પર એક જવાન ડ્રાયફ્રૂટ્સ ભરેલી ડિશ મૂકી ગયો. થોડી મિનિટોમાં ચા ભરેલો ગ્લાસ મારી સમક્ષ મૂકવામાં આવ્યો. રવિવાર હોવાથી શીખ બટાલિઅનની ઓફિસર્સ મેસમાં નાસ્તો બન્યો ન હતો. પરિણામે સવારથી હું સાવ ખાલી પેટ હતો. ચા અને ડ્રાયફ્રૂટ લીધા પછી સારું લાગ્યું.

'ક્યા મૈં ચૌકી દેખ સકતા હૂઁ ?' પોસ્ટના પેલા શીખ કમાન્ડરને મેં પૂછ્યું.

'અરે, સા'બ ! બૈઠો થોડા... અભી અભી તો આયે હો... થોડા રેસ્ટ કર લો... નાશ્તા કર લો... ફિર આપ કો પૂરી ચૌકી દિખાતા હૂઁ.' કમાન્ડરે ફરી પંજાબી લહેકામાં કહ્યું.

એક જવાન ત્યારે આલૂ પરાઠાની ડિશ લઇને હાજર થયો. પરાઠાની સાઇઝ પંજાબી સ્ટાઇલની જ હતી. સ્વાદ પણ અસલ પંજાબી ! પરાઠા સાથે પીરસવામાં આવેલા દહીંના રાઇતાએ તથા સંભાર જેવી કોઇક આઇટમે તો નાસ્તાની લહેજત ઓર વધારી દીધી.

માખણ વિના પરાઠું ખાય એ પંજાબી નહિ. કરમજીત સિંહે તથા લખી સિંહે પોતપોતાના પરાઠા પર અમૂલ બટરના લચકા મૂક્યા અને પછી આગ્રહપૂર્વક ડબ્બો મારી તરફ ધર્યો. બટર તો જાણે બરાબર, પણ તેના પેકિંગમાં મને રસ પડ્યો. કારણ કે બટરનું આવું પેકિંગ મેં અગાઉ જોયું ન હતું. આપણે ત્યાં અમૂલ બટર લાટા સ્વરૂપે મળે, જ્યારે અહીં તે ધાતુના ડબ્બામાં હતું. ડબ્બો પાછો આપણે ત્યાં મળતા ચીઝના ડબ્બાના જ કદ-માપનો ! ભારતીય સૈન્ય માટે અમૂલે વિશેષ

તસવીર : હર્ષલ પુષ્કર્ણા



હાથ મિલાવતા બોલ્યા.

કિ કોઈ પત્રકાર સા'બ

કીએ લઈ ગયા. અહીં
થ્થરોને એક પર એક
ાડ્યો અને સિઆચેન
ઈનિંગ ટેબલ' પર એક
મારી સમક્ષ મૂકવામાં
ન્યો ન હતો. પરિણામે

જ્યું.
લો... નાશ્તા કર લો...

ઈઝ પંજાબી સ્ટાઈલની
હીંના રાઈતાએ તથા

ની સિંહે પોતપોતાના
તરફ ધર્યો. બટર તો
કિંગ મેં અગાઉ જોયું
ડબ્બામાં હતું. ડબ્બો
માટે અમૂલે વિશેષ

પ્રકારનું પેકિંગ બહાર પાડ્યું હોય એવું મને લાગ્યું.

અગાઉ ૧૪૨મે પાને નોંધ્યું તેમ સિઆચેનની પહાડી ચોકીઓને ખાધાખોરાકીનો (દા.ત. શાકભાજીનો) પુરવઠો હવાઈમાર્ગે એર-ડ્રોપ પદ્ધતિએ પહોંચતો કરાય છે. આથી ઘણોખરો પુરવઠો હજી તો આકાશમાં પેરાશૂટ મારફત ઊતરતો હોય ત્યાં જ અતિશય ઠંડી હવામાં અધરસ્તે થીજી જતો હોય છે. આ વાતની પુષ્ટિ મને ત્યારે થઈ કે જ્યારે ચોકીએ આવેલાં શાકભાજી નજરોનજર દીઠાં. એક બટેટું મેં હથેળીમાં લીધું, જે સિઆચેનના શીતાગારમાં થીજીને પાણા જેવું સોલિડ થઈ ગયું હતું. ચોકીના જવાનને મેં પૂછ્યું, 'મૈંને કહીં પઢા થા કિ સિઆચેન મેં આલૂ કો ઉબાલને કે લિયે પ્રેશર કૂકર કી કમ સે કમ બીસ વ્હીસલ બજની ચાહિયે. તબ જા કે આલૂ ઠીક સે ઉબલ કર ખાને યોગ્ય હોતા હૈ. ક્યા યહ બાત સચ હૈ ?'

'જી, સા'બ !' જવાન બોલ્યો. 'યહાં ઠંડ કી વજહ સે આલૂ જમ કર માનોં પથ્થર બન જાતા હૈ. પ્રેશર કૂકર મેં ઉસે ઉબાલને મેં પાંચ-દસ વ્હીસલ સે બાત નહીં બનતી. આલૂ કો લંબે સમય તક કૂકર મેં રખનેં પડતેં હૈં, વર્ના અંદર સે કચ્ચે રહ જાતેં હૈં.'

શૂન્ય નીચેનું આઈસ કોલ્ડ તાપમાન બટેટામાં (તેમજ અન્ય શાકભાજીમાં) રહેલા ભેજરૂપી પાણીને બરફમાં ફેરવી નાખે ત્યારે અમુક કોષો મરી પરવારતાં વિટામિન્સ જેવાં પોષક તત્ત્વો વધુઓછે અંશે નાશ પામે છે. શાકભાજીનો મૂળ સ્વાદ જળવાય નહિ એ વળી બીજી સમસ્યા !

■

નાસ્તાપાણીનો કાર્યક્રમ પૂરો થયો, એટલે ચોકી કમાન્ડરની પરવાનગી લઈને હું સામે દેખાતા ટેન્ટમાં ગયો. તંબૂની ત્રણ તરફની 'દીવાલે' કેરોસિનનાં ખાલી ડબ્બાં (જેરિકેન) એકની ઉપર એક ગોઠવેલાં હતાં. ચોકીમાં રહેતા જવાનોનો એ 'પલંગ' અને તેની ઉપર લક્કડિયા પાટિયા પર બિછાવેલી ૧૨ મિલિમીટરની રબ્બર મેટ એ તેમનું 'ગાદલું' ! આ જાતના ઊંચાનીચા બિછાના પર આપણે એકાદ રાત ગુજારવાની આવે તો સવારે અકડાયેલા શરીર સાથે (અને દુખાવાની ફરિયાદના સૂર સાથે) ઊઠવાની ગેરન્ટી પૂરેપૂરી ! બીજી તરફ પહાડી ચોકીઓમાં રહેતા જવાનો



તસવીર : હર્ષલ પુષ્કર્ણા

• આવું હોય છે આપણા હિમપ્રહરીઓનું રૈનબસેરા

આવા બિછાના પર એકાદ નહિ, કમ સે કમ ૯૦ રાતો વિતાવે છે. ડ્યૂટીની અવધિ ત્રણને બદલે પાંચ મહિના હોય તો આંકડો ૧૫૦નો ગણી લો.

અસમતળ 'પથારી' પર ઊંઘવાની અગવડમાં વળી સ્લીપિંગ બેગ ઓર વધારો કરે. કારણ કે બંધનાવસ્થાનો અનુભવ કરાવતી એ ગલેફમાં ભરાયા પછી જવાન/અફસર તેના શરીરને રાતભર મુક્તપણે આમતેમ વાળી શકતો નથી. મોટે ભાગે તો પીઠભર સૂઈને જ આખી રાત પસાર કરવી પડે છે. (લદાખમાં ચાદર ટ્રેક દરમ્યાન તેમજ સ્તોક કાંગડી વખતે ખભાના ભાગેથી લઈને પગ સુધી ક્રમશઃ સાંકડી બનતી સ્લીપિંગ બેગમાં મેં રાતો કાઢી હતી. અંદર સૂતા હોઈએ ત્યારે શારીરિક મૂવમેન્ટ નજીવી થઈ જાય છે). માણસ નિદ્રાવસ્થામાં વારંવાર પડખાં બદલ્યા કરે છે તેનું ખાસ તબીબી કારણ છે. એક જ સ્થિતિમાં કલાકો સુધી સૂતા રહેવાથી ધમનીઓ કે શિરાઓ દબાય અને રક્તપ્રવાહ તેને કારણે રૂંધાતા લોહીનો પુરવઠો ત્યાં યોગ્ય માત્રામાં પહોંચતો નથી. લોહી માટે તરસી જતા અંગની (દા.ત. પગની) હિલચાલ ન કરો ત્યાં સુધી એ વાતનો ખ્યાલ પણ આવતો નથી. અંતે જ્યારે અંગ (દા.ત. પગ) મોકળું કરો ત્યારે ખાલી ચડ્યાનો અહેસાસ કરાવતી ઝણઝણાટી વરતાય છે. આ ઝણઝણાટીને અંગ્રેજીમાં pins and needles કહે છે. એકસામટી હજારો સોય-ટાંકણીઓ હળવી રીતે ભોંકાતી હોય એવું લાગે. આ શારીરિક સમસ્યા નિદ્રાવસ્થા દરમ્યાન પેદા ન થાય એ માટે મગજ વારંવાર 'પડખું ફેરવો', 'પગ વાળો', 'હાથ લંબાવો' વગેરે પ્રકારનાં સિગ્નલો પાઠવ્યા કરે છે. આ સિગ્નલોનો જ કમાલ કે બિછાનામાં સૂતેલો માણસ રાતભર પોતાનો શારીરિક પોઝ બદલતો રહે છે. આમ કરવાથી રુધિરાભિસરણ ફરી પાછું થાળે પડે છે. અગાઉ મગજે હાથના કે પગના જે સ્નાયુઓને બધિર/ numb સમજી લીધેલા તેમનામાં ચેતનાનો ફરી સંચાર થાય છે.

સિઆચેનની ચોકીમાં રહેતો જવાન/અફસર સૂતી વેળા સ્લીપિંગ બેગમાં ભરાઈને ઈજિપ્તના મમી જેવો પોઝ ધારણ કરી લે ત્યાર પછી શારીરિક હલનચલનની ખાસ જોગવાઈ રહેતી નથી. આનું કારણ છે. ખભા અને છાતીના ભાગે સ્લીપિંગ બેગનો ઘેરાવો ૧.૪૨ મીટર (૫૮ ઈંચ) હોય છે, જે ક્રમશઃ ઘટતો પગના લેવલે ૯૭ સેન્ટિમીટર (૩૮ ઈંચ) બને છે. આ 'કેદખાના'માં સૂવામાં કેવો અનુભવ થાય તેનું શાબ્દિક વર્ણન કર્યા છતાં જવાનો/અફસરોની સમસ્યા સમજી શકવી મુશ્કેલ છે. એક આસાન પ્રયોગ જો કે અનુભવને ખાતર કરી શકાય તેમ છે. એકાદ પાતળી રજાઈ ઓઢી લો. ડાબે-જમણે તેમજ નીચે તરફ લંબાતો તેનો વધારાનો ભાગ સંકેલી લો અને તેને શરીર નીચે સરકાવી દો. આ ઢબૂરાયેલી સ્થિતિમાં અમુક સમય વીતાવો, એટલે હાથ-પગના

• *પોસ્ટના પ્રહરીઓના આવાસ : ડાબે FRP કેબિન અને જમણે રશિયન ટેન્ટ કહેવાતો તંબૂ*



હલનચલનના અભાવે થોડી વારમાં બેચેની જણાવા માંડશે.

જવાનોના આવાસીય તંબૂની બહાર નીકળતી વખતે મેં જોયું કે એક થાંભલા પર નાનકડો અરીસો ટીંગાડેલો હતો, જેની નીચે લટકતા સ્ટેન્ડમાં જવાનોના ટૂથબ્રશ, ટૂથપેસ્ટ, કોલ્ડ ક્રીમ વગેરે ચીજવસ્તુઓ મૂકેલી હતી. અલબત્ત, સ્ટેન્ડ શેનું હતું ? ફ્રૂટ જૂસના ટેટ્રાપેકનું ! જલદી ફસકી યા ફાટી ન પડે તેવા જરા મજબૂત મટીરિઅલનું બનેલું ટેટ્રાપેકનું ખોખું જવાનોએ અધવચ્ચેથી ૪૫°ના ખૂણે કાપી તેને તાર વડે થાંભલા જોડે બાંધી દીધું હતું. આ કામચલાઉ સ્ટેન્ડમાં તેઓ પોતાની નાની-મોટી ચીજવસ્તુઓ મૂકતા હતા. જૂસ પીધા પછી તેના ખાલી ખોખાના wasteનો આના કરતાં best ઉપયોગ કયો ?



તંબૂમાં ડોકિયું કરી લીધા પછી હું તેની બાજુમાં આવેલી Fibre-Reinforced Plastic/ FRP કેબિનમાં ગયો. અહીં પણ માહોલ એવો જ હતો ! કેરોસિનના ખાલી જેરિકેન ગોઠવીને બિછાના બનાવવામાં આવ્યાં હતાં. કેબિનની દીવાલો પર જવાનોએ પોતાનાં પરિવારોની તસવીરો લગાડેલી હતી. બિછાના પર સૂતી વેળાએ

● પહાડી ચોકીનું પાવરહાઉસ અને તે પાવરહાઉસને ધબકતું રાખતો કેરોસિનનો બફર સ્ટોક



ત્રણેય તસવીરો : હર્ષલ પુષ્કર્ણા

નજર તેમની સામે રહે એ રીતે ! એકંદરે કેબિનનું વાતાવરણ બંધિયાર અને gloomy/ ઉદાસિન હતું. કોણ જાણે કેમ, પરંતુ હું ત્યાં દસેક મિનિટ કરતાં વધુ વખત રોકાઇ ન શક્યો. દમ ઘૂંટાવા લાગ્યો, એટલે તાજી હવા મેળવવા માટે ઝડપભેર બહાર નીકળી આવ્યો.

'અરે, યહાઁ ટાટા સ્કાય હૈ ?' કેબિનની બહાર લાગેલી ડિશ એન્ટેના જોઇ મને આશ્ચર્ય થયું.

'હાઁ જી...' ચોકીના કમાન્ડરે કહ્યું. 'શામ કો દેખ લિયા કરતે હૈ... જબ જનરેટર ચલાતેં હૈ.'

'અચ્છા ?' મેં કહ્યું. 'જનરેટર સિર્ફ શામ કો હી ચલાતેં હો ?'

'હાઁ જી... છે સે આઠ ! ઉસ ટાઇમ મેં હમ ખાના પકા લેતે હૈં... ખા લેતે હૈં... મોબાઇલ ચાર્જ કર લેતે હૈં... ઔર ટી.વી. ભી દેખતે હૈં. આઠ બજે જનરેટર બંધ... ફિર ટી.વી. ભી બંધ !'

'જનરેટર બડા હોગા, નહીં ?' મેં કમાન્ડરને ઉત્સુકતાથી પૂછ્યું.

'નહીં જી, છોટા સા હૈ. ચલો આપ કો દિખાતા હૂઁ.' કહીને તેઓ મને જનરેટર રૂમમાં લઇ ગયા. કરમજીત સિંહ પણ સાથે આવ્યા. આ તરફ લખી સિંહ ચોકીના અન્ય શીખ જવાનો જોડે ગપ્પાં મારવા બેસી ગયો.

પાણાંની દીવાલો રચીને બનાવવામાં આવેલા જનરેટર રૂમમાં નાનું અમસ્તું જનરેટર મૂકેલું હતું. બહાર કેરોસિનનાં પીપડાં તેમજ જેરિકેન મૂકેલાં હતાં, જેમની તરફ આંગળી ચીંધીને કમાન્ડરે કહ્યું, 'યહ દેખિયે, સા'બ ! હમારી લાઇફલાઇન ! ઇસ કે બિના કુછ ભી નહીં.'

'સહી બાત હૈ...' કરમજીત સિંહ બોલ્યા. 'કેરોસિન સે હમ જનરેટર ચલાતે હૈં, ખાના પકાને કે લિયે સ્ટવ મેં કેરોસિન ડલતા હૈ, પાની ગરમ કરને કા સ્ટવ ભી કેરોસિન સે ચલતા હૈ ઔર ઠંડી મેં થોડીબહુત ગરમી દેને વાલા હીટર ભી કેરોસિન ખાતા હૈ.'

કરમજીત સિંહને મેં સવાલ કર્યો, 'ઇસ હિસાબ સે રોજ કા તકરીબન કિતના કેરોસિન ઇસ્તેમાલ હોતા હૈ ?'

'એક આદમી કા ૩ લીટર પકડ કે ચલો... સર્દી કી સીઝન મેં ઉસસે થોડા જ્યાદા !' કરમજીત સિંહે અંદાજે ગણતરી માંડીને જવાબ આપ્યો.

'ફિર તો કેરોસિન કા સપ્લાય નિયમિત રૂપ સે આતા હોગા ?'

• ચોકી પાસેની એક સમતળ જગ્યાએ ઊભું કરાયેલું હેલિપેડ



તસવીર : હર્ષલ પુષ્કર્ણા

ને gloomy/ ઉદાસિન
ન શક્યો. દમ ઘૂંટાવા

જોઈ મને આશ્ચર્ય થયું.
જનરેટર ચલાતેં હૈ.'

લેતે હૈં... મોબાઇલ
ર ટી.વી. ભી બંધ !'

જનરેટર રૂમમાં લઈ
શીખ જવાનો જોડે

મસ્તું જનરેટર મૂકેલું
ક આંગળી ચીંધીને
ભી નહીં.'
ાતે હૈં, ખાના પકાને
ચલતા હૈ ઔર ઠંડી


ન કિતના કેરોસિન

જ્યાદા !' કરમજીત



તસવીર : હર્ષલ પુષ્કર્ણા

• હેલિકોપ્ટરના ઉતરાણ માટે સંભાવના હોય, પરંતુ નક્કર સપાટી હિમના થર વડે ઢંકાયેલી હોય ત્યારે આમ ટેકરો રચીને હેલિપેડ ઊભું કરાય છે



• હજારો ફીટની ઊંચાઈએ તંબૂમાં બનાવેલું ઓ. પી. બાબાનું મંદિર

ચોકી કમાન્ડર : 'હાઁ જી, આતા હૈ. યહાઁ હેલિપેડ હૈ ઇસલિયે હેલિકોપ્ટર સે આતા હૈ.'

'હેલિપેડ કહાઁ હૈ ?'

'ઉસ તરફ થોડી દૂરી પર હૈ...' ચોકી કમાન્ડરે આંગળી ચીંધતા કહ્યું. 'ઇસ તરફ સે ચલિયે મેરે સાથ...'

દૂરના એક સ્થળે સપાટીને જરા સમતળ બનાવીને તેના પર પેરેશૂટનું કપડું ગોળાકારમાં બિછાવેલું હતું. કપડા પર લાલ રંગે મોટા અક્ષરે H લખેલું હતું, જે હેલિકોપ્ટરના લેન્ડિંગ સ્થળનો સંજ્ઞાત્મક નિર્દેશ હતો. બેઝ કેમ્પથી 'ચિત્તા' હેલિકોપ્ટર જે કંઇ સામાન અહીં ઉતારે તેમાંનો કેટલોક પુરવઠો લદ્દાખી પોર્ટરો પોતાના ખભે લાદી આગામી ચોકીઓ સુધી પહોંચાડી આપતા હતા. બાકીનો સામાન અહીં ચોકીએ ઊભા કરાયેલા સ્ટોરેજ હાઉસ કહેવાતા તંબૂમાં જતનપૂર્વક રાખવામાં આવતો. ચોકી કમાન્ડરે એ ટેન્ટ પણ બતાવ્યો. દાળ-ચોખા, લોટ, ખાંડ, તેલ-ઘી-બટરના ડબ્બા, ચોકલેટ્સ, રસગુલ્લાના ટિન, ડ્રાયફ્રૂટ વગેરે અનેકવિધ ખાદ્યસામગ્રી સંખ્યાબંધ જેરિકેન પર ગોઠવીને મૂકવામાં આવી હતી. આ રાશનની આવક-જાવકનો રોજિંદો હિસાબ રાખવામાં આવે



• ખાધાખોરાકી પુરવઠાનું સ્ટોરેજ હા...

બન્ને તસવીરો : હર્ષલ પુષ્કર્ણા

અને તે અનુસાર ચોકીનો કમાન્ડર જોઈતી ચીજનો ઓર્ડર લખાવે, એટલે બેઝ કેમ્પનું એર ડિસ્પેચ પ્લેટૂન થોડા વખતમાં એ સરંજામ હેલિકોપ્ટર મારફત પહોંચાડી દે.

■

હેલિપેડથી કેટલેક દૂર ઓ. પી. બાબાનું મંદિર બનાવેલું હતું. મંદિર એ બીજું કંઈ નહિ, પણ પેરેશૂટના કપડા વડે ઊભો કરાયેલો તંબૂ ! અંદર પ્રવેશીને મેં જોયું તો બરાબર સામે ઓ.પી. બાબાની તસવીર હતી. ડાબી તરફ તેમનું બિછાનું બનાવવામાં આવેલું અને બિછાનાની બાજુમાં ભોંય પર ઓ. પી. બાબા માટે સ્લીપર પણ ખરી ! આ મંદિરેથી હું બહાર નીકળ્યો, એટલે ચોકી કમાન્ડર અંદર ગયા. ઓ. પી. બાબાને સલ્યૂટ કરી. કરમજીત સિંહે પણ તેમનું અનુકરણ કર્યું. આશ્ચર્યનો જબ્બર આંચકો તો મને ત્યારે મળ્યો કે જ્યારે મારી નજર સહેજ દૂરના એક સ્થળે બનાવવામાં આવેલા વધુ એક મંદિર પર પડી. મંદિરનું નામ : પોર્ટર બાબા !

'યહ પોર્ટર બાબા કૌન હૈ?' મેં તાજ્જુબીથી પૂછ્યું.

'વો યહાઁ કે લદ્દાખી પોર્ટર્સ કે બાબા હૈ.' કમાન્ડર બોલ્યા. 'કુછ સાલ પહેલે એક પોર્ટર ગ્લેશિઅર મેં ચલતે સમય ગહેરી ખાઈ મેં ગિર ગયા થા. ફિર વહીં ઉસને દમ તોડ દિયા. તબ સે સભી પોર્ટર્સ ઉસે પોર્ટર બાબા કે નામ સે જાનતે હૈ ઔર ઇજ્જત દેતે હૈં.'

'ઓ. પી. બાબા કી તરહ પોર્ટર બાબા કા ભી મંદિર આપ કો સિઆચેન મેં હર ચૌકી પે મિલેગા.' કરમજીત સિંહે પૂરક માહિતી આપી.

બેઉ મંદિરોની મુલાકાત લઈને પાછા ફરતી વખતે અમે વિરાટકાય શિલાઓના અસ્તવ્યસ્ત ખડકલાની બાજુમાંથી પસાર થઈ રહ્યા હતા. ચોકીના કમાન્ડરે ત્યારે મને કહ્યું, 'પહેલે યહાઁ ચૌકી હુઆ કરતી થી. એક રાત ઉપર કી ચટ્ટાન સે બહુત બડે પથ્થર નીચે ગિર આયે ઔર પૂરી ચૌકી કો તબાહ કર દિયા. સભી બંદે મારે ગયે.'

'ઓહ !' હું બોલી પડ્યો. 'ચૌકી મેં કિતને જવાન થે ઉસ સમય ?'

'અફસર, જવાન ઔર પોર્ટર... કુલ મિલા કર સાત.' કરમજીત સિંહે કહ્યું. 'આપ કો યાદ હોગા, સા'બ ! હમ જબ યહાઁ આને કે લિયે નીકલે તબ એક મંદિર કે પાસ ખડે હો કર મૈંને સલ્યૂટ કિયા થા...'

'હાઁ... યાદ હૈ મુઝે.' મેં કહ્યું. 'મંદિર કી પતાકા પર ઓ. પી. બાબા કી જય ! લિખા થા.'

'હાઁ જી, હાઁ જી ! મૈં ઉસી કિ બાત કર રહા હૂઁ.' કરમજીત સિંહે વાત આગળ ચલાવી. 'વહ મંદિર અસલ મેં યહાઁ ચટ્ટાનોં કે નીચે દબ કર શહીદ હુએ બંદો કી યાદ મેં બનાયા ગયા હૈ.'

આ છેલ્લા વાક્યે મને વિચારતો કરી દીધો. શહાદત પામેલા સપૂતો પ્રત્યે જવાનોની/અફસરોની લાગણી કેટલી ઊંડી છે ! સામાન્ય રીતે સમયના વીતવા સાથે સદ્‌ગતો વિસરાવા લાગતા હોય છે અને તેમના પ્રત્યેની લાગણીનું ક્રમશઃ બાષ્પીભવન થતું હોય છે. અહીં સિઆચેનમાં એવો પરંપરાગત ઘાટ સર્જાયેલો જોવા મળતો નથી. ૧૯૮૦ના દસકામાં શહીદ થયેલા કેપ્ટન ઓમ પ્રકાશને ઉર્ફે ઓ. પી. બાબાને આજની તારીખેય કોઈ ભૂલ્યું નથી. એ જ રીતે કરમજીત સિંહે જેમનો ઉલ્લેખ કર્યો તે લેન્ડ સ્લાઇડમાં દટાઈને ભૂંડા મોતને ભેટેલા સપૂતો પણ વિસરાયા નથી. આ પાત્રો આજે ભલે હયાત નથી, પણ તેમની યાદને સમયનો કાટ લાગ્યો નથી. યાદ સલામત છે, માટે લાગણીને આંચ આવી નથી.

કાળમીંઢ ખડકોના ટેકરા સમક્ષ નજર રાખીને હું ઊભો રહી ગયો. શહીદ બનેલા સાતેય

જણાને અદબપૂર્વક શ્રદ્ધાંજલિ આપી. કરમજીત સિંહ અને ચોકી કમાન્ડર પણ મારી ડાબે-જમણે ઊભા રહ્યા અને લશ્કરી ઢબે શહીદોને સલ્યૂટ કરી.

ચોકીના રખેવાળ સંત્રીની કસોટીજનક ડ્યૂટી

હવે આગળ વધીને અમે કિચન ટેન્ટ પહોંચ્યા. કેટલાક લદાખી પોર્ટરો તેમાં ઉભડક બેઠા બેઠા ભોજન કરી રહ્યા હતા. 'જુલે !' કહીને મેં એ સૌનું અભિવાદન કર્યું અને કહ્યું, 'ખાના ખા લો... ફિર તુમ સબ સે કુછ બાતેં કરની હૈ.'

'ઠીક હૈ, સર !' એક જણ બોલ્યો અને પછી સૌ અંદરોઅંદર લદાખી ભાષામાં ગણગણાટ કરવા લાગ્યા.

તસવીરો : હર્ષલ પુષ્કર્ણા



• પથ્થરોની આડશ વડે બનેલી પહેરેગીર સંત્રીની કેબિન

'સા'બ પત્રકાર હૈ... આપ કો સવાલ પૂછેંગે. જલદી આના સબ કે સબ.' ચોકી કમાન્ડરે એ સૌને કહ્યું.

ભાતનાં જમ્બો સાઇઝનાં કોળિયાં વડે સૌનાં ગલોફાં ભરેલાં હતાં, એટલે ડોકું ધૂણાવીને તેમણે જવાબ આપ્યો.

અઢી-ત્રણ કલાકે ચોકીદર્શનનો અંત આવ્યો. અમે ફરી પાછા એ જ 'ડાઇનિંગ ટેબલે' આવીને બેઠા જ્યાં આલૂ પરાઠાનો પેટભર નાસ્તો કર્યો હતો. ચોકીના જવાનો જોડે અહીં ગોષ્ઠિ ચાલી. વાતવાતમાં કડકડતી ઠંડીની અને રાત્રિના પહેરાનો મુદ્દો નીકળ્યો. બે દિવસ અગાઉ મેજર પ્રવલ ધીરની ઓફિસમાં લખવિન્દર (લખી) સિંહ એન્ડ કંપનીના મોઢે સંત્રીની ડ્યૂટી વિશે જે કંઇ જાણેલું એની ચર્ચા મેં અહીં ચોકીના જવાનો સાથે કરી. લખી સિંહે ત્યારે સહેજ ઊંચી ટેકરી તરફ આંગળી દર્શાવીને કહ્યું, 'વો દેખિયે સા'બ ! સંત્રી કી પોસ્ટ... સંત્રી ખડા હૈ ઉસ મેં.'

હું તરત જ ઊભો થઇ ગયો અને ચોકી કમાન્ડરની મંજૂરી લઇને સંત્રીને મળવા માટે ગયો.



પથ્થરોની દીવાલોથી બનેલી કેબિન સાવ સાંકડી હતી. ત્રણ દીવાલોમાં વચ્ચે વચ્ચે નાનકડી બારીઓ હતી, જેમના વાટે સંત્રી ત્રણ જુદી દિશામાં નજર ફેંકી શકતો હતો. ચોથી તરફથી કેબિન સાવ ખુલ્લી હતી. હાડ ગાળી નાખતી ઠંડી હવાનો સૂસવાટો ત્યાંથી ધસી આવતો હોય ત્યારે અંદર ઊભેલા સંત્રીની કેવી કુલ્ફી જમતી હશે ?

'રાત મેં તો બહુત ઠંડ લગતી હોગી કેબિન મેં...' સંત્રી જવાનને મેં પૂછ્યું. '...તો ક્યા કરતે હો ઠંડ સે બચને કે લિયે ?'

'જી, હીટર જલાતે હૈં.' પગની નજીક મૂકેલા કરોસીન હીટર (ટૂંકમાં કેરોહીટર) દર્શાવતા તેણે કહ્યું. 'યહાઁ બહુત ઠંડ હોતી હૈ, સા'બ ! કઇ બાર તો ઇતની ઠંડી હવાએં ચલતી હૈ કિ હીટર કા અસર હી નહીં હોતા.'

અગાઉ ઘણી બધી વાર નોંધ્યું તેમ સિઆચેનમાં ઉનાળુ રાત્રિઓનું તાપમાન શૂન્ય નીચે ત્રીસેક અંશ સેલ્શિઅસ હોય છે. શિયાળામાં તો રાતનું ટેમ્પ્રેચર માઇનસ ૫૫ અંશ સેલ્શિઅસે પહોંચે છે. આ કઠોર વાસ્તવિકતા જોતાં સંત્રી કેબિનમાં રાતભર ખડેપગે રહેતા જવાનોની સહનશક્તિને બિરદાવવી કે પછી તેમની મજબૂરી પર અફસોસ ગુજારવો ?

અફસોસ ગુજારીને તો શું વળવાનું હતું? એટલે સંત્રીનો જુસ્સો વધારવા માટે મેં તેને કહ્યું, 'યહાઁ ઇસ છોટી સી કેબિન મેં ખડે ખડે આપ બહુત હી જિમ્મેદારી કા કામ કર રહે હૈં. ઐસા કભી મત સોચના કિ આપ કે ઇસ કામ સે લોગ અન્જાન હૈં. દેશ કે બહુત સારે લોગ અબ ટેલિવિઝન કે માધ્યમ સે જાનને લગે હૈં કિ સિઆચેન મેં હમારે જવાન કૈસી મુશ્કિલેં ઝેલ કર અપના ફર્ઝ નિભાતે હૈં. દેશ કી નજર આપ જૈસે ફૌજીઓં પર હૈં. આપ બસ દુશ્મન પર નજર જમાયે રખિયે.'

મારાં આવાં ત્રણ-ચાર વાક્યોએ સંત્રી જવાન પર મેજિકલ અસર દાખવી. કદાચ પહેલી વાર તેને કોઇ civilian/ આમ આદમીએ આવી વાત કરી હશે એવું મને જણાયું. જે હોય તે, પણ સંત્રી જવાનના ચહેરા પર ભલે ક્ષણિક તો ક્ષણિક, પરંતુ ખુશાલી જોઇને મને બહુ સારું લાગ્યું.

'સા'બ !' તેણે કહ્યું. 'આપ પત્રકાર હૈ ?'



• પેરેશૂટનો તંબૂ રચીને જવાનો/અફસરો માટે તૈયાર કરાયેલું સ્નાનગૃહ

'હાઁ.' મેં જવાબ દીધો. 'એક કિતાબ લિખ રહા હૂઁ. સિઆચેન પર... યહાઁ કે હાલાત પર... યહાઁ ડ્યૂટી કર રહે આપ જૈસે જવાનો પર...'

'કિતાબ મેં આપ હમારે બારે મેં ભી લિખેંગે ?' આશ્ચર્યથી તેણે પૂછ્યું.

'બેશક !' મેં કહ્યું 'ઇસી લિયે તો યહાઁ આયા હૂઁ... આપ સબ સે મિલને.'

■

સંત્રી જોડેની ટૂંકી મુલાકાત અહીં જ પૂરી થઇ. હું પાછો નીચે ઉતરી આવ્યો. સિઆચેનની સરેરાશ પહાડી ચોકી કેવી હોય તેનો હવે મને તાદૃશ ખ્યાલ મળી ગયો હતો. વાંચેલા અને સાંભળેલા કરતાં જોયેલું ભલું એ ઉક્તિ અહીં સાચી ઠરી હતી. ચોકીના જવાનોનો આવાસ, ઓપન એર 'ડાઇનિંગ રૂમ', ખાદ્યસામગ્રીનો સ્ટોર રૂમ, જનરેટર રૂમ, રસોડું વગેરે બધું જ નજરોનજર દીઠા પછી બરાબર સમજાયું કે પહાડી ચોકીમાં ૯૦થી ૧૫૦ દિવસ વીતાવતા જવાનો ખરેખર કેવા માહોલમાં રહે છે. જોવા-સમજવામાં કંઇ બાકી રહી જતું હતું તો તે સ્નાનગૃહ, જે પણ ચોકીના કમાન્ડરે બતાવ્યું. જમીનમાં પાઇપ ખોડીને તેના આધારે પેરેશૂટનું કપડું નીચે તરફ મોટા ઘેરાવામાં લંબાવેલું હતું. પથ્થરોના વજન હેઠળ તે બધી તરફથી પકડાયેલું હતું. આ તંબૂની અંદર કેરોસિનનું પીપડું હતું. અત્યારે તેમાં કેરોસિન નહિ, બલકે પાણી હતું. બરફને પાણીમાં ફેરવવા માટે તથા પાણીને ગરમ રાખવા માટે પીપડા નીચે કેરોસિન સ્ટવ ચેતેલો રાખવામાં આવ્યો હતો. રસગુલ્લાના ટિનનું ખાલી ડબ્બું પીપડામાંથી પાણી ઉલેચવા માટે વપરાતું હતું. પેરેશૂટની આડશથી બનેલું સ્નાનગૃહ કામચલાઉ હતું, પણ ચોકીના જવાનોને નહાવા માટે એથી વિશેષ લક્ઝરી મળી શકે તેમ નથી.

સગવડ, સવલત, સુવિધા વગેરે જેવા સંજોગસૂચક શબ્દો કેવા સાપેક્ષ હોય છે. વ્યક્તિદીઠ તે શબ્દનો અર્થ જુદો જુદો છે. એક વ્યક્તિને જે વસ્તુ-સ્થિતિમાં સગવડતા જણાતી હોય તેમાં બીજાને ભારોભાર અગવડતાનાં દર્શન થાય. વસ્તુ અને સ્થિતિ એ જ છે. માત્ર જોવાનો અભિગમ બદલાય છે. અહીં સિઆચેનમાં ફરજ બજાવતા આપણા હિમપ્રહરીઓ 'જે મળ્યું તે ખરું'ની ફિલસૂફીમાં માને છે, માટે સગવડ-અગવડ, સુવિધા-અસુવિધા જેવા સંજોગો તેમને મન સહજ શબ્દો રહી ગયા છે. આ દૃષ્ટિએ જોતાં એ સપૂતો માત્ર કર્મયોગી નહિ, સાચા અર્થમાં યોગી પણ છે. ●

યહાઁ કે હાલાત પર...

ને.'

આવ્યો. સિઆચેનની
હતો. વાંચેલા અને
ોનો આવાસ, ઓપન
ે બધું જ નજરોનજર
વતા જવાનો ખરેખર
ે સ્નાનગૃહ, જે પણ
કપડું નીચે તરફ મોટા
તું. આ તંબૂની અંદર
ફને પાણીમાં ફેરવવા
ો રાખવામાં આવ્યો
પસતું હતું. પેરેશૂટની
ા માટે એથી વિશેષ

ોય છે. વ્યક્તિદીઠ તે
ની હોય તેમાં બીજાને
ો અભિગમ બદલાય
ખરું'ની ફિલસૂફીમાં
હજ શબ્દો રહી ગયા
ણ છે. ●



પૉર્ટર્સ : હૅપ્ટર્સ અને ડૉક્ટર્સ પછી ત્રીજું મહત્ત્વનું પાસું

સિઆચેનમાં આપણા ખુશ્કીદળનું કામકાજ રંગેચંગે પાર પાડવામાં ત્રણ મહત્ત્વનાં પાસાં હેપ્ટર્સ (હેલિકોપ્ટર્સ), ડોક્ટર્સ અને પોર્ટર્સ છે. પ્રથમ બેઉનો પરિચય મેળવી લીધા પછી હવે સમજવામાં બાકી રહેતું ત્રીજું પાસું પોર્ટર્સનું હતું. સિઆચેન ક્ષેત્રમાં બે ચોકીઓ વચ્ચે માલસામાનની આપ-લે માટે ખુશ્કીદળ લદ્દાખી પોર્ટર્સની (હમાલોની) મદદ લે છે. આવા હમાલો મોટે ભાગે બેઝ કેમ્પની નજીક આવેલા વારશી, ટિગર, પનામિક વગેરે જેવાં ગામોના રહીશ હોય છે. અહીં ધંધો-રોજગાર જેવું ખાસ કશું નહિ, એટલે પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવવા ખાતર ગામના અનેક યુવાનો ખુશ્કીદળમાં હમાલ તરીકે જોડાય છે. જવાનો/અફસરો સાથે તેઓ જે તે ચોકીએ મહિનાઓ સુધી રોકાય છે અને વિવિધ કાર્યો પાર પાડી આપે છે. સૌથી મહત્ત્વનું કામ હાફ લિન્કનું છે. અર્થાત્ કેરોસિન, ખાદ્યસામગ્રી તેમજ અન્ય ચીજવસ્તુઓ પીઠે લાદી એકથી બીજી



તસવીર સૌજન્ય : સિઆચેન બેઝ કેમ્પ

● *આ તસવીરમાં લદ્દાખી પોર્ટર્સનાં 'હોર્સપાવર'નો ખ્યાલ મળે છે. પીઠે લાદેલા પીપડાં ખાલી છે, તોય તેમનું વજન જેવું તેવું હોય નહિ !*

ચોકીએ પગપાળા પહોંચતું કરવાનું છે. અતિ મહત્ત્વનું વધુ એક કાર્ય ગાઈડનું એટલે કે ભોમિયાનું છે. સિઆચેનના બર્ફીલા 'રેગિસ્તાન'માં બે ચોકીઓ વચ્ચે આવનજાવન વખતે ભૂલા પડવાની સંભાવના રહેલી છે. આથી આપણા લશ્કરે દર થોડા અંતરે પથસૂચક થાંભલા ખોડ્યા છે. પરંતુ અહીં વર્ષેદહાડે બારેક મીટર હિમવર્ષા થાય છે. હિમના એક પછી એક થર સતત રચાય છે અને ઘણી વાર પથસૂચક થાંભલા હિમ ઓથે ઢંકાઈ જાય છે. આવા વખતે લદાખી પોર્ટર્સ લશ્કરની મદદે આવે છે. હિમપહાડોના તેઓ ભોમિયા છે. બલકે એમ કહો કે પહાડોના ખૂણેખૂણાથી તેઓ વાકેફ છે. પોતાના કુદરતી 'હોકાયંત્ર' વડે તેઓ બર્ફીલા 'રેગિસ્તાન'માં આપણા જવાનો/અફસરોને સાચા રસ્તે દોરી જાય છે.



તસવીર : હર્ષલ પુષ્કર્ણા

• પોર્ટર્સ : સિઆચેન ક્ષેત્રમાં ભારતીય લશ્કરના મદદનીશો

આ બેય અત્યંત મહત્ત્વનાં કાર્યો ઉપરાંત હેલિપેડનું મેન્ટેનન્સ, બરફ પિગળવાને કારણે કરવો પડતો ચોકીની કેબિનનો તેમજ તંબૂનો સ્થાનબદલો, પાવડા વડે હિમ હટાવવું વગેરે જેવાં કાર્યોમાં પોર્ટર્સ આપણા જવાનોને મદદ કરાવે છે. આ સેવાઓના બદલામાં ખુશ્કીદળ પોર્ટર્સને મહિને લગભગ ૧૮થી ૨૦ હજારનું ચૂકવણું કરે છે.

પહાડી ચોકીએ રોકાણ દરમ્યાન પાંચેક પોર્ટર્સ સાથે મારો ભેટો થયો. એકનું નામ રિગ્ઝિન, બીજો નુબ્રુ, ત્રીજાનું નામ પદ્મા અને વધુ બે જણાનું સ્તેન્ઝિન અને કોન્ચોક હતું.

અહીં ઉત્તુંગ ઊંચાઈએ વાતાવરણમાં ઠંડીનો સખત ચમકારો હતો. તાપમાન શૂન્ય નીચે પાંચેક અંશ હતું. ચોકીના સૌ જવાનો તથા કમાન્ડર તેમના અત્યંત જાડા ફૌજી જેકેટમાં સજ્જ હતા. મારી સાથે આવેલા કરમજીત સિંહ તથા લખવિન્દર (લખી) સિંહે પણ ફૌજી જેકેટ પહેર્યાં હતાં. ઠંડીથી રક્ષણ મેળવવા મેં પણ મારું જેકેટ ચડાવેલું હતું. આમ છતાં ઠંડીની અસર ખાસ્સી હદે જણાતી હતી. બીજી તરફ પોર્ટર્સે ખાસ ગરમ કપડાં ધારણ કરેલાં હતાં. બે જણાએ તો સમ ખાવા પૂરતું જ કોટનનું સામાન્ય જેકેટ પહેરેલું હતું.

'તુમ સબ કો ઠંડ નહીં લગતી ?' મેં સૌને મારો પહેલો સવાલ કર્યો.


પાંચેય જણા હસવા લાગ્યા. 'નહીં સર,' રિગ્ઝિન બોલ્યો. 'અભી ઠંડ કહાઁ શુરૂ હુઈ હૈ ?'

આ સાંભળીને ચોકીના કમાન્ડર પંજાબી છટામાં બોલી પડ્યા, 'ઓય ! ઔર કિતની ઠંડ ચાહિયે તૂઝે ?'

હવે હસવાનો વારો અમારા સૌનો આવ્યો. ચોકીના કમાન્ડરનું રિએક્શન સ્વાભાવિક હતું,



નું એટલે કે ભોમિયાનું
વખતે ભૂલા પડવાની
ભલા ખોડ્યા છે. પરંતુ
સતત રચાય છે અને
પોર્ટર્સ લશ્કરની મદદે
ખૂણાથી તેઓ વાકેફ
ા જવાનો/અફસરોને


તસવીર : હર્ષલ પુષ્કર્ણા

ગળવાને કારણે કરવો
વું વગેરે જેવાં કાર્યોમાં
દળ પોર્ટર્સને મહિને

એકનું નામ રિઝિન,
હતું.
માન શૂન્ય નીચે પાંચેક
ટમાં સજ્જ હતા. મારી
ટ પહેર્યાં હતાં. ઠંડીથી
ખાસ્સી હદે જણાતી
તો સમ ખાવા પૂરતું જ

કહાઁ શુરૂ હુઈ હૈ ?'
! ઔર કિતની ઠંડ


કશન સ્વાભાવિક હતું,

કેમ કે લદાખમાં શિયાળો બેસી ગયો હતો. અહીં ચોકીએ રાત્રિનું તાપમાન શૂન્ય નીચે ૨૨ અંશ સેલ્શિઅસ જેટલું રહેતું હતું. દિવસે પણ માઇનસ પાંચ જેટલું તો ખરું. છતાં લદાખી પોર્ટરોને જાણે કડકડતી ઠંડીની કશી અસર થતી ન હતી. ઊલટું, જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં હિમવર્ષા થાય અને તાપમાનનો પારો હજી નીચે ઉતરે ત્યારે તેમને મન શિયાળો શરૂ થયો ગણાય ! આ કેવું ?

'આ કેવું ?' કરતાં 'આમ કેમ ?' એ સવાલ અહીં કરવા જેવો છે અને ઉત્ક્રાંતિના સંદર્ભે તેનો જવાબ તપાસવા જેવો છે. ઉત્ક્રાંતિવાદના પ્રણેતા ચાર્લ્સ ડાર્વિને ઓગણીસમી સદીના મધ્યાહ્ને દક્ષિણ અમેરિકાના ટિએરા ડેલ ફ્યુએગો નામના ટાપુની મુલાકાત લીધી ત્યારે ત્યાં તેનો ભેટો પછાત આદિવાસીઓ જોડે થયો હતો. લગભગ ૨° સેલ્શિઅસના ઠંડાગાર વાતાવરણમાં ચામડાની ખાલ વડે તેમણે માંડ અડધું શરીર ઢાંકેલું, પરંતુ ચાર્લ્સ ડાર્વિન ગરમ કપડામાં સજ્જ હોવા છતાં તેના હાથ-પગ ઠરી જતા હતા. ડાર્વિને જોયું કે રાત્રિનું તાપમાન શૂન્ય નજીક જતું રહે ત્યારે પણ આદિવાસી લોકો અડધા ખુલ્લા શરીરે ભીના ખડક પર નિદ્રા માણતા હતા. શરીરની કુલ્ફી બનાવે એવા બર્ફીલા પાણીમાં સ્નાન કરવું એ તેમને મન સહજ બાબત હતી. આની પાછળનું બાયોલોજિકલ રહસ્ય એ હતું કે વાતાવરણના સંજોગો મુજબ કુદરતે ટિએરા ડેલ ફ્યુએગોના આદિવાસી લોકોના શરીરમાં ફેરફારો આણ્યા હતા. સૌથી મોટો ફેરફાર એ કે તેમની ચયાપચય ક્રિયા ચાર્લ્સ ડાર્વિન (અને આપણા જેવા તમામ લોકો) કરતાં વધુ ઝડપી બની. પાચનતંત્ર ભઠ્ઠી જેવું થયું. પરિણામે કોલસાની જેમ તેમાં ખોરાકનો તરત ફેંસલો આવતો રહે છે. આદિવાસીઓ

• પહાડી પોસ્ટમાં દરેક કામ ટીમવર્કથી થાય--અને પોર્ટર્સ ટીમનો અવિભાજ્ય હિસ્સો ગણાય, એટલે જવાનો જોડે તેમનો તાલમેળ રહે એ જરૂરી છે





• લદ્દાખી પોર્ટર નીમા નોબુ આવી જ એક કોતરમાં જઈ પડ્યો હતો

તે ભઠ્ઠીમાં ખોરાકરૂપી નવા કોલસા ઓરતા રહે, માટે સતત ગરમી (કેલરી) પેદા થયા કરે--અને 'ઠંડી મેં ભી ગરમી કા અહેસાસ' થાય ! ટિએરા ડેલ ફ્યુએગોના આદિવાસીઓની માફક લદાખી પોર્ટર્સને પણ ઠંડીની ખાસ અનુભૂતિ ન થવાનું એ જ કારણ છે.

■

'અચ્છા,' મેં પોર્ટરોને કહ્યું. 'જબ બર્ફ ગિરતી હૈ, કડાકે કી ઠંડ પડતી હૈ... તબ ભી ઇતને જૈકેટ સે કામ ચલા લેતે હો ?'

'નહીં, સર !' નુર્બુ નામનો પોર્ટર બોલ્યો. 'તબ અચ્છા વાલા જૈકેટ લગતા હૈ.'

'આર્મીવાલે તુમ કો જૈકેટ દેતે હૈ ?'

'હાઁ, સર... દેતેં હૈં.'

ચોકીના કમાન્ડરે કહ્યું, 'ઇન કો જૈકેટ, ટોપી, શૂઝ, ગ્લવ્ઝ... સબ દેતી હૈ હમારી આર્મી. ઇન કા બહુત સપોર્ટ હૈ આર્મી કો.'

'ઇજ્જત ભી દેતે હૈં, આર્મી વાલે.' મૃદુભાષી રિગ્ઝિને કહ્યું. 'ઐસા નહીં કિ પોર્ટર હૈં તો ઉનસે બદતમીઝી સે બાત કરો. પ્યાર સે બાત કરતેં હૈં. બડે સા'બ લોગ ભી ઇજ્જત દેતે હૈં.'

'ઇન સે તો હમારા યારાના હૈં...' ચોકી કમાન્ડરે એક પોર્ટરના ખભે ધબ્બો મારતા કહ્યું.

રિગ્ઝિનની વાત સાંભળીને અને તે વાતનું ચોકી કમાન્ડરે આપેલું રિએક્શન જોઇને સારું લાગ્યું. લદાખી પોર્ટરો જોડે જવાનો/અફસરોનો આદર-પ્રેમનો નાતો હોવાનું જણાતું હતું. રિગ્ઝિનને મેં આગામી સવાલ કર્યો, 'ચૌકી મેં ક્યા ક્યા ડ્યૂટી કરતે હો ?'

'જ્યાદાતર તો હાફ-લિન્ક કા કામ રહેતા હૈ, સર ! કભી કભી સા'બ લોગ કા બૈગ ઉઠા કર ચલતે હૈં... ચૌકી મેં રોજ કુછ કામ હોતા હૈ તો વહ ભી કર લેતે હૈં.'

'બદલે મેં જો પૈસા મિલતા હૈ ઉસસે ખુશ હો ?' મેં પૂછ્યું.

રિગ્ઝિન : 'જી, સર !'

'સુના હૈ આર્મી વાલોંને અબ પૈસા બઢાયા હૈ.' નુર્બુએ માહિતી આપી. 'પહેલે ૧૭,૦૦૦ મિલતા થા. અબ શાયદ પાંચ-છે હજાર ઔર મિલેગા.'

'ચલો, અચ્છા હૈ.' મેં સંતોષની લાગણી વ્યક્ત કરી. 'તુમ્હારા કામ ભી તો મહેનત કા હૈ. ઔર ખતરનાક ભી !'

'સિઆચેન ગ્લેશિઅર મેં ખતરા તો હર વક્ત રહેતા હૈ.' નુર્બુએ કહ્યું. 'હમારે લિયે... આર્મી વાલોં કે લિયે...'

'આર્મી વાલોં કી તરહ પોર્ટર ભી કઇ બાર હાદસોં કા શિકાર બનતે હૈં... જખ્મી હોતે હૈં... મરતે ભી હૈં.' રિગ્ઝિને તેના મૃદુ સ્વરે કહ્યું.

અકસ્માતના કેટલાક કિસ્સા રિગ્ઝિન અને તેના સાથીઓએ કહ્યા. બધામાં સૌથી ખતરનાક નીમા નોબ્રુ નામના પોર્ટરનો હતો. કમકમાં છોડાવી દેતો એક કિસ્સો અહીં નોંધીએ.

દૈત્યના વિકરાળ જડબા જેવી કોતરો

૨૦૧૨નો ડિસેમ્બર મહિનો હતો. સિઆચેનમાં તે સમય આકરા શિયાળાનો ગણાય. મૂળ વારશી ગામનો વીસ વર્ષીય યુવક નીમા નોબ્રુ પોર્ટર તરીકે ફરજ બજાવવા સિઆચેન ક્ષેત્રમાં આવ્યો હતો. એક દિવસ કોઇ ઊંચી પહાડી ચોકી તરફ જઇ રહેલી જવાનોની પલટણ સાથે તે



તસવીર સૌજન્ય : Indian Army



• કોતરમાં ફસડાઈ પડેલા પોર્ટર/જવાનને બહાર કાઢવાનું કાર્ય અત્યંત મુશ્કેલ છે, એટલે સફળતાની શક્યતા નહિવત્ જેવી રહે છે

બરફ ખૂંદતો પગપાળા ચાલી રહ્યો હતો. સાથે બીજા લદાખી પોર્ટર્સ પણ હતા, પણ નીમા તેમના કરતાં સહેજ દૂર હતો. ચાલતી વખતે એક સ્થળે તે ફસડાઇ પડ્યો અને બીજી જ ક્ષણે અદૃશ્ય થઇ ગયો. સાથી પોર્ટર્સ એ તરફ ધસી ગયા અને જોયું તો માંડ દોઢેક મીટર પહોળાઇ ધરાવતી, પણ અત્યંત ઊંડી કોતર નીમાને ગળી ગઇ હતી. આ યુવાનને ત્યાંથી બહાર કાઢવા માટે બધા પોર્ટર્સ તેમજ જવાનો કલાકો સુધી મથ્યા, પણ સફળતા ન મળી. અંધારું ઘેરાવા લાગ્યું, એટલે બચાવકાર્ય ફરજિયાત અટકાવવું પડ્યું.

નીમા આખી રાત કોતરના કોલ્ડ સ્ટોરેજ જેવા વાતાવરણમાં પડી રહ્યો. બીજે દિવસે સવારથી અધૂરું કાર્ય આગળ ચાલ્યું. અથાક પ્રયાસોના અંતે આખરે નીમાને બહાર કઢાયો : પૂરા પચ્ચીસ કલાક પછી--મૂર્છિત હાલતે ! અતિશય ઠંડીએ તેના શરીરને અક્કડ કરી નાખ્યું હતું. હેલિકોપ્ટર દ્વારા બનતી ત્વરાએ નીમાને થોઇસ લઇ જવામાં આવ્યો, જ્યાંથી વિમાન મારફત દિલ્લીની Research And Referral હોસ્પિટલે દાખલ કરાયો. અહીં ડોક્ટરોની ટીમે તબીબી નિદાન કાઢ્યું કે નીમાના હાથ-પગ frostbite/ હિમડંખનો બૂરી રીતે શિકાર બન્યા હતા. ગોટલા સુધીના બેઉ પગનું તેમજ ડાબા હાથની પાંચેય આંગળીઓનું તેમણે વિચ્છેદન કરવું પડ્યું. વીસ વર્ષના યુવકની જિંદગી રાતોરાત બદલાઇ ગઇ. પોર્ટર તરીકે નોકરી કરતાં જે આવક મળતી હતી તે હંમેશ માટે બંધ થઇ. બીજો કોઇ કામ-ધંધો તો આમેય ન હતો અને હવે પગ ગુમાવ્યા પછી મહેનત-મજૂરીનું કામ થાય પણ કેવી રીતે ?

લાચાર નીમાની મદદે ત્યારે ભારતીય ખુશ્કીદળ આવ્યું. આ પોર્ટરને આર્થિક મદદ કરવા માટે ખુશ્કીદળના કેટલાક જવાનોએ તેમજ અફસરોએ પોતાનાથી બનતા રૂપિયા આપ્યા. કેટલીક રકમ સ્વયંસેવી સંસ્થાઓમાંથી મળી, તો અમુક આર્મી વેલ્ફેર ફંડમાંથી લેવામાં આવી. આ રીતે અગિયાર લાખ રૂપિયા એકઠા થયા. નીમાએ તે રકમ વડે નવી જિંદગી શરૂ કરી.

■

બીજો કિસ્સો, જે લેહ ખાતેના મારા ગાઇડ મહમ્મદ જુમાએ કહ્યો હતો. જુમા એ જ લદાખી ભોમિયો કે જેની સાથે મેં જૂન, ૨૦૧૬માં સ્તોક કાંગડીનું ૬,૧૫૩ મીટર ઊંચું શિખર સર કર્યું

હતું. લેહથી બેઝ કેમ્પ સુધી જુમા જ તેની ગાડીમાં મને મૂકવા આવેલો. ૨૦૦૭, ૨૦૦૮ અને ૨૦૦૯ એમ લગાતાર ત્રણ વર્ષ તેણે સિઆચેનમાં પોર્ટર તરીકે ફરજ બજાવી હતી. અહીં રજૂ પામતો કિસ્સો તેના ૧૯ વર્ષીય પિતરાઈ ભાઈ મહમ્મદ શરીફનો છે, જે ૨૦૧૨ના શિયાળામાં સિઆચેનની 'ખંડા' ચોકીએ પોર્ટર તરીકે નોકરીએ ગયો હતો.

એક દિવસ શરીફ અને તેની જોડે બે લદાખી પોર્ટર પીવાના પાણી માટે આવશ્યક બરફ લેવા માટે ચોકીથી થોડે દૂર આવેલી નાનકડી હિમગુફાએ ગયા. (સિઆચેનમાં આવી હિમગુફાઓનો સુમાર નથી). શરીફે ગુફાની સહેજ અંદર રહીને તથા તેના સાથીદારોએ ગુફાના મોઢા નજીક રહીને પોતપોતાની હિમકુહાડી વડે બરફના ચક્કા તોડવાનું શરૂ કર્યું. હિમકુહાડીના ફટકાઓએ પેદા કરેલા આઘાતને કારણે ગુફાની અંદરનો બરફ એકાએક ફસકી પડ્યો એટલું જ નહિ, પર્વતના ઢોળાવ પરથી પોચું હિમ સપાટાબંધ નીચે સરી આવ્યું. ત્રણેય જણા દટાઈ ગયા. ગુફાના મુખ નજીક ઊભેલા બેઉ પોર્ટરોને ઉગારી શકાયા, જ્યારે સહેજ અંદર સપડાયેલા શરીફને બહાર કાઢવામાં ખાસ્સી વાર લાગી. દરમ્યાન ગૂંગળામણને કારણે તેનું અવસાન થઈ ચૂક્યું હતું.

આ યુવાન પોર્ટરનો મૃતદેહ લશ્કરી ખટારામાં સન્માન સાથે તેના ગામે પહોંચતો કરાયો. ચોકીએ જતા પહેલાં ઉતરાવવામાં આવેલા જીવન વીમાની રકમ તેના પરિવારને આપવામાં આવી. ઓગણીસ વર્ષીય પિતરાઈ ભાઈ શરીફની અંતિમક્રિયા જુમાએ ખુદ પોતાના હાથે કરી.

• સિઆચેનના હિમપહાડોમાં આવી બર્ફીલી ગુફાઓ ઠેર ઠેર છે



૨૦૦૭, ૨૦૦૮ અને
ાવી હતી. અહીં રજૂ
૨૦૧૨ના શિયાળામાં

આવશ્યક બરફ લેવા
આવી હિમગુફાઓનો
ગુફાના મોઢા નજીક
ફુહાડીના ફટકાઓએ
ગ્યો એટલું જ નહિ,
દટાઇ ગયા. ગુફાના
ાયેલા શરીફને બહાર
થઇ ચૂક્યું હતું.
ામે પહોંચતો કરાયો.
પરિવારને આપવામાં
પોતાના હાથે કરી.



સિઆચેનનાં કુદરતી જોખમો સામે ચેતવણીજનક આવાં તો અનેક દાખલાઓ લદાખી પોર્ટરો સમક્ષ છે. આમ છતાં પેટિયું રળવા ખાતર તેઓ ચેતવણીની ઐસી તૈસી કરી જોખમો સાથે બાથ ભીડવા સિઆચેન જાય છે. આ તેમની મજબૂરી છે, કેમ કે વારશી, પનામિક, ટિગર વગેરે જેવાં છૂટાંછવાયાં ગામોમાં રોજગારીની તકો નથી. ઘરના રોજિંદા ખર્ચાપાણી કાઢવાનો સરળ વિકલ્પ સિઆચેનમાં પોર્ટરની નોકરીનો છે, જેમાં પૈસા છે તેમ જાનનું જોખમ પણ છે.

■

રિગ્ઝિન, નુર્બુ, પદ્મા, સ્તેન્ઝિન અને કોન્ચોક એમ પાંચેય લદાખી પોર્ટરો જોડે વાર્તાલાપ ખાસ્સો લાંબો ચાલ્યો. પોર્ટરની નોકરી માટે પસંદગી કેવી રીતે કરવામાં આવે છે ? મારા એ સવાલના જવાબમાં રિગ્ઝિને જણાવ્યું કે, 'સિઆચેન મેં પોર્ટર કી નૌકરી દેને કે લિયે યહાઁ ઠેકેદાર હૈ. પહેલે વહાઁ નામ લિખવાના પડતા હૈ.'

'ફિર ?'

'નામ લિખવાને કે બાદ ઠેકેદાર નંબર દેતા હૈ.' રિગ્ઝિને કહ્યું. 'જિસકા નંબર આયે ઉસકો આર્મી વાલે ટ્રક મેં બેઝ કેમ્પ લે જાતે હૈં.'

'કોઇ મેડિકલ ટેસ્ટ નહીં હોતા ?'

'હોતા હૈ, સર ! બેઝ કેમ્પ મેં હોતા હૈ. મેડિકલ ટેસ્ટ પાસ કર લિયા તો ફિર આર્મી વાલે હમેં ફોરવર્ડ પોસ્ટ પે લે જાતે હૈં.'

'પોસ્ટ સે વાપસ કબ લૌટતે હો ? લૌટને કે બાદ ક્યા કરતે હો ?'

'તીન મહિને કે બાદ.' રિગ્ઝિને કહ્યું. 'ફિર ઘર જાતે હૈં, સર !' રિગ્ઝિન બોલ્યો. 'પરિવાર સે મિલતે હૈં. કુછ દિન આરામ કરતે હૈં ઔર વાપસ ઠેકેદાર કે યહાઁ નામ લિખવાતે હૈં.'

'ચૌકી તક ચઢ કર જાઓ, વહાઁ મજદૂરી કરો, તીન મહિને બાદ નીચે વાપસ આઓ, ફિર સે ચૌકી પે જાને કિ તૈયારી કરો...' નુર્બુ બોલ્યો. '... બસ ઐસે ચલતી રહેતી હૈ જિંદગી.'

'સર...' રિગ્ઝિને તેના મૃદુ અવાજે કહ્યું, 'આપ સિઆચેન કી કિતાબ લિખ રહે હો તો ઉસ મેં પોર્ટર્સ કે બારે મેં જરૂર લિખના. પોર્ટર્સ બહુત મહેનત કરતે હૈ. લેકિન ઉન કે બારે મેં કોઇ કુછ નહીં જાનતા.'

'ચિંતા મત કરો, રિગ્ઝિન ! મૈં પોર્ટર્સ કે બારે મેં લિખૂંગા. સમજો કિ તુમ ફેમસ બનને વાલે હો.' મેં હળવી મજાકમાં કહ્યું.

આ સાંભળીને ચોકીના કમાન્ડરે ટીખળના સ્વરે એ સૌને કહ્યું, 'નસીબવાલે હો તુમ સબ... આજ સામને સે કોઇ સિવિલિઅન તુમ્હેં યહાઁ મિલને આયા હૈ... ઔર વહ ભી પહાડ ચઢ કે ઇતની ઉપર !'

'નહીં...' મેં કહ્યું. 'નસીબવાલા તો મૈં હૂઁ કિ આપ સબ કો મિલને કા મુઝે અવસર મિલા. વર્ના આપ સબ લોગ યહાઁ કૈસે જીતે હૈં યહ જાનને કો, ઉસકા અનુભવ કરને કો કભી ન મિલતા. હેલ્પર્સ ઔર ડોક્ટર્સ કે સાથ પોર્ટર્સ કા નામ ક્યૂં લિયા જાતા હૈ ઉસકા ભી રહસ્ય આજ પતા ચલા.'

■

હવે ચોકીએથી નીકળવાનો સમય થઇ ગયો હતો. રિગ્ઝિન, નુર્બુ, પદ્મા, સ્તેન્ઝિન અને કોન્ચોક એમ પાંચેય લદાખી પોર્ટર્સ જોડે મેં હાથ મિલાવ્યા. સિઆચેનમાં તેમના મહત્ત્વપૂર્ણ રોલ બદલ સૌની પીઠ થાબડી અને 'જુલે !' કહીને અભિવાદન કર્યું.

આ દૃશ્ય દૂર બેઠા જોઇ રહેલા કરમજીત સિંહ અને લખવિન્દર સિંહ મારી પાસે આવ્યા અને પૂછ્યું, 'સા'બ ! નીકલને સે પહેલે ચાય લેંગે ?'

'નહીં... એક દો તસવીર લે લેતેં હૈ.' મેં ખિસ્સામાંથી મારો મોબાઇલ ફોન બહાર કાઢ્યો. ચોકીના બધા જવાનોને એકઠા કર્યા અને તેમની સાથે તસવીરો લીધી. ફોટો સેશન પૂરું થયું, એટલે મોટા સાદે હું બોલ્યો, 'ભારત માતા કી જય !' તમામ જવાનોએ તથા પોર્ટરોએ પણ બુલંદ નારો લગાવ્યો, 'ભારત માતા કી જય !'



● પહાડી પોસ્ટથી વિદાય લેતાં પહેલાં જવાનો સાથે 'ભારત માતા કી જય!'નો નારો લગાવતી વેળા ચોકીના એક જવાને લીધેલી તસવીર

જતી વખતે ચોકીના શેરદિલ જવાનોને હું વારાફરતી મળ્યો અને તેમનો આભાર વ્યક્ત કર્યો.

'સા'બ !' ચોકીના કમાન્ડરે કહ્યું, 'આપ સે મિલ કર હમ સબ કો બહુત અચ્છા લગા. ઐસા મહેસૂસ હુઆ કિ જૈસે હમેં મિલને હમારે ઘર સે કોઇ આયા હો. આપ કો કિતાબ લિખને કે લિયે હમારી ઓર સે શુભકામનાએં. હો સકે તો કિતાબ પંજાબી મેં ભી લિખના.'

'કુછ દિન અચ્છે સે નિકલ જાયેંગે અબ...' બીજા જવાને કહ્યું. 'મોબાઇલ મેં આપ કી તસવીર દેખતે રહેંગે... તસવી દખ કર આપ કો યાદ કરેંગે... આપ સે હુઇ બાતચીત ભી યાદ કરતે રહેંગે...'

આ છેલ્લા વાક્યમાં જવાનોની એકલતા વ્યક્ત થતી હતી. મહિનાઓ સુધી તેમને કોઇ નવો ચહેરો જોવા મળતો નથી. નવી વાત કરવા માટે કોઇ મળતું નથી. મારી જોડેની મુલાકાતમાં અવનવા મુદ્દે વાતચીત કરીને જવાનોને સારું લાગ્યું. મારી વિઝિટ ખુદ મને ફળી એ તો સમજ્યા, પણ જવાનોમાં સંતોષની લાગણી પેદા કરનારી સાબિત થઇ એ વાતે મને આનંદ થયો. કરમજીત સિંહ, લખી સિંહ અને પેલા લદાખી પોર્ટર જોડે મેં બેઝ કેમ્પ તરફનો રિટર્ન પ્રવાસ આરંભ્યો. ચોકીથી પચાસેક મીટર દૂર પહોંચ્યા પછી કરમજીત સિંહ અટક્યા, અબાઉટ ટર્ન થયા, ટટ્ટાર પોઝ ધારણ કર્યો અને જમીન પર પોતાનો જમણો પગ પછાડીને ચોકીને સલ્યૂટ કરી ! એક સાચા ફૌજીએ તેની કર્મભૂમિને આપેલું સન્માન જોઇ મને સુખદ આશ્ચર્ય થયું. ●

ક મારી પાસે આવ્યા અને
ાઈલ ફોન બહાર કાઢ્યો.
. ફોટો સેશન પૂરું થયું,
તથા પોર્ટરોએ પણ બુલંદ
લગાવ્યો, 'ભારત માતા
જય !'
જતી વખતે ચોકીના
દિલ જવાનોને હું
ફરતી મળ્યો અને તેમનો
ભાર વ્યક્ત કર્યો.
'સા'બ !' ચોકીના
ન્ડરે કહ્યું, 'આપ સે મિલ
હમ સબ કો બહુત અચ્છા
. ઐસા મહેસૂસ હુઆ કિ
હમેં મિલને હમારે ઘર
કોઈ આયા હો. આપ કો
બ લિખને કે લિયે હમારી
ે સે શુભકામનાએં. હો
તો કિતાબ પંજાબી મેં ભી
ના.'
'કુછ દિન અચ્છે સે
લ જાયેંગે અબ...' બીજા
કર આપ કો યાદ કરેંગે...
ઓ સુધી તેમને કોઈ નવો
મારી જોડેની મુલાકાતમાં
મને ફળી એ તો સમજ્યા,
ને આનંદ થયો. કરમજીત
િ રિટર્ન પ્રવાસ આરંભ્યો.
ાઉટ ટર્ન થયા, ટટ્ટાર પોઝ
સલ્યૂટ કરી ! એક સાચા
. •



'મિશન સિઆચેન' આખરે સંપન્ન !

પહાડી ચોકીના પ્રહરીઓની તેમજ ત્યાં ફરજ બજાવતા પોર્ટર્સની યાદગાર મુલાકાત લઈને તથા પહાડી રસ્તે ઉતરાણ કરીને અમે ફરી એ જ સ્થળે પહોંચ્યા જ્યાંથી પ્રવાસનો આરંભ કર્યો હતો. ખુશ્કીદળની જિપ્સી ત્યાં આવીને ઊભેલી હતી. ડ્રાઈવર પણ એ જ ! હું ગાડીમાં આગલી સીટે ગોઠવાયો એટલે તેણે કહ્યું, 'સત્ શ્રી અકાલ, સા'બ ! હો આયે ચૌકી ? ઠીક રહા ઇન્ટરવ્યૂ ?'

'જી.'

'અચ્છા જી... અબ થોડા રેસ્ટ કર લીજિયે... બાદ મેં આપ કો કમાન્ડર સા'બને ઓફિસ મેં બુલાયા હૈ.' કહીને તેણે બેઝ કેમ્પ તરફ જિપ્સી મારી મૂકી. રસ્તામાં પેલો લદાખી પોર્ટર, લખી સિંહ અને કરમજીત સિંહ ઊતરી ગયા. હું પણ દરવાજો ખોલીને બહાર નીકળ્યો. ત્રણેય જણા જોડે હાથ મિલાવીને અને હૃદયપૂર્વક તેમનો આભાર માનીને પાછો ગાડીમાં બેઠો. ડ્રાઈવરે શીખ બટાલિઅનના ગેસ્ટહાઉસ તરફ ગાડી હંકારી અને તેના પ્રાંગણ સુધી મૂકી ગયો.

ગેસ્ટરૂમે પહોંચીને મેં લેહ ખાતે જુમાને ફોન કરી દીધો અને બીજા દિવસે સવારે ગાડી લઈને હાજર થવા જણાવ્યું. હવે અહીંનું કામ પૂરું થયું હતું. સિઆચેનને લગતાં બેઝ કેમ્પ, હેલિકોપ્ટર્સ, જવાનો, અફસરો, તબીબો, પોર્ટર્સ, ચોકી વગેરે જેવાં પાસાંનો અભ્યાસ કરીને તેમનાં વિશે કેટલીક ફર્સ્ટ-હેન્ડ માહિતી મળી હતી. છેલ્લાં એક વર્ષથી જેને માટે તનતોડ (અને ઘણી વાર મનતોડ) પ્રયત્નો કર્યાં હતાં તે 'મિશન સિઆચેન' આખરે સંપન્ન થયું !

એકાદ કલાક આરામ કરીને હું બેઝ કમાન્ડર કર્નલ હરિહરનને તેમના કાર્યાલયે મળવા ગયો. એર ડિસ્પેચ પ્લેટૂનના મેજર અભિષેક શર્મા પણ ત્યાં જ હતા. મોડી સાંજનો સમય હતો, એટલે બેઝ કેમ્પના અન્ય તમામ અફસરોની માફક એ બન્ને પણ યુનિફોર્મને બદલે ટ્રેક સૂટમાં સજ્જ હતા. સિઆચેન બેઝ કેમ્પમાં બધા અફસરો સવારે વર્દી અને સાંજે ટ્રેક સૂટ સાથે સ્પોર્ટ્સ શૂઝ પહેરતા હતા. આ પ્રકારના 'ડ્રેસ-કોડ' પાછળનું ખાસ કોઈ કારણ હોય કે કેમ તે જાણવાનો મેં પ્રયત્ન કર્યો હતો, પણ સંતોષકારક ખુલાસો મળ્યો નહોતો.

સિઆચેનમાં મારા રોકાણ દરમ્યાન તમામ પ્રકારની મદદ અને સુવિધાઓ બદલ મેં કર્નલ

હરિહરનનો તથા મેજર અભિષેકનો આભાર માન્યો અને વહેલી સવારે વિદાય લેવાની પરવાનગી માગી. સિઆચેન ક્ષેત્રમાં થયેલા મારા અનુભવો સાંભળવા માટે કર્નલે મને થોડી વાર તેમની ઓફિસમાં રોક્યો, ગરમ કોફી મંગાવી અને પછી વાતોએ વળગ્યા. વિષય સિઆચેનનો, પણ ચર્ચાના મુદ્દા બદલાતા રહ્યા.

એક મુદ્દો સિઆચેનના નામે નેતા-અભિનેતાઓ દ્વારા બટોરવામાં આવતી સસ્તી પ્રસિદ્ધિનો નીકળ્યો. કર્નલ હરિહરને ભારે ઉશ્કેરાટ સાથે એ અંગે પોતાનો અંગત મત આપતાં જણાવ્યું કે કેટલાક વી.આઇ.પી. મહાનુભાવો એવા છે જેઓ હેલિકોપ્ટરમાં બેસીને સિઆચેન આવે છે, જવાનો સાથે તસવીરો ખેંચાવે છે અને એકાદ-બે કલાકમાં રવાના થઇ જાય છે. બીજે દિવસે અખબારોમાં તેમની તસવીરો પ્રગટ થાય અને સરહદ પર ફરજ બજાવતા જવાનો પ્રત્યે તેમની સંવેદના અંગે અખબારી અહેવાલો છપાય ત્યારે જીવ બળીને ખાક થઇ જાય છે. આને સંવેદના કહેવાય કે પ્રસિદ્ધિની ભૂખ ? લશ્કરને આવી કથિત સંવેદનાની જરૂર નથી, માટે પ્રસિદ્ધિભૂખ્યા વી.આઇ.પી. મહાનુભાવો અહીં પધારે તેનાથી લશ્કરને કશો ફરક પડતો નથી. ઊલટું, એવા મહાનુભાવોની ટૂંકી મુલાકાત સાચવવા જતાં અમારું રોજિંદું કામકાજ ખોરવાય છે. તકલીફોનો પાર રહેતો નથી. આ સંદર્ભે બેઝ કમાન્ડરે કેટલાક દાખલા ટાંક્યા ત્યારે તેમની વાત જોડે સહમત થયા વિના રહેવાયું નહિ.

એક ઉદાહરણ તેમણે સિઆચેન ગ્લેશિઅર ટ્રેકનું આપ્યું. આ ટ્રેક એ જ કે જેને માટે મેં જૂન, ૨૦૧૬માં અરજી કરી હતી અને મારી ઉંમરના ૪૦ વર્ષવાળા તકાદાને કારણે તે નામંજૂર કરવામાં આવી હતી. (જુઓ, પ્રકરણ ૮, પાનું ૯૭). સપ્ટેમ્બર મહિનામાં એ ટ્રેક માટે કેટલાક civilians/ નાગરિકો અહીં બેઝ કેમ્પ ખાતે આવ્યા હતા. આ ટુકડી પૈકી એક જણાનું સ્થૂળ શરીર જોતાં લશ્કરી તબીબોએ તેને બેઝ કેમ્પથી આગળ ન વધવાની સલાહ આપી, કારણ કે આગળ શરૂ થતી પર્વતમાળામાં કપરાં ચઢાણો હતાં. સ્થૂળ શરીર સાથે તેમને પાર કરવાનું અસંભવની હદે મુશ્કેલ હતું. તબીબોની સલાહને એ સભ્યએ અવગણી. ટ્રેકિંગ આરંભ્યું અને થોડેક પહોંચ્યા બાદ થકાવટને કારણે તેને હાંફ ચડી. હૃદયના ધબકારા વધી ગયા. તબીબી સારવાર આવશ્યક બની, એટલે બેઝ કેમ્પથી એક હેલિકોપ્ટર તેને ખાસ તેડવા માટે ગયું. આ બનાવે બેઝ કેમ્પને માથે લીધું. તબીબોની ચેતવણી છતાં એ સભ્યને શા માટે આગળ જવા દેવામાં આવ્યા ? મારા એ સ્વાભાવિક પ્રશ્નનો બેઝ કમાન્ડરે આપેલો ખુલાસો આમ હતો : કારણ કે અમારા પર એક વી.આઇ.પી. મહાનુભાવનું 'ઉપરથી' પ્રેશર હતું.

આ પ્રસંગ જાણ્યા બાદ મેં બેઝ કમાન્ડરને કહ્યું, 'મેં પણ સિઆચેન ગ્લેશિઅર ટ્રેક માટે અરજી કરી હતી... પણ આંકડાની આંટીઘૂંટીએ મારો કેસ બગાડી દીધો.'

'નહિ, કેસ આંકડાએ નહિ...' બેઝ કમાન્ડર મલકાઇને બોલ્યા, 'મેં બગાડ્યો હતો. સિઆચેન ગ્લેશિઅર ટ્રેકની વયમર્યાદા ૪૫ માંથી ૪૦ મેં જ કરાવી હતી--અને આવતા વર્ષે કદાચ ૩૫ કરાવું તો નવાઇ નહિ !'

'ઓહ !' હું બોલી પડ્યો. '... તો એ ટ્રેકમાં મારું પત્તું તમારા હાથે કપાયું હતું, એમ ને ?' હું, બેઝ કમાન્ડર અને મેજર અભિષેક ત્રણેય એકસાથે હસી પડ્યા. '... પણ સર, સાચું કહું તો જે થયું તે સારા માટે થયું. અહીં એકલા રહીને સિઆચેન ક્ષેત્રની મુલાકાત વધુ સારી રીતે થઇ શકી. ટ્રેકની ભીડભાડમાં આટલું સંતોષપૂર્ણ કામ કદાચ ન થઇ શક્યું હોત.'

'બેશક ! તમને સંતોષ થયો એ અમારા સૌ માટે આનંદની વાત છે.' બેઝ કમાન્ડરે કહ્યું. 'બોલો, હજી કોઈ પ્રકારની માહિતી યા મદદ જોઈતી હોય તો કહી નાખો.'

'છેલ્લી બે વાત...' મેં કહ્યું.

'બોલી દો, મિ. પુષ્કર્ણા !'

'સિઆચેન ક્ષેત્રની એવી તસવીરો મને આપી શકો જે હું મારા પુસ્તકમાં છાપી શકું?' કમાન્ડરને મેં વિનંતી કે સાથ પ્રશ્ન કર્યો.

'સમજો મળી ગઈ... હું મેજર પ્રવલ ધીરને જણાવી દઉં છું.' કમાન્ડર બોલ્યા. 'બીજી વાત કઈ હતી ?'

'સર, સિઆચેન ક્ષેત્રનું બહુ ઉમદા સંચાલન બેઝ કમાન્ડર હોવાના નાતે તમે કરી રહ્યા છો. આ પાંચ દિવસ દરમ્યાન સંખ્યાબંધ અફસરોના તેમજ જવાનોના મોઢે મેં તમારી કાર્યકુશળતાના અને તમારા ઊંડા અનુભવના વખાણ સાંભળ્યા છે. મને તમારા પર ગર્વ થાય છે અને તે લાગણી હું તમારી સાથે હાથ મિલાવીને અને ગળે મળીને વ્યક્ત કરવા માગું છું.'

તસવીર : કર્નલ હરિહરનનો અંગત મદદનીશ જવાન



• બેઝ કમાન્ડર કર્નલ હરિહરન (વચ્ચે) અને મેજર અભિષેક સાથે તેમના કાર્યાલયમાં

બેઝ કમાન્ડર જ નહિ, મેજર અભિષેક પણ નવાઈ પામી ગયા. બેઉનો ચહેરો ખીલી ઊઠ્યો. વારાફરતી બેઉને હું ભેટ્યો અને તેમના કાર્ય બદલ શુભેચ્છાઓ તેમજ અભિનંદન આપ્યાં. યાદગીરીના પ્રતીકરૂપે તેમની સાથે કેટલીક તસવીરો લીધી.

જતાં પહેલાં બેઝ કમાન્ડરે મને કેટલીક સૂચનાઓ આપી, જેનો ટૂંક સાર એ કે સિઆચેન ક્ષેત્રની સુરક્ષા અને સલામતી જોખમાય તેવી વિગતો મારે લખવાની ન હતી તેમજ વ્યૂહાત્મક દૃષ્ટિએ સંવેદનશીલ તસવીરો મારે પ્રગટ કરવાની ન હતી. પહાડી ચોકી અંગેનું વિવરણ સુરક્ષાનો તકાદો ધ્યાનમાં રાખી કરવાનું હતું તેમજ ત્યાં સ્થિત ફૌજીઓનાં નામ ટાળવાનાં હતાં. આ તમામ બાબતોનું ધ્યાન રાખવા અંગે મેં તેમને બાંહેધરી આપી અને પછી ત્યાંથી વિદાય લીધી.

■

શીખ બટાલિઅનની ઓફિસર્સ મેસમાં એ રાત્રે અફસરો જોડે ભોજન લેવાનો છેલ્લો લહાવો મારે લેવાનો હતો. ભોજનને હજી સમય હતો, એટલે હું મેસના રસોડામાં દાખલ થયો. 'સત્ શ્રી અકાલ, સા'બ !' ભોજન બનાવવામાં મચેલા જવાનોએ મને આવકાર્યો.

'સત્ શ્રી અકાલ !' મેં કહ્યું. 'આપ સબ કી તસવીર લે સકતા હૂઁ ?'

'હાઁ જી, હાઁ જી...' કહીને સૌ અટેન્શનમાં આવી ગોઠવાઈ ગયા. તસવીરો લેવાઈ એ પછી એક જવાને પૂછ્યું, 'હમારી તસવીર આપકી કિતાબ મેં આયેગી ?'

'ક્યોં નહીં ?' મેં કહ્યું. 'આપ હરરોજ મહેનત કર કે અચ્છા ખાના પકાતે હૈં... ન જાને કિતને અફસરોં કો આજ તક આપને ઘર જૈસા ખાના ખિલાયા હૈં... ખાલી પેટ તો બૈઠે બૈઠે ભજન ભી

તસવીર : હર્ષલ પુષ્કર્ણા



• શીખ બટાલિઅનની મેસના રસોઈયાઓ : આ જવાબદારી પણ નાનીસૂની નથી

નહીં હોતે, યહાઁ તો અફસર પૂરા દિન કામ મેં દૌડતે રહેતે હૈ. સિઆચેન કો ચલાને મેં અફસરોં કા રોલ હૈ, તો અફસરોં કા પેટ ભર કે પૈર ચલાને મેં આપકા રોલ હૈ. બોલો, સહી બાત હૈ કિ નહીં ?'

બધાએ મલકાતા ચહેરે ડોકું ધૂણાવ્યું. મારો મદદનીશ ગુલઝાર સિંહ પણ ત્યાં જ હતો. મેં તેને કહ્યું, 'કલ સુબહ સાડે સાત બજે મૈં યહાઁ સે નિકલૂઁગા... મેરા બિલ તૈયાર રખના.' ભારતીય ખુશ્કીદળ પર હું મારા નિભાવખર્ચનો કોઇ પણ પ્રકારનો બોજો નાખવા માગતો ન હતો, એટલે બેઝ કેમ્પમાં રહેવાનો તેમજ ખાવા-પીવાનો તમામ ખર્ચ હું ચૂકવી દેવા માગતો હતો.

રાત્રિના લગભગ આઠેક વાગ્યે ઓફિસર્સ મેસમાં મેજર પ્રવલ ધીર જોડે મુલાકાત થઇ. બેઝ

• શીખ બટાલિઅનના ભોજનાલયમાં અફસરો જોડે : આ હિમપ્રહરીઓ કદી ભુલાવાના નહિ



તસવીર : મોહન સિંહ

કમાન્ડરના
ખજાનો મેજર
લઈ જવા માટે
મેજર ધીર,
જેવા અફસરો
સિઆચેન
દૃષ્ટિકોણે પ્રશ્નો
શૌર્ય, સાહસ,
તમામ
ટૂંકમાં વાત કરી.
પણ તસવીરો
સૌએ મને અહીં
શુભેચ્છાઓ
મોકલવા માટે
ભોજન
પર સિઆચેન
તેમના લેપટોપ
અર્થાત્ વ્યૂહાત્મક
મને આપી.
અને જતાં પહેલાં
તેમજ ઇચ્છા
બલકે
લશ્કરમાં
એટલે તેમના
'થેન્ક યુ, મિ.

બીજે દિવસે
હું તેના
ગાડી દેખાઈ.
પ્રાંગણમાં
ઉત્સુકતાથી
'જુલે ! જુલે
વારશી,
જેવાં ગામો એક
અનુભવો વિશે
ગાડી સીધી એક

તસવીર : હર્ષલ પુષ્કર્ણા



કો ચલાને મેં અફસરોં કા
સહી બાત હૈ કિ નહીં ?'
હ પણ ત્યાં જ હતો. મેં
તૈયાર રખના.' ભારતીય
માગતો ન હતો, એટલે
માગતો હતો.
જોડે મુલાકાત થઈ. બેઝ



તસવીર : મોહન સિંહ

કમાન્ડરના આદેશ મુજબ તેમણે સિઆચેનની કેટલીક તસવીરો મને આપી. તસવીરોનો મોટો ખજાનો મેજર હરસુખચૈન સિંહ પાસે હતો, જેમણે મને ભોજન પશ્ચાત તેમના રૂમ પર આવી તે લઈ જવા માટે જણાવ્યું.

મેજર ધીર, મેજર સિંહ, મેજર અભિષેક શર્મા, કેપ્ટન રાહુલ ગર્ગ, કેપ્ટન સાંગવાન વગેરે જેવા અફસરો સાથે ભોજનનો આનંદ મેં માણ્યો. ફરી એવો પ્રસંગ ક્યારે આવે તે કોણ જાણે! સિઆચેન ક્ષેત્રમાં પાંચ દિવસના રોકાણનો અનુભવ કેવો રહ્યો તે અંગે અફસરોએ વિવિધ દૃષ્ટિકોણે પ્રશ્નો પૂછ્યા. અહીં જવાનો/અફસરો તેમજ પોર્ટરોના શૌર્ય, સાહસ, વતનપરસ્તી, ફરજપાલન, એકલાપણું, ગમગીની વગેરે તમામ સંવેદનાઓના દાખલા જોવા મળ્યા હતા. મેં તેમના વિશે ટૂંકમાં વાત કરી. ભોજન બાદ છૂટા પડતા પહેલાં યાદગીરીરૂપે અહીં પણ તસવીરો ખેંચવામાં આવી. કેટલીક મજાકમસ્તી ચાલી. છેલ્લે સૌએ મને અહીં રૂબરૂ આવવા બદલ અભિનંદન આપ્યાં, પુસ્તક માટે શુભેચ્છાઓ પાઠવી અને અંગ્રેજીમાં તે પ્રગટ થાય ત્યારે એકેક નકલ મોકલવા માટે પોતપોતાનાં લશ્કરી યુનિટનાં સરનામાં આપ્યાં.

ભોજન પશ્ચાત હું મેજર હરસુખચૈન સિંહના આવાસીય ક્વાર્ટર્સ પર સિઆચેન ક્ષેત્રની તેમણે ખેંચેલી તસવીરો લેવા માટે ગયો. મેજરે તેમના લેપટોપ પર થોકબંધ તસવીરો દેખાડી, જે પૈકી unclassified અર્થાત્ વ્યૂહાત્મક દૃષ્ટિએ સંવેદનશીલ ન કહી શકાય તેવી કેટલીક મને આપી. મેજરનો આભાર વ્યક્ત કરીને હું તેમના રૂમથી નીકળ્યો અને જતાં પહેલાં તેમને કહ્યું, 'ફરી મળીશું, મેજર ! પણ હું આશા તેમજ ઇચ્છા રાખું છું કે ત્યારે હું મેજર હરસુખચૈન સિંહને નહિ, બલકે લેફ્ટનન્ટ-કર્નલ હરસુખચૈન સિંહને મળું !'

લશ્કરમાં મેજર પછીનો સીનિઅર હોદ્દો લેફ્ટનન્ટ-કર્નલનો હોય, એટલે તેમના પ્રમોશન માટેની શુભેચ્છા સાંભળીને મેજર બોલ્યા, 'થેન્ક યુ, મિ. પુષ્કર્ણા !'

■

બીજે દિવસે સવારે શીખ બટાલિઅનના ગેસ્ટરૂમનું બિલ ચૂકવીને હું તેના પ્રાંગણમાં જુમાની રાહ જોતો ઊભો રહ્યો. થોડી વારે તેની ગાડી દેખાઈ. હાથ ઊંચો કરીને મેં તેને બોલાવ્યો.

પ્રાંગણમાં ગાડી પાર્ક કરીને જુમા બહાર નીકળ્યો અને બાળસહજ ઉત્સુકતાથી પૂછ્યું, 'જુલે! સર ! કૈસા રહા ?'

'જુલે ! જુલે ! મિશન સક્સેસફુલ !' મેં કહ્યું.

વારશી, સસોમા, પનામિક, ટિગર, સુમુર, ખલસર, ખર્દુંગ વગેરે જેવાં ગામો એક પછી એક વટાવતાં અને આખા રસ્તે મારા સિઆચેન અનુભવો વિશે વાતો કરતાં બપોરે ત્રણેક વાગ્યે અમે લેહ પહોંચ્યા. ગાડી સીધી એક પંજાબી ઢાબે ઊભી રાખી અને ત્યાં ભરપેટ જમ્યા.

OFFICERS MESS
[redacted]th Battalion the Sikh Regiment

Mess Bill No. ______ For the month of NOV 2016
Name MR H PUSHKARNA

Particulars	Rs.	NP.
Arrears		
Messing (05 days)	355	00
Extra Messing		
Tea account 05 x 8	40	00
Party Shares	-	
Wine	-	
Cigare & Provisions	-	
Wine Profit	-	
Mess Subs	-	
Entertainment Subs	-	
News Paper Subs	-	
Silver Subs	-	
Sports Subs	-	
Regt Subs	-	
Offrs Deposit	-	
Promotion Donation	-	
Petty Cash	-	
Sweeper Charges	-	
Washerman Charges	-	
Water Charges	-	
Electricity Charges	-	
Guest Room Charges 500 x 05	2500	00
Linen Charges		
Memento Share		
MESS MAINT	50	00
Total	2945	00
Credit	-	
R/Off	-	
Net Payable Amount	2945	00

Bank Draft/Local Cheque payable to PMC Officers Mess [redacted]th Bn. The Sikh Regt. by 10th month.
Our Bank is ______

Mess Secretary
[redacted]th Bn Sikh Regt.

Date 14-11-16
Received with thanks Cheque No. ______
Date 14-11-16 For Rs. 2945.00
Cash Rs. ______
Date

લદાખમાં કુલ અગિયાર દિવસનું રોકાણ હવે પૂરું થવા આવ્યું હતું. બીજે દિવસે સવારે વાયા દિલ્લી અમદાવાદની ફ્લાઇટ માટે જુમા મને લેહ એરપોર્ટ મૂકવા આવ્યો. 'ઠીક હૈ, સર !' તેણે કહ્યું, 'અબ વાપસ જા કે ખૂબ સારા કામ કીજિયે... બહુત હી જબરજસ્ત બુક લિખિયે... તાકી લોગોં કો પતા ચલે કિ સિઆચેન આખિર ક્યા હૈ ? બેસ્ટ ઓફ લક, સર !'

'જુલે ! ફિર મિલેંગે !' મેં તેને કહ્યું. લદાખનાં મારા કુલ પાંચ પ્રવાસોમાં જુમા સાથે મૈત્રીસંબંધ એટલો ગાઢ થયો હતો કે આભાર વ્યક્ત કરવાની ઔપચારિકતામાં પડવાની જરૂર ન હતી.

બીજી તરફ સિઆચેન ક્ષેત્રના કર્નલ હરિહરન, મેજર અભિષેક શર્મા, મેજર પ્રવલ ધીર, મેજર હરસુખચૈન સિંહ, કેપ્ટન રાહુલ ગર્ગ, કરમજીત સિંહ, લખવિન્દર સિંહ, નિશાન સિંહ, ઉત્તુંગ ચોકીના પેલા કમાન્ડર અને તેમના સાથી જવાનો... એ સૌ અને તેમના જેવા બીજા અનેક શેરદિલ હિમપ્રહરીઓનો આભાર માનવા માટે શબ્દો શોધ્યા જડે તેમ નથી.

ક્યાં આપણા જેવા લોકોનું આરામદાયક જીવન અને ક્યાં સિઆચેનના હિમપ્રહરીઓની કઠોર જિંદગી ! સમુદ્રસપાટીથી પોણા સાત કિલોમીટર ઊંચે પાતળી હવામાં હાડ ગાળી નાખતી ઠંડી વચ્ચે; અપૂરતા પ્રાણવાયુ વચ્ચે; હિમઝંઝાવાત, હિમપ્રપાત, હિમડંખ અને કાળમુખી કોતરોનાં જોખમો વચ્ચે; મગજને સુન્ન કરી દેતી ભયાનક પ્રકારની શાંતિ વચ્ચે તેમજ કુટુંબીજનોથી દૂર એકલતા વચ્ચે તેઓ સહેજ પણ ચલિત થયા વિના દેશ પ્રત્યે પોતાની ફરજ બજાવ્યે જાય છે. અહીં આપણે સૌ સુખરૂપ દિવસો વીતાવી રહ્યા છીએ ત્યારે સિઆચેન સરહદે અત્યંત જાલિમ અને જાનલેવા કુદરતી વાતાવરણ હિમપ્રહરીઓની સહનશક્તિને દર પળે કસોટીએ ચડાવી રહ્યું છે. ઊંચા પહાડોમાં સાધન-સગવડોના નામે તેમની પાસે કશું નથી. વનકુટિરમાં રહેતા ઋષિઓ જેવું તપશ્ચર્યાભર્યું જીવન તેઓ વીતાવે છે. 'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन' પંક્તિને તેમણે પોતાનો જીવનમંત્ર બનાવ્યો છે એટલું જ નહિ, પણ એ જીવનમંત્રને તેઓ જીવી જાણે છે.

આ કર્મયોગીઓની તુલનાએ આપણે ક્યાંય સુખ-સગવડભરી જિંદગી જીવીએ છીએ. 'કમ્ફર્ટ ઝોન'માંથી ભાગ્યે જ બહાર નીકળીએ છીએ--અને છતાં ક્યારેક નાની-મોટી સમસ્યા આવી પડતાં જિંદગી પ્રત્યે ફરિયાદનો સૂર છેડવામાં આપણને સહેજ પણ વાર લાગતી નથી.

ફરિયાદ કરતાં પહેલાં સિઆચેનના આપણા હિમપ્રહરીઓને ફરી યાદ કરી લેવા જોઇએ. સમસ્યા કદાચ ત્યાર પછી સમસ્યા જણાય જ નહિ !

ભારતમાતાના સપૂતોને સલામ સાથે જય હિંદ ! ●



હતું. બીજે દિવસે સવારે વાયા
આવ્યો. 'ઠીક હૈ, સર !' તેણે
જરજસ્ત બુક લિખિયે... તાકી
, સર !'

ાસોમાં જુમા સાથે મૈત્રીસંબંધ
પડવાની જરૂર ન હતી.

ર્મા, મેજર પ્રવલ ધીર, મેજર
સિંહ, નિશાન સિંહ, ઉત્તુંગ
ા જેવા બીજા અનેક શેરદિલ

આચેનના હિમપ્રહરીઓની
હવામાં હાડ ગાળી નાખતી
ખ અને કાળમુખી કોતરોનાં
ચે તેમજ કુટુંબીજનોથી દૂર
ફરજ બજાવ્યે જાય છે. અહીં
રહદે અત્યંત જાલિમ અને
કસોટીએ ચડાવી રહ્યું છે.
ટિરમાં રહેતા ઋષિઓ જેવું
કદાચન' પંક્તિને તેમણે
ઓ જીવી જાણે છે.

ગી જીવીએ છીએ. 'કમ્ફર્ટ
ાની-મોટી સમસ્યા આવી
લાગતી નથી.

યાદ કરી લેવા જોઇએ.







● સિયાચેનના શહીદોનું સ્મારક : 'હિમની ગોદમાં તેઓ ચૂપચાપ રીતે પોઢ્યા છે, પણ જ્યારે રણશિંગુ પોકારશે ત્યારે તેઓ ઊભા થઈ કૂચ કરશે'

આ છે સિઆચેન

વિશ્વના સૌથી વિષમ યુદ્ધક્ષેત્રની મુલાકાતનું સફરનામું

ઋણસ્વીકાર

સિઆચેનના હિમપ્રહરીઓની શૌર્યગાથાને હું 'આ છે સિઆચેન' પુસ્તકનું સ્વરૂપ આપી શક્યો તેમાં પરિવારજનો ઉપરાંત મિત્રો, શુભેચ્છકો તેમજ ભારતીય ખુશ્કીદળના ફૌજીઓનો અમૂલ્ય સાથસહકાર મળ્યો છે. અહીં આભારસહ એ સૌનો ઉલ્લેખ કરું છું.

- દક્ષા નગેન્દ્ર વિજય, ફાલ્ગુની પુષ્કર્ણા.
- 'સફારી'ની અત્યંત સમૃદ્ધ લાઇબ્રેરી. 'સફારી'નાં અંકો (પ્રકરણ-૧માં અને પ્રકરણ-૨માં માહિતી સહયોગ માટે)
- ટીમ 'સફારી' (કેશવ ચાવડા, અમિત શાહ, જોયલ દલાલ, શિવાંગી સિંઘ, દિગંત ખત્રી અને તેજસ પરમાર).
- ઉર્વીશ કોઠારી (મહેમદાવાદ), બીનિત મોદી, જગદીશ સોની (અમદાવાદ), અમિત જોશી (નવી દિલ્લી).
- મહમ્મદ જુમા (લેહ, લદાખ), તુલુપ દોર્જે (ટિગર, લદાખ).
- સિઆચેન ક્ષેત્ર સ્થિત કર્નલ વી. હરિહરન, કર્નલ પિલ્લઇ, મેજર રોબિન સાંગવાન, મેજર સુભાષ, મેજર અભિષેક શર્મા, મેજર હરસુખચૈન સિંહ, મેજર પ્રવલ ધીર, કેપ્ટન રાહુલ ગર્ગ, કેપ્ટન વિજય ભાસ્કર, કેપ્ટન સાંગવાન, હવાલદાર કરમજીત સિંહ, લાન્સ નાયક રાણા, લખવિન્દર સિંહ, નિશાન સિંહ, કશ્મીર સિંહ, મોહન સિંહ, ગુલઝાર સિંહ તેમજ સિઆચેનના બીજા કેટલાક જવાનો/અફસરો/તબીબો/પોર્ટરો, જેમના તરફથી મળેલી ફર્સ્ટ-હેન્ડ માહિતી અત્યંત ઉપયોગી નીવડી.
- કર્નલ કે. એસ. ગ્રેવાલ (નવી દિલ્લી), લેફ્ટનન્ટ-કર્નલ પાણિગ્રહી (લેહ), લેફ્ટનન્ટ-કર્નલ માનવિન્દર સિંહ (નવી દિલ્લી).
- સંરક્ષણ મંત્રાલય, ભારત સરકાર (નવી દિલ્લી).
- સૌમિક રાવ, નમ્રતા શેઠ, ડો. ભરત બી. શાહ (અમદાવાદ).

તસવીર : હર્ષલ પુષ્કર્ણા

સિઆચેન !

દુનિયાથી અલિપ્ત એવી એ દુનિયા કે જે સરેરાશ ૬,૦૦૦ મીટર (૧૯,૭૦૦ ફીટ) ઊંચા હિમપહાડોમાં આવેલી છે.
એ દુનિયા કે જ્યાં થર્મોમીટરનો પારો શૂન્ય નીચે ૨૦થી ૫૫ અંશ સેલ્શિઅસે રહે છે.
એ દુનિયા કે જ્યાં ભારતીય લશ્કરના શેરદિલો જાનના જોખમે દિવસરાત આપણી સરહદનું રખોપું કરે છે.

આ વતનપરસ્તોની કામગીરીથી ગુજરાતી વાચકોને માહિતગાર કરવા ('સફારી'ના સંપાદક) હર્ષલ પુષ્કર્ણાએ લીધેલી સિઆચેનની મુલાકાત ગુજરાતી પત્રકારત્વના ઈતિહાસની સીમાચિહ્નરૂપ ઘટના છે. આ મુલાકાતના અનુભવો તેમજ સિઆચેનમાં ફરજ બજાવતા આપણા હિમપ્રહરીઓનો ઈન્ટરવ્યૂ કરીને મેળવેલી ફર્સ્ટ-હેન્ડ માહિતી એટલે હર્ષલ પુષ્કર્ણા લિખિત પુસ્તક 'આ છે સિઆચેન' !



યુરેનસ બુક્સ



આ છે સિઆચેન

વિશ્વના સૌથી વિષમ યુદ્ધક્ષેત્રની મુલાકાતનું સરનામું

આ છે સિઆચેન ■ હર્ષલ પુષ્કર્ણા

